સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 51

■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ પોષ સુદ -૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૨૮ ડિસેમ્બર ૨૦૨૫, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કાશ્મીર પર ખતરો: ચાર ડઝન આતંકવાદી ઘુસ્યા

**ચોંકાવનારું તથ્ય એ છે કે ઘૂસણખોર આતંકવાદીની સંખ્યા ચાર ડઝનથી વધારે છે. જોકે આ ઘૂસણખોરીના અહેવાલને કોઈ સુરક્ષા એજન્સીએ સમર્થન આપ્યું નથી**

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : છેલ્લા એક અઠવાડિયામાં પ્રદેશમાં ૨૦૦ ગામમાં ચાલી રહેલા સુરક્ષા દળોના વ્યાપક સર્ચ ઑપરેશન પાછળનું સત્ય એ છે કે આ ઑપરેશન પ્રદેશમાં ઘૂસવામાં સફળતા મેળવનાર આતંકવાદીઓને પકડવા માટે કરવામાં આવ્યું છે. ચોંકાવનારું તથ્ય એ છે કે ઘૂસણખોર આતંકવાદીની સંખ્યા ચાર ડઝનથી વધારે છે. જોકે આ ઘૂસણખોરીના અહેવાલને કોઈ સુરક્ષા એજન્સીએ સમર્થન આપ્યું નથી. પ્રદેશના ભાગમાં બંદૂકધારી શકમંદો દેખાવાના સમાચાર મળ્યા હતા. આ રહસ્ય ખુલ્લું પડતા પ્રદેશમાં ડરનો માહોલ સર્જાયો હતો કારણ કે આતંકવાદીના લક્ષ્ય પર મહત્ત્વના સંસ્થાન છે.

એક ન્યૂઝ ચેનલે સંરક્ષણ સૂત્રોના હવાલે ખબર આપી છે કે ગુપ્તચર ખાતાના ઈનપુટ બાદ લશ્કર કિશ્તવાડ, ડોડા અને એલઓસીને અડેલા જિલ્લામાં કાઉન્ટર-ટેરર ઑપરેશન વેગવંતુ કર્યા છે. સૂત્રાએ માહિતી આપી હતી કે જમ્મુ વિસ્તારમાં ઊંચા અને મધ્યમ પહાડી વિસ્તારોમાં ૪૦-૫૦ પાકિસ્તાની આતંકવાદી છુપાયા છે. આતંકવાદી ઠંડી અને હિમનો ફાયદો ઉઠાવીને સુરક્ષા દળો સાથે સીધી લડાઈ ટાળે છે. આતંકવાદી સુમસામ અને વિકટ વિસ્તારમાં સંતાયા છે. લોકલ સપોર્ટ નેટવર્ક નબળી હોવાથી આતંકવાદીઓ ફૂડ અને પુરવઠા માટે બળજબરી કરે છે. લશ્કરે હિમાચ્છાદિત ટેકરીઓ અને જંગલ વિસ્તારમાં વધુ જવાનોને તૈનાત કર્યા છે. ઠંડીમાં જીવન રહેવા અને લડવા માટે ટ્રેન્ડ વિન્ટર વૉરફેર યુનિટ્સને તૈનાત કરવામાં આવ્યું છે. જમ્મુ અને કાશ્મીર પોલીસ, બીએસએફ, કેરિપુબ, સ્પેશ્યલ ઑપરેશન ગ્રૂપ, ફોરેસ્ટ ગાર્ડસ અને વિલેન્જ ડિફેન્સ ગાર્ડસ સંયુક્ત ઑપરેશન કરી રહ્યા છે.

સંરક્ષણ સૂત્રોએ કહ્યું હતું કે લશ્કર આતંકવાદી ગ્રુપને અલગ કરીને આતંકવાદીને ભીડવાળા વિસ્તારોમાં ઘૂસતા રોકે છે. લશ્કર સર્વિલન્સ સ્વિફ્ટ ઓપ્સ, સર્વિલન્સ ડાક્ટ્રિન ફોલો કરી રહી છે. આતંકવાદી એકઠા ન થાય એ માટે ડ્રોન-બેસ્ડ ટોહી, ગ્રાઉન્ડ સેન્સર અને સર્વિલન્સ રડાર જેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. ■

# અમેરિકામાં બરફનું ભયાનક તોફાન: ૧૬,૦૦૦થી વધુ ફ્લાઈટ્સને અસર



અમેરિકાના ન્યૂ યોર્ક સ્થિત રોચેસ્ટરના ગ્રેટર રોચેસ્ટર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તોફાન દરમિયાન ડેલ્ટા એર લાઈન્સનું વિમાન ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યું હતું.

ન્યૂ યોર્ક: અમેરિકાના ઈશાન ભાગમાં શનિવારે ભયાનક હિમવર્ષા સાથે ત્રાટકેલા તોફાનને કારણે નાતાલની રજાની મજામાં ભંગ પડ્યો હતો. ન્યૂ યોર્ક અને ન્યૂ જર્સીમાં હવામાન કટોકટી જાહેર કરવામાં આવી છે. આ તોફાનને કારણે ૧૪,૪૦૦ સ્થાનિક ફ્લાઇટ્સ અને ૨,૧૦૦ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ કાં તો રદ કરવામાં આવી છે અથવા મોડી પડી છે.

નેશનલ વેધર સર્વિસે ન્યૂ યોર્ક સ્ટેટ અને કનેક્ટિકટના મોટાભાગના વિસ્તારોમાં 'આઈસ સ્ટોર્મ' અને 'વિન્ટર સ્ટોર્મ'ની ચેતવણી જારી કરી છે. લોંગ આઇલેન્ડ અને હડસન વેલીના કેટલાક ભાગોમાં એક ફૂટ સુધી ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે.

હવામાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યા સુધીમાં ન્યૂ યોર્કના સોમર્સમાં ૩ ઇંચ, કનેક્ટિકટના

(જુઓ પાનું ૨) ▸▸

# મોદીના ફોટોને લીધે કૉંગ્રેસમાં બંડખોરીની બૂ

**દિગ્વિજય સિંહે આ તસવીર કારોબારીમાં દેખાડીને કહ્યું, જુઓ ભાજપના સંગઠનની તાકાત કે એક સામાન્ય કાર્યકર એક સમયે નેતાના ચરણે બેઠો હતો પરંતુ પછી એ સીએમ-પીએમ બની શક્યો**



નવી દિલ્હી: કૉંગ્રેસના સિનિયર નેતા દિગ્વિજય સિંહે શનિવારે કૉંગ્રેસની કારોબારીના બેઠકમાં નરેન્દ્ર મોદીની જૂની તસવીર બતાડીને આરએસએસ-ભાજપના સંગઠનના બળની સરાહના કરી હતી. દિગ્વિજય સિંહે મોદીનો ફોટો બતાડીને કહ્યું હતું કે એક સામાન્ય કાર્યકર્તા તેમના નેતાના ચરણ આગળ બેસીને મુખ્ય પ્રધાન અને વડા પ્રધાન બની શકે છે. ભાજપે દિગ્વિજયની ટિપ્પણીનો આધાર બનાવીને કૉંગ્રેસ પર પ્રહારો બનાવીને કહ્યું હતું કે દિગ્વિજયની પ્રશંસા એ રાહુલ ગાંધીના નેતૃત્વ સામેનો (જુઓ પાનું ૨) ▸▸

## પાંચમી જાન્યુઆરીથી કૉંગ્રેસનું 'મનરેગા બચાવ આંદોલન'

નવી દિલ્હી: શનિવારે સીડબ્લ્યુસી ની બેઠકમાં મલ્લિકાર્જુન ખડગે, સોનિયા, રાહુલ, શશિ થરૂર વગેરે જેવા ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. તેઓ શનિવારે નવ રાજ્ય અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાર યાદીઓના ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ('સર'), મનરેગાને બદલવા માટે સંસદમાં શિયાળુ સત્ર દરમિયાન પસાર કરાયેલ નવું જી રામ જી-રામ-જી બિલ અને બાંગ્લાદેશમાં ચાલી રહેલી અશાંતિ સહિત અનેક મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે મળ્યા હતા.

બેઠક પછી, કોંગ્રેસ વડા ખડગેએ પ્રેસને સંબોધન કર્યું અને કહ્યું કે લોકો મનરેગા રદ કરવા પર ગુસ્સે છે અને ચેતવણી

(જુઓ પાનું ૨) ▸▸

# ખ્રિસ્તી તહેવારોની ઉજવણી કેમ?: અમદાવાદના મૉલમાં તોડફોડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના એસ.જી. હાઇવે પર થલતેજ નજીક આવેલા પેલેડિયમ મોલમાં ભગવા સેના દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ભગવાન સેનાના ચારથી પાંચ કાર્યકર્તાઓ પેલેડિયમ મૉલ ખાતે પહોંચી ગયા હતાં અને મૉલમાં લગાવવામાં આવેલા ક્રિસ્મસ ટ્રીને નીચે પાડી તોડફોડ કરવામાં આવી હતી. ક્રિસ્મસ ટ્રીને તાત્કાલિક દૂર કરવા માટે ભગવા સેના દ્વારા માગ કરવામાં આવી હતી. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા ઘટનાસ્થળે પહોંચી કાર્યકર્તાઓને અટકાયત કરી લઈ ગઈ હતી. જ્યારે તકેદારીના ભાગરૂપે મૉલમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ અંગે પોલીસના


(જુઓ પાનું ૨) ▸▸

# પુષ્પા-ટૂ નાસભાગ કેસમાં અલ્લુ અર્જુન આરોપી

હૈદરાબાદ: પુષ્પા-ટૂ નાસભાગ કેસના આરોપનામામાં થિયેટર મેનેજમેન્ટને મુખ્ય આરોપી બનાવામાં આવ્યા છે. આરોપીમાં અલ્લુ અર્જુનને ૧૧ નંબરના આરોપી બનાવામાં આવ્યો છે. નાસભાગના ૨૩ આરોપીમાં એક્ટર અલ્લુ અર્જુનની સુરક્ષા ટીમનો પણ સમાવેશ થાય છે.

ચોથી ડિસેમ્બર, ૨૦૨૪માં હૈદરાબાદના ચિક્કડપલીમાં પુષ્પા-બેના પ્રીમિયર દરમિયાન નાસભાગ થઈ હતી. આ ધક્કામુક્કીમાં ૩૫ વર્ષની મહિલાનું મરણ થયું હતું અને આઠ વર્ષના પુત્રને ઈજા થઈ હતી. પ્રીમિયર દરમિયાન એક્ટરને જોવા નાસભાગ થઈ (જુઓ પાનું ૨) ▸▸

# 'ગુરુ ગંભીર'ને બાય-બાય ટાટા કરવાની તૈયારી



## બીસીસીઆઈએ વીવીએસ લક્ષ્મણને ટેસ્ટ ટીમના કોચ બનવા પૂછી જોયું પણ તેને હાલ એ પદ નથી જોઈતું

નવી દિલ્હી: ભૂતપૂર્વ હેડ-કોચ રાહુલ દ્રવિડના ત્રણ વર્ષના શાસનકાળમાં ટીમમાં કોઈ પણ ખેલાડીને પોતાના સ્થાન વિશે ચિંતા નહોતી, પરંતુ ગૌતમ ગંભીરના લગભગ દોઢ વર્ષના શાસનમાં ઘણા ખેલાડીઓને (ખાસ કરીને ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાંથી શુભમન ગિલની બાદબાકીને પગલે) ભારતીય ટીમમાં પોતાનું સ્થાન જાળવવા વિશે ચિંતા લાગે છે અને આ માહોલમાં ટેસ્ટ-ક્રિકેટમાં ભારતની સાઉથ આફ્રિકા સામેની ૦-૨ની પછડાટને પગલે ખુદ (જુઓ પાનું ૨) ▸▸



દૂષણ નામે પ્રદૂષણ: નવી દિલ્હીમાં ગઈકાલે ભારે પ્રદૂષણ અને ધુમ્મસ વચ્ચે તહેનાત જવાન. (એજન્સી)

# આસામમાં સુધારેલી મતદાર યાદી: ૧૦.૫૬ લાખ નામ ગાયબ

ગુવાહાટી: આસામમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા બાદ ૧૦.૫૬ લાખ મતદાતાના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. આસામમાં છ મહિનાની અંદર વિધાનસભાની ચૂંટણી છે.

ચૂંટણી પંચે શનિવારે સુધારેલી મતદાર યાદી બહાર પાડી હતી. રાજ્યમાં ૨,૫૧,૦૯,૭૫૪ મતદાર છે અને આમાં ૯૩,૦૨૧ ડી-વોટર એટલે કે શકમંદ મતદાતાનો સમાવેશ થતો નથી. તદુપરાંત ૧૦,૫૬,૨૯૧ મતદાતાનાં નામો મરણ, સ્થળાંતર કે મલ્ટિપલ એન્ટ્રિને લીધે કાઢી નાખવામાં આવ્યા છે. આસામમાં ડી-વોટર્સ

(જુઓ પાનું ૨) ▸▸

# નો મોબાઈલ ને નો હાફ-પેન્ટ: યુપીની બાગપત પંચાયતનો ફતવો

નવી દિલ્હી: ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાની ખાપ પંચાયતે સામાજિક શિસ્ત અને પરંપરાગત મૂલ્યોની જાળવણી માટે કેટલાક કડક નિર્ણયો લીધા છે. પંચાયતે પશ્ચિમી પ્રભાવને રોકવા માટે ૧૮થી ૨૦ વર્ષથી ઓછી ઉંમરના કિશોરો માટે સ્માર્ટફોનનો ઉપયોગ અને છોકરા-છોકરીઓ બંને માટે હાફ-પેન્ટ પહેરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાની જાહેરાત કરી છે. પંચાયતનું માનવું છે કે સાંસ્કૃતિક મૂલ્યોની સુરક્ષા માટે આ પગલું અત્યંત આવશ્યક છે.

સ્માર્ટફોન પરના પ્રતિબંધ અંગે ખાપ સભ્યોનું કહેવું છે કે નાની ઉંમરે મોબાઈલ આપવાથી બાળકોમાં ખોટી આદતો પડી શકે છે. ખાપ સભ્ય ચૌધરી બ્રજપાલ સિંહે જણાવ્યું હતું કે, બાળકોને વડીલો સાથે બેસીને સામાજિક માર્ગદર્શન મળવું જોઈએ, તેમને આ ઉંમરે ફોનની જરૂર નથી. સ્માર્ટફોનનો ઉપયોગ માત્ર ઘરમાં જ મર્યાદિત રાખવા અને શાળાઓ સિવાયના સમયે તેના પર નિયંત્રણ રાખવા માટે ગ્રામીણ સ્તરે જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવશે.

માત્ર પહેરવેશ અને મોબાઈલ જ નહીં, પરંતુ પંચાયતે લગ્ન સમારોહ માટે પણ નવી ગાઈડલાઈન જાહેર કરી છે. હવેથી લગ્ન પ્રસંગો મેરેજ હોલને બદલે માત્ર ગામમાં કે ઘરે જ આયોજિત કરવા પડશે.

લગ્નમાં અતિથિઓની સંખ્યા મર્યાદિત રાખવા અને ખર્ચ પર અંકુશ લાવવા સૂચના અપાઈ છે. આધુનિકતાને સ્વીકારતા પંચાયતે નિર્ણય લીધો છે કે લગ્નના નિમંત્રણો હવે કાગળની કંકોત્રીને બદલે વોટ્સએપ દ્વારા મોકલવામાં આવશે.

# પાકિસ્તાનમાંથી પ્રોફેશનલ્સની મોટી સંખ્યામાં થઈ રહી છે હિજરત

ઇસ્લામાબાદ: પાડોશી દેશ પાકિસ્તાન હાલમાં તેના પ્રોફેશનલ્સની ઈતિહાસની સૌથી ગંભીર હિજરતના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આર્થિક સંકટ, રાજકીય અસ્થિરતા અને ઘટતી જતી રોજગારીની તકોને કારણે પાકિસ્તાનના શિક્ષિત યુવાનો અને કુશળ વ્યાવસાયિકો મોટી સંખ્યામાં વિદેશ જઈ રહ્યા છે. બ્યુરો ઓફ એમિગ્રેશનના તાજેતરના આંકડા મુજબ, છેલ્લા ૨૪ મહિનામાં પાકિસ્તાને ૫,૦૦૦ ડોક્ટરો, ૧૧,૦૦૦ એન્જિનિયરો અને ૧૩,૦૦૦ એકાઉન્ટન્ટ્સ ગુમાવ્યા છે. આ આંકડાઓએ પાકિસ્તાનની સંસ્થાગત નિષ્ફળતાને વિશ્વ સમક્ષ ખુલ્લી પાડી દીધી છે.

આ સંકટથી સૌથી વધુ પ્રભાવિત પાકિસ્તાનનું આરોગ્ય ક્ષેત્ર થયું છે, જ્યાં ૨૦૧૧ થી ૨૦૨૪ વચ્ચે નર્સોના પલાયનમાં ૨,૧૪૪ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૪ માં અંદાજે ૭.૨૭ લાખ લોકોએ વિદેશમાં કામ કરવા માટે નોંધણી કરાવી હતી, જ્યારે ૨૦૨૫ માં નવેમ્બર સુધીમાં જ આ આંકડો ૬.૮૭ લાખને પાર કરી ગયો છે. ચિંતાજનક બાબત એ છે કે હવે માત્ર મજૂર વર્ગ જ નહીં, પરંતુ પીએચડી ધારકો અને ઉચ્ચ શિક્ષિત વ્યાવસાયિકો પણ દેશમાં ભવિષ્ય ન દેખાતા વિદેશ તરફ દોટ મૂકી રહ્યા છે.આ ગંભીર સ્થિતિ વચ્ચે પાકિસ્તાની સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરનું નિવેદન સોશ્યલ મીડિયા પર ટીકાનું કેન્દ્ર બન્યું છે. તેમણે આ પલાયનને 'બ્રેઈન ડ્રેઈન' ને બદલે 'બ્રેઈન ગેઈન' ગણાવ્યું હતું, જેની પૂર્વ સેનેટર મુસ્તફા નવાઝ ખોખર અને વિપક્ષી નેતાઓએ આકરી નિંદા કરી છે. નેતાઓનું કહેવું છે કે ઈન્ટરનેટ શટડાઉનને કારણે ફ્રીલાન્સિંગ સેક્ટરને કરોડો ડોલરનું નુકસાન થઈ રહ્યું છે અને લાખો નોકરીઓ જોખમમાં છે. લોકો કહી રહ્યા છે કે પ્રતિભાને અપમાનથી નહીં પણ તકો આપીને જ રોકી શકાય છે.

# પાકિસ્તાનને આચકો: ચિનાબ નદી પરના દુલહસ્તી જળ પ્રકલ્પને ભારતે આપી મંજૂરી

નવી દિલ્હી: ભારતે જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં ચિનાબ નદીમાં ૨૬૦ મેગાવોટની દુલહસ્તી જળવિદ્યુત યોજનાના બીજા તબક્કાને પર્યાવરણીય મંજૂરી આપી દીધી છે. પર્યાવરણ મંત્રાલય હેઠળની નિષ્ણાત સમિતિએ આ મહિનાની શરૂઆતમાં તેની ૪૫મી બેઠકમાં ૩,૨૦૦ કરોડ રૂપિયાથી વધુના અંદાજિત ખર્ચના રન-ઓફ-ધ-રિવર પ્રોજેક્ટને મંજૂરી આપતા બાંધકામ

(જુઓ પાનું ૨) ▸▸

# બે સેકન્ડમાં ૭૦૦ કિમીની ઝડપ

## ચીને ભારે કરી: પરીક્ષણમાં ત્યાંની મેગ્લેવ ટ્રેને રચ્યો વિક્રમ

બેઇજિંગ: ચીને મેગ્લેવ ટેકનોલોજીમાં એક નવો વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે. એક પરીક્ષણ દરમિયાન, એક ટન વજન ધરાવતા ટ્રેનને માત્ર બે સેકન્ડમાં ૭૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સફળતાપૂર્વક દોડાવવામાં આવ્યું હતું. આ મેગ્લેવ ટ્રેનનું પરીક્ષણ ૪૦૦ મીટર (૧,૩૧૦ ફૂટ) લાંબી મેગ્નેટિક લેવિટેશન ટેસ્ટ લાઇન પર કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને સુરક્ષિત રીતે અટકાવવામાં આવી હતી. એક અહેવાલ મુજબ, આ વાહન અત્યાર સુધીની વિશ્વની સૌથી ઝડપી સુપરકન્ડક્ટિંગ ઇલેક્ટ્રિક મેગ્લેવ ટ્રેન બની ગઈ છે. સામાન્ય રીતે, ચીનમાં હાઈ-સ્પીડ ટ્રેનો આશરે

(જુઓ પાનું ૨) ▸▸



જોર લગાકે હઇશા...: મેંગુલુરુના બંગરા કુલુરમાં શનિવારે 'કમ્બાલા કાદવ – ટ્રેક રેસ' યોજાઈ હતી. આમાં ભાગ લઈ રહેલો એક સ્થાનિક રહેવાસી. (એજન્સી)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૮-૧૨-૨૦૨૫ થી તા. ૩-૧-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ ધનુ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ ધનુ રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વક્રી ગતિએ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર શીઘ્ર ગતિએ ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર મીન રાશિમાંથી તા. ૨૯મીએ મેષ રાશિમાં તા. ૩૧મીએ વૃષભ રાશિમાં તા. ૨જીએ મિથુન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે–વેંચનો વેપાર સફળ પુરવાર થશે. તા. ૩૦, ૧, ૨ નોકરી ક્ષેત્રે શુભ પુરવાર થશે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. સ્વાસ્થ્યમાં સુધારો થશે. ભાગીદાર મેળવશો. મહિલાઓના ભાઈ–બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. મિલકતના નિર્ણયો લઈ શકશો. પતિનો સહયોગ કાર્યક્ષેત્રે મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં સરળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૧, ૨ શુભ જણાય છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. જૂનાં કોર્ટ–કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. મુસાફરી જન્મકુંડળીના આધારે નક્કી કરવી જરૂરી છે. નાણાંની આવક જળવાશે. મહિલાઓને કુટુંબીજનોનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓનો આ સપ્તાહના અભ્યાસના કામકાજ પૂર્ણપણે સફળ બની રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું કામકાજ પ્રગતિસૂચક જણાય છે. નવી નોકરીનો પ્રારંભ જણાય છે. નવા કારોબારનો પ્રારંભ થશે. સરકાર કોર્પોરેટ કંપની સાથેના કામકાજમાં યશ અને સફળતા મેળવશો. કુટુંબજીવનનો સુખદ અનુભવ થશે. મહિલાઓને સંતાનની જવાબદારીમાં રાહત જણાશે તથા સંતાનના શૈક્ષણિક કામકાજો પણ પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સાધનો પ્રાપ્ત કરશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સસપ્તાહમાં શેરબજારમાં નવીન પદ્ધતિનું કામકાજ પણ પ્રારંભી શકશો. નોકરીમાં યશસ્વીપણું અનુભવશો. તા. ૨૮, ૨૯, ૨, ૩ કાર્યક્ષેત્રે સિદ્ધિદાયક પુરવાર થશે. જૂનાં અધૂરા કામકાજ આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. લાંબા અંતરનો પ્રવાસ પણ શક્ય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં કામકાજમાં પરિવર્તનો આવે તેમ છે. લાંબા સમયનું નાણાંનું રોકાણ શક્ય છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. તા. ૨૮, ૨૯મીએ પ્રવાસમાં સાવધાની દાખવવી જરૂરી છે. ભાગીદાર સાથેના મતભેદનો ઉકેલ આવશે. નાણાંઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના સભ્યો સાથેના મતભેદ્નો ઉકેલ જણાશે. આ સપ્તાહમાં વિદ્યાર્થીઓ અભ્યાસનો નિર્ણય સ્વતંત્રપણે સરળતાથી લઈ શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરીમાં સ્થાન બદલી શક્ય છે. તા. ૨૮, ૨૯, ૨ નોકરીક્ષેત્રે સફળતા દર્શાવે છે. નવા કામકાજનો પ્રારંભ થાય. નાણાઆવકની વૃદ્ધિ થશે. પ્રવાસ સફળ રહેશે. મિલકતના નિર્ણયો સફળ રહેશે. મિલકતના લે–વેંચના કામકાજ સફળ રહેશે. મહિલાઓને નિજી પ્રવૃત્તિમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળતાઓ જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા પ્રકારના કામકાજ, નવું નાણારોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૩૧ શુભ જણાય છે. આ સપ્તાહમાં પ્રવાસ સફળ રહેશે. ભાઈ–બહેનોનો સહયોગ મેળવશો. મિલકતની ખરીદી શક્ય છે. મહિલાઓને નાણાંના આયોજનમાં સફળતા જણાશે. પ્રવાસ દ્વારા પરિવારના કામકાજ પૂર્ણ કરી શકશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં મંદ ગતિનો અનુભવ થાય. નોકરીમાં તા. ૨૯, ૩૦, ૨ શુભ જણાય છે. રાજકીય પ્રવૃત્તિઓ, સામાજિક પ્રવૃત્તિઓમાં પ્રગતિ થશે. વારસાગત મિલકતનો પ્રશ્ન ઉકેલાશે. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ દઢ બનશે. મુસાફરીમાં યશસ્વીપણાનો અનુભવ થાય. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી સફળ બનશે. મહિલાઓ આ સપ્તાહમાં કિંમતી ચીજોની ખરીદી કરી શકશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસમાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ થશે. મિલકતના નિર્ણયો લઈ શકશો. નોકરી માટે તા. ૩૦, ૩૧ શુભ જણાય છે. વેપાર વધશે. કારોબારમાં નાણાંની વ્યવસ્થા જળવાઈ રહેશે. મુસાફરીઓ એકંદરે સફળ બની રહેશે. જીવનસાથીનો સહયોગ મહિલાઓને પ્રાપ્ત થવાથી કાર્યક્ષેત્રે ઉત્સાહ જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ કઠીન અભ્યાસમાં પણ દઢપણે જળવાઈ રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ માટે અનુકૂળતા જણાશે. નોકરી માટે તા. ૨૮, ૨૯ શુભ પુરવાર થશે. નવી નોકરીનો પ્રારંભ સફળતાથી થઈ શકશે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૨ શુભ જણાય છે. નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. વિદેશ પ્રવાસ શક્ય જણાય છે. મહિલાઓને નોકરીમાં નવી જવાબદારી મેળવવા માટે સરળતા જણાશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે, ઉચ્ચ પરીક્ષા માટે સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવી પ્રવૃત્તિઓ, નવું જ્ઞાન, નવી માહિતી મેળવવા માટે ગોચર ગ્રહફળ શુભ જણાય છે. તા. ૨૯, ૩૦, ૩૧ શુભ ફળદાયી જણાય છે. પ્રવાસ એકંદરે લાભદાયી પુરવાર થશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. આવકના નવા સાધનો મેળવશો. મહિલાઓને કુટુંબજીવનનો યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટે સફળતાનો અનુભવ થશે. નવા શૈક્ષણિક કામકાજનો પ્રારંભ પણ થાય.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નવી નોકરીનો પ્રારંભ શક્ય જણાય છે. તા. ૩૧, ૧, ૨ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. ભાગીદાર, કારોબારના મિત્રો ઉપયોગી થશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. બેન્ક, કોર્ટ, કાયદા સરકારી કામકાજ ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં પણ વ્યસ્તતા જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત કરશે.

## આજનું પંચાંગ

**ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૨૮-૧૨-૨૦૨૫, દુર્ગાષ્ટમી, શાકંભરીદેવી નવરાત્રિ પ્રારંભ**

ભારતીય દિનાંક ૭, માહે પૌષ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ–૮

જૈન વીર સંવત ૨૫૫૨,માહે પૌષ, તિથિ સુદ–૮

પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧૩મો તીર માહે ૧૦મો દએ, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૭મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭

મીસરી રોજ ૯મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭

નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૦૮–૪૨ સુધી, પછી રેવતી

ચંદ્ર મીનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૧, સ્ટા. ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ સાંજે ક. ૧૮–૧૫ મધ્યરાત્રિ પછી ક. ૦૫–૫૭ (તા. ૨૯)

ઓટઃ સવારે ક. ૧૧ઙ્ગ૫૪, રાત્રે ક. ૨૩–૫૫

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, પૌષ શુક્લ – અષ્ટમી. દુર્ગાષ્ટમી, શાકંભરીદેવી નવરાત્રિ પ્રારંભ, જોરમેલા પંજાબ (પંચક), સૂર્ય પૂર્વાષાઢામાં ક. ૩૦–૩૧.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, શનિ દેવતાનું પૂજન વિશેષરૂપે, લીમડો વાવવો, ધ્રુવ દેવતાનું પૂજન, સ્થિર કાર્યો, અહિંબુધ્ન્ય દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ, અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, સપ્તસતી પાઠ હવન, શિવપરિવાર પૂજા, દુકાન–વેપાર–નોકરી, નવાં વસ્રો, આભૂષણ, અન્નપ્રાશન, દેવદર્શન, સીમંત સંસ્કાર, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડી, પશુ લેવડદેવડ, પૂષાદેવતાનું પૂજન, બુધ ગ્રહદેવતાનું પૂજન.

આચમનઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ ખટપટ કરવી ગમે. ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ સટ્ટાની આદત.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ, ચંદ્ર–ગુરુ ચતુષ્કોણ (તા. ૨૯)

ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ, મંગળ–ધનુ, માર્ગી બુધ– વૃશ્ચિક વક્રી ગુરુ–મિથુન, શુક્ર–ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૮-૧૨-૨૦૨૫ થી તા. ૩-૧-૨૦૨૬

રવિવાર, પૌષ સુદ–૮, વિ. સં. ૨૦૮૨, તા. ૨૮મી ડિસેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સવારે ક. ૦૮–૪૨ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, શાકંભરીદેવી નવરાત્રિ પ્રારંભ, જોરમેલા (પંજાબ), પંચક, સૂર્ય પૂર્વાષાઢામાં ક. ૩૦–૨૯. શુભ દિવસ.

સોમવાર, પૌષ સુદ–૯, તા. ૨૯મી ડિસેમ્બર. નક્ષત્ર રેવતી સવારે ક. ૦૭–૪૦ સુધી, પછી અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૩૦–૦૩ સુધી (તા. ૩૦), સુધી પછી ભરણી. ચંદ્ર મીનમાં સવારે ક. ૦૭–૪૦ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિ જયંતી. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, પૌષ સુદ–૧૦, તા. ૩૦મી, નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૭–૫૭ સુધી (તા. ૩૧મી), પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. પુત્રદા સ્માર્ત એકાદશી (છાશ), વૈકુંઠ એકાદશી (દક્ષિણ ભારત), મન્વાદિ, શાંબદસમી (ઓરિસ્સા), સૂર્ય પૂજા (ઓરિસ્સા), એકાદશી ક્ષય તિથિ છે, ભદ્રા ક. ૧૮–૨૮થી ક. ૨૯–૦૦. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, પૌષ સુદ–૧૨, તા. ૩૧મી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૨૯ સુધી (તા. ૧), પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૯–૨૨ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. રામ પ્રતિષ્ઠા મહોત્સવ (અયોધ્યા), પુત્રદા ભાગવત એકાદશી (છાશ). સામાન્ય દિવસ.

ગુરુવાર, પૌષ સુદ–૧૩, તા. ૧લી જાન્યુઆરી, ૨૦૨૬, નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૨૨–૪૭ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, નૂતન વર્ષારંભ દિન, ખ્રિસ્તી ઈ. સ. ૨૦૨૬ પ્રારંભ, શુભ દિવસ.

શુક્રવાર, પૌષ સુદ–૧૪, તા. ૨જી, નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૦–૦૩ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં સવારે ક. ૦૯–૨૫ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, બુધ પૂર્વમાં અસ્ત, ભદ્રા ક. ૧૮–૫૫ થી ૨૯–૧૨. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, પૌષ સુદ–૧૫, તા. ૩જી, નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૭–૨૭ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. પૌષી પૂનમ, શાકંભરી પૂર્ણિમા, પુષ્યાભિષેક યાત્રા, અંબાજીનો પ્રાક્ટોત્સવ, શાકંભરી નવરાત્રિ સમાપ્ત. માઘ સ્નાનારંભ, ભદ્રા સાંજે ક. ૧૮–૫૩થી ૨૯–૧૦, અન્વાધાન, અરુદ્ર દર્શન (દક્ષિણ ભારત), હજરત અલી જન્મ દિવસ. શુભ દિવસ.

# મુંબઈ, દિલ્હી, કોલકત્તા રૂટ પર ‘કવચ’ની બીજી મહેતલ ચૂકી રેલવે

નવી દિલ્હીઃ રેલવે મંત્રાલય ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં નવી દિલ્હી-મુંબઈ અને નવી દિલ્હી-હાવડા રૂટ પર ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ, કવચ ઇન્સ્ટોલ કરવાની સમયમર્યાદા ચૂકી ગઈ છે. જોકે, અધિકારીઓ ૨૦૨૬ સુધીમાં આ સિસ્ટમ કાર્યરત થવાની આશા રાખે છે.

કવચ એ સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ છે, જે ખૂબ જ ટેકનોલોજી-સઘન સિસ્ટમ છે. તે લોકો પાઇલટ્સને બ્રેક લગાવવામાં નિષ્ફળ જાય તો ઓટોમેટિક એપ્લિકેશન દ્વારા ચોક્કસ ગતિ મર્યાદામાં ટ્રેન ચલાવવામાં મદદ કરે છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, લગભગ પચીસ ટકા કામ શરૂ થઈ ગયું છે અને ઉપયોગ માટે તૈયાર સ્થિતિમાં છે. બાકીના ભાગોમાં મોટાભાગના ઘટકો અને ઉપકરણો મૂકવામાં આવ્યા છે.

અમે મુંબઈ-દિલ્હી અને દિલ્હી-કોલકાતા રૂટ પર કવચને કાર્યરત કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ, આશા છે કે તે ૨૦૨૬માં કામ થઇ જશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રેલ્વે મંત્રાલયે ૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ જણાવ્યું હતું કે કવચનું કામ માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ થઈ જશે. તેણે પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ‘રેલવે અંદાજપત્ર ૨૦૨૪-૨૫ અને બજેટ અંદાજપત્ર ૨૦૨૫-૨૬ માટે સુધારેલા અંદાજ શીર્ષકવાળા બજેટ દસ્તાવેજમાં માર્ચથી ડિસેમ્બર ૨૦૨૫ સુધીની સમયમર્યાદા લંબાવવાની જાહેરાત કરી હતી. ૧૭ ડિસેમ્બરના રોજ લોકસભામાં રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે એક સવાલના જવાબમાં કવચ ઇન્સ્ટોલેશનની પ્રગતિ અંગે અપડેટ આપ્યું હતું,

# અમેરિકા-યુક્રેન મંત્રણા પહેલા રશિયાનો કીવ પર મોટો હુમલો

કીવઃ યુક્રેન અને અમેરિકા વચ્ચે વાટાઘાટોના એક દિવસ પહેલા રશિયાએ શનિવારે વહેલી સવારે મિસાઇલ અને ડ્રોનથી યુક્રેનની રાજધાની કીવ પર હુમલો કર્યો, જેમાં એક વ્યક્તિનું મોત થયું અને ૨૭ અન્ય ઘાયલ થયા હતા, તેવું સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું.

શનિવારે વહેલી સવારે હુમલો શરૂ થયો અને કલાકો સુધી ચાલુ રહ્યો. બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોન શહેરમાં ત્રાટકતા કિવમાં કલાકો સુધી વિસ્ફોટો થયા હતા.

આ હુમલો ત્યારે થયો જ્યારે યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી રવિવારે ફ્લોરિડામાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરવાની તૈયારી કરી રહ્યા છે, જેમાં લગભગ ચાર વર્ષ જૂના યુદ્ધનો અંત લાવવાના પ્રયાસમાં વધુ વાટાઘાટો કરવામાં આવશે.

ઝેલેન્સકીએ કહ્યું કે તેઓ ડોનેત્સ્ક અને ઝાપોરિઝ્ઝિયા પ્રદેશોમાં સુરક્ષા ગેરંટી અને પ્રાદેશિક મુદ્દાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાની યોજના ધરાવે છે.

રશિયન સંરક્ષણ મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે તેણે રશિયામાં નાગરિક લક્ષ્યાંકો પર યુક્રેનના હુમલાના જવાબમાં રાતોરાત મોટા પાયે હુમલો કર્યો હતો, જેમાં જમીન, હવા અને સમુદ્રમાંથી લાંબા અંતરના ગાઇડેડ શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં કિન્ઝાલ હાઇપરસોનિક એરોબેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોનનો સમાવેશ થાય છે, જે યુક્રેનિયન સશસ્ત્ર દળો દ્વારા ઉપયોગમાં લેવાતી ઊર્જા માળખાગત સુવિધાઓ તેમજ યુક્રેનિયન લશ્કરી-ઔદ્યોગિક સંકુલ સાહસો પર કરવામાં આવ્યો હતો.

મંત્રાલયે જણાવ્યું હતું કે તેના હવાઈ સંરક્ષણ દળોએ રાત્રે ક્રાસ્નોદર અને અદિગેયાના રશિયન પ્રદેશો પર સાત યુક્રેનિયન ડ્રોનને તોડી પાડ્યા હતા.

# ધીરેન્દ્ર શાસ્ત્રીનો નવો વિવાદઃ સરકારી વિમાનમાં રાયપુર પહોંચ્યા, પોલીસ તેમને પગે લાગી

રાયપુરઃ બાગેશ્વર ધામના વડા, આધ્યાત્મિક ઉપદેશક ધીરેન્દ્ર શાસ્ત્રી, સરકારી વિમાનમાં છત્તીસગઢ પહોંચ્યા અને ફરજ પરના પોલીસ અધિકારી તેમના પગ સ્પર્શી રહ્યા છે તેવો એક વીડિયો સામે આવ્યા બાદ વિવાદ શરૂ થયો છે, જેમાં કોંગ્રેસે જાહેર નાણાંનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.

જોકે, ભાજપે પોલીસના આ કૃત્યને વ્યક્તિગત શ્રદ્ધા ગણાવીને બચાવ કર્યો છે અને વિરોધ પક્ષ પર સનાતન ધર્મની વિરુદ્ધ હોવાનો આરોપ લગાવ્યો છે.

રાજ્યના પ્રધાન ગુરુ ખુશવંત સાહેબ સાથે શાસ્ત્રી ગુરુવારે દુર્ગ જિલ્લાના ભિલાઈ શહેરમાં ધાર્મિક પ્રવચન માટે રાયપુર પહોંચ્યા હતા.

સોશ્યલ મીડિયા પર વ્યાપકપણે વાયરલ થયેલી આ ક્લિપમાં શાસ્ત્રી અને પ્રધાન વિમાનમાંથી ઉતરતા દેખાય છે, અને યુનિફોર્મ પહેરેલા પોલીસ અધિકારી પહેલા પ્રધાનને સલામ કરે છે અને પછી તેમની ટોપી અને જૂતા ઉતારીને આગળ વધીને શાસ્ત્રીના ચરણ સ્પર્શ કરે છે. વીડિયો વાયરલ થતાં જ, યુનિફોર્મધારી અધિકારીના વર્તન અને ધાર્મિક ઉપદેશક માટે રાજ્ય વિમાનના ઉપયોગ અંગે પ્રશ્નો ઉભા થયા છે.

# છત્તીસગઢના શરાબકાંડમાં વધુ ૫૯ આરોપીના નામ ઉમેરાયા

રાયપુરઃ છત્તીસગઢના શરાબ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઈડી) એ ફરિયાદી પક્ષ તરફથી અંતિમ ફરિયાદ દાખલ કરી છે. આમાં વધુ ૫૯ લોકોનાં નામ ઉમેરવામાં આવ્યા છે. આ સાથે જ મની લોન્ડરિંગ કેસમાં કુલ આરોપીઓની સંખ્યા ૮૧ પર પહોંચી ગઈ છે.

ઈડીના વકીલ સૌરભ કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરતા શુક્રવારે અહીંની પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કોર્ટમાં આ અંતિમ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

અગાઉ બાવીસ વ્યક્તિઓ આરોપી તરીકે નોંધાયા હતા. હવે જે ૫૯ નવા નામ ઉમેરાયા છે તેમાં મુખ્યમંત્રી કાર્યાલયના તત્કાલીન ડેપ્યુટી સેક્રેટરી સૌમ્યા ચૌરસિયા, ભૂતપૂર્વ આઈએએસ અધિકારી નિરંજન દાસ, લિકર લાયસન્સ ધારકો, વિતરકો અને આબકારી વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે.

# થાઈલેન્ડ અને કમ્બોડિયાની યુદ્ધવિરામ કરાર પર મહોર

બેંગકોકઃ થાઈલેન્ડ અને કમ્બોડિયાએ સરહદી વિસ્તારો પરના પ્રાદેશિક દાવાઓને લઈને ચાલી રહેલી અઠવાડિયાઓ લાંબી લડાઈનો અંત લાવવા માટે શનિવારે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કરાર સ્થાનિક સમય પ્રમાણે બપોરે ૧૨:૦૦ વાગ્યાથી અમલમાં આવ્યો છે. તે લશ્કરી હિલચાલ અને સૈન્ય હેતુઓ માટે હવાઈ ક્ષેત્રના ઉલ્લંઘન પર રોક લગાવવાની માગ કરે છે.

કમ્બોડિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, માત્ર થાઈલેન્ડે જ હવાઈ હુમલા કર્યા હતા, જેમાં શનિવારે સવારે જ કમ્બોડિયાના સ્થળો પર હુમલો કરવામાં આવ્યો હતો.

કરાર મુજબ, યુદ્ધવિરામ ૭૨ કલાક સુધી ટકી રહ્યા બાદ, થાઈલેન્ડ જુલાઈમાં થયેલી લડાઈ દરમિયાન પકડાયેલા ૧૮ કમ્બોડિયન સૈનિકોને પરત મોકલશે. તેમની મુક્તિ કમ્બોડિયાની મુખ્ય માંગ રહી છે.

હસ્તાક્ષરના ગણતરીના કલાકોમાં જ, થાઈલેન્ડના વિદેશ મંત્રાલયે કમ્બોડિયા સામે વિરોધ નોંધાવ્યો હતો. થાઈલેન્ડનો આરોપ છે કે તેમનો એક સૈનિક કમ્બોડિયન દળો દ્વારા બિછાવવામાં આવેલી લેન્ડમાઈન પર પગ મૂકતા કાયમી વિકલાંગતાનો ભોગ બન્યો છે.

# બાંગ્લાદેશમાં રોકસ્ટાર જેમ્સનાકોન્સર્ટમાં દંગલ

ઢાકાઃ બાંગ્લાદેશમાં તોફાનોનો સિલસિલો અટકતો નથી. હવે લોકપ્રિય રોકસ્ટાર જેમ્સના કોન્સર્ટને ટાર્ગેટ કરાયો હતો. આ કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષકો પર હુમલો થયો હતો અને ભારે પથ્થરમારો થતાં કાર્યક્રમ અધવચ્ચેથી રદ કરાયો હતો. કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ, બહારથી આવેલા એક જૂથે બળજબરીથી સ્થળમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો અને ભીડ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં વિદ્યાર્થીઓએ હુમલાખોરોનો સામનો કર્યો, પરંતુ પરિસ્થિતિ કાબૂ બહાર જતાં સ્થાનિક વહીવટીતંત્રના નિર્દેશ પર કોન્સર્ટ રદ કરી દેવામાં આવ્યો હતો.

# જાપાનના હાઈવેમાં એકસાથે ૬૭ વાહન અથડાયાં, બેનાં મોત

ટોક્યોઃ જાપાનમાં વર્ષના અંતની રજાઓની સીઝન શરૂ થતાની સાથે જ બરફીલા વાતાવરણમાં એક એક્સપ્રેસવે પર ૬૭ વાહનો એકબીજા સાથે અથડાતા ભયાનક અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં બે લોકોના મોત થયા છે અને ૨૬ લોકો ઘાયલ થયા છે. ગુન્મા પ્રિફેક્ચરલ હાઈવે પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, ટોક્યોથી લગભગ ૧૬૦ કિ.મી. ઉત્તર-પશ્ચિમમાં આવેલા મિનાકામી શહેરમાં કાન-એત્સુ એક્સપ્રેસવે પર શુક્રવારે મોડી રાત્રે આ અકસ્માત થયો હતો.અકસ્માતની શરૂઆત બે ટ્રકો વચ્ચેની ટક્કરથી થઈ હતી. આ ટક્કરને કારણે એક્સપ્રેસવેનો કેટલોક ભાગ બ્લોક થઈ ગયો હતો. રસ્તા પર બરફ હોવાને કારણે પાછળથી આવતી કાર સમયસર બ્રેક મારી શકી નહોતી, જેના પરિણામે એક પછી એક ૬૭ વાહનો એકબીજા સાથે ટકરાયા હતા.

## પહેલા પાનાનું ચાલુ

### પાંચમી જાન્યુઆરીથી

આપી હતી કે સરકારને તેના પરિણામો ભોગવવા પડશે. રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) કાયદા માટે નવા વિકાસ ભારત-ગેરંટીને પરામર્શ વિના એકતરફી નિર્ણય ગણાવતા, ખડગેએ દાવો કર્યો હતો કે તેના કારણે રાજ્યોએ વધારાનો ખર્ચ બોજ સહન કરવો પડશે તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસ પાંચમી જાન્યુઆરી, ૨૦૨૬થી રાષ્ટ્રવ્યાપી મનરેગા બચાવો આંદોલન શરૂ કરશે.

**પીએમએ એકલાહાથે મનરેગાનો નાશ કર્યોઃ રાહુલ**

નવી દિલ્હીઃ રાહુલ ગાંધીએ શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર તેમના પ્રધાન મંડળ કે રાજ્યો સાથે સલાહ લીધા વિના અને આ બાબતનો અભ્યાસ કર્યા વિના મનરેગાનો એકલા હાથે નાશ કરવાનો અને તેને લોકશાહી માળખા પર હુમલો ગણાવ્યો હતો, જે ગ્રામીણ અર્થતંત્રને બરબાદ કરશે.

સીડબ્લ્યુસીની બેઠક પછી એક પત્રકાર પરિષદને સંબોધતા, તેણે વીબી-જી-રામ-જી એક્ટ પર ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર પર નિશાન સાધતા આરોપ લગાવ્યો હતો કે પીએમએ રાજ્યો અને ગરીબો પર નોટબંધીની જેમ વિનાશક હુમલો કર્યો છે.

### પુષ્પા-ટૂ

હતી. શહેરની પોલીસે અલ્લુ અર્જુન સામે કેસ નોંધ્યો હતો. મૃત મહિલાના પરિવારની ફરિયાદના આધારે ભારતીય ન્યાય સંહિતામાં વિવિધ કલમો હેઠળ અલ્લુ અર્જુન અને એની સુરક્ષા ટીમ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. અલ્લુ અર્જુનની ૧૩ ડિસેમ્બર,૨૦૨૪ની ધરપકડ કરી હતી અને તેલંગણા હાઈ કોર્ટે તેને વચગાળા જામીન આપ્યા હતા. પછીથી તેણે નિયમિત જામીન મળ્યા હતા.

અલ્લુ અર્જુન અને પુષ્પા ફિલ્મના સર્જકે પીડિતાના કુટુંબને નાણાકીય સહાય આપી હતી. તેલંગણાની સરકારે પણ કુટુંબને વળતર આપ્યું હતું.

### ‘ગુરુ-ગંભીર’ને

ગંભીરની ખુરસી હાલકડોલક થઈ રહી છે એવા અહેવાલો વચ્ચે જાણવા મળ્યું છે કે વીવીએસ લક્ષ્મણને ટેસ્ટ ટીમનો હેડ-કોચ બનવામાં કોઈ રસ નથી. ગંભીરના કોચિંગમાં ભારતે વન-ડેમાં ચૅમ્પિયન્સ ટ્રૉફી જીતવા ઉપરાંત ટી-૨૦નો એશિયા કપ જીતી લીધો છે અને વાઇટ-બૉલના આ બે ફૉર્મેટમાં ટીમ ઇન્ડિયાનો પર્ફોર્મન્સ સારો રહ્યો છે, પણ રેડ-બૉલ ક્રિકેટ (ટેસ્ટ ફૉર્મેટ)માં ભારત ખાસ કરીને સેના (સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા) દેશો સામે ૧૦ ટેસ્ટ હાર્યું હોવાથી ક્રિકેટ બોર્ડની એક વગદાર વ્યક્તિએ ફરી એક વખત વીવીએસ લક્ષ્મણનો સંપર્ક કર્યો હતો અને ટીમ ઇન્ડિયાને ટેસ્ટમાં કોચિંગ આપવાની વિનંતી કરી હતી. જોકે ઑસ્ટ્રેલિયા સામે ૨૮૧ રનની ઐતિહાસિક ટેસ્ટ ઇનિંગ્સને લીધે બૅટિંગ-લેજન્ડ્સમાં ગણાતા વીવીએસ લક્ષ્મણે તેમને એવું કહી દીધું હોવાનું મનાય છે કે તે બેંગલૂરુમાં બીસીસીઆઇના સેન્ટર ઑફ એક્સેલન્સમાં હેડ ઑફ ક્રિકેટના હોદ્દામાં જ રાજી છે અને ટેસ્ટ ટીમને કોચિંગ આપવામાં તેને કોઈ રસ નથી. ગંભીરનો કૉન્ટ્રેક્ટ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધીનો છે, પણ આગામી ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત કેવું પર્ફોર્મ કરશે એને આધારે આ કરાર પર ફેરવિચારણા થઈ શકે. ભારતની આગામી ટેસ્ટ સિરીઝો શ્રીલંકા સામે (ઑગસ્ટ, ૨૦૨૬માં) અને ન્યૂ ઝીલૅન્ડ સામે (ઑક્ટોબર, ૨૦૨૬માં) રમાશે અને પછી ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ પાંચ ટેસ્ટ (જાન્યુઆરી, ૨૦૨૭માં) રમાશે. કહેવાય છે કે ભારતીય ક્રિકેટમાં ઊચ્ચ સ્તરેથી ગંભીરને અમુકનો મજબૂત ટેકો મળી રહ્યો છે. લક્ષ્મણને ટેસ્ટ ટીમનો કોચ બનવામાં રસ નથી એટલે બોર્ડ પાસે ગંભીર સિવાય બીજા ખાસ વિકલ્પો પણ નથી. ટૂંકમાં, ‘ગુરુ ગંભીર’ માટે આવતા બે મહિના અગ્નિપરીક્ષાના છે.

### ખ્રિસ્તી તહેવારોની

જણાવ્યા પ્રમાણે, ક્રિસ્મસને પગલે પેલેડિયમ મૉલમાં શણગાર કરવામાં આવ્યો હતો. જ્યાં ભગવા સેનાના કાર્યકરો આજે પેલેડિયમ મૉલ પહોંચી ગયા હતા. તેમણે ક્રિસ્મસને લઈને કરવામાં આવેલા શણગારને લઈને વાંધો ઉઠાવ્યો હતો. આટલું જ નહીં, ઉશ્કેરાયેલા કાર્યકરોએ ક્રિસ્મસ ટ્રી પણ તોડી નાખ્યું હતું. ભગવા સેનાના અધ્યક્ષ કમલ રાવલે જણાવ્યું હતું કે, આ બધા તહેવાર યોજીને હિન્દુ સંસ્કૃતિને નુકસાન પહોંચાડવા આવી રહ્યું છે. અમારો કોઈ ધર્મને લઈને વિરોધ નથી પરંતુ, એક જ ધર્મને પ્રાધાન્ય આપવામાં આવે છે, તેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. ધર્મના નામે જે કાર્ય ચાલુ રહ્યું છે તેનો અમારો વિરોધ છે. મૉલમાં હિન્દુ ધર્મના તહેવારને ઓછું પ્રાધાન્ય આપવામાં આવે છે. જો આયોજન કરવું હોય તો તમામ તહેવારના સરખા આયોજન કરવામાં આવે એવી અમારી માગણી છે.

### બે સેકેન્ડમાં

૩૫૦ કિલોમીટરની પ્રતિ કલાકનીઝડપે ચાલે છે.

મેગ્લેવ એટલે કે મેગ્નેટિક લેવિટેશન ટેકનોલોજીમાં, ટ્રેન પર લાગેલા શક્તિશાળી ચુંબકો પાઈપની બાજુઓ પર રહેલી ધાતુ સાથે પ્રતિક્રિયા આપે છે. આનાથી ટ્રેન હવામાં અધ્ધર થાય છે અને તેને આગળ ધકેલવામાં મદદ મળે છે.

### આસામમાં

એ એવી કેટેગરી છે જેના મતદાતાઓ પાસે નાગરિકત્વના પૂરતા પુરાવા ન હોવાથી સરકારે તેમનો મતાધિકાર ઝૂંટવી લીધો હતો. વિદેશી ધારા, ૧૯૪૬ હેઠળ રચાયેલા ખાસ ટ્રિબ્યુનલ ડી-વોટર નક્કી કરે છે અને આ મતદાતાને વોટર કાર્ડ આપવામાં આવતા નથી. મતદારયાદીમાં ડી-વોટરનાં નામ, વય અને ફોટોગ્રાફની વિગતો યથાવત્ રાખવામાં આવ્યા છે. બાવીસ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ઘરે ચકાસણી કર્યા બાદ મતદારયાદી તૈયાર કરવામાં આવી છે. હવે મતદાતા બાવીસ જાન્યુઆરી સુધી દાવા અને વાંધા નોંધાવી શકે છે. અંતિમ મતદાર યાદી ૧૦ ફેબ્રુઆરીએ જાહેર કરાશે. ૪,૭૮,૯૯૨ મતદાતાનાં મરણ થયાં છે. ૫,૨૩,૬૮૦ મતદાતા રજિસ્ટર્ડ એડ્રેસથી બીજે જતા રહ્યા છે. ૫૩,૬૧૯ નામ સરખી એન્ટ્રી હોવાને લીધે રદ કરાયા છે. (એજન્સી)

### મોદીના

ખુલ્લો અસંતોષ છે. સૂત્રોએ કહ્યું હતું કે દિગ્વિજયે કૉંગ્રેસની સંસ્થાને જમીની સ્તરથી મજબૂત કરવાની વાત કરી હતી. આવી સંગઠનની તાકાત શાસક ભાજપ સામે લડવા અને તેને સત્તા પરથી હટાવવા માટે જરૂર છે. જોકે બીજા સિનિયર નેતાઓએ દિગ્વિજયને અટકાવીને કહ્યું હતું કે આ બેઠક મનરેગા પર ચર્ચા કરવા બોલાવવામાં આવી છે. દિગ્વિજયે સંગઠનને મજબૂત બનાવવાની વાત ચાલુ રાખી હતી અને સત્તાના વિકેન્દ્રીકરણની હિમાયત કરી હતી. કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ દિગ્વિજયને અટકાવીને કહ્યું હતું કે બેઠકમાં મારે બીજા નેતાને પણ સાંભળવાના છે. જોકે દિગ્વિજયે પત્રકારો આગળ એવો ખુલાસો કર્યો હતો કે હકીકતમાં મેં પક્ષના સંગઠનની સરાહના કરી હતી અને તમે લોકોએ ગેરસમજ કરી. હું ભાજપ અને આરએએસનો પ્રખર વિરોધી છું. (એજન્સી)

### પાકિસ્તાનને

ટેન્ડર જારી કરવાનો માર્ગ મોકળો થઇ ગયો છે. ઓપરેશન સિંદૂર બાદ ભારતે વર્ષો પહેલા થયેલી સિંધુ જળ સમજૂતીને મોકૂફ કરવાનો નિર્ણય લીધો હતો, ત્યારથી લઈને આજદિન સુધી પાકિસ્તાન સિંધુ જળ સમજૂતીનો રાગ આલાપી રહ્યો છે. સિંધુ જળ સંધી હેઠળ ચિનાબ નદીનું પાણી પાકિસ્તાનને ભાગે આવે છે પણ સંધી અત્યારે અમલમાં નથી ત્યારે ચિનાબ નદી પરના જળ પ્રકલ્પ દુલહસ્તીને મંજૂરી આપીને પાકિસ્તાનને આચકો આપ્યો છે.

### અમેરિકામાં

બ્રિજપોર્ટમાં ૨.૨ ઇંચ અને લોંગ આઇલેન્ડમાં ૧.૯ ઇંચ બરફ જામ્યો હતો. ન્યૂ યોર્ક સિટીમાં હિમવર્ષા પ્રમાણમાં ઓછી રહી હતી, જેમાં સેન્ટ્રલ પાર્કમાં ૦.૩ ઇંચ અને લગવાડિયા તથા જોન એફ. કેનેડી એરપોર્ટ પર ૦.૧ ઇંચ બરફ નોંધાયો હતો. જોકે, આગાહીકારોએ ચેતવણી આપી છે કે રાતોરાત પ્રતિ કલાક બે ઇંચ સુધીના દરે હિમવર્ષા થઈ શકે છે.

# ઈંગ્લૅન્ડે ૫,૪૬૮ દિવસ રાહ જોઈ અને બે જ દિવસમાં ખેલ ખતમ કરી નાખ્યો

### ૧૩ દિવસમાં ચાર ટેસ્ટ રમાઈ!: મેલબર્નની ટેસ્ટના રેકૉર્ડ-બ્રેક આંકડા

મેલબર્ન: અહીં શનિવારે ઑસ્ટ્રેલિયા સામે કટ્ટર હરીફ ઇંગ્લૅન્ડની જીત સાથે ઍશિઝ સિરીઝની ચોથી ટેસ્ટ અનેક રસપ્રદ વળાંકો સાથે રોમાંચક હાલતમાં પૂરી તો થઈ, પરંતુ આ મૅચમાં જે પણ અનિચ્છનીય બન્યું એની અસર આવતા મહિનાઓ અને વર્ષોમાં જોવા મળશે. ટેસ્ટ-ક્રિકેટના ફૉર્મેટને આવી ટૂંકી ટેસ્ટ મૅચ જ ભયજનક તેમ જ પાયમાલ કરી નાખતી હોય છે અને મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી)નું ઐતિહાસિક ક્રિકેટ ગ્રાઉન્ડ પણ હવે એનું સાક્ષી બની રહ્યું છે, કારણકે આ મૅચમાં ઘણા નવા વિક્રમો રચાયા અને પાંચ દિવસની ટેસ્ટ લગભગ માત્ર પોણાબે દિવસમાં પૂરી થઈ. વધુ નવાઈની વાત એ છે વર્તમાન ઍશિઝ સિરીઝની ચાર ટેસ્ટ કુલ મળીને માત્ર ૧૩ દિવસમાં રમાઈ. પર્થની ટેસ્ટ બે દિવસમાં પૂરી થઈ. બ્રિસ્બેનની ટેસ્ટ ચાર દિવસમાં પૂરી થઈ, ઍડિલેઇડની ટેસ્ટ પાંચ દિવસમાં અને હવે મેલબર્નની ટેસ્ટ બે દિવસમાં પૂરી થઈ. હજી શુક્રવારે તો આ ટેસ્ટ શરૂ થઈ અને શનિવારે ટી-ટાઇમ બાદ પૂરી થઈ ગઈ હતી. બેન સ્ટૉક્સના સુકાનમાં ઇંગ્લૅન્ડે ૧૭૫ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ છ વિકેટ ગુમાવીને ૧૭૮ રનના ટોટલ સાથે વિજય મેળવી લીધો હતો.

#### મેલબર્ન ટેસ્ટની રેકૉર્ડ-બુક

(૧) ઇંગ્લૅન્ડે ઑસ્ટ્રેલિયામાં ફરી ટેસ્ટ જીતવા માટે ૧૫ વર્ષ સુધી (૫,૪૬૮ દિવસ સુધી) રાહ જોવી પડી અને તક મળી એટલે બે જ દિવસમાં વિજય મેળવી લીધો. જાન્યુઆરી, ૨૦૧૧ બાદ બ્રિટિશરો ઑસ્ટ્રેલિયાની ધરતી પર ૧૮ ઍશિઝ ટેસ્ટ રમ્યા જેમાંથી વિક્રમજનક ૧૬ મૅચ હારી ગયા અને બે મૅચ ડ્રૉમાં ગઈ હતી. છેક ૧૯મી ટેસ્ટમાં જીતવા મળ્યું.

(૨) ઑસ્ટ્રેલિયામાં વર્તમાન ઍશિઝ શ્રેણી પહેલાં કુલ ૪૫૦ ટેસ્ટ રમાઈ હતી જેમાંથી માત્ર બે ટેસ્ટ (૧૯૩૧માં વેસ્ટ ઇન્ડિઝ સામે, ૨૦૨૨માં સાઉથ આફ્રિકા સામે) ફક્ત બે દિવસમાં પૂરી થઈ હતી, પણ આ વખતે એક જ સિરીઝમાં બે ટેસ્ટ (ગયા મહિને પર્થમાં અને ગઈ કાલે મેલબર્નમાં) માત્ર બે દિવસમાં પૂરી થઈ ગઈ. ઍશિઝમાં અગાઉ ૧૯૨૧માં ટેસ્ટ બે દિવસમાં પૂરી થઈ હતી અને ત્યાર બાદ હવે પાંચ જ અઠવાડિયામાં ઍશિઝ શ્રેણીની બે ટેસ્ટ બે દિવસમાં સમેટાઈ ગઈ. ૧૮૯૬ પછી પહેલી વાર એવું બન્યું જેમાં કોઈ પણ બે દેશ વચ્ચેની એક જ ટેસ્ટ શ્રેણીમાં બે મૅચ બે દિવસમાં પૂરી થઈ.

(૩) ઑસ્ટ્રેલિયન ટીમ મેલબર્ન ટેસ્ટમાં માત્ર ૪૭૯ બૉલ રમી શકી.

અગાઉ છેક ૧૯૨૮ની બ્રિસ્બેન ટેસ્ટમાં આવું બન્યું હતું જેમાં તેઓ ૪૫૭ બૉલ રમી શક્યા હતા.

(૪) ઑસ્ટ્રેલિયાએ મેલબર્નમાં એક ટેસ્ટમાં સૌથી ઓછા રન કર્યા હોય એમાં આ વખતની ટેસ્ટના એના ૨૮૪ રન બીજા નંબરે છે. ૧૯૨૮ની સાલમાં કાંગારુઓ ટેસ્ટમાં માત્ર ૨૪૬ રન કરી શક્યા હતા.

(૫) ઇંગ્લૅન્ડનો જો રૂટ ઑસ્ટ્રેલિયામાં સતત ૧૭ ટેસ્ટમાં વિજય નહોતો જોઈ શક્યો અને છેક હવે મેલબર્નમાં જીત માણી.

(૬) ઍશિઝ ટેસ્ટમાં કોઈ ટીમે એક પણ બૅટ્સમૅનની હાફ સેન્ચુરી વિના વિજય મેળવ્યો હોય એવું ૧૯૮૧ બાદ પહેલી વાર બન્યું. એકંદરે, ઇંગ્લૅન્ડે તમામ હરીફ ટીમોને ધ્યાનમાં લેતાં પચીસ વર્ષે એકેય હાફ સેન્ચુરી વિના ટેસ્ટ જીતી લીધી.

(૭) ઑસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઇતિહાસમાં પહેલી વાર એવું બન્યું જેમાં આખી ટેસ્ટમાં સ્પિનરને એક પણ ઓવર બોલિંગ કરવા ન મળી.

(૮) આ ૨,૬૧૫મી ટેસ્ટ હતી જેમાંથી મેલબર્નની મૅચ ગણીને કુલ ૨૭ ટેસ્ટ બે દિવસમાં પૂરી થઈ ચૂકી છે.

## અન્ડર-૧૯ વર્લ્ડ કપની ટીમ જાહેર: મ્હાત્રે કૅપ્ટન

### વૈભવને સાઉથ આફ્રિકા સામેની ટીમની કમાન સોંપાઈ

મુંબઈ: આગામી ૧૫મી જાન્યુઆરીથી ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાનારા મેન્સ અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપ માટે ટીમ જાહેર કરવામાં આવી છે જેમાં ત્રણ ગુજરાતી ખેલાડી (વેદાંત ત્રિવેદી, ખિલન પટેલ, હેનિલ પટેલ)નો સમાવેશ છે. મુંબઈના આયુષ મ્હાત્રેને આ ટીમની કમાન સોંપાઈ છે. જોકે આ વિશ્વ કપ પહેલાં ૩-૭ જાન્યુઆરી દરમ્યાન સાઉથ આફ્રિકામાં રમાનારી વન-ડે શ્રેણી માટેની ટીમનું સુકાન ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીને સોંપાયું છે. મ્હાત્રે તથા વિહાન મલ્હોત્રા સાઉથ આફ્રિકાની સિરીઝમાં નહીં રમે એટલે તેમના સ્થાને યુવરાજ ગોહિલ અને રાહુલ કુમારને રમાડવામાં આવશે.

**અન્ડર-૧૯ વર્લ્ડ કપ માટેની ટીમ:** આયુષ મ્હાત્રે (કૅપ્ટન), વિહાન મલ્હોત્રા (વાઇસ કૅપ્ટન), વૈભવ સૂર્યવંશી, આરૉન જ્યોર્જ, વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુન્ડુ (વિકેટકીપર), હરવંશ સિંહ (વિકેટકીપર), આર. એસ. અંબરિશ, કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ, મોહમ્મદ એન્નાન, હેનિલ પટેલ, દેવેન્દ્રન દીપેશ, કિશન સિંહ અને ઉધવ મોહન.

# બ્રિટિશરો ૧૫ વર્ષે ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ જીત્યા

### ઍશિઝ ટેસ્ટમાં બે દિવસમાં ૩૬ વિકેટ પડી, ઇંગ્લૅન્ડ મહામહેનતે જીત્યું

મેલબર્ન: અહીંના મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી)માં ઇંગ્લૅન્ડે ગઈ કાલે ભારે લડત અને સંઘર્ષ બાદ છેવટે ઑસ્ટ્રેલિયા સામે સિરીઝની ચોથી ટેસ્ટ (બોક્સિંગ-ડે ટેસ્ટ) જીતી લીધી હતી. ઑસ્ટ્રેલિયા આ શ્રેણીમાં ૩-૧થી આગળ છે.

ઇંગ્લૅન્ડની ટીમ ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ જીતી હોય એવું ૧૫ વર્ષ પછી (૧૮ ટેસ્ટ બાદ) પહેલી વખત બન્યું છે. જાન્યુઆરી ૨૦૧૧ બાદ ઑસ્ટ્રેલિયામાં બ્રિટિશ ટીમ કુલ ૧૬ ટેસ્ટ હારી હતી અને બે ટેસ્ટ ડ્રૉમાં ગઈ હતી.

#### તમામ ૩૬ વિકેટ પેસ બોલર્સે લીધી

આખી ટેસ્ટમાં કુલ ૩૬ વિકેટ પડી અને તમામ વિકેટ પેસ બોલર્સે લીધી હતી. મૅચમાં એક પણ સ્પિનરને બોલિંગ નહોતી અપાઈ. ટેસ્ટ લગભગ પોણાબે દિવસમાં પૂરી થઈ ગઈ.

આ ટેસ્ટ પણ જીતીને ૪-૦થી સરસાઈ મેળવવાની ઑસ્ટ્રેલિયાની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ બેન સ્ટોકસની ટીમે ઑસ્ટ્રેલિયાને આ શ્રેણીમાં પહેલી વખત પરાજય ચખાડવામાં સફળતા મેળવી છે.

#### જોશ ટન્ગ મૅન ઑફ ધ મૅચ

આખી ટેસ્ટમાં કુલ સાત વિકેટ લેનાર ઇંગ્લૅન્ડના પેસ બોલર જોશ ટન્ગને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ મળ્યો હતો.

#### બાર્મી આર્મીનું જ રાજ

એમસીજીના સ્ટેડિયમમાં હજારો પ્રેક્ષકોથી બનેલી બાર્મી આર્મીએ તાળીઓના ગડગડાટથી અને બૂમો પાડીને ઇંગ્લૅન્ડની ટીમને અભિનંદન અભિનંદન આપ્યા હતા. બાર્મી આર્મીના બ્રિટિશ પ્રેક્ષકોએ (જાણે સિરીઝ કે ટૂર્નામેન્ટની ફાઇનલ જીતી ગયા હોય એ રીતે) બૂમો પાડીને આખું સ્ટેડિયમ ગજાવ્યું હતું. એમસીજીમાં ગઈ કાલે પણ કુલ ૯૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકો હાજર હતા.

#### બ્રિટિશ ટીમે છ વિકેટ ગુમાવેલી

ઇંગ્લૅન્ડની ટીમને ગઈ કાલના બીજા દિવસે જીતવા માત્ર ૧૭૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને એણે ચાર વિકેટના માર્જિન સાથે મેળવી લીધો હતો.

જોકે એ મેળવવા જતાં ઇંગ્લૅન્ડે ૧૭૮ રનમાં છ વિકેટ ગુમાવી હતી. ઝાય રિચર્ડ્સનના બૉલમાં હૅરી બ્રુક ક્રીઝમાં હતો અને ત્યારે લેગ બાયમાં બૉલ બાઉન્ડરી લાઇનની બહાર જતાં જ ઇંગ્લૅન્ડની જીત નિશ્ચિત થઈ હતી. જેકબ બેથેલના ૪૦ રન ટીમમાં હાઈએસ્ટ હતા. ઑસ્ટ્રેલિયાના સ્ટાર્ક, રિચર્ડ્સન અને સ્કૉટ બૉલેન્ડે બે-બે વિકેટ લીધી હતી.

#### કાર્સ અને સ્ટૉકસે બાજી ફેરવી

ઑસ્ટ્રેલિયા બીજા દાવમાં ફક્ત ૧૩૨ રનમાં ઑલઆઉટ થઈ જતાં બેન સ્ટોક્સની ટીમને ૧૭૫ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. ઑસ્ટ્રેલિયાને ૧૩૨ રનમાં આઉટ કરાવવામાં બ્રાઇડન કાર્સ (ચાર વિકેટ) અને બેન સ્ટૉક્સ (ત્રણ વિકેટ)ના સૌથી મોટા યોગદાન હતા.

#### પ્રથમ દાવમાં નીચા સ્કોર

પ્રથમ દાવમાં ઑસ્ટ્રેલિયાએ ૧૫૨ રન કર્યા બાદ બ્રિટિશ ટીમ ૧૧૦ રનમાં આઉટ થઈ ગઈ હતી.

# ભારતીય ક્રિકેટનો સુવર્ણકાળ: આઠ નંબર-વન રૅન્ક સાથે પૂરું થઈ રહ્યું છે ૨૦૨૫નું વર્ષ!

મુંબઈ: ભારતીય ક્રિકેટમાં અગાઉ ક્યારેય કોઈ એક કૅલેન્ડર યરમાં ન જોવા મળી હોય એવી સિદ્ધિ ૨૦૨૫ના વર્ષના અંતે જોવા મળી છે જેમાં એક, બે કે ત્રણ નહીં, પણ આઠ કૅટેગરીમાં ભારત અને ભારતીય ક્રિકેટરો વિશ્વભરમાં નંબર-વન રૅન્ક પર છે. બીજી રીતે કહીએ તો ભારત અને ભારતીય ક્રિકેટરો સમગ્ર ક્રિકેટ જગત પર છવાઈ ગયા છે.

ટેસ્ટ અને વન-ડેમાં ભલે ભારત અત્યારે વર્લ્ડ ચૅમ્પિયન નથી, પરંતુ ટી-૨૦માં વિશ્વ વિજેતા છે અને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના રૅન્કિંગમાં આઠ રીતે ભારત અથવા ભારતીય ખેલાડીનું નામ હાલમાં (૨૦૨૫ની સાલના અંતે) મોખરે છે. ૨૦૨૫નું વર્ષ પૂરું થવાને ગણતરીના દિવસો બાકી છે અને આ વર્ષમાં ભારતીય ખેલાડીઓએ જે પ્રભુત્વ જમાવ્યું એવું અગાઉ ક્યારેય કોઈ વર્ષમાં નહીં જોવા મળ્યું હોય. વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી અને ટી-૨૦નો એશિયા કપ જીત્યા બાદ હવે ભારતીયોએ ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ના વર્લ્ડ કપ પર નજર માંડી છે.

#### ભારત અને ભારતીય ક્રિકેટરો શેમાં નંબર-વન?

(૧) ભારત મેન્સ વન-ડેમાં નંબર-વન ટીમ, હાઇએસ્ટ ૧૨૧ રેટિંગ
(૨) ભારત મેન્સ ટી-૨૦માં નંબર-વન ટીમ, હાઇએસ્ટ ૨૭૨ રેટિંગ
(૩) રોહિત શર્મા વન-ડેમાં નંબર-વન બૅટ્સમૅન, હાઇએસ્ટ ૭૮૧ રેટિંગ
(૪) અભિષેક શર્મા ટી-૨૦માં નંબર-વન બૅટ્સમૅન, હાઇએસ્ટ ૯૦૮ રેટિંગ
(૫) જસપ્રીત બુમરાહ ટેસ્ટમાં નંબર-વન બોલર, હાઇએસ્ટ ૮૭૯ રેટિંગ
(૬) રવીન્દ્ર જાડેજા ટેસ્ટમાં નંબર-વન ઑલરાઉન્ડર, હાઇએસ્ટ ૪૫૫ રેટિંગ
(૭) વરુણ ચક્રવર્તી ટી-૨૦માં નંબર-વન બોલર, હાઇએસ્ટ ૮૦૪ રેટિંગ
(૮) દીપ્તિ શર્મા ટી-૨૦માં નંબર-વન બોલર, હાઇએસ્ટ ૭૩૭ રેટિંગ

# ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે કબૂલ્યું, 'મેલબર્નની પિચ ટેસ્ટ ક્રિકેટના હિતની વિરુદ્ધમાં'

મેલબર્ન: અહીં ગઈ કાલે ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ઍશિઝ સિરીઝની ચોથી ટેસ્ટ માત્ર પોણાબે દિવસમાં પૂરી થઈ ગઈ અને ઇંગ્લૅન્ડની ટીમે તેમ જ એને ટેકો આપવા આવેલા બાર્મી આર્મીના હજારો પ્રેક્ષકોએ વિજયનું સેલિબ્રેશન કર્યું ત્યાર બાદ ખુદ ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર (સીઇઓ) ટૉડ ગ્રીનબર્ગે કબૂલ કર્યું હતું કે 'મેલબર્નની પિચ ટેસ્ટ ક્રિકેટના હિતની વિરુદ્ધમાં કહેવાય, ટેસ્ટ ફૉર્મેટ પાછળનો જે આશય છે એ માટે આ પિચ સારી ન કહેવાય.' ગ્રીનબર્ગે એવું પણ સૂચવ્યું હતું કે 'મને લાગે છે કે અમારે આવું ફરી ન બને એ માટે (પિચ તૈયાર કરવામાં) સક્રિયપણે કંઈક વિચારવું પડશે. પિચ બનાવતી વખતે ટેસ્ટના ફૉર્મેટ વિશે પણ વિચારવું જોઈએ.'

### મેલબર્નની પિચ વિશે કોણે શું ટીકા કરી?

**ગ્લેન મૅકગ્રા:** પિચ પર ૭ એમએમ (મિલીમીટર) ઊંચું ઘાસ હોય તો સમજી શકાય, પણ ૧૦ એમએમની ઊંચાઈ વધુ પડતી કહેવાય. (મૅકગ્રાનો કહેવાનો અર્થ એ હતો કે આટલા ઊંચા ઘાસમાં સીમ મૂવમેન્ટ પર કોઈ કાબૂ જ નહોતો અને ફાસ્ટ બોલર માટે આ પિચ સ્વર્ગસમાન બની ગઈ હતી'

**સ્ટુઅર્ટ બ્રોડ:** હરીફ ટીમના બૅટ્સમૅન માટે ખતરો બની શકે એ માટે ફાસ્ટ બોલરને આટલી બધી મૂવમેન્ટની જરૂર જ ન હોય. ફાસ્ટ બોલરને સારા બાઉન્સ મળે એ પિચ ગ્રેટ કહેવાય, પણ આ પિચ પર ફાસ્ટ બોલરને કંઈક વધુ પડતું જ મળી ગયું.

**બ્રેટ લી (મજાકમાં):** પૅટ કમિન્સ ઈજાને લીધે સિરીઝમાં વધુ નથી રમવાનો, પણ જો આવી પિચ પર જો રમવા મળતું હોય મને લાગે છે કે તે હૉટેલમાં જઈને શૂઝ પહેરીને ફરી રમવાની તૈયારી જ કરી લેશે.

**બેન સ્ટૉક્સ:** ઑસ્ટ્રેલિયાની બહાર કોઈ દેશની પિચ જો મેલબર્ન જેવી હોત તો એને દોજખ ગણાવાઈ હોત (ભારે ઊહાપોહ થયો હોત).

## ગુજરાત

# વડોદરામાં ખુલ્લી ગટરે એક યુવકનો જીવ લીધો, કોન્ટ્રાક્ટર વિરુદ્ધ સખત કાર્યવાહીની બાંહેધરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં શુક્રવારે મોડી રાત્રે શહેરના માંજલપુર વિસ્તારમાં ખુલ્લી ગટરમાં આકસ્મિક રીતે પડી જવાથી ૪૦ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. પરિવાર સાથે બહાર જમવા આવેલા યુવકના મોતથી મનપાના કામોમાં જોવા મળતી બેદરકારીએ લોકોમાં રોષ જગાવ્યો છે. પાણીની ટાંકી સાફ કર્યા બાદ ઢાંકણ ખુલ્લુ મૂકી દેવાતા આ અકસ્માત સર્જાયો હતો. મનપાએ કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાથમિક માહિતી અનુસાર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિમવામાં આવેલી એજન્સી દ્વારા પાણીની ટાંકી વહેલી સવારે સાફ કરવામાં આવી હતી. સફાઈ કામગીરીના ભાગ રૂપે, ટાંકીમાંથી પાણી કાઢવા માટે ગટરના મેનહોલ ખોલવામાં આવ્યો હતો. જોકે, કામ પૂર્ણ થયા પછી, મેનહોલ બંધ કરવામાં આવ્યો ન હતો.

દરમિયાન સાંજે ૭:૩૦ વાગ્યા આસપાસ માંજલપુરની ગાયત્રી કૃપા સોસાયટીમાં રહેતા વિપુલસિંહ ઝાલા, અકસ્માતે ખુલ્લા મેનહોલમાં પડી ગયા હતા. અહીંથી પસાર થતા લોકો અને સંબંધીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર કર્મચારીઓએ ઝાલાને મેનહોલમાંથી બહાર કાઢ્યા અને ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

મૃતકના પરિવારના એક સભ્યએ જણાવ્યું હતું કે તેઓ માંજલપુર પાણીની ટાંકી પાસે ખાણીપીણી માટે ગયા હતા. તેમના પરિવારના સભ્યોને સ્ટોલ પાસે મૂક્યા પછી, ઝાલા તેમની કાર રસ્તાની પેલે પાર પાર્ક કરવા ગયા હતા. આ સમયે અંધારું હોવાથી પાછા ફરતી વખતે, તેમણે ખુલ્લા મેનહોલ પર ધ્યાન આપ્યું નહીં હોય અને તેઓ પડી ગયા હશે. જ્યારે તે થોડીવાર સુધી પાછા ન ફર્યા ત્યારે પરિવારે તેમને શોધવાનું શરૂ કર્યું હતું અને તેઓ મેનહોલમાં પડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. મેનહોલ લગભગ ૧૭ ફૂટ ઊંડો હોવાનો અંદાજ છે, અને ફાયર કર્મચારીઓને મૃતદેહ કાઢવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોવાના અહેવાલ છે. આસપાસનો પાઇપલાઇન વિસ્તાર પણ જર્જરિત હાલતમાં હતો. ઘટનાની નોંધ લઈ મનપાના અધિકારીઓએ કોન્ટ્રાક્ટર સામે સખત પગલાં લેવાની વાત કરી હતી. ઝાલાના પિતા પોલીસ ખાતાના નિવૃત્ત કર્મચારી છે.

# ગુજરાતમાં નશાનો કારોબાર વિસ્ફોટક સ્તરે: ૧૦ વર્ષમાં ૧૬૦૦ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં સમયાંતરે કોઈને કોઈ શહેરમાંથી ડ્રગ્સ પકડાતું રહે છે. રાજ્યમાં ડ્રગ્સના જથ્થામાં એક દાયકામાં ૧૬૦૦ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો છે, તેમ અહેવાલ જણાવે છે. પોલીસના સત્તાવાર ડેટા અનુસાર, રાજ્યમાં છેલ્લા એક દાયકામાં પકડાયેલા ડ્રગ્સના જથ્થામાં ૧૬ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૧૫માં સમગ્ર રાજ્યમાં ૧.૩૨ કરોડની કિંમતના ૨,૧૬૪.૭૪૩ કિલો માદક દ્રવ્યો જપ્ત કરવામાં આવ્યા હતા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ગુજરાત પોલીસે ૨૦,૮૨૩.૦૪૭ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું, તેની અંદાજિત બજાર કિંમત રૂ. ૨૨૪૦.૨૪૬ કરોડ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં ડ્રગ્સનું નેટવર્ક ઊંડે સુધી ફેલાયેલું છે અને સિન્થેટિક ડ્રગ્સનો ખતરો સતત વધી રહ્યો હોવાનું આ આંકડા દર્શાવે છે. સૂત્રોએ દાવો કર્યો હતો કે આ ઉછાળો કડક તપાસ અને આક્રમક કાર્યવાહીને કારણે આવ્યો છે. સૂત્રો મુજબ ડ્રગ માફિયાઓ, સપ્લાયર્સ અને પેડલર્સને પકડવા માટે રાજ્યવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે. જેમ જેમ દેખરેખ કડક બની રહી છે, તેમ વધુ જથ્થો પકડાઈ રહ્યો છે. ઉપરાંત ડ્રગ પેડલર્સ પણ મોટી સંખ્યામાં ઝડપાઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાત પોલીસે કુલ ૧,૭૪,૧૦૯.૧૧૨ કિલો ડ્રગ્સ ઝડપ્યું હતું, જેની કુલ કિંમત રૂ. ૧૩,૯૩૯.૬૩૬ કરોડ થતી હોવાનું જાણવા મળ્યું હતું. ડ્રગ સપ્લાય ચેઈનને તોડવા માટે ગુજરાતના દરેક જિલ્લામાં હવે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) દ્વારા સમર્પિત એન્ટિ-નાર્કોટિક સેલ કાર્યરત છે. આ બંને યુનિટના નેટવર્ક ઓળખવા, વધુમાં વધુ ગુનેગારોની ધરપકડ કરવા અને દરેક સ્તરે સપ્લાય ચેઈન તોડવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

# સુરતમાં પોલીસના નવા આવાસનું હર્ષ સંઘવી હસ્તે ભૂમિપૂજન

### ૭૫ કરોડના ખર્ચે ૨૨૪ ક્વાર્ટર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ શનિવારે પોલીસ કર્મચારીઓ માટે ૨૨૪ નવા રહેણાક એકમોનું ભૂમિપૂજન કર્યું હતું. ₹૭૫ કરોડના અંદાજિત ખર્ચે બનવા જઈ રહ્યો આ પ્રોજેક્ટ કોન્સટેબલથી લઈને કક્ષાના અધિકારીઓ માટે સરકારી આવાસ પૂરું પાડશે. ભૂમિપૂજન સમારોહ અઠવાલાઇન્સમાં પોલીસ મુખ્યાલય ખાતે યોજાયો હતો, જેમાં ગૃહ વિભાગ અને સુરત પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. આ આવાસ એકમો ચાર સ્થળોએ બનાવવામાં આવશે - ભેસ્તાન, અમરોલી, પાલ અને એક અઠવાલાઇન્સમાં - કોન્સ્ટેબલથી લઈને આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર રેન્ક સુધીના કર્મચારીઓને લાભ મળશે. ભેસ્તાન પ્રોજેક્ટ અને અમરોલી પ્રોજેક્ટ મુખ્યત્વે કોન્સ્ટેબલ અને રહેવા માટે બનાવશે, જ્યારે પાલ સાઇટમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર માટે રહેવાની વ્યવસ્થા હશે.

આ પ્રસંગે બોલતા હર્ષ સંઘવીએ પોલીસ અધિકારીઓ માટે જીવનધોરણ સુધારવા માટે રાજ્યની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, આપણું પોલીસ દળ એવી સુવિધાઓ મેળવવાને પાત્ર છે જે તેમના સમર્પણ અને સેવાને પ્રતિબીંબ કરે. આ ઉપરાંત તેમણે ઉમેર્યું કે પોલીસ હાઉસિંગ કોર્પોરેશનની લાંબા ગાળાની વિસ્તરણ યોજના હેઠળ અન્ય જિલ્લાઓમાં પણ આવા જ પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવશે. ગુજરાત સરકાર નવા મુખ્યાલય, તાલીમ કેન્દ્રો અને રહેણાક વસાહતો સહિત પોલીસ માળખાના આધુનિકીકરણમાં ભારે રોકાણ કરી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, રહેણાંક વિસ્તારોની અછત ઘટાડવા અને ફિલ્ડ સ્ટાફમાં મનોબળ વધારવા માટે વધારાના પોલીસ ક્વાર્ટર્સ પાઇપલાઇનમાં છે.

# અમિત શાહ આજે અમદાવાદની એક દિવસની મુલાકાતે, વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહ આવતીકાલે રવિવારે ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. એક દિવસીય પ્રવાસ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિવિધ વિકાસ કામોનું અમિત શાહના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાશે. રવિવારે અમદાવાદમાં આયોજિત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના યુવા બિઝનેશ મહાસંમેલન અને સંસ્કારમાં ધામમાં નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ 'નમોત્સવ'માં હાજરી આપશે. દિવસ ભર અલગ અલગ સાત કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. મળતી માહિતી મુજબ, સૌપ્રથમ તેઓ શેલા સ્થિત ક્લબ O7માં ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ગુજરાત બ્રાન્ચ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કોન્ફરન્સ 'આઈએમએ ૨૦૨૫'ને ખુલ્લી મૂકશે. ત્યારબાદ તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વૈષ્ણોદેવી સર્કલથી ઓગણજ, શીલજ અને શાંતિપુરા સુધી નાખવામાં આવેલી નવી પાણીની લાઈનનું લોકાર્પણ કરશે, જેનાથી હજારો લોકોને રાહત થશે. આ ઉપરાંત અમદાવાદ શહેરના ટ્રાફિક અને શહેરી સૌંદર્યીકરણ માટે મહત્ત્વપૂર્ણ એવા ઇસ્કોનથી પકવાન ચાર રસ્તા સુધીના રૂપિયા ૪ કરોડના ખર્ચે ત્યાર થયેલા પાઇલોટ સ્ટ્રેચ વિકાસ કાર્યનું લોકાર્પણ કરવામાં આવશે. આ માર્ગ વિકાસ પ્રોજેક્ટને ભવિષ્યમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ અમલમાં મૂકવા માટે મોડેલ તરીકે અપનાવવામાં આવશે. પ્રવાસના ત્રીજા તબક્કામાં તેઓ સરખેજ વિસ્તારના વણઝર ખાતે જશે અને ત્યાં અસરગ્રસ્ત પરિવારોને સનદ અર્પણ કરશે. બાદમાં પશ્ચિમ અમદાવાદના ટ્રાફિક અને સુંદરતાને ધ્યાનમાં રાખીને પકવાન સર્કલ (બોડકદેવ) પાસે એસ.જી. હાઈવે પર તૈયાર કરાયેલા પ્રથમ આઇકોનિક રોડ પાઇલટ પ્રોજેક્ટનું લોકાર્પણ તેઓના હસ્તે થશે.

# અમરેલીના ધારીમાં રાત્રે ૧૫ સિંહોનું ઝૂંડ લટાર મારવા નીકળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એશિયાટિક સિંહ એ માત્ર ગીર પૂરતા સીમિત રહ્યા નથી, એ હવે નવાં નવાં રહેઠાણો શોધવા ગીરના જંગલની બહાર નીકળી રહ્યા છે. સોરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં પણ સિંહની વસ્તીમાં ખાસ્સો એવો વધારો નોંધાયો છે. આ સિંહો પરિવાર સાથે લટાર મારવા નીકળે ત્યારે નજારો જોવા લાયક હોય છે. તેમાં પણ અમરેલી જિલ્લામાં સિંહની લટાર હવે નવી વાત નથી. દિન-પ્રતિદિન વનરાજની લટાર અને ગામમાં ઘૂસીને પશુઓનું મારણ હવે નિયમિત બની ગયું છે. અમરેલી જિલ્લાના ધારીમાં સિંહ પરિવાર રસ્તા પરથી પસાર થતો વીડિયો સોશ્યલ મીડિયા પર ખૂબ વાઇરલ થયો છે. સિંહોનું ઝુંડ પસાર થાય છે તે વેળાએ વાહનોના પૈડાં થંભી જતા જોવા મળે છે. જ્યારે બીજી ઘટનામાં જાફરાબાદમાં મોડી રાત્રે એક સિંહે ગામમાં પ્રવેશ કરી ચાર પશુઓનું મારણ કર્યું હતું.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ, ધારી તાલુકાના વાઘવડી ગામે મોડી રાત્રે સિંહ પરિવારનો એક વીડિયો વાઇરલ થયો છે. આ વીડિયોમાં બચ્ચા અને સિંહણ સહિત ૧૫ સિંહોનું એક મોટું જૂથ ગામના રસ્તા પરથી પસાર થતું જોવા મળે છે. આ દરમિયાન વાહનોના પૈડાં થંભી જાય છે. આ વિસ્તારમાં સિંહોનું ગ્રૂપ કેમેરામાં કેદ થયું હોય તેવી આ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ આવા દ્રશ્યો બહાર આવી ચૂક્યાં છે.

જો કે આ સિંહો સ્થાનિકો અને પાલતું પશુઓ માટે જીવલેણ બની રહ્યા છે. જાફરાબાદ તાલુકાના કડીયાળી ગામે મોડી રાત્રે એક સિંહે ગામમાં પ્રવેશ કરી ચાર પશુઓનું મારણ કર્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, સિંહે કડીયાળી ગામના જુદા જુદા વિસ્તારોમાં ચાર પશુઓનો શિકાર કર્યો હતો. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા છે, જેમાં સિંહ ગામમાં પ્રવેશતો અને પશુઓનું મારણ કરતો સ્પષ્ટ દેખાય છે.

# પાલનપુરમાં ભરત ચૌધરીની હત્યાના મામલે છ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાલનપુરમાં ૨૦ ડિસેમ્બરે ચૌધરી સમાજના યુવકની હત્યા થઈ હતી હત્યાની આ ઘટનામાં તપાસ કરતા પાલનપુર પોલીસે ૧૦ ટીમ બનાવીને છ આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓને ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી આઠ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે આ કેસમાં હત્યાનો મુખ્ય આરોપી લાલો માળી સહિત છ આરોપીઓને સાથે રાખીને પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. પોલીસે જાહેરમાં હત્યાના આરોપીઓને મેથીપાક આપ્યો હતો.

પોલીસ દ્વારા આરોપીઓને લાકડીઓથી માર મારતા વીડિયો પણ સોશ્યલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. વહેલી સવારે પોલીસ છ આરોપીને દોરડાથી બાંધીને પાલનપુરના એરોમાં સર્કલ પર લઈ જવામાં આવ્યાં હતાં. આરોપીઓને જોતાં જ મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યાં હતા. સ્થાનિકોએ આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગણી પણ કરી હતી.

ભરત ચૌધરીની હત્યામાં પોલીસે ભાર્ગવ ઉર્ફે લાલો નિમેશભાઈ મંડોરા (રહે. તુલસીપાર્ક સોસાયટી,પાલનપુર, રિકી નોયલ રોકસ્બ્રો (રહે.પાલનપુર), ભરત ભૂરાજી રાજપૂત (રહે. ટડાવ તા.ઢીમા. જિ.વાવ થરાદ), ભૌતિક જગદીશભાઇ પરમાર (રહે. પરખડી તા.વડગામ), ગણપત સેનજીભાઇ ઠાકોર (રહે.આકેસણ તા.પાલનપુર) અને અનિલ શંકરભાઇ બાવરી (રહે.તારાનગર. પાલનપુર)ની ધરપકડ કરવામાં આવી હતી.

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ૩૧મી ડિસેમ્બરે પશ્ચિમ રેલવેમાં વિશેષ ટ્રેનો

મુંબઈ: ૩૧મી ડિસેમ્બરના રોજ ન્યુ યર સેલિબ્રેટ કરવા જનારા પ્રવાસીઓ માટે પશ્ચિમ રેલવેએ મોડી રાતે સ્પેશિયલ લોકલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે.

મધ્ય રેલવેની સાથે સાથે જ હવે પશ્ચિમ રેલવે દ્વારા ૩૧મી ડિસેમ્બરની રાતે ચાર અપ-ડાઉન સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર આ ચાર સ્પેશિયલ લોકલ ૩૧મી ડિસેમ્બરના રાતે ૧.૧૫ કલાકે, મોડી રાતે બે વાગ્યે, ૨.૩૦ કલાકે અને ૩.૨૪ કલાકે ચર્ચગેટથી રવાના થશે. અનુક્રમે આ ચારેય લોકલ વિરાર ખાતે મોડી રાતે ૨.૫૫ કલાકે, ૩.૪૦ કલાકે, વહેલી સવારે ૪.૧૦ કલાકે અને ૫.૦૫ કલાકે પહોંચશે. અધિકારીએ આપેલી વધુ માહિતી અનુસાર વિરારથી ચાર સ્પેશિયલ ટ્રેન ૧૨.૧૫ કલાકે, ૧૨.૪૫ કલાકે, ૧.૪૦ કલાકે અને ૩.૦૫ કલાકે રવાના થઈને અનુક્રમે ૧.૫૫ કલાકે, ૨.૨૫ કલાકે, ૩.૨૦ કલાકે અને ૪.૪૫ કલાકે ચર્ચગેટ ખાતે પહોંચશે.

# સીએસએમટી-દાદર સ્ટેશનો પરનું દબાણ ઓછું કરવાનો પ્રયાસ

## મુંબઈના ચાર ટર્મિનસ પર વીસ નવા પ્લેટફોર્મ બનાવવાની યોજના

મુંબઈ: મુંબઈના વિવિધ ટર્મિનસ પરથી લાખો લોકો દેશના વિવિધ ભાગોમાં મુસાફરી કરે છે. વેકેશન અથવા તો તહેવાર દરમ્યાન ટિકિટ મળવી પણ મુશ્કેલ હોય છે. આગામી વર્ષોમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆરના) માં મુસાફરો માટે રેલ મુસાફરી વધુ સુવિધાજનક બની શકે છે. વધુમાં આગામી પાંચ વર્ષમાં એમએમઆરના ચાર મુખ્ય ટર્મિનસ પર પ્લેટફોર્મનો વિસ્તાર કરવામાં આવશે, જેના કારણે દેશના વિવિધ ભાગો માટે મુંબઈથી જતી ટ્રેનોની સંખ્યામાં પણ વધારો થશે. આનો અર્થ એ થયો કે સ્ટેશન પર વધુ પ્લેટફોર્મ બનાવવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં, ચાર ટર્મિનસ પર ૨૦ નવા પ્લેટફોર્મ બનાવવાની યોજના ચાલી રહી છે. આમાં પરેલ ખાતે પાંચ પ્લેટફોર્મ, કલ્યાણ ખાતે છ, લોકમાન્ય તિલક ટર્મિનસ (એલટીટી) ખાતે ચાર અને પનવેલ ખાતે પાંચ પ્લેટફોર્મનો સમાવેશ થશે. આનાથી સ્થાનિક અને લાંબા અંતરની ટ્રેનોની સંખ્યામાં વધારો કરી શકાશે. આ પગલું દરરોજ વધતી વસ્તી અને તેને લીધે થતી ભીડને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. ૨૦૨૫ના રેલવે બજેટમાં પરેલને ટર્મિનસ તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે પરેલ ટર્મિનસ કુર્લા અને પરેલ વચ્ચેની નવી પાંચમી અને છઠ્ઠી લાઇન સાથે જોડાયેલ હશે, જેનો ઉપયોગ ફક્ત મેઇલ/એક્સપ્રેસ ટ્રેનો માટે જ કરવામાં આવશે. મુંબઈમાં આ સેન્ટ્રલ ટર્મિનસ સીએસએમટી અને દાદર જેવા હાલના સ્ટેશનો પરનું ભારણ ઘટાડશે. હાલના પરેલ સ્ટેશનનું અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ નવીનીકરણ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં, જ્યારે આ સ્ટેશન પર પ્લેટફોર્મ વધારવામાં આવશે, ત્યારે સ્ટેશનથી ઉપડતી અને આવતી ટ્રેનોની સેવા પણ વધશે. લોકમાન્ય તિલક ટર્મિનસ પર ૪ નવા પ્લેટફોર્મ બનાવવાનું આયોજન છે. આ સ્ટેશન લાંબા અંતરની ટ્રેનો માટેનું મુખ્ય ટર્મિનલ છે, અને નવા પ્લેટફોર્મથી ઇન્ટરસિટી અને એક્સપ્રેસ ટ્રેનોની સંખ્યામાં વધારો થશે અને ભીડ ઓછી થશે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) ભારત સિંહ | ૮૦,૦૦૦ |
| ૨) રીટા મોની જયસ્વાલ | ૫૦,૦૦૦ |
| ૩) રામકુમાર ગુપ્તા | ૨૦,૦૦૦ |
| ૪) ઝૂમાં પલ્સાઈ | ૯૦,૦૦૦ |
| ૫) આધીન કુમાર મિડયા | ૩૦,૦૦૦ |
| ૬) પ્રતિમા મંડળ | ૭૦,૦૦૦ |
| ૭) શેખ અખ્તર | ૪૦,૦૦૦ |
| ૮) પૂનમ દેવી | ૧,૫૦,૦૦૦ |
| ૯) સુમિત્રા રોય | ૬૦,૦૦૦ |
| ૧૦) મિનાટી ઘોષ | ૨૦,૦૦૦ |
| ૧૧) સોનુ કુમાર | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) સુરેશ પોદ્દાર | ૧,૫૦,૦૦૦ |
| ૧૩) સાણોયારા બેગમ | ૨૦,૦૦૦ |
| ૧૪) નાગેશ્વર મહતો | ૩૧,૨૦૦ |
| ૧૫) રવિ પ્રકાશ | ૨,૦૦,૦૦૦ |
| ૧૬) મુજિબર રેહમાન | ૧,૦૦,૦૦૦ |
| ૧૭) મોહમ્મદ બદ્રીદીન | ૧,૮૦,૦૦૦ |
| ૧૮) રાજિક હુસ્ન | ૧,૫૦,૦૦૦ |
| ૧૯) શિપ્રા હૉલદાર | ૪૦,૦૦૦ |
| ૨૦) કોમલ પ્રસાદ | ૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# ડ્રાઈવિંગ ટેસ્ટ સંદર્ભે આરટીઓ માટે વિશેષ નિયમાવલી

મુંબઈ: મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ કમિશનરે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)નો નવો દસ્તાવેજ જારી કર્યો છે. જો કાયમી લાયસન્સ મેળવવા માગતા લોકોમાંથી ૧૦ ટકાથી ઓછા ડ્રાઇવિંગ ટેસ્ટમાં નિષ્ફળ જાય તો મોટર વાહન નિરીક્ષકોના કામની સમીક્ષા હાથ ધરવામાં આવે એમ પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ) અધિકારીઓને કહેવામાં આવ્યું છે.

જોકે, કેટલાક વર્તમાન અને ભૂતપૂર્વ અધિકારીઓએ ૧૦ ટકા નિષ્ફળતાના માપદંડ પર સવાલ ઉઠાવી તેને વિચિત્ર અને ગેરવાજબી ઠેરવી જણાવ્યું હતું કે પરિવહન વિભાગે આરટીઓમાં ડ્રાઇવિંગ પરીક્ષણો યોજવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા અને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ત્રીજી ડિસેમ્બરે જારી કરાયેલા એસઓપીના દસ્તાવેજમાં પરિવહન કમિશનર વિવેક ભીમનવારે તમામ આરટીઓને નિર્દેશ આપ્યો હતો કે તેઓ સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ, ૧૯૮૯ માં નિર્ધારિત પ્રક્રિયા મુજબ પરમેનન્ટ લાયસન્સ મેળવવા માગનારાઓની ડ્રાઇવિંગ કુશળતાની કડક તપાસ કરે. વિભાગ ડ્રાઇવિંગ પરીક્ષણોની ગુણવત્તાને પ્રમાણિત કરવા અને સુધારવા માટે રાજ્યભરમાં આધુનિક ઓટોમેટેડ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક (એડીટીટી) સ્થાપિત કરવાની પ્રક્રિયામાં હોવાનું પણ કમિશનરે જણાવ્યું હતું. એસઓપી દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે 'માર્ગ સલામતીના દૃષ્ટિકોણથી ગુણવત્તાયુક્ત અને કુશળ ડ્રાઇવરો તૈયાર કરવા માટે, લાઇસન્સ આપતી વખતે પરીક્ષણ માટે અરજદારોની સેન્ટ્રલ મોટર વ્હીકલ નિયમો, ૧૯૮૯ મુજબ કડક તપાસ કરવામાં આવે એની તકેદારી રાખવી જોઈએ. ૮૦ ટકાથી વધુ માર્ગ અકસ્માતો ડ્રાઇવરોની ભૂલને કારણે થાય છે, જે કડક પરીક્ષણ ધોરણોની જરૂરિયાત પર ભાર મૂકે છે.

# વસ્તીમાં ઝપાટાબંધ વધારો, ઈન્ફ્રા પ્રોજેક્ટ્સને કારણે મુંબઈમાં પાણી પુરવઠો ઓછો પડે છે: શિંદે

નાગપુર: મુંબઈને મળી રહેલા પાણી પુરવઠાની સામે એની દૈનિક માગ જળાશયોમાં સંગ્રહ કરેલા પાણી કરતા વધારે હોવાથી શહેરને જરૂરિયાત કરતા થોડું ઓછું પાણી મળી રહ્યું છે એવી માહિતી મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ બુધવારે રાજ્ય વિધાનસભાને આપી હતી. પ્રશ્નકાળ દરમિયાન એક લેખિત જવાબમાં તેમણે જણાવ્યું હતું કે વસ્તીમાં ઝડપી વૃદ્ધિ, મોટા પાયે ચાલી રહેલા હાઉસિંગ પ્રોજેક્ટ્સ તેમજ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કાર્યોને કારણે મુંબઈમાં પાણીની માગમાં સતત વધારો થઈ રહ્યો છે. મુંબઈમાં પાણીના અપૂરતા પુરવઠા અંગે રાજ્ય વિધાનસભામાં શિવસેના (યુબીટી) વિધાનસભ્ય સુનીલ પ્રભુ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો જવાબ શિંદે આપી રહ્યા હતા.

૧૨મા પાનાનું ચાલુ

## મુંબઈ મહાનગરપાલિકા

સમાવેશ, તેમજ બૂથ સ્તરે એક સૂક્ષ્મ-વ્યવસ્થાપન પદ્ધતિનો સમાવેશ થાય છે.

ભાજપના એક નેતાએ જણાવ્યું હતું કે પક્ષનો ઉદય વર્ષોથી શિવસેનાના પાયાના સતત ધોવાણ સાથે થયો છે. એનું મુખ્ય કારણ શહેર વધુને વધુ વૈશ્વિક બનતું જાય છે, જેનો સૌથી મોટો ફટકો જૂન ૨૦૨૨ માં બાળ ઠાકરે દ્વારા સ્થાપિત પક્ષના વિભાજનથી પડ્યો હતો. શરદ પવાર દ્વારા સ્થાપિત એનસીપીનું પણ જુલાઈ ૨૦૨૩માં વિભાજન થયું હતું. એક રાજકીય વિશ્લેષકે જણાવ્યું હતું કે, ભાજપે શિંદેની સેના અને અજિત પવારની એનસીપી સાથે જોડાણ કરીને, સ્થાનિક નેતૃત્વ સુધી પહોંચ મેળવી છે અને સાથે સાથે તેના હરીફોને નબળા પણ પાડ્યા છે. ૧૫ જાન્યુઆરીની ચૂંટણી ભાજપના 'ગ્લોબલ મુંબઈ'ના વિઝન અને 'મરાઠી ગૌરવ' પર કેન્દ્રિત ઠાકરે બંધુઓના અપીલ વચ્ચેની સ્પર્ધા હશે.

## મુંબઈમાં ઠાકરે

મહાનગરપાલિકા ચૂંટણીમાં તેઓ કેટલી બેઠકો જીતશે તેનો આંકડો આપ્યો હતો. તમે લોકો હરીફરીને ૬૭ બેઠકનો જ કેમ ઉલ્લેખ કરો છો એ મુદ્દો ઉઠાવી રાઉતે જણાવ્યું હતું કે ૧૧૫ બેઠક પર વિજય મળશે એવી અમારી અત્યારની ગણતરી છે. બહુમતી માટે જરૂરી સંખ્યા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને શિવસેના મળીને પાર કરશે. ૧૧૭ - ૧૨૦ બેઠક પર અમારી જીત નિશ્ચિત છે એનો અમને વિશ્વાસ છે અને અમારા મતદારો પર પણ ભરોસો છે. મુંબઈ મહાનગરપાલિકામાં ઠાકરેનો વિજય થશે.

છત્રપતિ સંભાજી નગરમાં ઠાકરે જૂથમાં રાશિદ મામુનો પ્રવેશ વિવાદાસ્પદ લાગે છે. કારણ કે ચંદ્રકાંત ખૈરેએ તેમનો વિરોધ કર્યો હતો. એટલું જ નહીં, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ ટીકા કરી હતી કે હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરેના પુત્ર મત મેળવવા ફાંફાં મારી રહ્યા છે. ઠાકરે ચોક્કસ લોકોના જૂતા ચાટવા માગે છે.

આ વિશે પૂછવામાં આવતા સંજય રાઉતે જડબાતોડ જવાબ આપ્યો હતો કે જેમ તમે ચૂંટણી જીતવા માટે અજિત પવાર, અશોક ચવ્હાણ અને બધા ભ્રષ્ટ લોકોના જૂતા ચાટતા હો છો એવું આ છે? આ શું છે? રાશિદ મામુ વગેરેનો મુદ્દો તો બાજુ પર રાખો. તમે ચૂંટણી જીતવા માટે આ દેશના શ્રેષ્ઠ ભ્રષ્ટ લોકોના જૂતા પણ ચાટતા હો છો ને. નરેન્દ્ર મોદીએ જેમને ભ્રષ્ટ જાહેર કર્યા હતા એ અજિત પવાર અને અશોક ચવ્હાણના જૂતા કોણ ચાટતું હોય છે? આ બધા એક જ માળાના મણકા છે. મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં શાસક અને વિપક્ષી પક્ષોએ ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી શરૂ કરી દીધી છે અને બેઠકોની વહેંચણી અને ઉમેદવારી અંગે ચર્ચાઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે અને હવે ઉમેદવારીપત્રો ભરવાનું પણ શરૂ થઈ ગયું છે. સમગ્ર રાજ્યનું ધ્યાન ખેંચનારી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ ખૂબ જ મહત્વપૂર્ણ બની રહી છે, અને ભાજપ તેને જીતવા માટે મક્કમ છે અને આ પૃષ્ઠભૂમિમાં મુંબઈમાં ભાજપ-શિવસેના (શિંદે જૂથ) ગઠબંધન બનવા જઈ રહ્યું છે. જોકે, ભાજપ થાણેમાં પોતાના દમ પર લડવાની યોજના બનાવી રહી છે. આ પૃષ્ઠભૂમિમાં, ભાજપે થાણેના કપુરબાવડી જંક્શન અને તીન હાથ નાકા વિસ્તારમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મોટા બેનરો મૂકી પ્રચાર શરૂ કર્યો છે. નમો ભારત નમો થાણેનો ઉલ્લેખ કરતા આ બેનરો દરેક જગ્યાએ કમળના ચિહ્ન સાથે જોવા મળે છે. આ મુદ્દે શિવસેના ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે મીડિયા સાથે વાતચીત કરતી વખતે એક ચોંકાવનારો દાવો કર્યો છે. સંજય રાઉતે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી થાણેમાં એકનાથ શિંદેને હરાવવા માંગે છે. તેમના નિવેદનથી ખળભળાટ મચી ગયો છે.

આ વખતે થાણેનું મહત્વ અલગ છે એવું જણાવી રાઉતે ઉમેર્યું હતું કે મને ફક્ત એટલી જ ખબર છે કે ભાજપ થાણેમાં એકનાથ શિંદેને હરાવવા માગે છે અને તેના માટે ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણીના પરિણામો અલગ હતા, ગણતરીઓ અલગ હતી, પરંતુ હવે ભારતીય જનતા પાર્ટી અને શિવસેના - મનસે ગઠબંધન વચ્ચે લડાઈ થશે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પંકજભાઇ કાંતિલાલ દોશી મોટા ખુંટવડા નિવાસી હાલ મુલુંડ તા. ૨૬-૧૨-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મંજુલાબેન કાંતિલાલ કાળીદાસ દોશીના સુપુત્ર. બાબુલાલ કાળીદાસ દોશીના ભત્રીજા. અમિતાબેનના પતિ. દર્શન અને અક્ષયના પિતાશ્રી. પ્રાચીના સસરા. સાસરા પક્ષ: જયંતીલાલ હરિલાલ મહેતા, હાલ મલાડ. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. ભાવયાત્રા તા. ૨૯-૧૨-૨૫ના સોમવારના સવારના ૧૦થી ૧૨. ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોકનગર, મેહુલ ટોકીઝની બાજુમાં, મુલુંડ (પશ્ચિમ).

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશાશ્રીમાળી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મુલુંડ સ્વ. હસમુખલાલ મણિલાલ સંઘવીના ધર્મપત્ની સુહાસબેન (ઉં. વ. ૮૪) તે તુષાર, વિપુલ, બિજલના માતુશ્રી. સુરેખા તથા પ્રીતેશકુમાર વોરાના સાસુ. સ્વ. હરિભાઇ, સ્વ. ગીરધરભાઇ, સ્વ.જયાબેન, સ્વ. ઇન્દુબેન, સ્વ. શારદાબેનના ભાભી. વઢવાણ નિવાસી સ્વ. ચંદુલાલ ભગવાનદાસ વોરાની પુત્રી. સ્વ. સરોજબેન, સ્વ. દિનેશભાઇ, સ્મિતાબેન, ચંદ્રિકાબેન, સ્વ. કિર્તીભાઇ, કિરણબેન, મીનાબેન, સુધાબાઇ મહાસતીજીના બેન. મેહુલ, રોનકના દાદી. સ્મિતના નાની.ગુરુવાર, તા. ૨૫-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોરચૂપણા નિવાસી હાલ મુલુંડ બાવચંદભાઇ ભવાનભાઇના સુપુત્ર સ્વ. ખાંતીલાલભાઇના ધર્મપત્ની પદ્માબેન (ઉં. વ. ૭૫)નું તા. ૨૬-૧૨-૨૫ના અવસાન થયેલ છે. તે સ્વ. ચિરાગ, વિરસ, મીતાના માતુશ્રી. વિભા તથા પારસકુમારના સાસુ. યશ્વી, સોહમ, અક્ષત, તનીશના દાદી. સ્વ. ધીરુભાઇ, પૂનમચંદભાઇ, કાંતિભાઇ, ચીમનભાઇ, સ્વ. રસીલાબેન તથા મંજુબેનના ભાભી. મઢડાવાડા મગનલાલ જીવનલાલની દીકરી. ભાવયાત્રા તા. ૨૯-૧૨-૨૫ સોમવારના સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. સમૃદ્ધિ હોલ મદનમોહન માલવિયા રોડ, ટેલિફોન એક્સચેન્જની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જાળીલા (બોટાદ) નિવાસી હાલ ગોરેગાંવ નટવરલાલ ભાઇચંદભાઇ ડેલીવાળા તથા તરલાબેનના સુપુત્ર પરેશભાઇ (ઉં. વ. ૬૦) તા. ૨૬-૧૨-૨૫ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે બીનાબેનના પતિ. વૈભવ તથા માનસીના પિતાશ્રી. સમીરભાઇ-બીજલબેન, મેહુલભાઇ-અલ્પાબેનના મોટાભાઇ. તન્વી, ભૈરવી, ઇશા તથા ધૈર્યના મોટા પપ્પા. ચુડાનિવાસી હાલ દાદરના સ્વ. માયાગૌરી ન્યાલચંદ કોઠારીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૮૦૨, બાલી ડીવાઇન, રોડ નંબર-૪, જવાહરનગર, ગોરેગામ (વેસ્ટ).

**દસા શ્રીમાળી દિગંબર મુમુક્ષુ જૈન**

રાજકોટ નિવાસી હાલ બોરીવલી, સ્વ. ચત્રભુજ પાનાચંદ શાહના સુપુત્ર શાંતિલાલ માધવજી મહેતા, મોરબીના જમાઈ ભરતભાઈ ચત્રભુજ શાહ (ઉં.વ. ૬૬) તે શ્રીમતી અમિતાબેનના પતિ. જીગ્નેશ, મેઘાબેન તથા આરતીબેનના પિતાશ્રી. તે અનેરી, સોમીલભાઇ તથા કુશભાઈના સસરા દેહપરિવર્તન શુક્રવારે તા. ૨૬-૧૨-૨૫ના બોરીવલી મુકામે થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૧૨-૨૫ને ૧૦.૩૦ થી ૧૨.૩૦. સ્થળ: આંગન હોલ, ટીપીએસ રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રી માળી સ્થા. જૈન**

મોટી મોણપરી હાલ મીરા રોડ, જશવંતલાલ હરિલાલ મણિલાલ મકાણી (ઉં.વ. ૭૭) તે સ્વ. ઇન્દુબેનના પતિ. વિકી (ધર્મેશ), પારસના પિતા. સ્વ. પ્રવીણભાઈ, છબીલભાઈ, શૈલેષભાઇ તથા સ્વ. રજનીભાઈ, ગ.સ્વં. સરલાબેન સન્મુખરાય વૈદ, ગં.સ્વ. જોસ્નાબેન પ્રદીપકુમાર ટોલીયાભાઈ તથા અ.સૌ. પુનમ, અ.સૌ. મેઘાના સસરા. અમૃતલાલ કાલિદાસ દોશીના જમાઈ. તા. ૨૬-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૧૨-૨૫ને સોમવારે ૩ થી ૫. ઠેકાણું : સ્થાનકવાસી જૈન ઉપાશ્રય હોલ, સેક્ટર નંબર ૬. શાંતિ નગર, મીરાં રોડ ઇસ્ટ.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક (દેરાવાસી) જૈન**

ધ્રાંગધ્રા નિવાસી અંધેરી, પ્રદ્યુમન ગજરાબેન બાબુલાલ ગાંધીના પત્ની અ.સૌ. અલ્કાબેન ગાંધી (ઉં.વ. ૬૮) તા. ૨૨-૧૨-૨૫ના બનારસ અરિહંતશરણ પામેલ છે. જિગર ગાંધી, અમી દિગંત બગડિયાના મમ્મી. નીવના નાની. સ્વ. કાંતાબેન મુળચંદ શાહના દોહિત્રી. સ્વ. વિમલાબેન કરમચંદ કોઠારીના પુત્રી. રેખાબેન લલિત શાહ, ઉષા રમેશ શાહ, કલ્પના કિશોર શાહ, સ્વ. કુમારપાળ ગાંધી, વર્ષાબેન સુનિલ ખારાના ભાભી. ભાવપૂજા ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ સોમવાર, સવારે ૯:૩૦ થી ૧૧:૩૦. સ્થળ: ઘેલાભાઈ કરમચંદ હોલ, સ્ટેશનથી નજીક, વિલે પાર્લે વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડિયાના માતોશ્રી ચંપાબેન દામજી રાંભિયાના જમાઇ સંદીપ વિશ્વનાથ બેરડે (ચિપલુણ હાલે પૂના) (ઉં.વ. ૫૧) તા. ૨૪/૧૨/૨૫ના અવસાન પામેલ છે. શિલ્પાના પતિ. રોબિનના પપ્પા. સંજીવ, સુનિતા, સંપદા, સંગીતાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : શિલ્પા બેરડે, બ-૧૦૧ દ્વારકા સાઈ વન્ડર સોસાયટી, પીમ્પલે સૌદાગર, પૂના.

પ્રતાપરના રમેશ પ્રેમજી ગાલા (ઉં.વ. ૫૮) તા. ૨૬/૧૨/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી પ્રભાબેન પ્રેમજીના પુત્ર. કુસુમના પતિ. પ્રાચી, રૂચી, કશીશના પિતા. રાયચંદ, દમયંતી, રેખાના ભાઇ. વલસાડના ઉર્મિલાબેન કીકુભાઇ કેશવભાઇ પટેલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રભાબેન પ્રેમજી, ૮/૨૨ સાઇનાથ નગર, તુલીંઝ રોડ, નાલાસોપારા (ઇ.).

કોડાયના શાંતીલાલ વેરશી શાહ (નાગડા) (ઉં.વ. ૮૩) તા. ૨૬/૧૨/૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. વેલબાઇ વેરશી પદમશીના પુત્ર. ઉર્મિલાબેનના પતિ. ઉષા, વર્ષા, રીટા, બીનાના પિતા. રામજી, હેમચંદ મોટા આસંબીયા કસ્તુરબેન હરખચંદના ભાઇ. મેરાવા પાનબાઇ શીવજી ઠાકરશી ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રકાંત શાહ, બિલ્ડીંગ નં. ૬ રૂમ નં. ૨૧, પ્રેમપ્રકાશ સોસાયટી, લક્ષ્મી કોલોની, આર.સી. માર્ગ, ચેમ્બુર, મું. ૭૪.

ટુંડાના પાનબાઇ વિસનજી ધારશી ગોગરીના સુપુત્રી પ્રભાબેન સાંવલચંદ રાંકા (ઉં.વ. ૮૫) તા. ૨૪-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. ભિનમાલ/રાજસ્થાન હાલે ભાયખલા મુંબઇના સાંવલચંદ જવાજી રાંકાના ધર્મપત્ની. વિજયના માતુશ્રી. લક્ષ્મીચંદ, કિશોર, બિદડાના ચંચલબેન કલ્યાણજી રતનશી સાવલા, ભુજપુરના ભાનુબેન નાનજી નરશી દેઢીયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : વિજય રાંકા, ૨૦૩, સુમેર ટાવર નં. ૫, મોતીશા લેન, ભાયખલા, મુંબઇ-૧૦.

ભુજપુરના અજય મણીલાલ વીરા (ઉં.વ. ૩૮) તા. ૨૫-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. નાનબાઈ શામજી વેરશીના પૌત્ર. સ્વ. મંજરી મણીલાલના પુત્ર. ભોજાયના જ્યોતી બીપીન ગાલાના ભાઈ. કપાયાના ચંપાબેન જયંતિલાલ હંસરાજ ગોગરીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. અજય વીરા, શિવ આશીષ, બી-૩, ત્રણ મંદિરની બાજુમાં, ગોગ્રસવાડી, ડોંબિવલી (ઈ).

નાની ખાખરના શાંતિલાલ નેમજી મેકોની (ઉં.વ. ૯૧) તા. ૨૫-૧૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી મુક્તામા નેમજી નાનજીના સુપુત્ર. ઉર્મિલાબેનના પતિ. પ્રિતી, શૈલીના પિતાશ્રી. રમણીકભાઈના ભાઈ/સાઢુભાઈ. મોટા લાયજાના માતુશ્રી વિમલાબેન ખીમજી તેજુકાયાના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. ફોન/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી. નિ. શાંતિલાલ નેમજી મેકોની : મેકોની હાઉસ, ૩૬૯ -ભંડારકર રોડ, માટુંગા-સે.રે., મુંબઈ-૧૯.

કોટડા રોહાના મંજુલા (મોંઘીબેન) મણીલાલ (તલકશી) દેઢિયા (ગઢેરા) (ઉં.વ. ૭૩) તા. ૨૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. રતનબેન કરમશીના પુત્રવધૂ. મણીલાલના પત્ની. વૈશાલી (હીના), નિપા, દિપાલી, જાગૃતિના માતુશ્રી. મંજલ રેલડીયા વાલબાઈ પદમશી કોરશીના પુત્રી. હીરજી, ડુંગરશી, ભોજાય મણીબેન ટોકરશી, કોટડા જવેરબેન દેવરાજ, કલ્પના શૈલેષના બેન. ચક્ષુદાન-ત્વચાદન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપાલી મણીલાલ, સી/૫, અનવા, એસ.એન.રોડ, મુલુંડ (વે).

ડેપા હાલે મોટી ખાખરના માતુશ્રી રતનબાઈ ગાંગજી (કારૂબાપા) મારૂ (ઉં.વ. ૧૦૨) ૨૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી પાંચીબાઈ રવજી કોરશીના પુત્રવધૂ. ગાંગજી (કારૂબાપા)ના પત્ની. કલ્યાણજી, જાદવજી, મુલચંદ, કાંતિલાલ, ખુશાલ, વિમળાના માતા. બેરાજાના માતુશ્રી દેવકાબેન ઉમરશી સાવલાના સુપુત્રી. જાદવજી, કેશવજી, વેલબાઈના બેન. પ્રા. અંજના ફાર્મ, કાંજીયાણ વાડી, મોટી ખાખર, કચ્છ. ટા.૩ થી ૫. (મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી.) નિ. જતીન મારૂ, અંજના ફાર્મ, કાંજીયાણ વાડી, મોટી ખાખર, કચ્છ-૩૭૦૪૩૫.

મોટા આસંબીયાના ગિરીશ જેવત ગાલા (ઉં.વ. ૬૭) તા. ૨૬-૧૨-૨૫ના અવસાન પામેલ છે. લીલબાઈ જેવતના પુત્ર. મંજુલાના પતિ. મેઘાના પિતા. નિર્મળા, પુષ્પા, નિરંજના, મધુ, પ્રેમીલાના ભાઈ. ભાનુબેન વિસનજી ગંગરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગિરીશ જેવત ગાલા. એ-૧૦૩, ગીરી વિહાર દર્શન, મુ.કિ.સ્ટ્રીટ, સાત રસ્તા, મું - ૧૧.

# હિન્દુ મરણ

**નવગામ વિશા દિશાવાળ**

કલોલ નિવાસી હાલ મુંબઈ, શ્રી ઈન્દ્રવદન વાડીલાલ ગાંધી (ઉં.વ. ૯૦) તે ઉર્મિલાબેનના પતિ. વિપુલભાઈ, સ્વ. રાકેશભાઈ, રૂપલબેન, હિમાંશુભાઈના પિતાશ્રી. દિપીકાબેન, દેવેન્દ્રકુમારના સસરાજી. અક્ષિતા કિરણજી, શ્રીનાથ, રૂપીન શેફાલીના દાદાજી-નાનાજી. સ્વ. મનુભાઈ, સ્વ. વિમળાબેન, સ્વ. હંસાબેન, નયનાબેનના નાનાભાઈ. પિયરપક્ષે વસંતલાલ નાથાલાલ શાહ (કલોલ) તા. ૨૬/૧૨/૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની સાદડી/બેસણું તા. ૨૮/૧૨/૨૫, રવિવારના સાંજે ૪ થી ૬. સ્થળ: કલ્પતરુ ટાવર્સ ક્લબ હાઉસ, ઓફ. આકુલી રોડ, કાંદિવલી ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ**

નીઘી કિરીટ મણિયાર (બીકાનેર) હાલ ઐરોલી નવી મુંબઇ મુક્તાબેન ચીમનલાલ પારેખના સુપુત્રી (ઉં. વ. ૬૯) તા. ૨૬-૧૨-૨૫ શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે કિરીટ ગોરધનદાસ મણિયારના ધર્મપત્ની. માનસીના માતુશ્રી. અમીત શરદભાઇ પારેખના સાસુ. હીરના નાની. મુકુંદ ગોરધનદાસ મણિયારના ભાભી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

પદ્ધર નિવાસી હાલ ઘાટકોપર જીતેન્દ્ર પ્રાગજી અનમ (ઉં. વ. ૭૫) તે સ્વ. વિમળાબેન તથા સ્વ. પ્રાગજીભાઇના સુપુત્ર. સ્વ. જ્યોતિબેનના પતિ. કૌશિક અને પ્રશાંતના પિતા. ચારૂબેન તથા દેવયાનીના સસરા. મધુસુદનભાઇ તથા સ્વ. મહાલક્ષ્મી રમેશ સોમેશ્વરના ભાઇ. સ્વ. નર્મદાબેન તથા સ્વ. ભગવાનજી સિફરાઇના જમાઇ તા. ૨૬-૧૨-૨૫ના શુક્રવારે રામશરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૨-૨૫ના રવિવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. લાયન્સ કમ્યુનિટિ હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. હીરબાઇ કોરજી સોનપાર કચ્છ ગામ જખૌવાળાના સુપુત્ર પ્રફુલ કોરજી સોનપાર (જોશી) (ઉં. વ. ૭૮) તા. ૨૫-૧૨-૨૫ના રામશરણ પામ્યાં છે. તે જયાબેનના પતિ. સ્વ. લક્ષ્મીબેન માધવજી વીરજી પંડ્યા કચ્છ ગામ વિંજાણવાળા વચટ જમાઇ. ફાલ્ગુની મિતેષ તુરખિયા, જાગૃતિ નરેન્દ્ર તીલોકાની, હેતલ સમીર અમૃતેના પિતા. સાહીલ, આયાન્સના નાના. તે સ્વ. અમૃતબેન મોહનલાલ સાહેલ, સ્વ. જેઠાલાલ, હરીશ, જગદીશના ભાઇ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૨-૨૫ રવિવારનાં સાંજે ૫થી ૭. ઠે. સારસ્વત વાડી, ૧લે માળે, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ચ્છી લોહાણા**

જગદીશ પોપટલાલ ગીયા (ઉં.વ.૭૧) કચ્છ ગામ જડોદર કોટડા હાલ થાણે સ્વ. શાંતાબેન, સ્વ. પોપટલાલના પુત્ર, સ્વ. ઉષાબેનના પતિ. વિકિ, પરેશના પિતા. જ્યોતિના સસરા. ગીતાબેન ભૂપેન્દ્ર રાણા, વિજયભાઇના ભાઇ. સ્વ. મુલબાઇ વેલજી ભગદેના જમાઇ તા. ૨૨-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. ઠે. ૨૧ દત્તકૃપા બિલ્ડિંગ, સાઇ ચોક, શિવાજી નગર, ચેકનાકા, ઠાણે-૪૦૦૬૦૪.

**કપોળ**

અમરેલીવાળા હાલ મુંબઇ સ્વ. શાંતાબેન તથા પુરુષત્તમદાસ ગાંધીના પુત્રવધૂ અ. સૌ. અરુણાબેન (ઉં. વ. ૮૨) તા. ૨૫-૧૨-૨૫ ગુરુવારના દિવસે શ્રીજીચરણ પામેલ છે. તે દિલીપકુમાર ગાંધીના પત્ની. ભાવેશ અને પાયલના માતુશ્રી, કિંજલ અને અલક જરીવાળાના સાસુ. હિતાલી અને માહિના દાદી. રાજકોટવાળા કેસુરદાસ ઓધવજી વળીયાના પુત્રી. સર્વે લૌકિક પ્રથા બંધ રાખવામાં આવી છે.

**કચ્છી લોહાણા**

કચ્છ નવાગામવાળા અંજાર હાલ મુલુંડ સ્વ. લક્ષ્મીબેન જમનાદાસ દૈયાના પુત્ર અશોક (શંકર) (ઉં. વ. ૬૩) રામશરણ પામેલ છે. તે મીનાના પતિ. નમિતા પ્રીતેન શાહ, નીતા ભાવેશ જોષી, નિશિતના પિતા. તલવાણાના વર્ષા ભૂપેન્દ્ર શાહના વેવાઇ. વરસામેડીના સ્વ. કલાવતી કાનજી માણેકના જમાઇ. ભરત, હિતેષ, સ્વ. અરૂણા હરીશ સોતા, ગં. સ્વ. કલ્પના વલ્લભ ઠક્કર, રીટા (સ્વ. પ્રીતિ) રાજેશ ઠક્કરના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૮-૧૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. પવાણી હોલ ૧લે માળે, કચ્છી લોહાણા મહાજનવાડી આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. ભાનુબેન રણજિત નેગાંધી (ઉં. વ. ૮૬) સ્વ. જીવણદાસ નેગાંધીના પુત્રવધૂ. સ્વ. મુળજી આશરના દીકરી. તે જયેશ, પરેશ, ચેતનાના મમ્મી. શ્વેતા, સેજલ તથા પરિક્ષિતના સાસુ. નંદીશ, રોહનના દાદી. ચાર્મી, જીતના નાની. તા. ૨૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૧૨-૨૫ સોમવારના ૫થી ૬.૩૦. ઠે. બ્લેવેસ્કી હોલ, પાટીદાર સમાજની સામે, ફ્રેન્ચ બ્રિજ કોર્નર પર, ચોપાટી, મુંબઇ-૭, લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

બચી જીમી ગરડા તે મરહુમ જીમી ગરડાના વિધવા. તે મરહુમો માનેક તથા એરચના દીકરા. તે ફરીદા ને મરહુમ યાસમીનના માતાજી. તે કાર્લના સાસુ. તે મરહુમ કેકી વકીલના બહેન. તે ઝરન ને સીમોનના મમયજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. એફ-૫, લેડી નવાજબાઇ ટાટા બિલ્ડિંગ, ટાટા બ્લોક, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૧૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે ટાટા અગિયારી બાંદ્રા, મુંબઇ.

**અનાવિલ સમાજ**

દીપક અમુલ દેસાઈ (ઉં.વ. ૭૭) કુમકુમના પતિ. પૂજા દેસાઈ અને નૂપુર દેસાઈના પિતા. અનન્યા દેસાઈના નાના, બુધવાર, ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ધૂસીયા (ગીર) હાલ નાલાસોપારા વેસ્ટ, સ્વ. અમૃતલાલ.દેવચંદભાઈ કાનાબાર તથા હેમિબેન કાનાબારના સુપુત્ર પ્રવિણભાઈ કાનાબાર તા. ૨૭/૧૨/૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. રમાબેનના પતિ. છોટુભાઈ, મુકેશભાઈ, રસીલાબેન, ભાનુબેન, ભાવનાબેનના મોટાભાઈ. જયેશભાઇ, પરેશભાઈ, આશિષભાઈના પિતાશ્રી. જીજ્ઞાબેન, જલ્પાબેન, નીપાબેનના સસરા. સ્વ. મોહનલાલ.નારણદાસ રૂપારેલિયાના જમાઈ. બંને પક્ષની સાદડી (બેસણું ) તા. ૨૯/૧૨/૨૫ને સોમવાર ૪ થી ૬. ગુરૂકૃપા હોલ રેલ્વેસ્ટેશનની સામે નાલાસોપરા ઈસ્ટ.

**પંચાલ**

દાદરા નગરહવેલી નિવાસી, હાલ બોરીવલી, સ્વ. શાંતિલાલ ચંદુલાલ પંચાલ (ઉં.વ. ૭૭) તા. ૨૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે, તે પ્રિતી હીના તથા ભદ્રેશના પિતા. ગં.સ્વ. નિર્મળાબેન શાંતીલાલ પંચાલના પતિ. બિપીનકુમાર, સ્વ. અશોકકુમાર, જાગૃતિબેનના સસરા. રાજના દાદા. સિધ્ધાર્થ, પુણ્યાર્થી, પ્રિયાંશા, કાંક્ષા તથા આર્યશના નાના. ઈશ્વરભાઈ, વિજયભાઈ, હેમલતાબેનના મોટાભાઈ.

**સારસ્વત બ્રાહ્મણ**

પડધરીના હાલ મુંબઈ, સ્વ. આસિતભાઈ જયંતીલાલ સાતા તે સ્વ. પુષ્પાબેન અને સ્વ. જયંતીલાલ મુલચંદ સાતાના પુત્ર. સૌ.સ્વ. નીતા સાતાના પતિ. તે અનીશના પિતા. લંડન નિવાસી શ્રીમતી સ્મિતાબેન અશોકભાઈ કાપડિયાના ભાઈ. હર્ષદભાઈ મુલશંકર સાતાના ભત્રીજા. શ્રીમતી કમળાબેન અને સ્વ. વિનોદરાઈ મોનજીભાઈ પરીખના જમાઈ. તા. ૨૪/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

બોરીવલી નિવાસી, સ્વ. પુષ્પાબેન પ્રભુલાલ મણિયાર (ટંડાવાલા)ના સુપુત્ર હરીશભાઈ (ઉં.વ. ૭૬) અબરિશ તથા નિધિ તન્મયકુમાર કદમના પિતાશ્રી. મિનાક્ષી કિશોરભાઈ શાહ, રાજુ તથા અતુલના ભાઈ. મિનેશ ચંદુભાઇ શાહ (બરવાળાવાળા)ના બનેવી અમેરિકા મુકામે તા. ૨૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

જસપરા નિવાસી હાલ દહિસર, સ્વ. મુક્તાબેન જયંતીલાલ મહેતાના પુત્ર સૂર્યકાંત મહેતા (ઉં.વ. ૮૦) તે જ્યોત્સનાબેનના પતિ. વળાવડના સ્વ. જયાલક્ષ્મી હરજીવનદાસ મહેતાના જમાઈ. સ્વ. રસીલાબેન વૃજલાલ રાવળ, સ્વ. જસુબેન છોટાલાલ દેસાઈ, ગં. સ્વ. હીરાબેન પ્રતાપરાય દવેના ભાઈ. જસપરા નિવાસી ભાઈશંકર જગજીવનદાસ પંડ્યા તથા હરગોવિંદદાસ જગજીવન પંડ્યાના ભાણેજ. ૨૫/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૯/૧૨/૨૫ના રોજ ૪ થી ૬. હાલાઇ લોહાણા મહાજનવાડી કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ, ગામ બરંદ્યા, હાલ ડોમ્બિવલી, ગં.સ્વ. કુંવરબેન ગોપાલજી ઈશ્વરદાસ ગણાત્રા (ઉં.વ. ૯૫) તા. ૨૪/૧૨/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. મઠાબાઈ ભીમજી તન્ના (લક્ષ્મીપર)ના પુત્રી. સ્વ. મંજુલાબેન પેરાજભાઈ ઈશ્વરદાસ ગણાત્રાના જેઠાણી. સ્વ. રાધાબેન ઈન્દરજી સેજપાલ (જખૌ)ના ભાભી. મથુરાદાસ, પુરુષોત્તમ, લક્ષ્મીદાસ, કાંતિલાલ, દમયંતીબેન જેન્તીલાલ લખધીર, લીલાવતીબેન ગિરધરલાલ અનમ, પુષ્પાબેન વસંતકુમાર મજેઠીયા, ગીતાબેન હંસરાજ જોબનપુત્રા, સ્વ. રમાબેન બિપિનકુમાર દાવડા, મનીષાબેન અરવિંદભાઈ ગણાત્રાના માતુશ્રી. વર્ષાબેન, મંગળાબેન, મીનાબેન, બિંદિયાબેનના સાસુ. બન્ને પક્ષની પ્રાર્થના સભા રવિવાર, તા. ૨૮/૧૨/૨૫ના ૩:૩૦ થી ૪:૩૦. સ્થળ: સ્વામિનારાયણ મંદિર, રાજાજી પથ, ડોમ્બિવલી ઈસ્ટ.

**પંચાલ**

સ્વ. લક્ષ્મીબેન તથા માવજીભાઈ સોલંકીના સુપુત્ર સ્વ. ઉદયભાઈ માવજીભાઈ સોલંકી (ઉં.વ. ૬૦) તા. ૨૫/૧૨/૨૫ના રામચરણ પામ્યાં છે. મીનાબેન સોલંકીના પતિ. જિજ્ઞાશા અને નુપુરના પિતા. બોરીચાના ભાણેજ. જયસિંગભાઈ તેજાભાઈ ભોજાના જમાઈ. ગામ - વડિયા (સિહોર) તેમનું બારમું / કારજ તા. ૨૯/૧૨/૨૫ને સોમવાર, સાંજે ૦૫:૦૦. સ્થળ: સી-૦૬, પ્લોટ નં. ૨૨૮, પ્રસાદ સોસાયટી, પ્રગતિ હાઈ સ્કૂલ પાસે, ગોરાઈ-૨, બોરીવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ આઇડા હાલે કોપરગાંવ, સ્વ. દિપાલી (ઉં.વ. ૪૩) તા. ૨૬/૧૨/૨૫ શુક્રવારના શ્રીરામશરણ પામેલ છે. તે માતુશ્રી હીરાગૌરીબેન વિઠ્ઠલદાસ તુલસીદાસ ઠક્કર (દૈયા)ની પુત્રવધૂ. ગં.સ્વ. કમલાબેન મંગલદાસ તુલસીદાસ ઠક્કર (દૈયા)ની ભત્રીજાવહુ. શૈલેશભાઈ વિઠ્ઠલદાસ ઠક્કર (દૈયા)ની ધર્મપત્ની. તે હેમ અને મહેકની મમ્મી. સોનાલી સુરેશ, ભારતી રમેશ, નીલમબેન જનકકુમાર અનમની ભાભી. માતુશ્રી સ્વ. રંજનબેન ભરતભાઈ પ્રેમજી અનમની દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮/૧૨/૨૫ના રવિવાર ૪:૩૦ થી ૬:૦૦. સ્થળ: વ્યાપારી ધર્મશાળા, બજારતળ, કોપરગાંવ મહારાષ્ટ્ર. લૌકિક વ્યવહાર બંધ છે બૈરાઓએ તે દિવસે જ આવી જવું.


**દશા સોરઠિયા વાણીક**

ગામ ગુંદરણા હાલ ડોમ્બિવલી, ગં.સ્વ. નયનાબેન (ઉં.વ. ૫૬) શુક્રવાર, તા. ૨૬/૧૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રદીપભાઈ તુલસીદાસ મહેતા (મુંજાસરા)ના ધર્મપત્ની. તે કુણાલ, ડિમ્પલ કેકીન છેડાના માતુશ્રી. અ.સૌ. હેતલના સાસુ. ત્રિશા, મીતના દાદી-નાની. સ્વ. વસંતભાઈ, સુરેશભાઈના નાનાભાઈના પત્ની. સ્વ. મધુબેન ચુનીલાલ શાહ, સ્વ. પન્નાબેન ધીરજલાલ કઢીના ભાભી. સ્વ. ભાનુબેન શરદભાઈ પાનાચંદભાઈ સાંગાણીની પુત્રી. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંદ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

મુંબઈ સમાચાર
ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૨૮-૧૨-૨૦૨૫



તાજેતરમાં અરવલ્લી કેસનો ચુકાદો જબરો વાદ -વિવાદે ચઢ્યો છે. એ જ રીતે હમણાં હમણાં બળાત્કાર, હત્યા અને અન્ય અપરાધોના કહેવાતા આરોપીઓ પણ આડેધડ જે રીતે નિર્દોષ છૂટી રહ્યા છે એનાથી લોકોનો આક્રોશ પણ વધી રહ્યો છે. એટલું જ નહીં, ભારતનું ન્યાયતંત્ર સત્યને પડખે હોય છે એવી જે છાપ અત્યાર સુધી લોકમાનસમાં છે એ પણ બહુ ઝડપથી ભૂંસાઈ રહી છે. આ સિનારિયો ડરામણો છે...!

# ન્યાયતંત્રની અખંડ ગણાતી નિષ્પક્ષતા સામે હવે કેમ શંકાનાં વાદળ ઘેરાવા લાગ્યા છે?

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

અરવલ્લી પર્વતમાળામાં ખનન સહિતની વ્યાપારી પ્રવૃત્તિઓને મંજૂરી આપવાના કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના ઉધામા સામે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી એ ચાર અસરગ્રસ્ત રાજ્યોમાં જનાક્રોશ ભડક્યો છે. લોકો રસ્તા પર ઉતરી આવ્યાં છે અને સોશ્યલ મીડિયા પર સેવ અરવલ્લી ઝુંબેશ ઉગ્ર બની છે. આ મુદ્દે જનાક્રોશ વ્યાજબી છે કેમ કે અરવલ્લીને રૂપિયા રળવા માટે ખોદી દેવાય તો અરવલ્લી પર્વતમાળા આવેલી છે એ ચાર રાજ્ય જ નહીં, પણ ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં પણ તેની વિનાશક અસર દેખાય.

આમ તો અરવલ્લી પર્વતમાળા મુદ્દે જનાક્રોશ નરેન્દ્ર મોદી સરકાર સામે છે, પણ વાસ્તવમાં સુપ્રીમ કોર્ટ વધારે વાંકમાં છે. કેન્દ્ર સરકાર લાંબા સમયથી અરવલ્લીને ખોદાવીને તેની મૂલ્યવાન ખનિજો પોતાના મળતિયા ઉદ્યોગપતિઓને પધરાવવા માગે છે એવા આક્ષેપો થયા કરે છે. અગાઉ ઉત્તરાખંડમાં પણ આવું જ થયું હતું. ત્યાં પણ પહાડો ખોદી ખોદીને કહેવાતું ટૂરિઝમ વિકસાવીને મળતિયાઓને ફાયદો કરાવવાની મેલી મુરાદ પણ છે. આ મેલી મુરાદને પાર પાડવા માટે હાલના પર્યાવલણ મંત્રાલયે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા જ બદલી નાંખી. કોઈ પણ પર્વતની ઊંચાઈ સમુદ્રની સપાટીથી ગણાય છે, પણ તેના બદલે સરકારે તળેટીથી ૧૦૦ મીટર ઊંચાઈ ના હોય એવો વિસ્તાર પહાડ ના કહેવાય એવી હાસ્યાસ્પદ વ્યાખ્યા કરી નાંખી. આ વ્યાખ્યા હાસ્યાસ્પદ એ રીતે છે કે, પર્વત કંઈ હવામાં નથી બનતો પણ તળેટીથી શરૂ થઈને ઉપર સુધી વિસ્તરે છે. ૧૦૦ મીટરથી ઓછી ઊંચાઈને પર્વત ના ગણો તેનો મતલબ એ થયો કે, તેના મૂળને જ કાપી નાંખવું.

સરકારે આ વિચિત્ર વ્યાખ્યા કરીને અરવલ્લીને ખોદી નાંખવાનો કારસો કર્યો તેમાં સુપ્રીમ કોર્ટે પૂરેપૂરો સાથ આપ્યો છે. બલ્કે ઉદ્યોગપતિઓ અને બિઝનેસમેનોને ફાયદો કરાવી આપવાના કહેવાતા કારસામાં સુપ્રીમ કોર્ટ પણ આડકતરું ભાગીદાર હોય એવું લાગે છે.

આ વાત માનવા માટે લોકો આમ પ્રજા પાસે પૂરેપૂરાં કારણ છે. પહેલું કારણ એ કે, પર્વતમાળા કોને કહેવાય એ માટે આખી દુનિયામાં એક સ્થાપિત અને સ્વીકૃત વ્યાખ્યા છે. આ સંજોગોમાં અરવલ્લીની નવી વ્યાખ્યા કરવાની જરૂર જ નહોતી, પણ સુપ્રીમ કોર્ટે સામે ચાલીને આ વ્યાખ્યા કરવાનું ફરમાન કર્યું.

આ વ્યાખ્યા કરવાનું કામ તટસ્થ નિષ્ણાતોને સોંપવાના બદલે સરકારી તંત્રને સોંપ્યું કે જેના ઈરાદા પહેલેથી મલિન છે. સરકારે બનાવેલી કમિટીની ભલામણો તરત જ આવી ગઈ ને સુપ્રીમ કોર્ટે તેને માન્ય પણ રાખી દીધી... !

આ આખો ખેલ એક-દોઢ વર્ષના ગાળામાં જ ખેલાઈ ગયો.

સુપ્રીમ કોર્ટમાં હજારો મહત્ત્વના કેસ પેન્ડિંગ છે અને તેના પર કોઈ નિર્ણય જ નથી લેવાતો. તારીખ પે તારીખ, તારીખ પે તારીખ પડ્યા કરે છે ત્યારે આ મામલે સુપ્રીમ કોર્ટે આટલી બધી સ્ફૂર્તિ કેમ બતાવી?

સુપ્રીમ કોર્ટની સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટી (સીઈસી)એ આ કેસમાં સુપ્રીમ કોર્ટે નિમેલા એમિકસ ક્યુરીને લખ્યું છે કે, અરવલ્લીની વ્યાખ્યા કરવા માટે નિમાયેલી સમિતિની ભલામણો તેણે વાંચી નથી કે તેને મંજૂરી પણ આપી નથી તો હવે સવાલ એ પણ છે કે, ચુકાદો આપનારા માનનીય ન્યાયાધીશોએ પોતાની જ સીઈસીને કેમ અવગણીને ચુકાદો આપી દીધો?

સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે ન્યાયતંત્રની વિશ્વસનિયતા સામે સવાલ ઊઠી રહ્યા છે ત્યારે જ દિલ્હી હાઈ કોર્ટે સગીરા પર બળાત્કારના કેસમાં દોષિત ઠરેલા ભાજપના નેતા કુલદીપસિંહ સેંગરની સજા સસ્પેન્ડ કરી દીધી. તેના આધારે જામીન મળી જતાં સેંગર જેલની બહાર આવી ગયા. હાઈ કોર્ટે પબ્લિક સર્વન્ટ એટલે કે જાહેર સેવકની વ્યાખ્યાનું અત્યંત હાસ્યાસ્પદ અર્થઘટન કરીને સેંગરની સજા મોકૂફ રાખી દીધી છે.

આપણી આ જ સર્વોચ્ચ અદાલતે આ પહેલાં ઓક્ટોબરમાં ચેન્નાઈમાં ૭ વર્ષની છોકરી પર બળાત્કાર કરીને હત્યા કરનારા આરોપીને પણ છોડી મૂક્યો હતો...! આ આરોપીને નીચલી કોર્ટે અને મદ્રાસ હાઈ કોર્ટે પણ ફાંસીની સજા ફટકારી હતી પણ સુપ્રીમ કોર્ટનું કહેવું હતું કે, પોલીસ પાસે કોઈ નક્કર પુરાવા નથી અને આરોપીને બલિનો બકરો બનાવામાં આવ્યો છે. નીચલી કોર્ટ અને હાઈ કોર્ટે પણ આ પુરાવાને માન્ય રાખીને ગંભીર ભૂલ કરી છે...

આ પ્રકારના બીજા ઘણા ચુકાદા તાજેતરના સમયમાં જ સુપ્રીમ કોર્ટ સહિતની અદાલતોએ આપ્યા છે અને તેના કારણે ભારતના ન્યાયતંત્રની વિશ્વસનિયતા સામે શંકા થઈ રહી છે. ભારતમાં ચૂંટાયેલી પાંખ એટલે કે સરકાર, વહીવટી પાંખ એટલે કે અધિકારીઓ, ન્યાયતંત્ર અને મીડિયા એ ચાર લોકશાહીના આધારસ્તંભ છે. આ પૈકી સરકાર અને અધિકારીઓ એક તરફ અને મીડિયા તથા ન્યાયતંત્ર એક તરફ એટલે કે સત્યને પડખે હોય છે એવી છાપ લોકમાનસમાં છે એ છાપ પણ બહુ ઝડપથી ભૂંસાઈ રહી છે.

બીજી તરફ, રાજકારણીઓ અને અધિકારીઓ પહેલેથી ભ્રષ્ટ છે તેથી લોકોને તેમની પાસેથી બહુ અપેક્ષાઓ નથી. મીડિયા વરસો સુધી તટસ્થ હતું અને ભ્રષ્ટાચાર સામે પડવાની ફરજ બજાવતું, પણ છેલ્લાં કેટલાંક વરસોથી મીડિયા પણ સરકાર અને અધિકારીઓનું ચાપલૂસ બની ગયું છે તેથી માત્ર ન્યાયતંત્ર સાબૂત મનાતું હતું પણ આ ચુકાદાઓ જોયા પછી લાગે કે, ન્યાયતંત્રને પણ લૂણો લાગી ગયો છે અને એક સમયે રાજકારણીઓની ધોંસથી મુક્ત મનાતું ન્યાયતંત્ર હવે સત્તામાં બેઠેલા લોકોના ઈશારે વર્તવા માંડ્યું છે.

અરવલ્લીના કેસના કારણે સુપ્રીમ કોર્ટ નજરે ચડી ગઈ પણ વાસ્તવમાં સુપ્રીમ કોર્ટ શાસકોના ઈશારે વર્તે છે એ પહેલાં પણ અનેક વાર સાબિત થયું છે. આર્થિક નબળા વર્ગ (ઈએસડબલ્યુ) માટેની અનામતને મંજૂરી તેનો ક્લાસિક કેસ છે. ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટ સંખ્યાબંધ વાર એવા ચુકાદા આપેલા કે, અનામતનું પ્રમાણ કોઈ પણ સંજોગોમાં ૫૦ ટકાથી વધારે ના થવું જોઈએ. મોદી સરકારે આર્થિક નબળા વર્ગ (ઈએસડબલ્યુ)નાં લોકો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરી એ સાથે જ શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામતનું પ્રમાણ વધીને ૫૯ ટકા થઈ ગયું.

ભૂતકાળના ચુકાદાને જોતાં ઈડબલ્યુએસ અનામત ગેરબંધારણીય જ ઠરે, પણ સુપ્રીમ કોર્ટે ઈડબલ્યુએસ અનામતને બંધારણીય રીતે માન્યતા આપી છે. શાસકોને રાજી રાખવા માટે સુપ્રીમ કોર્ટ પોતાના જ ભૂતકાળના ચુકાદાઓને જ દફન કરી દે તેના કરતાં શરમજનક બીજું શું હોય?

આ તો એક ઉદાહરણ આપ્યું, પણ આવાં તો ઘણાં ઉદાહરણો આપી શકાય કે જેમાં સુપ્રીમ કોર્ટ અને નીચલી અદાલતો શાસકોના દબાણ હેઠળ બંધારણને કોરાણે મૂકીને વર્તી રહી છે. ભાજપ શાસનમાં મુસ્લિમોની મસ્જિદો સહિતનાં ધર્મસ્થાનોના સર્વેની મંજૂરી તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

૧૯૯૩ના વર્શિપ એક્ટ હેઠળ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશમાં ધર્મસ્થાનો જે સ્થિતિમાં હતાં એ જ સ્થિતીમાં તેમને રાખવાનાં છે એ છતાં નીચલી અદાલતો ધડાધડ સર્વેના ઓર્ડર આપી રહી છે કેમ કે તેના કારણે શાસક પક્ષને રાજકીય ફાયદો થાય છે.

ભારતમાં ચોતરફ ઘોર નિરાશાનો માહોલ છે કેમ કે ભ્રષ્ટાચારને રોકવામાં મીડિયા અને ન્યાયતંત્ર બે જ મુખ્ય સહારા છે. મીડિયાએ તો બહુ પહેલાં જ શાસકો સામે ઘૂંટણ ટેકવી દીધેલા ને કમનસીબે હવે ન્યાયતંત્ર પણ એ જ રસ્તે છે. ન્યાયતંત્ર પણ શાસકોનું કહ્યાગરું બની જાય તેના કારણે તો લોકશાહી જ ખતરામાં આવી જશે. ભવિષ્યમાં શાસકો પોતાની સત્તા ટકાવવા માટે બહુમતીના જોરે ગમે તેવા કાયદા બનાવી દેશે કે નિર્ણયો લઈ લેશે ને સુપ્રીમ કોર્ટ તેના પર મંજૂરી મહોર મારી દેશે પછી શાસકોને કોઈ રોકનારું જ નહીં હોય.

આ સ્થિતિ આવે એ પહેલાં આ દેશનાં લોકો જાગે એ જરૂરી છે. ન્યાયતંત્રમાં પણ જેમનો અંતરાત્મા મરી પરવાર્યો નથી એવા લોકોની હજુ બહુમતી છે. એ લોકો પણ ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ જાળવવા માટે સક્રિયતા બતાવે એ જરૂરી છે, નહિંતર આ દેશમાં લોકશાહી જ નહીં ટકે નહીં રહે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કમજોર કદથી કદાવર કરિયર સુધી મેસી બનવાની મહેનતકશ કહાની...

આંતરરાષ્ટ્રીય ફૂટબોલના સ્ટાર ખેલાડી લિયોનેલ મેસી તાજેતરમાં ત્રણ દિવસ માટે ભારતની યાત્રાએ હતો. આ તેની પહેલી ભારત મુલાકાત હતી. તેણે કોલકત્તા, હૈદરાબાદ, દિલ્હી અને મુંબઈમાં સાંસ્કૃતિક અને ખેલ સંબંધી કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. કોલકત્તામાં (જે ફૂટબોલના ખેલ માટે ગાંડું છે), મેસીને જોવા- મળવા માટે તેના ચાહકોએ જે જબર્જસ્ત ભીડ સાથે ધમાલ મચાવી હતી તેના સમાચાર તમે વાંચ્યા જ હશે.


લિયોનેલ મેસી

મેસીએ તેની અસાધારણ પ્રતિભા, સાતત્ય અને વિનમ્ર વ્યક્તિત્વના બળ પર ખેલ જગતમાં એક અલગ સ્થાન મેળવ્યું છે. તેને ફૂટબોલ ઇતિહાસના મહાનતમ ખેલાડીઓમાં ગણવામાં આવે છે. આજે મેસી કેવળ એક ફૂટબોલ ખેલાડી જ નથી, બલકે ખેલ જગતમાં અનુશાસન, સમર્પણ અને ઉત્કૃષ્ટતાનું પ્રતીક છે. દુનિયા ભરમાં લિયોનેલ મેસીને લઈને ફૂટબોલના ચાહકો પાગલ છે. તે તેની પ્રતિભા, સંઘર્ષ અને સાદગીના દુર્લભ મિશ્રણનું પરિણામ છે. ફૂટબોલ મેદાન પર મેસી જે કરે છે, તે ઘણી વખત અસંભવને સંભવ બનાવી દે છે.

જોકે, મેસીની કહાની માત્ર ખેલ-જીવનનું વર્ણન નથી, તે આપણા ખુદના જીવનને સમજવાની અને જીવવાની એક નવી દૃષ્ટિ આપે છે. તેની કહાની બતાવે છે કે ઉત્કૃષ્ટતા કોઈ એક ક્ષણમાં નથી રચાતી, બલકે વર્ષોની મૌન મહેનત, અપમાન સહન કરવાના સામર્થ્ય અને પોતાના પર અડીખમ વિશ્વાસથી બને છે.

મેસીનું બાળપણ જ જીવનનો પ્રથમ બોધપાઠ આપે છે કે દરેક માણસ સમાન પરિસ્થિતિઓથી શરૂઆત નથી કરતો. જે વયમાં બાળકો સપનાં જોવું શીખે છે, એ જ વયમાં મેસીને એવું કહેવામાં આવ્યું હતું કે તેનું શરીર તેના સપનામાં સાથ નહીં આપે. તેનામાં ગ્રોથ હોર્મોનની કમી હતી. તેનો ઈલાજ મોંઘો હતો અને સંસાધનો સીમિત હતાં. મેસી માટે સ્પષ્ટ સંકેત હતો કે જીવનમાં એક 'સાધારણ સફળતા'થી આગળ જવું તેના માટે શક્ય નથી, પરંતુ તેની પાછળની કહાનીએ સાબિત કર્યું કે તમારી સીમાઓ ઘણીવાર તમારી નથી હોતી, તે બીજાઓની કલ્પના હોય છે.

મેસીનો જન્મ આર્જેન્ટિનાના રોસારિયો શહેરમાં એક મધ્યમ વર્ગીય, મહેનતકશ પરિવારમાં થયો હતો. પિતા, જોરજ મેસી, એક ફેક્ટરીમાં કામ કરતા હતા અને મા સેલિયા કુચિની પાર્ટ-ટાઈમ સમય માટે કામ કરીને પરિવારની સંભાળ કરતી હતી. ઘરમાં કોઈ ખેલાડી નહોતો કે નહોતાં સંશાધન- પણ જે હતું, તે પરિવારનો વિશ્વાસ. બાળપણમાં મેસી ખૂબ શાંત, શરમાળ અને અંતર્મુખી હતો. તે વધુ બોલતો નહોતો, અને જે કહેવું હોય તે પગના ઈશારાથી કહેતો હતો. પરિવારએ કદી આ મૌનને નબળાઈ સમજી નહોતી. પરિવર્તનનો આ પહેલો મોટો પાઠ છે કે દરેક બાળક એકસરખું નથી હોતું અને અને દરેક પ્રતિભા ઘોંઘાટ કરીને નથી જન્મતી.

આર્જેન્ટિનામાં, આપણા બંગાળની જેમ, ફૂટબોલના ખેલની એક તંદુરસ્ત સંસ્કૃતિ છે. અન્ય લાખો બાળકોની જેમ, મેસીને પણ બાળપણથી જ આ ખેલનો રંગ લાગ્યો હતો. તેની ફૂટબોલ યાત્રા પરિવારની અંદરથી જ શરૂ થઈ. તેના

પિતા તેના પ્રથમ કોચ બન્યાં અને દાદી (જેમનું નામ પણ સેલિયા હતું) મેસીની સૌથી મોટી પ્રેરણા. કહેવાય છે કે મેસી આજે પણ ગોલ કર્યા પછી આકાશ તરફ આંગળી ઉઠાવી દાદીને યાદ કરે છે. આ સંકેત દર્શાવે છે કે ભાવનાત્મક સહારો કોઈપણ સફળતાનું મૂળ હોય છે.

શિક્ષણના સ્તરે મેસી કોઈ 'ટોપર' વિદ્યાર્થી નહોતો, પરંતુ પરિવારે અભ્યાસને ક્યારેય અવગણ્યો નહોતો. તેનાં પ્રારંભિક વર્ષોમાં શાળાનું અને ખેલકુદનું સંતુલન જાળવાયું હતું. એમાંથી જીવનનો એક ઊંડો પાઠ મળે છે કે શિક્ષણ માત્ર માર્ક્સ માટે નથી, તે અનુશાસન અને ટાઈમ-મેનેજમેન્ટ શીખવા માટે પણ જરૂરી હોય છે. સ્કૂલમાં શીખવા મળેલું અનુશાસન પાછળથી તેના વ્યાવસાયિક જીવનનું મજબૂત પીઠબળ બન્યું હતું.

જ્યારે ગ્રોથ હોર્મોનની બીમારી સામે આવી ત્યારે પરિવારે સૌથી મુશ્કેલ નિર્ણય લેવાનો આવ્યો : સારવાર કે સપનું? આર્થિક સ્થિતિ નબળી હતી, સારવાર મોંઘી હતી, પરંતુ પરિવારે હાર ન માની. પરિવારે પ્રેમાળ સંબંધીઓ, ક્લબો અને દરેક શક્ય માર્ગથી મદદ ઊભી કરવાની કોશિશ કરી.

મેસીના શારીરિક વિકાસ માટે રોજ ગ્રોથ હોર્મોનનાં ઈન્જેક્શન લેવાં પડતાં હતાં, જેનો ખર્ચ ઉઠાવવો પરિવાર માટે મુશ્કેલ હતો, પરંતુ બાર્સેલોના ફૂટબોલ ક્લબે તેની પ્રતિભાને જોઈને સારવારનો ખર્ચ ઉઠાવ્યો અને તેને સ્પેન બોલાવ્યો.

૧૩ વર્ષની વયે મેસીનું સ્પેન જવું માત્ર તેના માટે નહીં, પરંતુ સમગ્ર પરિવાર માટે બલિદાન હતું. માતા અને ભાઈબહેન આર્જેન્ટિનામાં રહ્યા, પિતા મેસીની સાથે ગયા. આ નિર્ણય દર્શાવે છે કે સફળતા ઘણી વખત વ્યક્તિગત નહીં પણ પરિવારના ત્યાગનું પરિણામ હોય છે.

ગ્રોથ હોર્મોનની કમીના કારણે મેસીનું કદ નાનું રહ્યું, શરીર નબળું કહેવાયું, પરંતુ તેણે નબળાઈને આડે ન આવવા દીધી. તેનું આ જ કદ તેની ઝડપ, સંતુલન અને ડ્રિબ્લિંગની શક્તિ બની ગયું. મેદાન પર મેસીને અવારનવાર 'કમજોર કદ'વાળો ખેલાડી કહેવામાં આવતો, પરંતુ તેણે શરીરની આ ખામીને પોતાની શક્તિમાં ફેરવી દીધી. તે તેજ ગતિએ શરીરને વાળી શકતો હતો, તે જબરદસ્ત સંતુલન જાળવી શકતો હતો અને બોલ પર તેનું અદ્ભુત નિયંત્રણ હતું.

મેસીએ અલગ-અલગ પ્રસંગોએ કહ્યું છે કે બાળપણમાં તેની આ બીમારીને તેણે 'ન્યાય કે અન્યાય' તરીકે જોઈ નહોતી. તેના માટે તે ફક્ત એક સચ્ચાઈ હતી, જેનો તેણે સામનો કરવાનો જ હતો. તેણે એ પણ સ્વીકાર્યું હતું કે શરૂઆતમાં તેને આ સમસ્યાની ગંભીરતાનો અંદાજ નહોતો, પણ પરિવારે કદી તેને ડર લાગે તે રીતે રજૂ કરી પણ નહોતી.

મેસીનો સંદેશ સ્પષ્ટ રહ્યો છેઃ જો આસપાસના લોકો તમને સામાન્ય માને, તો તમે પણ જાતને સામાન્ય જ માનવા લાગો છો. ઊંધું પણ બને; લોકો જો તમારામાં ખામી જોવા લાગે, તો તમે પણ એવું જ માનો. મેસીએ એ પણ કહ્યું છે કે તેને યોગ્ય તાલીમ મળી એટલે તેની તકનીક, સંતુલન અને બોલ પરનું નિયંત્રણ સટીક બન્યું.

અંતરરાષ્ટ્રીય સ્તરે મેસીનો સંઘર્ષ કદાચ તેની વાર્તાનો સૌથી માનવીય હિસ્સો છે. ક્લબ ફૂટબોલમાં દેવતાની જેમ પૂજાતા મેસીને દેશ વતી રમતી વખતે અનેક પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો. તેણે હાર, ટીકા, અને દેશદ્રોહ જેવા શબ્દોની પરવા નહોતી કરી. એક વખતે તેણે નિવૃત્તિની જાહેરાત પણ કરી હતી, પરંતુ તેણે પાછા આવીને ટીકાઓ વચ્ચે રમવું પડ્યું હતું. આ શીખવે છે કે થાકવું સ્વાભાવિક છે, પરંતુ રોકાવું વિકલ્પ હોવું જોઈએ, બાધ્યકારક નહીં.

૨૦૨૨નો વર્લ્ડ કપ મેસીની કહાનીનો અંત નથી, પરંતુ તેનો સાર છે. આ જીત પુરવાર કરે છે કે જીવન દર વખતે તરત ન્યાય નથી કરતું, પરંતુ સતત પ્રયત્નને અવગણતું પણ નથી. દુઃખદ દિવસો એક દિવસ અર્થ પામી લે છે- બસ ધીરજ હોવી જરૂરી છે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન
સામગ્રી

ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ

દરરોજ કંઈક
નવું- દરરોજ
કશું અનોખું!

# શું હિંસા પરમ ધર્મ છે ફિલ્મોનો?

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

મહાવીર અહિંસાના બહુ મોટા સમર્થક તો ખરા જ ખરા. પણ એમના ય પહેલા સંસ્કૃતમાં સૂત્ર તો આવી જ ગયું હતું અહિંસા પરમો ધર્મ: એ સાવ અલગ જ વાત છે કે છેલ્લાં કેટલાંય વરસોથી મોહનદાસ કરમચંદ ગાંધીનો પણ આ મુસદ્દો ટલ્લે ચઢાવી દેવાયો છે એ ય તમે જાણો છો. જિંદગી દરમ્યાન કેટલા ઉપવાસ કર્યા હશે નોઆખલી ઈ. ની હિંસાઓ બંધ કરાવવા પણ બંધ થાય તો હિંદુ-મુસલમાન શાના! પોતે થાક્યા ને કાપાકાપી બંધ કરીને એનું અષ્ટમ પષ્ટમ શ્રેય લાગતા વળગતાંઓએ આપ્યું એ અલગ વાત છે. એક TOP શેર તમને સંભળાવું ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ પર. એટલે કે મોકગાં પર...

*ગાંધી! નિષ્ફળ તું ગયો છે એટલે-*
*ફક્ત તું અપવાદ છે, વ્યાપક નથી.*

પણ એમ સાવ એના પર કશુંક negative વદીને આગળ વધાય એવું તો એ જીવન ન્હોતું જ ન્હોતું...



*તું એકલો છે, બની જઈશ આખી સેના તું*
*અશક્ત, રાંક પ્રજાઓનું બળ બની તો જો!*

એટલે ટૂંકમાં કહું તો વાત એમ છે કે movies, pictures, ચલચિત્રો, ફિલ્મો છેલ્લાં સો વરસની અને ખાસ કરીને છેલ્લાં ત્રીસ વરસની તપાસીએ તો હવે હિંસા પરમો ધર્મ: તરફ shift થવાનો time આવી ગયો છે. લગભગ બધી ફિલ્મોમાં શરૂ થઈ ૫-૭ મિનિટથી અને હવે તો લગભગ ૪૦% ફિલ્મ મારામારી પચાવી પાડે છે. અને આજે આ લખતી વેળાએ અમને હજી ૩૦-૩૫ વરસ પહેલાંની ફિલ્મો યાદ આવે



વિજય આનંદ – દેવા આનંદ

છે. એક માત્ર સફેદ ધોતી-ઝભ્ભા અને ખેસમાં ભલભલા રંગોને બેરંગ કરી નાંખતો ‘અમર પ્રેમ’નો રાજેશ ખન્ના કે મુફલીસીને ખરા અર્થમાં મુકતો ‘પ્યાસા’નો ગુરુદત્ત કે ભગવા- સફેદ- રંગબેરંગી વસ્ત્રોને એકસરખી નાજુકાઈથી દિપાવતો ‘ગાઈડ’નો દેવ આનંદ. જવા દો... LIST બહુ લાંબું છે... અને એક હાથ ઉગામ્યા વગર આ બધાના rolesમાં જાન રેડતી વિજય આનંદ જેવા દિગ્દર્શકની કાબેલિયત. સાવ સીમિત છે મારી બુદ્ધિ ફિલ્મોની બાબતમાં. પણ મારા મત પ્રમાણે ‘ગોડફાધર’ના ફ્રાન્સિસ ફોર્ડ કપોલાથી માંડીને ‘મુન્નાભાઈ’ ઈ.ના makers સુધીની પૂરી તવારિખમાં all time greatest director વિજય આનંદ. એક જ director આટલો બહુ આયામી, બહુરંગી કઈ રીતે હોઈ શકે! **SUSPENSE:** તિસરી મંઝીલ અને જ્વેલ થીફ **PURE CLASSICAL:** તેરે મેરે સપને GRAND COMMERCIALLY SUCCESSFUL: જ્હોની મેરા નામ AND ALL TIME GREATEST : ગાઈડ. તમને તમારા અલગ મંતવ્ય બદલ મુબારકબાદી તો ખરી જ ખરી. પણ romance એટલે તો Vijay Anandની ઈજારાશાહી. દાખલા તરીકે

**રાજુ ગાઈડ: કલ તક તુમ લગતી થી ચાલીસ સાલકી ઔરત જો જવાની કી હર ખુશી, હર ઉમંગ, હર ઉમ્મીદ પ્રેમ કે રાસ્તે મેં ખો બૈઠી થી... ઔર આજ લગતી હો સોલહ સાલ કી બચ્ચી... ભોલી, નાદાન ઔર બચ્ચોં કી શરારત સે ભરપૂર**

**રોઝી: સચ? તો ફિર...**

**કાંટો સે ખીંચ કે યે આંચલ તોડ કે બંધન બાંધી પાયલ કોઈ ન રોકો મેરે દિલ કી ઉડાન કો, દિલ ઓ ચલા આહાહા...આહાહા આજ ફિર જીને કી તમન્ના હૈ, આજ ફિર મરને કા ઈરાદા હૈ.**

આજે જ લખવું’તું પણ આવતા રવિવારે તમારી બધાની સાથે મહા Romantic દેવ આનંદની જન્મ શતાબ્દી ઉજવવી છે. નાત જાત ભાત તારી કોઈ પણ હજો... તૈયાર થઈ જજો... આજે તો એક ટ્રેલર તો તમને ચખાડું!!!

હેમા: (હિરા ગણીને) યે તો પૂરે હૈં!

દેવ: પૂરે નહીં હોંગે તો ક્યા આપને હમે ચોર સમઝ કે રખ્ખા હૈ?!

હેમા: અંદાઝા લગા સકતે હો ઈસકી કિંમત ક્યાં હોગી?

દેવ: યહી કુછ સત્તર-અસ્સી લાખ સે ઉપર...

હેમા: ઈતને સબ રુપયોં કે હીરે દેખકર ભી તુમ્હારી નિયત નહીં ડોલી?

દેવ: આપ જ્હોની કો નહીં જાનતી... વો બૂરે કામ તો ઝરુર કરતા હૈ લેકિન ઈમાન કે સાથ...એ બાત ઔર હૈ અગર પહલે સે માલૂમ હોતા તો યહી કામ કે લીયે પચ્ચાસ હઝાર માંગતા ઔર લેતા... લેકીન કોઈ અફસોસ નહીં... પાંચ હઝાર મિલ ગયે, **આપકે દર્શન હો ગયે... બાત પૂરે કરોડ રુપયે કી હૈ...**

આજે આટલું જ... ■

# રામ ભાલો લાગે-પાતાળ પાણી જાગે

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

તાજેતરમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનના સિંધ મુદ્દે આપેલા નિવેદન પછી ખૂબ ચર્ચાઓ શરૂ થઇ. શરૂ? અહીંયા તો કચ્છી તરીકે આશાઓ જન્મી. જોકે આવું પહેલીવાર નથી થયું. આ પ્રશ્ન અવારનવાર રાજકીય વિરોધાભાસ ઊપસતા રહ્યા છે. તેની વાત કરીએ એ પહેલા જરા રાજનાથ સિંહને સાંભળી લઈએ. દિલ્હીમાં સિંધી સમાજના એક કાર્યક્રમમાં સંબોધન દરમિયાન તેમણે કહ્યું હતું કે, ‘આજે સિંધની જમીન ભલે ભારતનો ભાગ નથી પણ સિંધી સભ્યતા હંમેશાં ભારતનો અંગ રહેશે. જ્યાં સુધી જમીનની વાત છે, સરહદો તો બદલાયા કરે છે. કોણ જાણે કાલે સિંધ ફરી ભારતમાં પાછું આવી જાય! સિંધ અને ભારતનો નાતો જોઈએ તો રામાયણમાં લખેલા શ્લોકથી એ સ્પષ્ટ થાય છે કે સિંધ પ્રદેશ રાજા દશરથના રાજ્યનો ભાગ હતો. આપણી સંસ્કૃતિમાં ગંગા સૌથી પૂજનીય છે પણ બીજા દેશોમાં ભારતની ઓળખ સિંધુ નદીથી થાય છે. વેદનું જ્ઞાન પણ સૌથી પહેલા સિંધ ક્ષેત્રમાં જ આવ્યું હતું.’

પ્રજા - પ્રજા સંપર્ક બનાવાના ભાગરૂપે ભૂતપૂર્વ વિદેશપ્રધાન જશવંતસિંહ ૮૬ સભ્યોના સંઘ સાથે વર્ષ ૨૦૦૬માં રાજસ્થાન સરહદેથી પાકિસ્તાન જઈને ઐતિહાસિક હિંગલાજ યાત્રા પૂર્ણ કરેલી ત્યારે મુનાબાવ - ખોખરાપાર રેલવે વ્યવહાર શરૂ કરવા તો નિર્ણય સુદ્ધાં થઈ ચૂક્યો હતો પણ અમલવારી થઈ નહીં. સંઘમાં જોડાયેલા કચ્છના સાંસદ પુષ્પદાન ગઢવીએ મુનાબાવ ખાતેથી પાકિસ્તાનમાં પગપાળા પ્રવેશ કરતાં પહેલાં યોજાયેલા સમારંભમાં કચ્છ સિંધ હિંગલાજ રૂટ ખોલવાની માગ કરી હતી. મુંબઈ વાયા માંડવી કરાચી સુધીની સ્ટીમરસેવા હતી અને વિમાનસેવા પણ હતી. તેના ઉલ્લેખ સાથે તેમણે વખતોવખત વિદેશ મંત્રાલય અને સંબંધિત પ્રધાનોને પત્રો લખ્યા હતા અને ગૃહમાં પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. રૂલિંગ પાર્ટી પણ પક્ષની હોવા છતાંય ગુજરાત સરકારે ક્યારેય એમાં સત્તાવાર રીતે સૂર પૂરાવ્યો નહીં. કારણ હતું - રણમાં દરિયાનું પાણી ઘૂસે છે એટલે બારેમાસ સળંગ રસ્તો ચાલુ ન રહે, ઘૂસણખોરી વધી જશે, વધુ સલામતી દળો જરૂરી છે.



૪૧ વર્ષે ફરી ૨૦૦૬માં રાજસ્થાન - સિંધ વચ્ચે થર એક્સપ્રેસ શરૂ થઇ ત્યારે ગુજરાતનાં રાજકીય પ્રયાસો ક્યાંક સફળ બન્યાં હોત. અમૃતસર નજીકની વાઘા - અટારી સરહદેથી માત્ર ટ્રકોની હેરફેર થતી હોય અને ભારત - પાકિસ્તાન વચ્ચે કરોડોનો વેપાર થતો હોય તો ગુજરાતમાં કચ્છ દ્વારા શા માટે નહીં? સિંધ, રાજસ્થાન અને કચ્છ - ગુજરાત વચ્ચે આઝાદી પહેલાં માર્ગ, રેલવે અને જળવ્યવહાર હતો. કચ્છમાં ૧૯૬૫ના યુદ્ધ સાથે જ આ તમામ માર્ગો બંધ થયા હતા જે આજ દિવસ સુધી બંધ જ છે. ભાગલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્યારેક પ્રેમ તો ક્યારેક ધિક્કારના સંબંધ ઊછરતા રહ્યા, અને પૂર્ણ કક્ષાના બે યુદ્ધને લીધે પડોશી દેશ અને બે પ્રજાઓ વચ્ચેની ખાઇ પહોળી કરી દીધી અને આ વાત કચ્છને સીધી રીતે લાગુ પડે.

રાષ્ટ્રીય રાજકારણમાં ખાસ તો નરેન્દ્રભાઇના કાર્યકાળમાં પરિમાણ બદલી શકે એવી ઘટનાઓ છે. કારણ કે એની સાથે ગુજરાત - સિંધ સંબંધ અને સંપર્કના પુનઃસ્થાપનનો માર્ગ મોકળો થવાની પ્રક્રિયાયે સીધી રીતે જોડાયેલી છે. ૨૦૦૧માં મુખ્ય પ્રધાન બન્યા પછી મોદીની પોતાની પહેલી દિવાળી ભૂકંપગ્રસ્તો સાથે વિતાવીને તેમનાં આંસુ લૂછ્યા હતા. તો આ જ તાલુકાની ધરતી પર ૨૦૦૩માં કચ્છને પાઇપલાઇન મારફત નર્મદાનાં પાણી પહોંચાડીને સૂકા મુલકના માણસની તરસ છીપાવવાના એક ઐતિહાસિક અભિયાનનો આરંભ પણ એમના હાથે થયો હતો.

કચ્છના બન્ની - પચ્છમ કે પ્રાંથળના કોઇ મુસ્લિમ, અનુસૂચિત જાતિ, કોળી કે પારધી પરિવારના સભ્યને સામે પાર પાકિસ્તાનના કોઇ ગામમાં વસતા પોતાના સ્નેહી - બાંધવને મળવા જવું હોય તો પહેલાં ભુજ આવવું પડે, ત્યાંથી જોધપુર અને જોધપુરથી કરાચીની થર એક્સપ્રેસ ટ્રેન પકડવાની. ઓછામાં ઓછા ૨ - ૩ દિવસ લાગે અને મુસાફરી ખર્ચાળ પણ ખરી. અગાઉ એવું નહોતું. માંડવીથી દરિયાઈ માર્ગે સ્ટીમર માત્ર દશ - બાર કલાકમાં કરાચી પહોંચી શકાતું. મુસાફરી પ્રમાણમાં સસ્તી અને સરળ હતી. યુદ્ધ વખતે સ્ટીમર સેવા બંધ થઈ તે આજ સુધી ફરી શરૂ થઇ નહીં.

હિંગલાજ માતાજીનું મંદિર પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આવેલું છે. મકરાનના કાઠે આ યાત્રાધામે ભારતમાંથી હિન્દુ શ્રદ્ધાળુઓ જાય છે. કચ્છમાં પણ એવી કેટલીક જ્ઞાતિઓ છે જેમના કુળદેવી હિંગલાજ માતા છે. તેથી જો કચ્છ માર્ગે પાકિસ્તાન પ્રવેશની છૂટ અપાય તો બહોળી સંખ્યાના યાત્રાળુઓ ત્યાં ઓછા ખર્ચે જઈ શકે.

પ્રેમની સરવાણી લઇ જવાની વાત છેડે ત્યારે બે કોમ જ નહીં બે દેશ વચ્ચે માનવતાનો સેતુ સિંધ (પાકિસ્તાન)માં કથા કરવાની મોરારિબાપુની અદમ્ય ઈચ્છા છે, એ પણ નોંધનીય ઘટના બની શકે.

કચ્છમાં કૂવો ખોદવા કે બોર કરવાનું કામ ચાલે ત્યારે શ્રમજીવીઓ સાથે મળીને પોકારે ‘રામ ભાલો લાગે, પાતાળ પાણી જાગે.’ આ ગાન ગાતાં અનેક દ્રષ્ટાંત આપે અને શ્રમ કરતા જાય. એ જ સરકાર અને પક્ષના પ્રતિનિધિ છે, એટલે જો એ ઈચ્છતા હોય તો આજેય કચ્છ - સિંધ માર્ગ વહેવાર શરૂ કરવાની દિશામાં કેન્દ્રની પહેલ કરાવી શકે છે. કોઈ એમને એમ કરતાં રોકી શકે તેમ નથી. કાશ, સૌને રામ ભાલો લાગે, પાતાળ પાણી જાગે. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

‘નકલી ઇન્જેક્શન...?’ ડો. સાળુંખે ધ્રૂજી ઉઠ્યાં. ડો. શાહે તરત જ નિર્મલને ફરી ઓક્સિજન પર મૂકીને જયમાલાને બધા જ ઇન્જેક્શનો લાવવા કહ્યું. જયમાલાએ રીતસર દોટ મૂકી.

‘આ વાંચો.’ ડો. સાળુંખેએ લખાણ વાંચ્યું.

‘ઓહ માય ગોડ....ઇન્ટ્રાવિનસને બદલે ઇન્ટ્રામસ્ક્યુલર લખ્યું છે. મસલમાં આપવાનું ઇન્જેક્શન વેઇન્સમાં અપાઇ ગયું હોત તો?’ ડો. સાળુંખે નિર્મલને જોતાં બોલ્યા.

‘મારે એ જોવું છે કે હેલ્થ ડિપાર્ટમેન્ટમાંથી આવેલા બધા જ બનાવટી છે.?’

જયમાલા બધાં જ ઇન્જેક્શનો લાવી...ત્રણેય ચેક કરવા માંડ્યાં. થોડી ક્ષણો બાદ ત્રણેય એકબીજા સામે જોતાં ઊભાં હતાં. બધા જ ઇન્જેક્શન નકલી હતા.

‘સર, હવે શું કરીએ....?’ ડો. સાળુંખેએ કહ્યું.

‘આપણી પાસે નિર્મલને ઓક્સિજન પર રાખવાનો આ એક જ માર્ગ છે. હાઇપોક્સિયાની (જેમાં ઓક્સિજન લેવલ સતત ચડ-ઊતર થયા કરતું હોય) સિચ્યુએશન ઇઝ ડેન્જરસ. જયમાલા, તું અહીં જ રહે...લેવલ ચેક કરતી રહે. કંઇ પણ થાય તો મને મોબાઇલ કર.’

વોર્ડમાંથી બહાર નીકળતી વખતે જ એમણે સોલંકીને કોલ લગાડ્યો.

‘જી સર, સામેથી સોલંકીનો અવાજ આવ્યો.

‘સોલંકી, મારી કેબિનમાં આવો.’ એમણે ફોન કટ કર્યો. સોલંકી ડો. શાહની કેબિનમાં ગયો ત્યારે એની સામે ટેબલ પર નકલી તોસિલિઝુમેબ ઇન્જેક્શનોનો ઢગલો પડ્યો હતો અને ડો. શાહ એની સામે પ્રશ્નાર્થ નજરે જોતા હતા. સોલકીને કાંઇ સમજાયું નહીં.

‘શું થયું સર.?’ એણે ડો. સાળુંખે અને પછી ડો. શાહની સામે જોયું.

‘સોલંકી, આ બધાં ઇન્જેક્શનો નકલી છે......એની પરનું લખાણ વાંચો.’

‘ઇન્ટ્રાવિનસની જગ્યાએ ઇન્ટ્રામસ્કયુલર લખ્યું છે ને ફાર્મા કંપનીનું નામ ઝેડિયસ ફાર્માની જગ્યાએ ઝેડેયસ ફાર્મા લખ્યું છે...જેથી વાંચવામાં સિમિલર લાગે.’ ડો. શાહ ગુસ્સામાં હતા. સોલંકીએ ઇન્જેક્શન લઇને વાંચ્યું.

‘સારું થયું કે નિર્મલ પરીખને ઇન્જેક્શન આપતી વખતે સરનું ધ્યાન ગયું નહીંતર...’ ડો. સાળુંખેએ કહ્યું.

‘તો નિર્મલ પરીખે જીવ ગુમાવ્યો હોત...ઇટ્સ એ સિરિયસ ક્રાઇમ.’ ડો. શાહ બોલ્યા.

‘સર, નક્કી આ કૌભાંડ હેલ્થ ડિપાર્ટમેન્ટનું જ છે. આની પાછળ મોટા ચમરબંધીનો બચ્ચો કેમ ની હોય, હું એનો પર્દાફાશ કરીને રે’વાનો....’

‘સોલંકી, પર્દાફાશ કરતા સુધીમાં આપણા કેટલા દરદીઓના જીવ જશે એનું શું. અત્યારે આપણને જેન્યુઅન ઇન્જેક્શનોની તાતી જરૂર છે...’ ડો. શાહે કહ્યું.

‘સર, મને તો એ વાતનું દુઃખ છે કે અત્યાર સુધીમાં આવા નકલી ઇન્જેક્શનોથી આપણા હાથે ન જાણે કેટલાંના મોત થયા હશે...’ ડો. સાળુંખે પસ્તાવા લાગ્યાં.

‘એનો મતલબ એ કે હેલ્થ ડિપાર્મેન્ટે અત્યાર સુધી આપણને બધાં જ નકલી ઇન્જેક્શનો આયપાં છે.?’ સોલંકી બોલ્યો.

‘નહીં, એ લોકોએ ચાલાકીથી મિકસ લોટ આપ્યો જેથી શંકા ન જાય...’ ડો. શાહે કહ્યું.

‘સર, હું અબી હાલ મારું ઓપરેશન તોસિલિઝુમેબ શરૂ કરું છું.’

સોલંકી, નકલી ઇન્જેક્શનોના કૌભાંડનો પર્દાફાશ કરવાનું વિચારતો બહાર નીકળી ગયો. ડો. શાહ નકલી ઇન્જેક્શનથી નિર્દોષ લોકોના થતા મોત વિશે વિચારતા હતા... ડો. સાળુંખેને નિર્મલના જીવની ચિંતા હતી. બંનેનું ધ્યાન બનાવટી ઇન્જેક્શનો પર હતું.

**************

સોલંકીનું દિમાગ ચકરાવે ચડી ગયું હતું. નકલી ઇન્જેક્શનોના કૌભાંડનું મૂળ બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના હેલ્થ ડિપાર્ટમેન્ટમાં હોવાનું એને સમજાઇ ચૂક્યું હતું. હવે આ કૌભાંડના મૂળિયા ઉખેડવાની શરૂઆત ક્યાંથી કરવી એની ગડમથલમાં હતો. એણે મોબાઇલ સ્ક્રોલ કરવાનું શરૂ કર્યું. એ ક્યાંય સુધી મોબાઇલ સ્ક્રોલ કરતો રહ્યો. એની નજર એક નંબર પર અટકી...એણે એ નંબર લગાવ્યો. કાંડા ઘડિયાળમાં જોયું.

**‘સર, અત્યાર સુધીમાં નકલી ઇન્જેક્શનોથી આપણા હાથે ન જાણે કેટલાંના મોત થયાં હશે...’ ડો. સાળુંખે પસ્તાવા લાગ્યાં.**

************

‘અત્યારે અડધી રાતે...?’ બોલીને કિસને ફોન લીધો.

‘બોલો સોલંકી સાહેબ.’

‘મારો અવાજ ઓળખી ગયા...?’ સોલંકી બોલ્યો.

‘તમારો નંબર સેવ કરેલો છે...આપણે અગાઉ વાત પણ થઇ છે, સાહેબ.’

‘હા, મને યાદ છે તમે નિર્મલ પરીખ માટે મને ફોન કરેલો.’

‘હા, શું થયું એને....?’

‘એને કાંઇ નથી થયું. મારે તમારું બીજું એક કામ છે.’

કિસનને લાગ્યું કે પપ્પા હોસ્પિટલમાં ડોક્ટર બનીને ગયા એનો ગુનો નોંધાયો હશે....વાત વધી ગઇ હશે.

‘શું કોઇ ગંભીર બાબત થઇ છે સાહેબ. મને ફોન પર કહી શકો છો તમે...’

‘એમ ફોન પર ની પતે...રૂબરૂ મલવું પડે...’ સોલંકીએ કહ્યું.

‘તો કાલ મળીને વાત કરીએ.’ કિસને કહ્યું.

‘કાલ હવાર હુધી મારાથી રાહ ની જોવાય...અત્યારે જ મલો અને એ પણ તમારા મેડિકલ સ્ટોરમાં....’

કિસન ખરેખર ગભરાયો. અડધી રાતે હેલ્થ ડિપાર્ટમેન્ટનો માણસ મેડિકલ સ્ટોરમાં મળવા માગે છે.

‘તમારા મેડિકલ સ્ટોરનું સરનામું આપો....’ કિસને સરનામું આપ્યું.

‘કોનો ફોન હતો....? શું થયું....?’ કાશ્મીરાએ પૂછ્યું.

‘હમણાં જ મેડિકલ સ્ટોર જવું પડશે....હેલ્થ ઓફિસર આવે છે.’

*************

સોલંકીએ મહાનગરપાલિકાની કારમાંથી કિસનની દુકાનનું બોર્ડ વાંચ્યું: હેલ્થવેલ્થ મેડિકલ સ્ટોર્સ. કિસને દુકાનના પારદર્શક કાચમાંથી કાર પરનું લખાણ વાંચી લીધું: બૃહન્મુંબઇ મહાનગરપાલિકા-ઓન સ્પેશિયલ ડ્યૂટી.

‘કિસન ગજેરા, તમે આ મેડિકલ સ્ટોરના માલિક છો.?’ એણે અંદર પ્રવેશતા રૂઆબદાર અવાજે કહ્યું.

‘હા, મારા નામે લાઈસન્સ છે...મેં ફાર્મસી કરેલું છે...ફાઇલ બતાવું..?’ કિસનના ઢીલા અવાજમાં સોલંકીના આવવાનું કારણ જાણવાની ઉતાવળ હતી. સોલંકીએ કંઇક શોધતો હોય એમ આસપાસ નજર કરી. એણે દુકાનના કાઉન્ટરની પાછળ આંખો ચોળતા ઊભેલા માણસને વિચિત્ર નજરે જોયો.

‘મારો માણસ છે...ડે એન્ડ નાઇટ મેડિકલ સ્ટોર ખુલ્લો રાખીએ છીએ. એની પણ પરમિશન છે સાહેબ.’

‘આપણે ખાનગીમાં વાત કરવી છે’ એણે કહ્યું. કિસનના ધબકારા તેજ થઇ ગયા.

‘અંદર આવો સાહેબ, સ્ટોર રૂમમાં...’

સોલંકીએ ખિસ્સામાંથી ઇન્જેક્શન કાઢીને એને દૂરથી બતાવ્યું.

‘આ ઇન્જેક્શન મળશે....?’ સોલંકી કરડાકીભર્યા અવાજે પૂછ્યું. કિસનનો ચહેરો ફિક્કો પડી ગયો.

‘અમારા મેડિકલ સ્ટોરમાં નથી સાહેબ...’ એણે અચકાતા કહ્યું.

‘રેડ પડહે ને માલ પકડાહે તો બઉ મુશ્કેલી થૈ જવાની એના કરતા સાચું કહી દેની યાર...’

‘ના સાહેબ નથી...સાચું જ કહું છું.’

‘તારા બાપા કેશુકાકાના કસમ ખાયને કેય છે...?’

‘હા, પપ્પાના સમ...મારા સ્ટોરમાં નથી...મેં આ ઇન્જેક્શનો માગ્યા છે, પણ હજી સુધી મળ્યા નથી.’

સોલંકીએ થોડો પોઝ લીધો. ‘અચ્છા એક વાત મને કે....તને મારો નંબર કોણે આયપો તો.?’

‘રસિકભાઈ દવાબજારવાળાએ....’ કિસને કહ્યું.

રસિકભાઈ, દવાબજારનું મોટું માથું...પહોંચેલી માયા....સોલંકી ગાલને જમણી બાજુ સહેજ તાણીને હસ્યો.

‘હવે તું એક કામ કર...રસિકભાઈ પાહેથી આ ઇન્જેકશનો મંગાવ....એને કહે કે બહુ ડિમાન્ડ છે...બ્લેકમાં ફટાફટ વેંચાઇ જવાના...’

‘ના, ના, સાહેબ..તમે આવું બધું કામ મારી પાસે નહીં કરાવો...હું ક્યાંય ફસાવા નથી માગતો.’

‘બેટા, હકીકત તો એ છે કે તું મારું આ કામ ની કરે તો ફસાઇ જવાનો..’ સોલંકીએ કહ્યું.

‘હું કેમ ફસાઇ જવાનો....સમજ્યો નહીં.’

‘હું તારા મેડિકલ સ્ટોર પર ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટની રેડ પડાવીશ ને પછી કહીશ કે નિમર્લની વાઇફે અહીંથી ઇન્જેક્શન ખરીદીને અમને આયપું જે નકલી નીકયળું.’ સોલંકીએ ઇન્જેક્શન બતાવ્યું.

‘સાહેબ, આવું નહીં કરતા.....હું બધા રેકોર્ડ રાખું છું...ચોખ્ખો ધંધો કરું છું....’

‘તો તું હવે વધુ એક ચોખ્ખું કામ કર. આપણે નકલી ઇન્જેક્શનોનું અસલી કૌભાંડ પકડવાનું છે....’ એણે કિસનના ખભા પર હાથ મૂકીને કાનમાં કહ્યું.

***************

કિસનને વિશ્વાસમાં લીધા બાદ સોલંકીએ સીધો બાગ્વેને કોલ લગાડીને કાંડા ઘડિયાળમાં જોયું. બાગ્વેને મોડી રાતે સોલંકીના ફોનથી આશ્ચર્ય થયું.

એણે ફોન કટ કર્યો. સોલંકીએ ફરી લગાડ્યો.....બાગ્વેએ ફરી કટ કર્યો.

બે-ચાર વાર આવું થયા પછી કંટાળીને બાગ્વેએ ફોન લીધો.

‘ક્યા હૈ....? ક્યું બારબાર ફોન કરતા હૈ...?’ બાગ્વે ચીડાયો.

‘ઇન્જેક્શન ચાહિયે...ઇમર્જન્સી હૈ.....’

‘કલ સુબહ ફોન કર કે ઓફિસ આ જાના...ઘર પે ઇન્જેક્શન નહીં રખતા મૈં....’ બાગ્વેએ કહ્યું.

‘સા’બ, ઇમર્જન્સી હૈ....ઇસલિયે રાત કો કોલ લગાયા....’ સોલંકી બોલ્યો.

‘તુમ્હારી ઇમર્જન્સી મેં મૈં ક્યા કર સકતા હું.... કલ ઓફિસ આના દેખેગા...’

‘યે ઇમર્જન્સી અલગ હૈ. આપકો ખતરે કી ઘંટી સૂનાની હૈ....આપ કે મતલબ કી બાત હૈ...અભી મિલના ઝરૂરી હૈ’ સોલંકીએ કહ્યું ને બાગ્વે પથારીમાંથી બેઠો થઇ ગયો.

************

‘સા’બ સચ કહું...ઇન્જેક્શન ચાહિયે ઇસલિયે ખતરે કી ઘંટી કી કહાની બનાઇ....’ બાગ્વેને ગુસ્સો આવ્યો, પણ ખતરો નથી એથી હાશકારો થયો.

‘ઇન્જેક્શન કલ ઓફિસ મેં મિલેગા. ઘર પે નહીં રખતા...’

‘એક-દો ઇન્જેક્શન તો ઘર પે હોગા...’

‘દેખો તુમને ખતરે કી ઘંટી બોલ કે રાત મેરે ઘર કી ઘંટી બજાઇ...નીંદ ખરાબ કી....તુમ જાઓ અભી ઔર મુઝે સોને દો....’

બીજાની ઊંઘ ઉડાડીને તમે આરામથી કેમના સૂઇ શકો સાહેબ એવું બબડીને એણે ખિસ્સામાંથી તોસિલિઝુમેબ ઇન્જેકશન કાઢીને ટેબલ પર મૂક્યું.

‘યે ક્યા હૈ...?’ બાગ્વેએ પૂછ્યું.

‘અરે સા’બ નહીં પહેચાના. ઇન્જેક્શન હૈ.....જો હમારા ડિપાર્ટમેન્ટ સબકો બાંટતા હૈ.’

‘હાં, લેકિન મુઝે ક્યું દિખા રહા હૈ...?’

સોલંકીએ બાગ્વેની તરફ જરા ઝુકીને કહ્યુ: ‘સા’બ, યે ઇન્જેક્શન નકલી હૈ.....’ બાગ્વેનો ચહેરો ઊતરી ગયો. કાપો તો લોહી ન નીકળે એવી હાલત થઇ ગઇ. ઉઘાડો પડી ગયેલો બાગ્વે બચાવનો વિચાર કરવા લાગ્યો...કેમ કે સામે એક ઈમાનદાર માણસ બેઠો હતો. બેઇમાન માણસને કાયમ ઇમાનદાર માણસનો અંદરથી ભય રહેતો હોય છે.

યે હૈ નકલી ઇન્જેક્શન કી અસલી ખતરે કી ઘંટી... આપ કે લિયે.

બાગ્વે કાન બંધ કરવાની હાલતમાં નહતો.

‘દેખ સોલંકી, તું અપના આદમી હૈ...મેરે ડિપાર્મેન્ટ કા હૈ....ઇમાનદાર હૈ....’ એ શબ્દો ગોઠવવા લાગ્યો.

‘સા’બ, ઈસ દુનિયા મેં આદમી કબ તક ઇમાનદાર બન કે જી સકતા હૈ.....?’ સોલંકીએ સૂર બદલી નાખ્યો. બાગ્વને થયું કે પાણીમાં ગલ નાખતાં પહેલાં જ માછલી જાળમાં સપડાઈ ગઇ. સોલંકી પોતાની જમાતનો જ છે....એક નંબરનો ઢોંગી ને બનાવટી ઇમાનદાર નીકળ્યો....એકદમ બનાવટી ઇન્જેક્શનો જેવો. એ મનોમન ખુશ થતાં બોલ્યો: ‘તુ આજ સે હમારી કાર્ટેલ કા સદસ્ય હો ગયા. તેરા ભી ખ્યાલ રખુંગા....બડા પૈસા હૈ...બસ, તુ કિસી સે મત કહેના....’

‘અરે સા’બ, અગર એસા કરના હોતા તો ઇતની રાત મેં યહાં ક્યું આતા....કબ સે આપકા ભાંડા ફોડ ડાલતા....’ એ જરા અટકીને પછી બોલ્યો: ‘આપ બસ મુઝે અભી કા અભી અસલીવાલે ઇન્જેક્શન દે દો. ઔર આગે ભી દેતે રહેના....મૈં અપના મૂંહ બંધ રખુંગા.’ એણે પોતાના હોઠ પર આંગળી મૂકી. (ક્રમશઃ) ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલોમાં નૂતન આવિષ્કાર પ્રગટાવતો શાયર આશિત હૈદરાબાદી



ગુજરાતી ગઝલનું એ સદ્ભાગ્ય છે કે તેની પાસે પોતાના જ કલામ નહીં પણ બીજા શાયરોની રચનાઓ લોકો સુધી પહોંચાડવાનું કામ ખુશી ખુશી કરનારા સર્જકો સમયે સમયે મળ્યા છે. આમાં એક મહત્ત્વનું નામ છે શાયર આશિત હૈદરાબાદી. મૂળ નામ સુરેશચંદ્ર શામજીભાઈ કોટક. એમનો જન્મ ૨૫ માર્ચ, ૧૯૩૭ના રોજ પાકિસ્તાનના સિંધ હૈદરાબાદમાં થયો હતો. શિક્ષણ લીધા પછી તેઓ ભારત સરકારના લઘુઉદ્યોગ સેવા સંસ્થાનમાં સેવાઓ આપી એસિસ્ટન ડાયરેકટરના પદેથી નિવૃત્ત થયા હતા. નિવૃત્તિનું જીવન મુંબઈમાં અને છેલ્લે છેલ્લે રાજકોટમાં વીતાવ્યું હતું.

'આશિત'ભાઈ આમ પરંપરાના શાયર પણ હંમેશાં પ્રયોગલક્ષી રહ્યા. સાતમા દાયકામાં ગઝલ નવા રંગરૂપ ધારણ કરી રહી હતી ત્યારે નવા ઉન્મેષો સાથે ગઝલ - મુક્તક સંગ્રહ 'આવેગ' રાજકોટથી પ્રકાશિત કર્યો હતો. એકશબ્દી રદીફો પરની તેમની ગઝલોમાં નૂતન આવિષ્કાર પ્રકટ થતો જોવા મળે છે. આ પછી ઈ.સ. ૧૯૯૫માં પ્રસિદ્ધ થયેલ 'હવામાં સહી' નામના સંગ્રહમાં ગઝલો, હઝલો, ગીતો અને તઝમીન પ્રકારની રચનાઓ જોવા મળે છે. સર્જનનું અને શિક્ષણનું કામ અવિરત ચાલે છે. ઈ.સ. ૨૦૦૦માં 'નેઈમ પ્લેટ'માં ગઝલો, મુક્તકો, છુટ્ટા શેર, ટ્રિઓ, હાઈકુ, તાન્કા, મોનો ઈમેજ, હઝલો તથા ત્યંગય તઝમીન પ્રકારની કૃતિઓ સમાવેલી છે. ઈ.સ. ૨૦૦૦માં 'પરણવાની સજા દીધી' અને 'છુટ્ટે છુટ્ટા ઘા' (ઈ.સ. ૨૦૦૯)માં વ્યંગ્ય રચનાઓ સંચિત કરવામાં આવી છે.

આપણે અગાઉ નોંધ્યું તેમ ગઝલ - સર્જનની સાથે ગઝલ સંપાદન તેમની મનગમતી પ્રવૃત્તિ રહી છે. 'ગઝલનું નવું ગગન' (૧૯૭૮) તેમણે કરેલું પ્રયોગશીલ ગઝલોનું સહસંપાદન છે. 'ગઝલની આસપાસ (૧૯૮૩) તેમણે અન્ય મિત્રો સાથે રહી લખેલું ગઝલ આસ્વાદનું પુસ્તક છે. ઉર્દૂ અને ગુજરાતી ભાષાના ભાવસામ્ય ધરાવતા શે'રનું પુસ્તક 'અંદાઝે-બયાં' આશિતભાઈએ ઈ.સ. ૨૦૦૦માં પ્રકટ કર્યું હતું. ત્યારબાદ 'વાહ! ક્યા અંદાઝે - બયાં' નામનું બીજું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. 'ઊંધા હાથની' ગુજરાતી ભાષાના પ્રથમ વખત પ્રકાશિત થયેલું હઝલોનું દળદાર સંપાદન છે.

નવોદિત શાયરોને ઈસ્લાહ આપવાનું અને પુસ્તકોના સંપાદન દ્વારા ગઝલજ્ઞાનની ગંગા વહેડાવવાનું મહત્ત્વનું કામ એમણે કર્યું છે. ઊગતા શાયરોને ઉપયોગી થયા તે માટે 'ગઝલ શીખવી છે?' (ઈસ. ૨૦૦૪ નામનું પુસ્તક અને બાવીસ જેટલી ગુજરાતી શાયરીઓની ગઝલોનું સંપાદન 'કાગળમાં નદીઓ ઉતારી' (૨૦૧૦) તેમની પાસેથી પ્રાપ્ત થયું છે 'શ્વાસના સરવાળા' (૧૯૯૭), 'હિન્દુસ્તાની સંગીતમાં ગઝલ ગાયિકી', 'મહેફિલે મજા' એમના અન્ય પુસ્તકો છે. ૨૦૧૨માં 'તોડફોડ' આપે છે અને ૨૦૧૩માં 'મુખવટાના શહેરમાં' આપે છે.

ઈ.સ. ૨૦૧૭માં 'ગઝલની બારાખડી' નામના પુસ્તકમાં નવા અને જૂના બધા સર્જકોને ગઝલની બારીકી અને અંદાઝનો વિશદ ખ્યાલ આપવામાં આવ્યો છે. ગઝલની સ્થિતિ, ગઝલનો ઉગમ, નવોદિતી માટે અગત્યના સૂચનો, લઘુ-ગુરુ અક્ષરોની સમજ, વિવિધ બહેરો, ગઝલના છંદો અને અન્ય પ્રકારો, કાફિયા, પારિભાષિક શબ્દો અને દોષથી કેમ બચવું જેવા વિષયો પર તલસ્પર્શી છણાવટ સાદી ભાષામાં આપવામાં આવી છે.

આશિતભાઈની વિશેષતા એ છે કે એમની પાસે શાયરાના મિજાજ છે, અંદાઝે-બયાંની ઊંડી સમજ છે. મુશાયરામાં સફળ થયા છે. એમણે ઉર્દૂ - અને ગુજરાતી બન્નેમાં ગઝલો લખી છે. એમના કેટલાક સદાબહાર શેરોને માણીએ:

*ના કદી ચિંતા કરી છે શું થશે પરિણામમાં,*
*એક ધબકતી જિન્દગી જોતો રહ્યો છું, જામમાં*

* * *

*ભલે તું હતો એક પથ્થર પરંતુ હતી નેક શ્રદ્ધા*
*તને દેવ માની કરી ખૂબ પૂજા અમે જિંદગી ભર*

* * *

*આમ તો જો કે ઘણાયે હોય છે સાથી સફરમાં*
*ને છતાં પણ કોણ કોને ઓળખે છે આ નગરમાં?*

* * *

*જુદી છે વાત કે બંધન તમે ઊભાં કર્યાં નહિ તો*
*અહીં કુદરત બધાને જિંદગી આઝાદ આપે છે,*
*તમે ઊભી કરે એ દીવાલે કાન માંડો,*
*હવા પણ ગાય છે ગઝલોને વૃક્ષો દાદ આપે છે.*

* * *

*એવાં નસીબ ક્યાં છે સપનું ય સુખનું આવે*
*આંખો હજુ મળી ત્યાં પાછી સવાર આવે*

* * *

*જોયાં છે કેવા કેવા તે સપના જરા જણાવ*
*કાઢી જો હોય સ્વપ્નની ઝેરોક્ષ તો બતાવ*

* * *

*અટવાયો છું, અથડાયો છું, અકડાયો છું,*
*વર્ષો વીત્યાં, હું જ મને ક્યાં સમજાયો છું*

* * *

*પીતો નથી નહિ તો કદી હું સવારમાં*
*આવી ગયા'તા મીર ને ગાલિબ વિચારમાં!*

* * *

*દર્દને આપો ગમે તે નામ પણ,*
*તો ય પીડા ક્યાં કદી બદલાય છે!*

* * *

*રમતનો બધો રંગ પલટી જશે,*
*મને એક પાનું ઊતરવા તો દે.*

* * *

*દીવાલો ય ચુપચાપ જોતી રહે ને,*
*ઘણી વાર ઘરનો ખૂટી જાય માણસ*
*પ્રતીક્ષામાં જીવન વિતાવી દીધું પણ*
*અમારા નસીબે સવારો ન આવી.*

* * *

*હાથમાં આવે ઘણાં યે હાથ પણ*
*બાથ ભીડીને મળે છે કેટલા!*

* * *

*અમે પ્યાર કરતા રહ્યા કંટકોથી*
*ચમનમાં ફરીથી બહારો ન આવી*

* * *

*નજરથી છો મળે નજરો નજર જેવું નથી હોતું*
*ઘણી વેળા દુઆઓમાં અસર જેવું નથી હોતું*

* * *

*દ્વારો એવા ભીડી દીધા*
*કૂંચી એકે કામ ન આવી*

* * *

*કામ ઘણું કપરું છે 'આશિત'*
*બહાર નીકળવું બીબામાંથી!*

* * *

*છે બધે અસ્તિત્વ તો યે તું નજર આવે નહીં*
*એટલે મૂર્તિ બનાવી મંદિરે સ્થાપી દીધો*

* * *

*હું તો લખ્યા કરીશ પરંતુ જવાબમાં*
*મારા જ પત્રના મને કટકા ન મોકલો.* ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# એકાગ્ર ચિત્ત સાથે જીવતા શીખવું કેમ જરૂરી છે...

એક માણસ ઘર નજીકના બગીચામાં ચાલવા ગયો. ત્યાં થોડા સમય માટે ચાલ્યા પછી પોતાના ઘરે ગયો. એ વખતે તેને ખ્યાલ આવ્યો કે તે ઘાસની લોન પર ચાલી રહ્યો હતો ત્યારે તેની કીમતી ઘડિયાળ બગીચામાં ક્યાંક પડી ગઈ છે. તે ઘાંઘોવાંઘો થઈને ફરી બગીચામાં ગયો અને તેણે ઘડિયાળ શોધવા માટે ખૂબ કોશિશ કરી, પણ પેલી ઘડિયાળ મળી નહીં.

એ ઘડિયાળ શોધી રહ્યો હતો એ વખતે ત્યાં કેટલાક છોકરાઓ ધમાલમસ્તી કરી રહ્યા હતા. પેલાને વિચાર આવ્યો કે હું આ છોકરાઓને ઇનામની લાલચ આપું તો તેઓ આખા બગીચામાં ફરી વળશે અને મારી ઘડિયાળ શોધી લાવશે. તેણે છોકરાઓને બોલાવીને કહ્યું કે મારી બહુ મોંઘી ઘડિયાળ અહીં ગાર્ડનમાં ઘાસની લોનમાં ક્યાંક પડી ગઈ છે. જે બાળક મારી ઘડિયાળ શોધી આપશે તેને હું મોટું ઈનામ આપીશ.

બધા બાળકો ઈનામની લાલચમાં ઘડિયાળ શોધવા માટે મચી પડ્યા. પરંતુ કોઈને ઘડિયાળ મળી નહીં. બધા બાળકોએ નિરાશ થઈને કહ્યું કે ઘડિયાળ નથી મળી રહી.

આ દરમિયાન એક છોકરો એક બાજુ શાંતચિત્તે ઊભો હતો. શ્રીમંતને નવાઈ લાગી. તેણે તે છોકરાને પૂછ્યું કે 'તેં ઘડિયાળ શોધવાની કોશિશ ન કરી? તને ઈનામ મેળવવાની લાલચ થતી નથી?'

તે છોકરાએ ગજબના આત્મવિશ્વાસ સાથે કહ્યું, 'હું ઘડિયાળ શોધી આપીશ, પણ આ બધા છોકરાઓને બગીચામાંથી બહાર જવાનું કહો અને તમે પણ અહીંથી જતા રહો. તો હું થોડીવારમાં તમને ઘડિયાળ શોધી આપું.' તે શ્રીમંતને નવાઈ લાગી, પણ એના સહિત બધા બગીચામાંથી બહાર જતા રહ્યા...

થોડીવારમાં જ પેલો છોકરો તે માણસની ઘડિયાળ લઈને બહાર આવ્યો. તે માણસ અચંબો પામી ગયો :

'મેં અને બધાં બાળકોએ કેટલી વાર સુધી ઘડિયાળ શોધી તો પણ અમને ન મળી તો પછી તને કેમ આટલી જલદી આ ઘડિયાળ મળી ગઈ?'

પેલા છોકરાએ કહ્યું : 'એમાં કઈ મોટી વાત નથી. તમે બધા બહાર ગયા એટલે બગીચામાં કોલાહલ શાંત થઈ ગયો. એ પછી હું શાંત વાતાવરણમાં કાન માંડીને ઊભો રહ્યો એટલે ઘડિયાળનો ટીકટીક અવાજ સંભળાયો. મને ખબર પડી કે ઘડિયાળ કઈ જગ્યાએ પડી છે અને બસ, ત્યાંથી એ ઘડિયાળ ઉપાડીને તમારી પાસે આવ્યો.!'




આ વાત વર્ષો અગાઉ ઓશોના કોઈ પુસ્તકમાં વાંચી હતી.

આ વાત દરેક વ્યક્તિએ જીવનમાં ઉતારવા જેવી છે. સતત હાયવોય અને ઉધામા કરતાં હોય એવા લોકોએ તો આ વાત ખાસ જીવનમાં ઉતારવા જેવી છે. મનમાં કે બહાર ક્યાંય પણ અશાંતિ હોય, એકાગ્રતા ન હોય ત્યારે આપણને જે જોઈતું હોય એ આપણે મેળવી નથી શકતા. કશું પણ મેળવવું હોય, જાણવું હોય, શીખવું હોય તો એકાગ્રતા જોઈએ. શાંત અને એકાગ્ર ચિત્તે કશું પણ વિચારીએ તો રસ્તાઓ મળી આવતા હોય છે. એકાગ્રતાની વાત કરતી વખતે સૂફી સંત બાયજીદના જીવનનો એક કિસ્સો યાદ આવે છે.

બાયજીદ યુવાનીમાં તેમના ગુરુ પાસેથી રોજ ઉપદેશ સાંભળતા હતા. આવી રીતે એક વાર તેમના ગુરુ પાસેથી ઉપદેશ સાંભળી રહ્યા હતા ત્યારે અચાનક ગુરુએ કહ્યું: 'બાયજીદ, ત્યાં બારી પાસે પડેલું પુસ્તક લઈ આવ.'

બાયજીદ ગુરુની સામે તાકી રહ્યા.

ગુરુએ ફરી વાર કહ્યું, 'મેં તને બારી પાસે પડેલું પુસ્તક લઈ આવવા કહ્યું એ તેં સાંભળ્યું નહીં?'

બાયજીદ જાણે હોશમાં આવ્યા હોય એ રીતે બોલ્યા: 'કઈ બારીની વાત કરો છો તમે? ક્યાં છે બારી?'

ગુરુ આશ્ચર્યચકિત થઈ ગયા કહ્યું : 'તું વર્ષોથી મારી પાસે આવે છે. આ કમરામાં બેસીને મારી પાસે ઉપદેશ સાંભળે છે છતાં તને એ પણ ખબર નથી કે બારી ક્યાં છે?'



બાયજીદ બોલ્યા: 'મને માફ કરજો. મને ખરેખર ખબર નથી કે બારી ક્યાં છે... હું આ કમરામાં પ્રવેશું એ પછી માત્ર તમને જ જોતો રહું છું. તમારા સિવાય બીજું કશું મારી નજરે ચડતું નથી. હું દરવાજામાં પ્રવેશું પછી માત્ર તમારું અસ્તિત્વ જ મારી નજર સામે હોય છે. મારી નજર બીજે ક્યાંય જતી નથી.'

ગુરુજી થોડી પળો પોતાના અનોખા શિષ્ય સામે જોઈ રહ્યા. એ પછી તેમણે કહ્યું: 'બાયજીદ, તું હવે પાછો જઈ શકે છે. તેં અભ્યાસ પૂરો કરી લીધો છે. તારે હવે કશું શીખવાની જરૂર નથી!'

એ પછી બાયજીદએ બાકીની આખી જિંદગી પોતાના ઘરમાં અને મસ્જિદમાં અલ્લાહની બંદગીમાં એકાગ્ર થઈને વિતાવી. કોઈ તેમને મળવા જાય તો તેઓ ધર્મ વિશે ચર્ચા કરતા. પોતે પ્રાપ્ત કરેલું જ્ઞાન તેમણે યોગ્ય વ્યક્તિઓને વહેંચ્યું. લક્ષ્યની પ્રાપ્તિ માટે એકાગ્રતા જરૂરી છે એવો બોધ બાયજીદ તેમના જીવન થકી આપી ગયા.

ઘણા લોકો કહેતા હોય છે કે અમે સુખ શોધવા માટે બહુ ઉધામા કર્યા, બહુ મથામણ કરી પણ ક્યાંય સુખ મળ્યું નહીં. એ રીતે ક્યાંય સુખ મળે નહીં. માણસે શાંત ચિત્તે - એકાગ્રતા સાથે વિચારવું જોઈએ. આપણી ભીતર પણ કોલાહલ ચાલતો હોય ત્યારે આપણે એકાગ્રતા જાળવી શકતા નથી. એકાગ્રતા જાળવી શકીએ તો જેમ પેલા બાળકને ઘડિયાળનો ટીકટીક અવાજ સંભળાયો હતો કે બાયજીદને જ્ઞાન પ્રાપ્ત થયું હતું એમ આપણને પણ આપણી ભીતરનો અવાજ સંભળાઈ શકે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ચેલેંજ તને જિંદગી... મોતને હાથતાળી

**ટાઈટલ્સ:**
**મરે તો બધાં જ, બહુ ઓછા જીવી જાણે. (છેલવાણી)**

એક માણસને રાત્રે ઝેરી સાપ કરડ્યો ને એને થયું કે ઝેર ચઢવાથી એ મરી જશે તો? એણે પત્નીને કહ્યું, 'ડાર્લિંગ, આપણે સાથે મરી જઇએ તો આપણો પ્રેમ અમર થઇ શકે' અને તરત બિચારી બૈરીને બચકું ભર્યું! પછી બેઉ બેભાન. ઝેર ચઢ્યાને ઘણીવાર થવાથી પતિ તો ઝેર પચાવીને બચી ગયો, પણ પત્નીની સારવારમાં સહેજ ગડબડ થઇ એટલે એ દુઃખિયારી દુનિયા છોડી ગઇ.


'મોતનું સરનામું' કોઇકને નામે હતું ને 'કફનનો કાગળ' કોઇકને ત્યાં જઇ પહોંચ્યો! વળી એ મરનાર સ્ત્રીનું નામ 'અમીરી દેવી' હતું, જેણે પતિ સાથે અમર થઇ જવા દિલની 'અમીરી' દાખવીને જાન આપ્યો. અને ઝેર પચાવી જનાર પતિનું નામ 'શંકર' હતું! વાહ રે દેવાધિદેવા મહાદેવા, રચ્યા તેં યોગાનુયોગ કેવા!

મોટેભાગે પ્રણયત્રિકોણમાં પતિને એની પત્ની જ નડતી હોય છે. પછી પત્નીનો કાંટો દૂર કરવા પતિ આડોઅવળો કે સીધો રસ્તો પણ અપનાવે ને એમાં પ્રેમિકા સાથ આપે. રોમાંસ હોય કે મહારાષ્ટ્ર-બિહારનું રાજકારણ, એમાં જાતજાતના ટ્વિસ્ટ આવે જ રાખે. (ગુજરાતમાં હવે એવી મજા રહી નથી)

ખેર, કર્ણાટકના દેવનહલ્લી શહેરમાં સતીશ, બંશી અને કલ્પનાનો લવ ટ્રાયએંગલનો ટેરિફિક કિસ્સો બન્યો. સતીશ અને બંશી ટિપિકલ મિડલકલાસિયા પતિપત્ની. પછી સતીશ,યોગાનુયોગે યોગાટીચર કલ્પના પાસે આસનો શીખતા શીખતા 'પ્રેમાસન'માં પડી ગયો. 'પ્રાણાયામ' કરતાં કરતાં એકમેકનાં 'પ્રાણ' એકાકાર થવા માંડ્યા. સતીશ કલ્પનાની 'યોગસાધના', ધીમેધીમે 'ભોગસાધના' બનવા માંડી. યોગાનુયોગે, પત્ની બંશીને આ 'સંભોગ સે સમાધિ'ની ખબર પડી. પોતાના પતિ સતીશને છોડી દેવા યોગદેવી કલ્પનાને બંશીએ ખૂબ સમજાવી, પણ પેલી 'હઠયોગી' પ્રેમિકા ના જ માની એટલે પત્ની બંશીએ કલ્પનાને સદાય માટે 'શવાસન'માં પોઢાડી દેવા, કોઇ પ્રાઈવેટ ડિટેક્ટિવને સુપારી આપી.

હવે એ જાસૂસ, કલ્પનાના યોગાક્લાસમાં જોડાયો અને કલ્પના સાથે દોસ્તી વધારી. એ જબરા જાસૂસે, 'હું પ્રોપર્ટી ડીલર છું અને મારી પાસે એક કમાલનો પ્લોટ છે' એવું કહીને એવો પ્લોટ રચ્યો કે યોગગુરુ કલ્પનાની બુદ્ધિ 'શીર્ષાસન'માં જતી રહી અને એ ફસાણી. જાસૂસ કલ્પનાને જંગલમાં લઈ ગયો, ત્યાં એના સાથીઓની મદદથી કલ્પનાનું ગળું રસ્સીથી દબાવીને હત્યા કરી.

કલ્પના લગભગ તરફડી તરફડીને 'શવાસન'માં સરી પડી. જાસૂસ અને સાથીઓ તરત ત્યાંથી ભાગ્યા પણ કલ્પનાએ તો કોઇને 'કલ્પના' પણ ના આવે એવી રીતે 'શ્વાસ રોકવાની ટેક્નિક અજમાવી'ને મરી જવાનો ઢોંગ કરેલો! આખરે હતી તો યોગાચાર્યા જ ને? પછી કલ્પનાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી તો જાસૂસ, સાથીઓ અને સતીશની પત્ની બંશી ઝડપાઇ ગયા. તો હે વાચકો, કલ્પનાની આ ઘટના પરથી બોધ મળે છેઠ 'યોગથી લાંબુ જીવાય તો ખરું જ' પણ 'મોતને પણ લાંબે ધકેલી શકાય!'



**ઇન્ટરવલ:**
**જીવનની મોકળાશની મૃત્યુથી જાણ થઇ**
**ઘર જેટલી વિશાળ કોઇની કબર નથી.**
**(બેફામ)**

એકચ્યુઅલી, મોતમાં જે 'રોમાંસ' ને 'રોમાંચ' છે, એ જીવનમાં યે નથી. હોલિવૂડના નિર્દેશક અભિનેતા વૂડી એલન કહે છે: 'ફોર આર્ટિસ્ટ, ડેથ ઇઝ અ ગૂડ કરિયર મૂવ' અર્થાત્ 'ઘણીવાર મોત, એ કલાકારની કારકિર્દી માટે સારી ચાલ છે!'

કોલ્હાપુરમાં પણ મોત સાથે રીતસર થપ્પો મારીને આવનાર એક મજેદાર કિસ્સો બન્યો હતો.

વૃદ્ધ પાંડુરંગ ઉલ્પેનું હાર્ટએટેકથી મૃત્યુ થયું. અંતિમસંસ્કાર માટે પાંડુજીને એમ્બ્યુલન્સમાં લઈ જવાતા હતા ત્યારે એક ખાડા પર ઍમ્બ્યુલંસ ઊછળી એટલે પાંડુનો પરવારી ગયેલો આત્મા પણ ઉછળી, પલટી મારીને પૃથ્વી પર પરત પ્રગટ થયો! પાંડુજીનાં પગ સળવળ્યા, હાથ હલ્યા... પછી ઘરનાંઓ એમ્બ્યુલન્સને સ્મશાનને બદલે હોસ્પિટલ લઈ ગયા ને ત્યાં ડોક્ટરોએ પાંડુરંગને જીવતો જાહેર કર્યો. પછી સૌ 'પાંડુરંગ-વિઠ્ઠલા..પાંડુરંગ વિઠ્ઠાલા...' એમ મરાઠી ભજન ગાતા ગાતા હસીખુશી ઘરે આવ્યા. કોણ કહે છે કે દેશની નગરપાલિકાઓ રસ્તા ખરાબ બનાવે છે? માણસનો જાન પાછો લાવે એવો ખાડો બનાવવો શું જેવું તેવું પ્રદાન કહેવાય? ખરેખર તો એ રોડના કોન્ટ્રાક્ટરનું ને કોલ્હાપુરનાં કરપ્ટ નગરસેવકનું, સાક્ષાત્ યમરાજના હસ્તે સન્માન થવું જોઇએ!

મોત, ખરેખર માનવીના તનમન સાથે સંતાકૂકડી રમતું હોય છે. યુરોપમાં એક ઇલેક્ટ્રિશિયનની મોટરબાઈક સાથે ટક્કર બાદ ડોક્ટરે મરેલો કહ્યો અને સાત જ કલાક પછી શબઘરના ફ્રીઝરમાં એ હલનચલન કરતો હતો. લોકો દોડી આવ્યા ત્યારે મરેલા ઇલેક્ટ્રિશિયને કહ્યું, 'સાલાઓ, એ.સી. ઓછું કરો, આમાં તો હું ઠુઠવાઇને મરી જઇશ!'

૧૯૫૫માં વિવાદાસ્પદ, તોફાની-તેજાબી જર્મન અમેરિકન લેખક ચાર્લ્સ બુકોવ્સ્કી દિનરાતની શરાબખોરીને લીધે મોતની કગારે કોમામાં હતા. ડૉક્ટરોએ એમને ઓલમોસ્ટ મૃત જાહેર કરેલા પણ પછી સ્હેજ હોશ આવતા જ ડૉક્ટરોએ બુકોવસ્કીને બચાવી લીધા ને પછી એમને ચોખ્ખી ચેતવણી આપી: 'જો હવે તમે એકપણ ટીપું શરાબનું પીશો તો તરત જ મરી જશો!' પણ નટખટ ને નિંભર ચાર્લ્સને હૉસ્પિટલમાંથી જેવી રજા મળી કે ટેક્સી પકડીને પાસેના પીઠામાં ગયા. આખી રાત દારૂ ઢીંચ્યો. બીજા દિવસે ખૂબ ઊલટીઓ થઈ, અંદરની બધી ગંદકી બાહર નીકળી ગઇ. ત્યાર બાદ તો બુકોવ્સ્કીએ પહેલું પુસ્તક પૂરું કર્યું. પછી ખૂબ નામના કે ટીકાઓ કમાઇને 'નોટ્સ ઓફ અ ડર્ટી ઓલ્ડ મેન' જેવું બિંદાસ પુસ્તક લખ્યું, બીજા લગ્ન પણ કર્યાં ને અનેક વરસો પછી છેક ૧૯૯૪માં મર્યા!

એવા જ નશેડી લેખક બુકોવ્સ્કીને આજેય અમેરિકાની કાળીવરવી વાસ્તવિકતા ચીતરનારા લેખક તરીકે અમેરિકન સાહિત્યના ઈતિહાસમાં આદરથી યાદ કરાય છે.

ઈન શોર્ટ, મોતને મસ્ત મીઠું ચુંબન આપી આવનારા ઓર એક રંગીન આત્મા!

**એંડટાઇટલ્સ:**
**આદમ: મર્યા પછી યાદ કરીશ મને?**
**ઈવ : અત્યારથી શેની ખોટી આશાઓ આપે છે?** ■

ટૂંકું ને ટચ

રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

# UPSCમાં પસંદગી માટે ઇન્ટરવ્યૂમાં પાસ થવું જરૂરી કેમ?

ભારતમાં સર્વોચ્ચ પ્રશાસનિક સેવાઓમાં સામેલ થવા માટે UPSC (Union Public Service Commission)ની પરીક્ષા દેશની સૌથી પ્રતિષ્ઠિત અને કઠિન પરીક્ષામાંથી એક છે. ઉમેદવારને પ્રી-પરીક્ષા, મુખ્ય લેખિત પરીક્ષા અને અંતે પર્સનાલિટી ટેસ્ટ એટલે કે ઇન્ટરવ્યૂ પાસ કરવું પડે છે. આમાંથી ઇન્ટરવ્યૂ એક એવી પ્રક્રિયા છે જે ઉમેદવારના સમગ્ર ભવિષ્યને નક્કી કરતી સૌથી નિર્ણાયક સ્ટેજ ગણાય છે અને આ સ્ટેજ સુધી ઘણા ઓછા વિદ્યાર્થીઓ પહોંચે છે. જેમકે, ૨૦૨૫માં ૯૭૯ જેટલી સીટ અવેલેબલ હતી અને પરીક્ષા અપવાવાળાઓની સંખ્યા ૧૪,૧૬૧ જેટલી હતી જેમાંથી ઇન્ટરવ્યૂ માટે માત્ર ૨૭૩૬ વિદ્યાર્થીઓને શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૪માં ૧૩ લાખ ૪૦ હજાર છાત્રોએ પ્રિલિમ્સ આપી હતી જેમાંથી ૧૪,૬૨૭ જેટલા ઉમેદવારો મેસ માટે ક્વોલિફાય થયા હતા.

UPSCનું ઇન્ટરવ્યૂ માત્ર પ્રશ્નોનો જવાબ આપવા માટેનો તબક્કો નથી, પરંતુ તે એક એવી પ્રક્રિયા છે જે ઉમેદવારની પર્સનાલિટી, વિચારોની સ્પષ્ટતા, પ્રેઝન્સ ઓફ માઇન્ડ, લીડરશિપ, કમ્યુનિકેશન સ્કિલ્સ તથા દેશ અને સમાજ પ્રત્યેની સમજણ માપે છે. લેખિત પરીક્ષામાં તમે કેટલું લખી શકો તે દેખાડશો, પરંતુ ઇન્ટરવ્યૂમાં તમે કોણ છો, તમે કેવી રીતે વિચારો છો અને તમે નિર્ણય કેવી રીતે લો છો તે પરીક્ષક તમારા ચહેરા પરથી વાંચે છે.

ઘણાં ઉમેદવારો લેખિતમાં ખૂબ ઊંચા માર્ક્સ મેળવ્યા પછી પણ ઇન્ટરવ્યૂમાં અપેક્ષિત પ્રદર્શન ન કરી શકવાને કારણે પસંદગીથી વંચિત રહી જાય છે. UPSC ઇન્ટરવ્યૂના ૨૭૫ માર્ક્સ ઉમેદવારના અંતિમ મેરિટ રેન્ક નક્કી કરવામાં ખૂબ મહત્ત્વના છે. ઘણી વખત જોવા મળે છે કે ઇન્ટરવ્યૂમાં થોડા વધારે માર્ક્સ મેળવનાર ઉમેદવારની રેન્ક અત્યંત સુધરી જાય છે અને તેને IAS, IPS જેવી ટોચની સર્વિસ મળે છે. એટલે UPSCમાં અંતિમ પસંદગી માટે ઇન્ટરવ્યૂનું યોગદાન સૌથી ઊંચું ગણાય છે.

ઇન્ટરવ્યૂ દરમિયાન પેનલ ઉમેદવારના સ્ટ્રેસ મેનેજમેન્ટ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા, જવાબદારીની સમજણ, માનવતા અને વ્યાવસાયિક નૈતિકતા જેવા જરૂરી ગુણો પરખે છે. એક સારા પ્રશાસક માટે બૌદ્ધિક ક્ષમતાથી વધુ માનસિક સ્થિરતા, આત્મવિશ્વાસ અને નૈતિક મૂલ્યો જરૂરી છે અને આ બધું ઇન્ટરવ્યૂમાં સ્પષ્ટ થાય છે.

અંતમાં કહી શકાય કે UPSCમાં પસંદગી મેળવવા માટે લેખિત પરીક્ષા મહત્ત્વની છે, પરંતુ ઇન્ટરવ્યૂ એ ઉમેદવારના વ્યક્તિત્વનું અંતિમ દર્પણ છે, જેના આધારે તેની વાસ્તવિક ક્ષમતા જાણી શકાય છે. તેથી UPSCમાં સફળતા મેળવવા ઇચ્છુક દરેક ઉમેદવારે પર્સનાલિટી ડેવલપમેન્ટ, કરંટ અફેર્સની સમજણ અને આત્મવિશ્વાસ પર ખાસ ધ્યાન આપવું જોઈએ, કારણ કે અંતે ઇન્ટરવ્યૂ પાસ કરવું જ સર્વિસ મેળવવાનો કી ફેક્ટર છે. ■




# કંઈ વાંધો નહીં, બદલી નાખશું... નવું લેશું!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

રિયાન સ્કૂલેથી પાછો આવ્યો. મમ્મીએ જોયું તો એનાં યુનિફોર્મનું બટન તૂટી ગયું હતું. મમ્મીએ તરત રિયાનને કહ્યું :

'બેટા ચિંતા ના કર આપણે તારા માટે નવું શર્ટ લઈ આવીશું.' એકવાર રમતાં રમતાં એનું બેડમિંટનનું રેકેટ તૂટી ગયું. રિયાને પપ્પાને વાત કરી. તો પપ્પા કહે : 'એક રેકેટમાં શું બહુ મોટી વાત છે. તું તારે આ રેકેટ કચરામાં નાખી દે આપણે તારા માટે નવું નક્કોર રેકેટ લઈ લઈશું...' રિયાન નાનો હતો ત્યારથી એની કોઈ પણ વસ્તુ તૂટે કે બગડે તો સામે નવી વસ્તુ જ આવે. રિયાનનાં ઘરમાં નવી વસ્તુની કોઈ નવાઈ નહોતી. ટીવીનું રીમોટ કંટ્રોલ બગડે કે ટ્યૂબલાઈટ, જૂનાનાં બદલામાં તરત જ નવી વસ્તુ હાજર થઈ જતી.

રિયાન દસ વર્ષનો અને એનાં મમ્મી પપ્પા પાંત્રીસ ચાલીસની વચ્ચે. પૈસે ટકે સુખી પરિવાર. રિયાનનાં મમ્મી- પપ્પા બંને મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરે, ઘરકામમાં થોડું ઓછું ધ્યાન આપી શકે પણ રિયાનને પૂરતો સમય આપે. જરૂર હોય ત્યાં કરકસર કરી જાણે, પણ નાની નાની વાતે વસ્તુઓ રીપેર કરાવવાનો સમય અને આવડત બેમાંથી એકેયમાં નહીં. ટ્યૂબલાઇટ બદલવા ઈલેક્ટ્રિશિયનને બોલાવે, કિચન અને બાથરૂમ સાફ કરવા દર અઠવાડિયે કંપનીમાંથી માણસ આવે, કાર સર્વિસમાં મૂકવાની હોય તો ગેરેજથી માણસ કાર લેવા આવે અને સર્વિસ કરી પાછી પણ મૂકી જાય. એકવાર તો લાકડાનાં કબાટમાં ઊધઈ જેવું લાગ્યું તો એની પર દવા છંટાવવાની જગ્યાએ સીધેસીધું કબાટ જ બદલી નાખ્યું.

આ કદાચ એમની જીવનશૈલીનો જ એક ભાગ જ ગણી લો. ન ગમે એ કોઈને આપી દેવાનું અને કંઈ બગડે તો રીપેરની જગ્યાએ રિપ્લેસ કરાવી દેવાનું.

આધુનિક યુગનાં પારિવારિક જીવનનું એક ઉદાહરણ જ જોઈ લો. કોઈ વાતે બહુ સ્ટ્રેસ નહીં લેવાનો. એકબીજા સાથે મતભેદ થાય તો એકબીજાથી થોડો સમય બ્રેક લઈ લેવાનો, વાત નહીં કરવાની અને મન સારું થાય એટલે પાછા પહેલાંની જેમજ વાત કરવા લાગવાની જાણે કશું બન્યું જ નથી! પહેલાંના સમયમાં લોકો કરકસર કરવા માટે થઈને એકની એક વસ્તુ વર્ષો સુધી વાપરતાં. બોલપેનમાં રીફિલ બદલાવીને વાપરતાં, ખોંચ આવેલી સાડીને રફૂ કરાવતાં, બગડેલો રેડિયો અનેકવાર ટેકનિશિયન પાસે રિપેર થવા જતો, સાઈકલની ચેઈન ઊતરી જાય તો સૌથી પહેલાં જાતે ચડાવવાનો પ્રયત્ન કરવામાં આવતો, એમાં ઓઈલ નાખીને ચલાવવામાં આવતી, ગાડી બગડે તો સર્વિસ સ્ટેશન એટલા તો દૂર હોય કે જાતે મિકેનિક પણ બની જવાતું.

ટૂંકમાં, ટ્યૂબલાઇટ બદલવી, કબાટ, બારી બારણાં, હીંચકો, માળીકામ, ઈસ્ત્રી, સિલાઈકામ, નોટો ચોપડીઓને પૂંઠા ચડાવવા, પુસ્તકો સાંધવા, દીવાની વાટ બનાવવી અને આવાં બીજાં કેટલાં બધાં કામ ઘેરબેઠા આપમેળે જ થઈ જતાં. અને પાછા આ દરેક કામમાં ઘરનાં બધાં સભ્યો સહભાગી બનતાં. હા, એ સમય અને અત્યારનો સમય જૂદા છે, જેની કોઈ તુલના ન કરી શકાય. આમ છતાં, સમયનાં અભાવે કે પછી અણઆવડતનાં કારણે વસ્તુઓ બદલી નાખવી એ થોડું ખટકતું લાગે છે. જૂની વસ્તુઓની સંગ્રહખોરી નકામી એમ નવી રીપેર ના કરાવી સીધી રિપ્લેસ કરવી એ વાત બહુ ગળે નથી ઊતરતી. જોકે રિપ્લેસ કરવાની માનસિકતા પાછળ ઘણા પરિબળો જવાબદાર હોઈ શકે, જેમકે ઉછેર, આળસ, અનુભવ, આવડત, કાર્યક્ષમતા, કાર્યકુશળતા, સમય, જવાબદારી, સગવડ, ધીરજ, સહનશીલતા, આર્થિક પરિસ્થિતિ વગેરે, વગેરે...

આમ તો 'યુઝ એન્ડ થ્રો'ના જમાનામાં રિપેરિંગને જૂનવાણી માનવામાં આવે છે. અને રિપેરિંગ કે રિપ્લેસમેન્ટ ફક્ત વસ્તુઓ સુધી સીમિત ના રહેતાં હવેનાં સંબંધોમાં પણ પ્રવેશી ચૂક્યું છે : ના ફાવ્યું? છૂટા પડો ના ગમ્યું બદલી નાખો ના સહેવાયું? બોલી નાખો. સંબંધો પણ, રિપેર નહીં કરવાનાં બદલી નાખવાનાં!

આવી મનોદશાના સમયમાં **બોલો, તમે શું કહો છો?** ■

## ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી feedback@bombaysamachar.com

# મોઢેરાનું સૂર્યમંદિર

## જ્યાં સૂર્ય, શિલ્પ ને સંસ્કૃતિ એકસાથે ઉજાસ પાથરે છે



સૂર્ય માનવ જીવનનો મૂળ સ્રોત. તેનાં પહેલાં કિરણ સાથે દિવસ શરૂ થાય છે અને હજારો વર્ષોથી માનવીએ તેને દેવરૂપે વંદન કર્યું છે. આ સૂર્યપૂજાની પરંપરાનું શાશ્વત પ્રતિબિંબ છે ગુજરાતના હૃદયમાં સ્થિત મોઢેરાનું સૂર્યમંદિર એક એવું સ્થળ જ્યાં કલા, આધ્યાત્મ અને વિજ્ઞાન એકબીજામાં વિલીન થઈ જાય છે.

### ઈતિહાસની ઝાંખીઃ સમયના પડછાયામાં ઊભેલું મંદિર

ઈસવીસન ૧૦૨૬ના આસપાસ સોલંકી વંશના પ્રતિષ્ઠિત રાજા ભીમદેવ પ્રથમ દ્વારા પુષ્પાવતી નદીના કાંઠે આ ભવ્ય મંદિરનું નિર્માણ કરાયું હતું. ભારતના ત્રણ પ્રાચીન સૂર્યમંદિરોમાં મોઢેરાનું મંદિર એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કાશ્મીરનું માર્તંડ અને ઓડિસાનું કોણાર્ક તેની સાથે સમયની સાક્ષી બને છે.

કહેવાય છે કે આ મંદિર માત્ર ઉપાસનાનું કેન્દ્ર નહીં, પરંતુ મોહમ્મદ ગઝનવીના આક્રમણ દરમિયાન શહીદ થયેલા વીરજનોને અર્પિત વિરાંજલિ પણ હતું. આ વિચાર માત્ર મંદિરને નહીં, પરંતુ તેની દીવાલોમાં વણાયેલી લાગણીઓને પણ ઊંડાઈ આપે છે.

### સ્થાપત્યનો ચમત્કારઃ જ્યાં વિજ્ઞાન પણ નમન કરે

મારુ-ગુર્જર (નાગર શૈલી)માં નિર્મિત મોઢેરાનું સૂર્યમંદિર સ્થાપત્યની દૃષ્ટિએ અદ્‌ભુત છે. ઊંચા જગતિ પર ઊભેલું મંદિર ત્રણ મુખ્ય ભાગોમાં વિભાજિત છે ગર્ભગૃહ, સભામંડપ અને સૂર્યકુંડ.

મંદિર પૂર્વાભિમુખ છે અને એવી વૈજ્ઞાનિક ચોકસાઈથી રચાયું છે કે વર્ષના સમવિષુવ દિવસો તથા સૌથી લાંબા દિવસે સૂર્યકિરણો સીધા ગર્ભગૃહ સુધી પહોંચે છે. મધ્યાહ્ન સમયે મંદિરનો પડછાયો જમીન પર ન પડવોઆજ પણ વૈજ્ઞાનિકોને અચરજમાં મૂકે છે.

### શિલ્પોમાં વસતી કહાનીઓ

ગર્ભગૃહના બાર સ્તંભો બાર મહિનાનું પ્રતિક છે. દરેક સ્તંભ પર જીવનના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ અદ્‌ભુત શિલ્પોમાં વ્યક્ત થયા છે.

સભામંડપમાં આવેલા બાવન સ્તંભો પર રામાયણ અને મહાભારતના દૃશ્યો જીવંત બની જાય છે. પથ્થરમાં ઉકેલાયેલી આ કથાઓ જોઈને એવું લાગે કે શિલ્પકારોએ પથ્થરને પણ શ્વાસ લેતો બનાવી દીધો હોય.

ચારેય દિશામાં પ્રવેશદ્વાર ધરાવતો રંગમંડપ આજે પણ શાસ્ત્રીય નૃત્યમંચ જેવો અનુભવ કરાવે છે કારણ કે ભારતના અનેક શાસ્ત્રીય નૃત્યોની શરૂઆત મંદિરોમાંથી જ થઈ હતી.

### સૂર્યકુંડઃ શાંતિનું શિલ્પ

મંદિર સામે આવેલો વિશાળ સૂર્યકુંડ માત્ર એક જળસંચય નથી, પરંતુ સ્થાપત્યની કાવ્યાત્મક અભિવ્યક્તિ છે. ચારે બાજુથી ઉતરતા પગથિયાં, આસપાસ આવેલાં ૧૦૮ નાનાં મંદિરો અને તેની સમમિત રચના અહીં થોડીવાર ઊભા રહી શાંતિ અનુભવવાની મજબૂર કરી દે છે.

લોકવાયકા મુજબ, રાવણવધ પછી શ્રીરામે અહીં આત્મશુદ્ધિ માટે સ્નાન કર્યું હતું જે આ સ્થળને વધુ પવિત્ર બનાવે છે.

### આજનું મોઢેરાઃ વારસો અને નવી ઊર્જા

આજે મોઢેરા માત્ર ભૂતકાળમાં જીવતું નથી. તે ભારતનું પ્રથમ ૧૦૦% સૌર ઊર્જાથી સંચાલિત ગામ બનીને ભવિષ્ય તરફ પણ પ્રકાશ ફેંકે છે. ભલે મંદિરમાં હવે પૂજા થતી નથી, પરંતુ તે ભારતીય પુરાતત્ત્વ વિભાગ હેઠળ સંરક્ષિત રાષ્ટ્રીય ધરોહર તરીકે તેની ગૌરવભરી ઓળખ જાળવી રાખે છે.

દર વર્ષે ઉત્તરાયણ પછી યોજાતો ઉત્તરાર્ધ મહોત્સવ મંદિરને ફરી જીવંત કરી દે છે. શાસ્ત્રીય નૃત્યો, સંગીત અને રાત્રે યોજાતો લાઈટ એન્ડ સાઉન્ડ શો મોઢેરાને એક સાંસ્કૃતિક ઉત્સવમાં ફેરવી દે છે.

### જવાબદાર પ્રવાસીની ભૂમિકા

મંદિર નજીકનો સુંદર ગાર્ડન, લીલીછમ લોન અને ખુલ્લી જગ્યા પરિવાર સાથે સમય પસાર કરવા માટે આદર્શ છે. પરંતુ આ સૌંદર્ય જાળવવાનું જવાબદારી આપણાં હાથમાં છે. કચરો ન ફેંકવો, દીવાલો પર ન લખવું અને આપણા વારસાનું સન્માન કરવું એ સાચી યાત્રાનું લક્ષણ છે.

મોઢેરાનું સૂર્યમંદિર માત્ર એક પ્રવાસ સ્થળ નથી તે સમય, સંસ્કૃતિ અને માનવીય કલ્પનાશક્તિનું જીવંત પ્રદર્શન છે. અહીં એક વાર આવશો, તો સૂર્યની કિરણો સાથે તમારી સ્મૃતિઓ પણ હંમેશ માટે પ્રકાશિત થઈ જશે. ■

## ટેક વ્યૂહ

વિરલ રાઠોડ feedback@bombaysamachar.com

# ખોવાયેલી વસ્તુ શોધી આપતું યંત્રઃ ટેગ ટ્રેકર



વારંવાર મહત્ત્વની વસ્તુ ખોવાતી અટકશે... આ ટ્રેકિંગ ડિવાઈસથી બીજા કયા કયા ફાયદા થશે?

સિમકાર્ડ પછી મેમરી કાર્ડ, પેન ડ્રાઈવ અને પછી પોર્ટેબલ હાર્ડડ્રાઈવ... આ તમામ ડિવાઈસનું કામ ડિજિટલ ડેટાને કોઈ પણ સ્વરૂપે સાચવવાનું છે. ઘણીવાર કિ-ચેન વગરની ચાવી ક્યાંક મુકાય જાય તો ક્યારેક ઈયરપોડ ક્યાંક રખાય જાય... આમ નાની પણ મહત્ત્વની વસ્તુઓ ક્યાં રાખવી એ તો ખબર પડે, પણ અચાનક ક્યાંક મુકાય જાય ત્યારે શોધવામાં ઘણો સમય જાય. પછી આ કામ રણમાંથી સોઈ શોધવા જેવું થઈ પડે. આવું ન થાય એ માટે 'ટ્રેગ ટ્રેકર' નામનું ડિવાઈસ કામ કરે છે.

હવે આ શું છે એ થોડું ફિલ્મના એક સિનના માધ્યમથી સમજીએ. ફિલ્મ 'ઉરી'ના એક સીનમાં બતાવવામાં આવે છે કે વિક્કી કૌશલનાં મમ્મી અલ્ઝાઈમરને કારણે ઘરમાંથી ક્યાંક જતાં રહે છે. એ સમયે યામી એમ કહે કે, 'એ ક્યાંય નહીં જાય અને જ્યાં પણ જશે ત્યાંથી ટ્રેક થશે. એમની સાડીમાં જીપીએસ ટ્રેકર છે....' આમ, ગુમાવેલી કે ન શોધાતી વસ્તુનો 'પીછો' કરવાનું કામ કરે છે ટેગ ટ્રેકર.

અત્યાર સુધી એપલ કંપનીના ટેગ ટ્રેકર જાણીતા હતા, પણ હવે એન્ડ્રોઈડ પણ આ દિશામાં અપગ્રેડ થતા એના ટેગ ટ્રેકર કામ કરી રહ્યા છે. એપલ, ગૂગલ જેવી કંપનીઓ 'ફાઈન્ડ માય ડિવાઈસ' જેવી સગવડ આપે છે. એની મદદથી સ્માર્ટફોન ક્યા છે એની ખબર પડે છે. આ ડિવાઈસને પછી મેપ પર જોઈ શકાય છે.

હવે આ જ અભિગમને વધુ વિકસાવીને ટેગ ટ્રેકર બનાવવામાં આવ્યું છે. સરળતાથી જે વસ્તુ ઈન્ટરનેટ સાથે કનેક્ટ ન હોય એને કનેક્ટ કરવા અને પછી ટ્રેક કરવા માટે વપરાય છે ટેગ ટ્રેકર, જેને જે તે સ્માર્ટ ફોન ડિવાઈસથી જોઈ શકાય છે. એક રૂપિયાના સિક્કા જેટલું કદ પણ કામ વિરાટ આકાશ જેવડું. આ ડિવાઈસમાં હોય છે સર્કિટ, ચીપ, સેન્સર, બેટરી, નીયર ફિલ્ડ કોમ્યુનિકેશન જેવી હાઈટેક ડિવાઈસ ટેક્નોલોજી.

એપલ કંપનીએ જ્યારે નવા સ્માર્ટ ફોન લોંચ કર્યા એ સમયે કેટલાક આવા ટેગ પણ માર્કેટમાં મૂક્યા હતા, જે અમેરિકાની બજારમાં સારી રીતે વેચાયા. એપલના એરટેગ જીપીએસથી ટેગ થઇ શકે એવા આવતા હતા.

નાનાં બાળકો પણ વોચની જેમ પહેરી શકે એવા આવતા. ખાસ કરીને કોઇ પાળીતા પશુ ખોવાઈ ન જાય એ માટે એનો વ્યાપક ઉપયોગ થતો. એ પછી સેમસંગ, ગૂગલ જેવી કંપનીએ આવા સ્માર્ટ ટેગ તૈયાર કર્યા. ખાસ કરીને લાઈટિંગ ડાયોડ આપીને અંધારામાં કોઈ પશુને ઓળખી શકાય એ માટે વિશેષ સગવડ આપી.

છેલ્લે છેલ્લે જીઓ કંપનીએ પણ પોતાના ટેગ શરૂ કર્યા. ટેકની કંપની ભલે અલગ અલગ હોય પણ કામ એક સરખું જ હોય છે. તફાવત માત્ર કદ અને ફીચર્સનો હોય છે. સૌથી મોટી અને ખાસ વાત એ હોય છે કે, એમાં આઈફોન કે એન્ડ્રોઈડ સાથે તે સરળતાથી કનેક્ટ થઈ જાય છે અને કામ કરી આપે છે. આવા ટેગની બેટરી લાંબા સમય સુધી ચાલે છે. ઘણા ટેગ એવા હોય છે એની બેટરી સરળતાથી બદલી શકાય છે. આવા ટેગને પહેલા ફોન સાથે કનેક્ટ કરવામાં આવે છે. પછી એ ટેગ બ્લુટુથની રેંજમાં હોય તો ફોનની મદદથી ટેગમાં સાઉન્ડ પ્લે કરી શકાય કે એને વાયબ્રેટ કરી શકાય, જેથી એના અવાજથી ખબર પડે કે, વસ્તુ ક્યાં પડી છે. હવે ટેગ બ્લુટુથની રેન્જની બહાર હશે તો ચોક્કસ સમય બાદ આ સિગ્નલ રીલે થશે અને ટેગમાં ઝીલાશે. આ તમામ પ્રક્રિયા સર્વરમાંથી કંટ્રોલ થાય છે. હવે જ્યારે ફાઈન્ડ માય ડીવાઈસને ઓપન કરવામાં આવે છે એ સમયે નિશ્ચિત ટેગ પસંદ કરી લીધા બાદ સર્વરમાં એ ટેગનો ડેટા રીલોડ થાય છે. પછી એનું લોકેશન એ સ્ક્રીન પર દેખાય છે.

ટેગ એક પર્સનલ ડિવાઈસ છે એટલે બીજા કોઈ વાપરી ન શકે, કારણ કે આ ટેગ આપણા ફોન સાથે કનેક્ટેડ હોય છે. એક જ પરિવારની વ્યક્તિ આનો સરળતાથી ઉપયોગ કરી શકે. હવે આવો ટેગ જ ખોવાઈ જાય ત્યારે શું?

એપલમાં આ માટે એક વિકલ્પ હોય છે એનું નામ છે ' લોસ્ટ એરટેગ' એ પછી શો કોન્ટેટ ઈન્ફો પછી એ ટેગની વિગતને ચેક કરી શકીએ. જે તે વ્યક્તિ ક્યાં છે અને કેટલા દૂર છે ત્યાં સુધી પહોંચી શકાય છે. ટેગ ક્લેક્ટ કરી શકાય.

હવે લોચો એ છે કે, ટેગમાં જ ડિસેબલ ઓપ્શન હોય છે એ ઓન થઈ ગયું તો વાર્તા ખતમ. ન મળે. ન લોકેટ થાય. હવે માની લો કે, એક બેગમાં આ ટેગ મૂક્યો છે અને તમે કોઈ રેસ્ટોરાંમાં જમવા ગયા ત્યાં આ બેગ ભૂલાઈ ગઈ તો? 'નોટિફાઈડ વેન લેફ્ટ બિહાઈન્ડ' નામનો વિકલ્પ આ માટે મદદરૂપ થાય છે. હવે મોબાઈલ ભૂલી જાવ તો તો સર્વત્ર કલ્યાણ! આટલું જાણ્યા બાદ સ્વાભાવિક પ્રશ્ન થાય કે પછી પ્રાયવસીનું શું? એક લાઈનનો જવાબ એ છે કે, આ ટ્રેકર છે કોઈ ટ્રાંસમીટર નથી. ટ્રાંસમીટર માત્ર લોકેશન અને સેન્સરનો ડેટા થાય છે. કોઈ વ્યક્તિની ફોન સુધીની વાતચીત કે ડિજિટલ મીડિયા નહીં.

આ ઉપરાંત ટેગમાં પણ ડિસેબલનો ઓપ્શન આવે છે, ડિસકનેક્ટનો પણ વિકલ્પ આવે છે. જસ્ટ જાણી લો કે, કોઈ પણ ડિવાઈસમાં મેપ સર્વિસ હવેથી ડાયરેક્ટ જીપીએસ સેટેલાઈટ પર કામ કરે છે, જેમાં ઓટો ઓપ્શન ઓન હોય તો સાંજે સૂર્યાસ્ત થયા બાદ મેપ ઓટોમેટિક રંગ બદલી જશે અને નાઈટમોડ ઓન થઈ જશે.

હા, કોઈ ગમતું રેસ્ટોરાં કે હોટેલ સેવ કરેલા હશે તો એ નજીક આવતા જ નોટિફિકેશન પણ મોકલશે. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

**'ઈન્સ્ટાગ્રામ'માં વીડિયો અપલોડ કરતા હો તો વધુ પડતા હેશટેગ ન નાખશો. એ ટ્રાફિક કે વ્યૂઅર આપવાના બદલે સેન્સેટિવ કેટેગરીમાં સર્વર મૂકી દેશે.**

## મનોરંજન

નિધિ ભટ્ટ feedback@bombaysamachar.com

## ફરી ફરીને જોવાનું મન થાય એવું સ-રસ ને સહજ પ્રહસન એટલે

# સખણા રહેજો હસબન્ડ-જી



મળવું અને છૂટા પડવું એ જીવનનો ક્રમ છે, પણ છુટા પડી અને ફરી મળવું એ દરેકનાં કિસ્મતમાં નથી લખાયેલું હોતું પણ આ ફરી મળવાની ઘટના જીવનનો ટર્નિંગ પોઇન્ટ સાબિત ન થઈને ડેંજર ઝોન બને ત્યારે વ્યક્તિની શું હાલત થાય એટલે 'સખણા રહેજો હસબન્ડ-જી.'

શ્રી એમ ડી પ્રોડક્શન - નીલેશ દવે દ્વારા આ નાટકનું નિર્માણ થયું છે અને સાહેબ કૌસ્તુભ ત્રિવેદીની પ્રસ્તુતિ છે એટલે લાઈટ મ્યુઝિક કોસ્ચ્યુમ સેટ કોઈ જ ડિપાર્ટમેન્ટમાં કોઈ જ કચાશ ન હોય એ સ્વાભાવિક છે.

એવી જ રીતે ઈમ્તિયાઝ પટેલનું લખાણ છે એટલે એમાં એક સરસ વાર્તા છે અને સાથે ફિરોઝ ભગતના દિગ્દર્શનના કારણે પરાણે હસાવતી કોમેડી નથી પણ સિચ્યુએશનલ કોમેડી છે જે કલાકારોના અભિનયના કારણે વધારે ખીલી ઊઠે છે.

નાટકની વાર્તાની વાત કરીએ તો રશ્મિકાંત મજેઠીયા (યોગેશ ઉપાધ્યાય) દીકરા સિદ્ધાંત મજેઠીયા (સમીર શાહ) અને વહુ નિયતિ મજેઠીયા (રાજકમલ દેશપાંડે) તથા પૌત્ર રાહુલ મજેઠીયા (મીત જોશી) સાથે સરસ મજાની લાઇફ જીવી રહ્યા છે.

સિદ્ધાંત મજેઠીયા જેવો ગુણવાન દીકરો મેળવીને રશ્મિકાંત મજેઠીયા પોતાની જાતને ખૂબ ભાગ્યશાળી માને છે, પણ આ લોકોની લાઇફમાં ધરતીકંપ ત્યારે આવે છે જ્યારે નિયતિની ફ્રેન્ડ સ્નેહા રૂપારેલીયા (લીના શાહ) નામની ફોરેન રિટર્ન વ્યક્તિ પ્રવેશે છે. કોણ છે આ સ્નેહા?

શું કામ આવી છે અહીંયા? અને ખામી કહો કે ખૂબી પણ આ સ્નેહા માત્ર નિયતિ સાથે જ નહીં પણ ઘરની બાકીની ત્રણે વ્યક્તિઓ સાથે પણ જોડાયેલી છે. પણ કઈ રીતે?

એના આવ્યાં પછી કઈ કઈ ઘટના બને છે અને કેવી કેવી ગેરસમજણ અને ગોટાળા ઊભા થાય છે એ અહીં વાંચવા કરતાં નજરો નજર જોવાની વધારે મજા છે.

અભિનયની વાત કરીએ તો નાટક દરમિયાન સિદ્ધાંતના પાત્રની જે હાલત થાય છે અને દરેક સિચ્યુએશનમાં એ કઈ રીતે પોતાની જાતને બચાવીને ખરા અર્થમાં બેસ્ટ હસબન્ડ, બેસ્ટ ફાધર અને બેસ્ટ દીકરો સાબિત કરે છે એ જોવાની તમને મજા પડી જશે. એવી જ રીતે સ્નેહાના પાત્રમાં લીના શાહનો સહજ અભિનય અને એની સ્ટાઈલાઇઝ પર્સનાલિટી જોઈને તમને લાગશે કે ખરેખર એ ફોરેન રિટર્ન વ્યક્તિ છે. આ બંને પાત્રો ખરા અર્થમાં એકબીજાને ટક્કર આપે છે તો સાથે રશ્મિકાંતના પાત્રમાં યોગેશ ઉપાધ્યાય ગંભીર અભિનય સાથે પોતાના પાત્રને પૂરતો ન્યાય આપે છે. સમજદાર પત્ની નિયતિના પાત્રમાં રાજકમલ દેશપાંડે ચીંધ્યું કામ કરી જાય છે અને રાહુલના પાત્રમાં નવોદિત કલાકાર મીત જોશી બધા જ સક્ષમ કલાકારોની સરખામણીમાં સારો સાથ નિભાવે છે.

એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર્સ મેહુલ જોશી અને નિલેશ પટેલનું આ છઠ્ઠું નાટક છે જે ટિકિટ બારીના પ્રેક્ષકોમાં અને તમામ સંસ્થાઓમાં વખણાયું છે.

ટૂંકમાં 'સખણા રહેજો હસબન્ડ-જી' બહુ જ સેન્સિબલ અને આજના gen z જનરેશનને સમજાય અને ગમે એવું મસ્ત મજાનું મનોરંજન કરાવતું પારિવારિક કોમેડી નાટક છે જે બધાએ એક વાર તો જોવું જ રહ્યું. ■

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# રોલ ન હોવા છતાં રિહર્સલમાં હાજર રહેવાનો ફાયદો સમજાયો

હું જૂની રંગભૂમિ સાથે જોડાઈ ત્યારે કામ કરવાની પદ્ધતિ અલગ હતી. હું તો ખાડાની રંગભૂમિમાંથી આવી હતી અને વ્યવસ્થિત આયોજન, પદ્ધતિસરની તાલીમનો મહાવરો મને ઓછો હતો. જોકે, નાટક કંપનીમાં જોડાયા પછી મને એક વાતનો ખ્યાલ આવ્યો કે અહીં તંત્ર વ્યવસ્થિત છે, પણ અમુક નાટકો તો હું આગાઉ ભજવી ચૂકી હતી એ ફરીથી, વધુ પોલિશ થઈ ભજવાતા હતા. ક્યારેક એવું પણ લાગતું કે ખાડાના નાટકની દુનિયા વધુ સક્ષમ અને સારી હતી. જોકે, નવી શૈલીમાં શીખવા પણ ઘણું મળતું હતું અને એ બાબત મારા સહિત અનેક કલાકારના વિકાસમાં મહત્ત્વની સાબિત થઈ હતી.

થિયેટરમાં મારી એન્ટ્રી થઈ ત્યારે ‘સમ્રાટ ચંદ્રગુપ્ત’ નાટક ભજવવાની તૈયારી ચાલુ હતી. એ સમયમાં રાષ્ટ્રભાવના ધરાવતા નાટકો લોકપ્રિય થતા હતા. આ નાટકને પણ ઘણો આવકાર મળ્યો હતો. જોકે, કેટલાક લોકોની દલીલ હતી કે નાટકમાં ચંદ્રગુપ્તની સાથોસાથ તેમના ગુરુ ચાણક્યને પણ ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું હોવાથી નાટકનો નાયક ચંદ્રગુપ્ત કે ચાણક્ય એ સવાલ ચર્ચાઈ રહ્યો હતો. જોકે, અનેક લોકોનો મત એવો પડ્યો હતો કે કાર્યક્ષેત્ર છોડીને તપસ્યા માટે જતા રહેલા ચાણક્ય નહીં, ચંદ્રગુપ્ત જ નાટકના નાયક હતા. રાષ્ટ્રભાવના પ્રજ્વલિત કરવામાં પણ આ નાટકે મોટો અને મહત્ત્વનો ભાગ ભજવ્યો એ હકીકત છે.

‘સમ્રાટ ચંદ્રગુપ્ત’ના રિહર્સલમાં મારા સહિત અનેક નવા કલાકારોએ હાજરી આપવી ફરજીયાત હતું. અમને સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું કે ‘નાટકમાં તમે પાત્ર ન ભજવતા હો તો પણ તાલીમ દરમિયાન હાજર રહેવાનું. શોના દિવસે પણ આવવાનું અને ફર્સ્ટ બેલ થાય એટલે નીકળી જવાનું. કંપનીનો આ શિરસ્તો છે.’ નાટ્ય કંપનીના આ નિયમને અનુસર્યા વિના છૂટકો જ નહોતો.

સાચું કહું છું કે એ સમયે આ વાત મને વિચિત્ર લાગી હતી. મારો કોઈ રોલ નથી એવા નાટકના રિહર્સલ જોવાથી શું ફાયદો થાય એ મારી સમજ બહાર હતું. જોકે, આદેશના પાલન અનુસાર હું સમયસર રિહર્સલ વખતે પહોંચી જતી. એક દિવસ ‘સમ્રાટ ચંદ્રગુપ્ત’ની અભિનેત્રી અચાનક બીમાર પડતા એ નાટકમાં કામ નહીં કરી શકે એવી પરિસ્થિતિ ઊભી થઈ. અચાનક મને કહેવામાં આવ્યું કે ‘મહેશ્વરી, તારે આ રોલ કરવાનો છે.’ નાટક ઓપન થવાને પાંચ જ દિવસની વાર હતી. હું થોડી મૂંઝાઈ, પણ હિંમત કરી રિહર્સલ કરવા લાગી. જોકે, બહુ વાંધો ન આવ્યો. મને પોતાને સુધ્ધાં નવાઈ લાગી કે પાંચ દિવસમાં હું તૈયાર થઈ ગઈ અને સફળાતપૂર્વક શો કરી શકી. શો પત્યા પછી મને ખ્યાલ આવ્યો કે નાટકના રિહર્સલમાં નિયમિત હાજરી આપતી હતી એટલે અનેક સંવાદ મને મોઢે થઈ ગયા હતા અને અમુક મુવમેન્ટનો પણ અંદાજ હતો. એના કારણે મને ભૂમિકા આત્મસાત કરવામાં ઘણી આસાની રહી હતી. આકરો લાગેલો કંપનીનો નિયમ મારા માટે લાભદાયી સાબિત થયો હતો.

રંગભૂમિના વિકાસમાં લેખકનું મહત્ત્વ કેટલું વિશાળ હોય છે એ મેં અનેક વખત અનુભવ્યું છે. નાટ્ય લેખક એની આસપાસની દુનિયામાં, સમાજમાં અથવા અંગત વર્તુળમાં બનતી ઘટનાઓથી પ્રેરાઈને ઘણીવાર નાટક લખાતું હોય છે. ભારત બ્રિટિશ શાસન હેઠળ ગુલામીમાં હતું એ સમયની વાત છે. વીસમી સદીના પ્રારંભમાં,૧૯૧૫માં



ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા હતા. ભારતવાસીઓને સ્વાતંત્ર્ય માટે પ્રેરણા આપી હતી. એ પ્રેરણાનું આચમન લઈ એક સર્જકે દેશભક્તિના રંગે રંગાયેલું નાટક ‘સ્વામીભક્ત સામંત’ લખ્યું.

અલબત્ત, નાટક લખાઈ જાય એટલે વાત પતી નથી જતી. એ નાટક મંચસ્થ પણ થવું જોઈએ. શ્રી વિજય નૌતમ નાટક સમાજ કંપનીએ આ નાટક ભજવવાની તૈયારી દેખાડી હતી. ગુજરાતી વ્યવસાયી રંગભૂમિના ખ્યાતનામ દિગ્દર્શક, સંગીતકાર તથા અભિનેતા તેમ જ રાષ્ટ્રપતિચંદ્રક વિજેતા કાસમભાઈ મીર એક સમયે આ નાટક કંપનીમાં હતા. કંપનીએ નાટક ભજવ્યું અને કરાચીમાં આ નાટકે જનતામાં દેશપ્રેમનો જુવાળ ઊભો કર્યો. લોકોને એવો પોરસ ચડ્યો કે એના જુસ્સાપૂર્ણ સંવાદો જાહેરમાં બોલવા લાગ્યા. ‘સ્વામીભક્ત સામંત’ નાટકની લોકપ્રિયતા અને એમાં રહેલી દેશદાઝની ભાવના જનતાને એ હદે પ્રભાવિત કરી ગઈ કે કરાચીના સિટી મેજિસ્ટ્રેટે લેખકની ધરપકડ કરવા વોરંટ બહાર પાડ્યું. અટકાયતથી બચવા લેખકશ્રી વેશપલટો કરી, સિંધી પોશાક પહેરી કરાચી છોડી વડોદરા આવી પહોંચ્યા.

કોણ હતા આ લેખક? બીજું કોઈ નહીં, પણ વીરરસના નાટ્યકારનું બિરુદ મેળવનારા ગૌરીશંકર ‘વૈરાટી’.

બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલા ગૌરીશંકર ‘વૈરાટી’નો પરિવાર આર્થિક ગરીબીમાં જીવતો હતો. જોકે, બાળક વિદ્યાજ્ઞાન મેળવશે તો ભવિષ્યમાં પરિવારની પરિસ્થિતિ સુધરશે એવું સમજી શકેલા પિતાશ્રીએ બાળક ગૌરીશંકરને ભણવા માટે શાળામાં મૂક્યો હતો. બાળક ભણવામાં હોશિયાર હતો. એક દિવસ અચાનક વિદ્વાન સાધુનો સંપર્ક થયો અને પરિણામે જ્ઞાન મેળવવાની ઝંખના વધવા લાગી. જોકે, યુવાન ગૌરીશંકરનો માતૃભાષાનો મહાવરો છૂટી ગયો અને બોલચાલમાં હિન્દીનો ઉપયોગ વધવા લાગ્યો. પિતાશ્રીના ધ્યાનમાં આ વાત આવી અને તેમણે પુત્રને પાસે બેસાડી ચેતવ્યો–

## નાટ્ય લેખકે અધ્ધર થયેલી કંપની ફરી સધ્ધર બનાવી

જૂની રંગભૂમિના નાટકોની ભજવણી અને એમાં રહેલી કથાવસ્તુનો ફલક વિશાળ રહેતો. નાટ્ય લેખકને એ સમયમાં અનેરા માનપાન મળતા હતા. અલબત્ત લેખકોનું યોગદાન પણ એવું માતબર હતું કે તેઓ સાચા અર્થમાં એના હકદાર રહેતા. ભાંગવાડી થિયેટરના દિવસો દરમિયાન એવા કેટલાક નાટકો વિશે સાંભળેલી વાતોથી અચંબો થતો અને સાથે સાથે રંગભૂમિના વિકાસમાં કયા પરિબળોએ ભાગ ભજવ્યો એનો પણ ખ્યાલ આવ્યો હતો.એક સમયે સધ્ધર ગણાતી ‘આર્યનૈતિક નાટક મંડળી’ની સ્થિતિ સમય જતા નબળી પડવા લાગી હતી. કંપનીના માલિક નકુભાઇ શેઠએ રઘુનાથ ભાઈ પાસે ‘સૂર્યકુમારી’ નાટક લખાવ્યું, પણ એ નાટક જામ્યું નહીં. દર્શકોને કશુંક ખૂટતું હોય એવું લાગતું હતું. અલબત્ત, શું ખૂટે છે એનો જવાબ કોઈ પાસે નહોતો. શેઠ ચકોર હતા અને આ મામલે અન્ય લેખકોની સલાહ લેવાનું તેમણે ઉચિત સમજ્યું. મૂળચંદ મામા, વિઠ્ઠલદાસ ભોજક તેમ જ કંપનીના અગ્રણી કલાકારો અને કસબીઓ સાથે નાટ્યક્ષેત્રના અનુભવી લેખક મૂળશંકર ભાઈની સલાહ લેવાનું નક્કી કર્યું. લેખકશ્રી કોઈ માર્ગ કાઢી આપશે અથવા કોઈ રસ્તો સૂઝાડશે એવી હૈયે આશા જ નહીં પણ ખાતરી હતી. કવિશ્રીને કહ્યું કે ‘સૂર્યકુમારી’ નાટક મઠારી એને એવું બનાવી આપો કે પ્રેક્ષકોને પસંદ પડે એવી વિનંતી કરવામાં આવી. લેખકશ્રી સહમત થયા અને થોડો સમય માગ્યો. વિચારોને વેગ મળ્યો અને તેમણે ‘સૂર્યકુમારી’ નાટકની કાયાપલટ કરી નાખી. એટલું જ નહીં, ‘છત્રસાલ’ નાટક પણ ફરીથી લખી આપ્યું. બંને નાટક પ્રેક્ષકોને પસંદ પડ્યા અને ડામાડોળ થઈ ગયેલી નાટક કંપની સધ્ધર બની ગઈ. રઘુનાથ ભાઈએ આ વાતનું સમર્થન કરતા જણાવ્યું હતું કે ‘નકુભાઈ શેઠે અગિયાર લેખકની ટીમ પાસે ‘છત્રસાલ’ લખાવ્યું. નાટકમાં લખાણમાં મારું, મણિલાલ ‘પાગલ’ અને મૂળશંકર ભાઈનું યોગદાન છે.

‘જ્ઞાન પ્રાપ્તિ માટે તું અન્ય ભાષા શીખે, સમજે અને બોલચાલમાં પણ એનો ઉપયોગ કરે એ બરાબર છે, પણ આપણી માતૃભાષા ગુજરાતી ભૂલી જાય એ બરાબર નથી.’ પુત્રને આ વાત ગરમ ગરમ શીરાની માફક ગળે ઉતરી ગઈ. ગુજરાતી પુસ્તકો મેળવ્યા અને નિયમિત વાંચનથી ફરી ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું.

લેખનકાર્ય નિયમિત શરૂ કર્યા પછી હિન્દી – ગુજરાતી સાથે બંગાળી ભાષા પણ શીખી લીધી. એક બંગાળી નાટકનું ગુજરાતીમાં ‘ગંગાશાપ’ નામથી ભાષાંતર કર્યું. અન્ય અનુવાદ પણ કર્યા અને કલમ તાકતવર બની ગયા પછી પહેલું સ્વતંત્ર નાટક ‘કનક કેસરી’ લખ્યું અને શ્રી વિજય નૌતમ નાટક સમાજ નાટક સંસ્થાના પરિચયમાં આવ્યા. કંપનીએ બીજા નાટકની માગણી કરી અને ‘સ્વામીભક્ત સામંત’ અવતર્યું. દક્ષ સેનાપતિ અને મુઘલો સામે બહાદુરી બતાવનારા વીર દુર્ગાદાસના જીવન પર આલેખાયેલું હતું. એમાં કવિશ્રીએ દેશની સ્વતંત્રતા અને બ્રિટિશરોની ગુલામીમાંથી મુક્તિની વાતને વણી લીધી હતી.

આ નાટક કરાચીના પ્રેક્ષકોએ માથે લીધું અને નાટકથી લોકો વિદ્રોહી બનશે એ ભયથી મેજિસ્ટ્રેટે ગૌરીશંકરની ધરપકડનું વોરંટ કાઢ્યું. જોકે, જાણ થઈ જતા કવિ સિંધી પોશાક પહેરી છટકી ગયા અને વડોદરા પહોંચી ગયા. એ વખતે મૌલાના અબુલ કલામ આઝાદ કરાચીમાં વકીલાત કરતા હતાં. એમની મદદથી વૈરાટી નિર્દોષ છૂટી ગયા અને વડોદરામાં કાયમી વસવાટ કર્યો. આ કેસથી તેમની લોકપ્રિયતા ખાસ્સી વધી ગઈ.■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# માનવજાતનો સૌથી ખરાબ સમય કયો? ‘વર્તમાન...’

ઐતિહાસિક સમયમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ. સમયને ઐતિહાસિક કહ્યો છે, સારો કે ખરાબ નહિ. ઐતિહાસિક સમય હંમેશાં સારો અને ખરાબ બંને રહેવાનો, ચડાવ અને ઉતાર વાળો રહેવાનો, અણધાર્યા વળાંકોવાળો રહેવાનો. માટે જ તે ભવિષ્યમાં ઈતિહાસ તરીકે લોકો યાદ રાખે. અત્યારે એવો સમય ચાલી રહ્યો છે. જે ફક્ત ભારત માટે જ નહિ, અમેરિકા જેવા દેશો સહિત દુનિયાની અડધી પ્રજા ટર્મોઇલમાં એટલે કે અંધાંધૂંધી વચ્ચે જીવી રહી છે.

સિરીયા અને બીજા દેશોના લાખો રેફ્યુજીઓ ૨૦૨૫માં પણ યુરોપના દેશોના ઓશિયાળા થઇને મેદાનમાં તાણેલા તંબુઓમાં ઠંડી–ગરમી વચ્ચે દિવસો કાઢી રહ્યા છે. એવું લાગે છે કે આ શરણાર્થીઓને કોઈ સ્વીકારવાનું નથી. તે બાળકોનું શિક્ષણ, નાની ઉમરની છોકરીઓ અને મોટી ઉમરની એકલી સ્ત્રીઓ વગેરેનું ભાવી ફક્ત અંધકારમય જ નથી પણ તદ્દન નિરાશાજનક છે, અમાનવીય છે. મિડલ ઇસ્ટ દેશોની સ્થિતિ આપણે વર્ષોથી જાણીએ છીએ. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તો જાતે જ પોતાનું પતન પ્રેરી રહ્યા છે. એ જ રસ્તે બાંગ્લાદેશ છે. બાંગ્લાદેશમાં અત્યારે જે હિંદુઓની સ્થિતિ થઇ રહી છે તે હૃદયદ્રાવક છે. તે દેશ ભારત માટે દિવસે ને દિવસે જોખમી બની રહ્યો છે.

જુદા માધ્યમો દ્વારા ઈરાન એવું પ્રસ્થાપિત કરવા માગે છે તે દેશ ઘણો મોર્ડન બનતો જાય છે, પણ અંદરની હકીકત જુદી જ નહિ પણ વિપરીત છે. ઈરાક તો હજુ અઢારમી સદીના માહોલમાં જીવે છે અને તેને આગળ આવવું નથી. જોર્ડન–સીરિયાની હાલત આઈસીસના આતંકવાદે બગાડી નાખી છે જે હજુ બહુ સુધરી શકી નથી. ઉપર યુરોપમાં મોટી ઉથલપાથલ એ થઇ રહી છે કે બ્રિટન ગ્રૂપમાંથી નીકળ્યા પછી મોટો ફટકો રશિયા–યુક્રેઇન યુદ્ધને કારણે લાગ્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી મોટો અપસેટ બ્રેક્ઝીટ હતો પણ પરોક્ષ યુદ્ધ જેવી સ્થિતિ આ યુક્રેઇનની સળગતી સરહદને કારણે છે.

આ બધા વચ્ચે ચાઈનાના લોખંડી પડદા નીચે સામ્યવાદ ફુલતો જાય છે અને ત્યાં પોલ્યુશન સાથે બેરોજગારી વિકરાળ બનીને ઊભી છે. રશિયામાં પુતિનભાઈ ખુદ રશિયા માટે અને બીજા માટે ખતરો બની શકે એમ છે. વિશ્વને સૌથી મોટો આંચકો ડોનલ્ડ ટ્રમ્પની




બીજી વખતની જીતથી લાગ્યો છે. અમેરિકાએ પોતાની જે છાપ વિશ્વના લોકો પાસે ઊભી કરેલી તે દંભી છાપ ચકનાચૂર થઇ ગઈ છે. જેન્ડર ઇક્વાલીટી, સિટિઝન ઇક્વાલિટી, વીમેન રીસ્પેક્ટ, ટેક્સ પેયીંગ વગેરેનું અભિમાન લેતા અમેરિકનોએ તેવી વ્યક્તિને બીજી વાર ચૂંટી કાઢી જે ઉપરોકત સૂચીમાંથી એક પણ ગુણ ધરાવતી નથી.

વર્લ્ડ પોલીટીકલ સિનારિયો ચેન્જ થતો જાય છે. આધુનિકતા સાથે આપણી ધારેલી દિશામાં પ્રગતિ થવાને બદલે કોઈ ભળતી જ દિશામાં વિકાસ થઇ રહ્યો એવું સરેરાશ નાગરિક મહેસૂસ કરે છે. લોકોની ચોઈસ કળી ન શકાય એવી અનપ્રેડિકટેબલ–અનપેક્ષિત – થતી જાય છે. કદાચ વૈશ્વિક નાગરિક વધુ ને વધુ મનોરંજન–પ્રેમી થતો જાય છે.

આપણે ત્યાં પણ એવું છે. ક્રિસમસ પર અમુક કટ્ટરવાદીઓ તોડફોડ કરે કે સાંતાના કોસ્ચ્યુમ વેચતા ગરીબ ફેરિયાઓ ઉપર રોફ જમાવે તો પણ આપણે બધા મજા કરી રહ્યા છીએ. માણસને હવે મોનોટોની ગમતી નથી. એકધારાપણાનો કંટાળો પહેલાં ફક્ત અંગત જિંદગીમાં ખૂંચતો. હવે દેશમાં અને સમાજમાં પણ ખટકે છે. સારું કે ખરાબ થાય એમાં લોકો હવે બહુ નથી પડતા. કંઇક જુદું થાય છે એની મજા આવે છે. જુદું થાય એ અવિચારી હોય કે લાંબે ગાળે ફાયદાકારક હોય, પણ એના વિશે અટકળો કરવી, તેના જોક્સ બનાવીને ફોરવર્ડ કરવા, વીડિયોથી લઇને મિમિક્રી મેસજે કરવામાં અનેરો આનંદ આવે છે.

હા, મિમ બનાવવામાં ભારતીયોની સામુહિક સર્જનાત્મકતા ખીલી છે. હવે શિયાળાના આગમનની વિવિધ વાનગીઓના કે ચોમાસાની વિદાયના કાવ્યો સિવાય પણ કંઇક વધારાનું પબ્લિકને ખપે છે અને રાજકારણ, મીડિયા તથા સત્તાધીશો લોકોની આ મનોરંજન ભૂખ પૂરતા પ્રમાણમાં પોષી રહ્યા છે. બદલાતી જતી સ્થિતિમાં સર્વાઈવલ સાથે પ્રોગ્રેસની ચિંતા પણ આપણને સતાવતી હોય છે. અમુક વાતો આપણે સ્વીકારવી જ રહી. હિંદુ ગ્રંથોમાં કળયુગનું વર્ણન આવે છે, એમાં એવું કંઇક છેઃ ‘અમીરો ચિંતામાં હશે અને ગરીબો ખુશ હશે, કુંવારાઓ સુખી હશે અને પરિણીતો દુઃખી!’ હસવું આવે પણ અત્યારની સ્થિતિ આનાથી ક્યાં બહુ જુદી છે? કહેવાનું એમ છે કે ખરાબ સમય તો આવવાનો જ અને તેની તીવ્રતા પણ વધતી જ જવાની...

ચેન્જ ઈઝ ઇનએવીટેબલ. પરિવર્તન સંસારનો જ્યાં નિયમ હોય ત્યાં આપણે ‘મોહબત્તે’ના અમિતાભ બચ્ચન બનીને ઊભા રહીએ કે ‘બદલતી ચીઝે મુજે પસંદ નહિ’ તો હવાની નાનકડી લહેરખી પણ આપણને ફગાવી દે. બીલ ગેટ્સ પોતાના પુસ્તકમાં એટલે જ શરૂઆતમાં લખે છે, ચેન્જ યોરસેલ્ફ બીફોર ચેન્જ ચેન્જીઝ યુ. પરિવર્તન તમને બદલાવી નાખે તેની પહેલા ખુદ તમે પરિવર્તન આણો. બદલાવ ન લાવી શકો તો કઈ નહિ પણ બદલાવ સાથે અનુકુલન સાધવું તો આપણા હાથમાં છે. ખુદ કુદરત પણ જાણે રીસ્ટાર્ટનું બટન દાબી પોતાને બદલાવતી રહે છે તો માણસે બનાવેલી સુખસાહ્યબીનું શું ગજું.

ટૂંકમાં, પરિવર્તન આવશે, આવશે અને આવશે. તેના માટે તૈયાર નહિ રહો તો દુનિયા તમને સ્વીકારવા તૈયાર નથી રહેવાની.

જડસુ પરંપરાઓને વળગી રહીને આપણું કે આપણી સાથે જોડાયેલા લોકોનું ખરાબ થવા દઈએ તેના કરતાં બેહતર છે કે બદલાવને ખુલ્લા દિલે સ્વિકારીએ. ચેન્જને એન્જોય કરીએ. નવું વર્ષ આવી રહ્યું છે તો તેને નવા જોમ, જુસ્સા અને પરિવર્તન તરફ પ્રેમની ભાવનાથી આવકારીએ અને ખુશ રહીએ.

ખુશ રહેવું અને બધાને ખુશ રાખવા એ જ આખરી માનવધર્મ છે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@
bombaysamachar.com

# બ્રાન્ડિંગ જગતઃ ૨૦૨૫નું સિંહાવલોકન...

ત્રણ દિવસ પછી નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆત થશે. ડિજિટલની વધતી જતી લોકપ્રિયતા અને જરૂરતના કારણે નવા બદલાવ લગભગ પ્રતિદિન જોવા મળે છે. વ્યાપકપણે માર્કેટિંગ અને બ્રાન્ડની દૃષ્ટિએ ૨૦૨૫ દરમિયાન શું શીખ્યા અથવા જાણ્યું તેની વાત કરીયે જેના થકી આવનારા વર્ષમાં શું કરવું તે જાણી શકાય.

**માઇક્રો ઈનફ્લુએન્સર તથા માઇક્રો ડ્રામા :**

સૌથી સ્પષ્ટ પરિવર્તનોમાંનો એક માઇક્રો ઈનફ્લુએન્સર અને માઇક્રો ડ્રામાનો ઉદય હતો. બ્રાન્ડ્સ વધુને વધુ નાના (માઇક્રો), વિશ્વસનીય અવાજો પર આધાર રાખતી હતી, જે ચોક્કસ વિસ્તારના સમુદાયો સાથે પ્રમાણિકતા સાથે સંવાદ સાધી શકે. આ સાથે માઇક્રો ડ્રામાનો પણ સમાવેશ થયો. ધ્યાન ખેંચનારા પ્રેક્ષકો માટે રચાયેલ ટૂંકા, એપિસોડિક કન્ટેન્ટ ફોર્મેટ. મોટેભાગે બ્રાન્ડના આઈડિયા અનુસાર કોમ્યુનિકેશન બને. ઘણીવાર મોટી આઈડિયાના નાના એડિટેડ કટડાઉન વર્ઝન જોવા મળે,પણ આ માઇક્રો ડ્રામા મોટી આઈડિયાના એડિટેડ સંસ્કરણો નહોતાં. તે પોતાનામાં જ એક આઈડિયા હતી. તેને બ્રાન્ડ ફિલ્મ કહેવાય કે નહિ તે પ્રશ્ન છે, પણ આજના સંદર્ભમાં લોકોને જે રીતે મનોરંજન જોઈએ છે તે મુજબ બ્રાન્ડે તે પીરસ્યું.

આનાથી કન્ટેન્ટ બનાવવાની વિચારસરણીમાં ઊલટફેર થયો. અગાઉ બ્રાન્ડ્સ લાંબી ફિલ્મો બનાવતી હતી અને તેને ટૂંકા ફોર્મેટમાં સંપાદિત કરતી હતી. ૨૦૨૫માં એ વિચાર પલટાઈ ગયો. છ સેકન્ડ કે દસ સેકન્ડની ફિલ્મથી શરૂઆત થવા લાગી. જો આઈડિયા કામ કરી જાય, તો તેના આધારે મોટી બ્રાન્ડ ફિલ્મ બની શકે.

ફીચર ફિલ્મોના પ્રમોશન પણ આ મોડેલને અનુસરવા લાગ્યા. ફિલ્મોનું માર્કેટિંગ અનેક ટૂંકી રીલ્સ દ્વારા કરવામાં આવતું હતું જે ધીમે ધીમે દર્શકોને થિયેટરોમાં ખેંચી લાવે છે.

### બ્રાન્ડ વિરુદ્ધ પર્ફોર્મન્સ માર્કેટિંગઃ

ઓનલાઇન વેચાણના આવ્યા બાદ બધાનું ફોકસ માલ વેચવા તરફ હતું. અચાનક બ્રાન્ડ બિલ્ડિંગ તરફ લોકોની નજર ઓછી થવા લાગી અને આનાં પરિણામ પણ લોકોએ જોયા.

લાંબા સમયથી ચાલતી આ ચર્ચા બ્રાન્ડ વિરુદ્ધ પર્ફોર્મન્સ માર્કેટિંગને દિશા મળી. ઇન્ડસ્ટ્રીને સમજાયું કે આ વિરોધી પરિબળો નથી. બ્રાન્ડ વિના પર્ફોર્મન્સને એક મર્યાદા આવવા લાગી. અને પર્ફોર્મન્સ વિના બ્રાન્ડમાં વેચાણની અકાઉન્ટેબિલિટીનો પ્રશ્ન ઊભો થાય. સૌથી અસરકારક માર્કેટર્સે તેમને બે અલગ–અલગ દિશાઓ કે આદેશ નહીં પણ એક સિસ્ટમ તરીકે ગણ્યા. લીગસી બ્રાન્ડ્સે આ સંતુલન સારી રીતે દર્શાવ્યું, સાબિત કર્યું કે સતત વૃદ્ધિ માટે ટૂંકા ગાળાની કાર્યક્ષમતા અને લાંબા ગાળાના વિચાર બંનેની જરૂર છે.



### ક્વિક કોમર્સઃ

મીડિયા પ્લેટફોર્મ તરીકે ક્વિક કોમર્સના ઉદયથી એક મોટું માળખાકીય પરિવર્તન આવ્યું. બ્રાન્ડ તેનું મીડિયા બજેટ આના પર વધુ ખર્ચવા લાગ્યું. આ પ્લેટફોર્મ પર ફક્ત કેટલા લોકો સુધી પહોંચ્યાની વાત નથી પણ સીધા વેચાણની વાત છે અને તેથી આ પ્લેટફોર્મનું મૂલ્ય વધ્યું. ક્વિક કોમર્સ પ્લેટફોર્મની ડિસ્ટ્રીબ્યુશન ચેનલ તરીકે શરૂઆત થઇ હતી તે આજે બ્રાન્ડને ના ફક્ત વિઝિબિલિટી આપે છે, પણ કસ્ટમરને ઇન્ફલુયેન્સ કરી માલ ખરીદવા પ્રેરે છે.

### B2B માર્કેટિંગઃ

B2B માર્કેટિંગમાં પણ બદલાવ આવ્યા. અત્યાર સુધી જે સંબંધો–આધારિત વેપાર કરતુ હતું તે પોતાના બ્રાન્ડની વિઝિબિલિટી, બ્રાન્ડની વાર્તા અને સુસંગતતાને અપનાવ્યુ. B2B બ્રાન્ડ્સે ધ્યાન આકર્ષવા માટે સ્પર્ધા કરવાનું શરૂ કર્યું, જેથી લોકોના માનસપટ પર એ રહે અને વેચાણની પ્રક્રિયા ઝડપી બને.

### ડિસ્ટ્રીબ્યુશનઃ

વિતરણના મોરચે, ઓમ્નિચેનલ (અલગ અલગ વેચાણના કેન્દ્રો જેમ કે ઓનલાઇન, ઓફલાઈન, ક્વિક કોમર્સ વગેરે.) નો અભિગમ જરૂરી છે. ડિજિટલ ફર્સ્ટ બ્રાન્ડસ પણ આજની તારીખે ફિઝિકલ સ્ટોર તરફ વળી રહ્યા છે અને પરંપરાગત બ્રાન્ડ્સ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ જોવા મળે છે. આમ વેપારમાં વૃદ્ધિ હવે ઑફલાઇનનો વિશ્વાસ અને ઑનલાઇનની સુવિધાના આધારે જોવા મળશે.

### બ્રાન્ડ બિલ્ડિંગઃ

વ્યાપક સ્તરે, ભારતમાં પણ બ્રાન્ડિગમાં પરિવર્તન આવ્યું છે. દેશ હવે ફક્ત ઉત્પાદક કે નિકાસકાર બનીને રહ્યો નથી. એવી સમજણ વધી રહી છે કે બજારો ફક્ત ક્ષમતા દ્વારા નહીં, પરંતુ વાર્તાઓ નરેટિવ દ્વારા બનાવવામાં આવે છે. કોમોડિટીઝથી લઈને બ્રાન્ડ્સ સુધીના ભારતીય વ્યવસાયોએ વૈશ્વિક સુસંગતતા ધરાવતી બ્રાન્ડ્સ બનાવવાની મહત્તા અને જરૂરિયાતને સ્વીકારી છે.

### મદ્યમ વર્ગીય ગ્રાહકઃ

એક ભ્રામક કલ્પના છે કે ભારતીય મધ્યમ વર્ગ અદૃશ્ય થઇ રહ્યું છે. તે અદૃશ્ય નથી થઇ રહ્યું પણ તે વિકસિત થયું છે. મધ્યમ વર્ગ હવે માત્ર આવકના આધારે નથી ઓળખાતો પણ તે એક માનસિકતા કેમ છે તે જાણવું જરૂરી છે. આજે જ્યારે લોકોની આકાંક્ષાઓ વધી રહી છે ત્યારે તેમ સમજી અને મધ્યમ વર્ગને બાજુ પર રાખવો તે સમજદારી નથી, કારણ કે આ ખોટી સમજણના આધારે આપણે આ બહોળા વર્ગને અન્યાય કરી બેસીશું. અને આની અસર વેપાર પર પણ દેખાશે. આકાંક્ષાઓ વધી છે પણ અપેક્ષાઓ હજુ પણ મધ્યમ વર્ગીય છે.

જો ૨૦૨૫ એ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ ઉદ્યોગને કંઈ શીખવ્યું હોય, તો તે આ હતુંઃ એક જ ચીજનો પીછો કરવાથી વેપારમાં વૃદ્ધિ આવતી નથી. તે સંતુલન, ધ્યાન અને મૂળભૂત વાતો તરફ પાછા ફરવાથી આવે છે.

આ તે વર્ષ હતું જ્યારે માર્કેટર્સે સિલ્વર બુલેટ્સ અર્થાત કોઈ એક પ્રોડક્ટ કે સર્વિસ જેના સહારે ઉત્પાદક કઈ રીતે બાજી મારી જશે તે શોધવાનું બંધ થયું અને ખરેખર કામ કરતી સિસ્ટમ્સ બનાવવાનું શરૂ કર્યું. ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# સ્વાદિષ્ટ વાનગીઓના કડવા-તૂરા વાદ-વિવાદનો શું છે ઉકેલ?

**સામ્રાજ્ય વિસ્તારવા ઘણાં યુદ્ધ થયાં છે તેમ આજકાલ અન્ન માટે પણ જંગ ખેલાઈ રહ્યાં છે. કઈ વાનગી મૂળ ક્યાંની એ લઈને આજે તીવ્ર તકરાર ચાલતી રહે છે, જેના સંતોષકારક ઉકેલ માટે GI ટેગ તરીકે એક પ્રક્રિયા અમલમાં મુકાઈ છે. શું છે બહુ ચર્ચાની ચકડોળે ચઢેલી વાનગી, વસ્તુઓ અને શું છે આ GI ટેગ?**

એક જાપાની કહેવત છે : ‘૬ ફૂટ ઊંચાં-કદાવર પહેલવાનને ૩ ઈંચ ટચૂકડી જીભ ભોંયભેગો કરી શકે છે.’ અહીં વાત જીભની શારીરિક શક્તિની નહીં, પણ જીભ દ્વારા ફંગોળાયેલા શબ્દોથી સામેવાળાને મહાત કરવાની છે. જીભ સાથે સ્વાદ પણ સંકળાયેલો છે. એને લઈને આ એક ચીની કહેવત પણ જાણીતી છે : ‘મોટાભાગના લોકો પોતાની કબર જીભથી ખોદતા હોય છે..’ કહેવાનો મતલબ કે વધુ પડતો સ્વાદનો ચટકો માણસને મોત તરફ ધકેલે છે.

આપણી કહેવત કે ઉક્તિઓ જે પણ કહેતી હોય, પણ વાસ્તવિકતા એ છે કે માણસ ભૂખ્યો રહી શકતો નથી. ભૂખ્યા પેટની આગે અનેક દેશમાં બળવો જગાવ્યો છે.

સો વાતની એક વાત, આદિકાળથી અત્યાર સુધી અવનવી વાનગી અને સ્વાદ માનવમાત્ર માટે જીવનનું એક અવિભાજ્ય અંગ બની રહ્યાં છે. આજે તો આપણે ત્યાં કેટલાંય શહેર-નગરની ઓળખ સુધ્ધાં ત્યાંની વાનગી- ફરસાણને લીધે બની છે.

ઉદાહરણ તરીકે, ચેન્નઈ (મદ્રાસ)ના ઈડલી-ઢોસા અને મુંબઈના વડા-પાંઉની જેમ ગુજરાતની વાત કરીએ તો અહીંનાં અનેક શહેર એની વાનગી ફરસાણને લીધે જાણીતાં બન્યા છે, જેમકે... રાજકોટના પેંડા, જામનગરની કચોરી, ભાવનગરની બદામપુરી, વાંકાનેરનો માવો, કચ્છની દાબેલી, વડોદરાનો ચેવડો, જેતપુરના લસણવાળા સેવ-મમરા, અમરેલીમાં ટમેટા ભજિયા, પોરબંદરની ખાજલી ઈત્યાદિ ઈત્યાદિની નામાવલિ હજુ ઘણી લાંબી છે.

ખેર, જેમ અન્ન માટે યુદ્ધ ખેલાયાં છે તેમ જગતભરમાં કઈ વાનગી મૂળ ક્યાંની એ લઈને કડવા વાદ-વિવાદ થયા છે અને આજે પણ વાર-તહેવારે એ ચાલતાં જ રહે છે. તાજેતરની વાત કરીએ તો મહારાષ્ટ્ર અને ગુજરાતની હાફૂસ (કે આફૂસ) કેરીનો વિવાદ ચાલી રહ્યો છે. કર્ણાટકમાં પણ ‘દેવગડ હાફૂસ તરીકે ઓળખાતી મસ્ત સ્વાદવાળી કેરી ધૂમ વેંચાય છે. રસઝરતી કેરીનો આવો જ કડવો વિખવાદ કર્ણાટક અને આંધ્ર વચ્ચે ચાલે છે.

‘તોતાપૂરી’ મેંગો તરીકે જાણીતી બેંગ્લૂરુ (બેંગ્લોર)- કણાટકની કેરીને સ્થાનિક ખેડૂતોના વિરોધ પછી આંધ્રમાં ‘નો એન્ટ્રી’ છે.

આ બધા વચ્ચે મમતાદીદીનાં પશ્ચિમ બંગાળની વાત કરીએ તો બાબુમોશાયના ચિરપરિચિત લાંબાં-પહોળાં ગોળ ઉચ્ચારમાં કહીએ તો ‘રોસ્શોગુઉલ્લા’ (રસગુલ્લા) કે ‘શોંન્દેશ’ (સંદેશ) કે પછી ‘મિસ્ટી દૉઈઈ’ (મીઠું દહીં) જેવી ત્યાંની મીઠાઈ તો જગવિખ્યાત છે, પણ જેવી રસગુલ્લાની વાત આવે અને જેવા બંગાળીબાબુ પોરસાઈને કોલર ઊંચા કરવા જાય ત્યાં જ પાડોશી ઉત્કલ રાજ્ય એટલે કે ઓરિસ્સા એના વિરોધમાં બાંયો ચઢાવે કે ‘રસગુલ્લા તમારા શાના? એ તો અમારી શોધ છે! ’ આમ રસગુલ્લા જેવી મધુરી વાનગી માટે એ બન્ને રાજ્યો વચ્ચે મારામારી થતી રહે છે.

આવા અવિરત ચાલતા કડવા- તૂરા વિવાદમાં આપણું ફાસ્ટ ફૂડ ગણાય એવી ઈડલી પણ છે. ઈડલી હકીકતમાં દક્ષિણ ભારતની નહીં, પણ મૂળ ઈન્ડોનેશિયાની વાનગી છે એવાં કેટલાંક જબ્બર પુરાવા ટી. આચાર્ય જેવા આહારના ઈતિહાસવિદે પેશ કરીને ચર્ચા જગાડી છે. ઈડલી


ચંદેરી સાડી


GI ટેગ


તિરુપતિ પ્રસાદ લાડુ


બાસમતી રાઈસ


કોલ્હાપુરી ચપ્પલ


બિરયાની

સાથે સંકળાયેલું સાંભાર પણ વિવાદમાં સળવળ્યું છે. સાંભાર પણ મૂળ સાઉથની વાનગી નથી, પણ એનાં મૂળ મહારાષ્ટ્રમાં છે. કહે છે કે મરાઠી રાજવી સંભાજીના રસોયાએ એક વાર દાળમાં ભૂલથી કોકમની સાથે એવું કોઈ દ્રવ્ય ઉમેરી દીધું કે એ દાળના સ્વાદ-સોડમ પર મરાઠાભાઉ ઓવારી ગયા પછી એનું નામ સંભાજી પરથી ‘સાંભાર’ પડી ગયું!

આવી જ તૂરી તકરાર લખનવી- હૈદરાબાદી અને કલકત્તી બિરયાની-પુલાવના મૂળ માટે સતત ચાલ્યા જ કરે છે. હૈદરાબાદની અનેક રેસ્ટોરાં તો પોતાની આ વાનગીની જાહેરખબરમાં બિન્ધાસ્ત દાવો કરે છે કે અમારી હૈદરાબાદી બિરયાની જ અસ્સલ અને શ્રેષ્ઠ છે. બાકી બધાની કહેવાતી બિરયાની તો પુલાવ માત્ર છે..!

હવે સતત ચાલતા આવા વાદ-વિવાદના સંતોષકારક ઉકેલ માટે કેન્દ્ર સરકારે એક એજન્સીની સ્થાપના કરી છે, જે કોઈ પદાર્થ-વસ્તુ-વાનગીનું ઐતિહાસિક- ભૌગોલિક મૂળ શોધી નિર્ણય લઈને એને GI Tag એટલે કે ‘જ્યોગ્રોફિક આઈડેન્ટિફિકેશન’તરીકે ઓળખાતો એક ચોક્કસ નંબર આપે છે. આવો GI Tag નિકાસકર્તાની વસ્તુ-વેચાણ માટે મહત્ત્વનો ગણાય છે. કોઈ વસ્તુ-પ્રોડકટ મૂળ કયાંની છે એની પૂરતી ચકાસણી પછી અપાતો આવો GI Tag બધાને બંધનકર્તા છે અને એ માન્ય રાખવો પડે છે. આવા ટેગનો ખાસ ફાયદો એ છે કે આપણી સ્વદેશી વસ્તુ-ઉત્પાદનને એના દ્વારા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં માન્યતા મળે છે ને પાછળથી અન્ય કોઈ દેશ એની પેટન્ટ પર દાવો નથી કરી શકતું (જેવું અગાઉ હળદર- આંબળા-લીમડાનાં આયુર્વેદિક ઉત્પાદનો સહિત મૂળ ભારતીય યોગ-આસનોને લઈને જબરા વિવાદ જાગ્યા હતા!)

આવા ઝગડા માત્ર વાનગી કે મીઠાઈ પૂરતા જ મર્યાદિત નથી રહ્યા. ભોજનકક્ષની બહાર પણ અમુક ચીજ-વસ્તુ મૂળ કયાંની એને લઈને અફરાતફરી જામે છે. એક ચોક્કસ પ્રકારની ડિઝાઈનમાં બનેલા અને વજનમાં હળવા તેમજ પહેરવામાં સરસ મજાનાં લાગે એવાં ચામડાના ચપ્પલ મહારાષ્ટ્રના કોલ્હાપુર શહેરની દેન ‘શોધ’ ગણાય છે. મુખ્યત્વે ત્યાં જ તૈયાર થાય છે એટલે આ પગરખાં ‘કોલ્હાપુરી ચપ્પલ’ તરીકે જાણીતા છે. મહારાષ્ટ્રનાં સાંગલી- સતારા-શોલાપુરથી લઈને છેક કર્ણાટકમાંય એ જ પ્રકારના બનતાં ચપ્પલ ‘કોલ્હાપુરી’ તરીકે વેંચાવા લાગ્યા ત્યારે મૂળ કોલ્હાપુરના ચપ્પલ ઉત્પાદકો-વિક્રેતાઓએ પેટન્ટ-ડિઝાઈન- ટ્રેડમાર્કસની સરકારી એજન્સીમાં વિરોધ નોંધાવીને કોર્ટે ચઢવાની ચીમકી આપી હતી.

કોલ્હાપુરી ચપ્પલનો એથી વધુ જગજાહેર વિખવાદ તો તાજેતરમાં ગાજ્યો હતો. ઈટલી મિલાનની વર્લ્ડ ફેમસ હાઉસ ‘પ્રાડા’ એ મહારાષ્ટ્રના કોલ્હાપુરી ચપ્પલને પોતાની પ્રોડકટ ગણાવી એક ફેશન શોમાં રજૂ કર્યા ત્યારે જબરો ઊહાપોહ મચી ગયો. કોલ્હાપુર ચપ્પલના ઉત્પાદકોએ તીવ્ર પ્રતિક્રિયા રૂપે ‘પ્રાડા’ને કોર્ટમાં ઘસડી જવાની ચીમકી આપી ત્યારે ‘પ્રાડા ‘એ જાહેરમાં માફી માગીને કોલ્હાપુરી ચપ્પલનું સહિયારું ઉત્પાદન કરવાની સમજૂતી સાધવી પડી!

આવા જ અનેક વિવાદ-વિખવાદ વાનગીથી માંડીને અનેક ચીજ-વસ્તુઓ માટે સર્જાયા છે. ઉદાહરણ તરીકે, મધ્ય પ્રદેશનું ચંદેરી નગરની વિશિષ્ટ પ્રકારની ‘ચંદેરી’ સાડી - દાર્જલિંગની મસ્ત ચા - સુગંધી ‘મૈસૂર અગરબત્તી’, ઈત્યાદિ...

ટૂંકમાં કહીએ તો આજે સ્થાનિક કહી શકાય એવા ૩૭૫થી વધુ મૂળ ઉત્પાદકોએ એમની પ્રોડ્કસ માટે GI ટેગ મેળવ્યો છે. ગયા વર્ષે મહારાષ્ટ્ર સરકારે લાતુરની દાળ અને જાલનાની જુવાર ૧ ૨ સહિત ૯ વસ્તુને પણ GI ટેગની ઓળખ આપી છે. એ જે રીતે GI ટેગ ઉપરાંત ૩૬૦૦થી વધુ ઉત્પાદન એવાં છે, જેને દેશ-વિદેશના વેચાણ વખતે વાપરવા માટે GI સર્ટિફિકેટ પણ મળ્યાં છે. આમ છતાં ઘણી વાર અસલી અને નકલીના ડખા ઊભા થતા રહે છે.

આ બધા વચ્ચે ઓરિસ્સા-બંગાળના રસગુલ્લાનો વિવાદ તો એવો જબરો રહ્યો કે સરકારે બન્નેને અલગ અલગ GI ટેગ આપીને એ તકરારનો તો કામચલાઉ ઉકેલ આણ્યો છે.

દેશ-વિદેશમાં ‘દાર્જિલિંગ ટી’ના નામે થયેલા ઘણા વિવાદ થયા પછી પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ અને કલિમ્પોંગ જિલ્લાનાં ખેતરોમાં કુદરતી રીતે ઉગેલી ચાની પત્તીને જ એ નામ મળે એવો ચુકાદો અપાયો છે.

બીજી તરફ, ૪૦ લાખ ટન જેવી તોતિંગ નિકાસ થાય છે એ આપણા ચિરપરિચિત ‘બાસમતી રાઈસ’ની પેટન્ટ મેળવવા અમેરિકાની એક તગડી કંપનીએ જબરી ધમાલ કરી હતી, પણ સફળતા ન મળી. આજે આપણા GI ટેગવાળા બાસમતી ચોખા પાડોશી પાકિસ્તાનના રાઈસ સાથે વિદેશોમાં તીવ્ર સ્પર્ધામાં છે.

-અને હાં, આસ્થાળુઓ માટે અતિપવિત્ર ગણાતા તિરુપતિ દેવસ્થાનના પ્રસાદ એવાં લાડુને પણ પેટન્ટ GI ટેગની લડાઈમાં અટવાવું પડ્યું છે. કોર્ટ-કચેરીની લાંબી બબાલ પછી તિરુપતિ દેવસ્થાન અને આન્ધ્ર સરકારને હવે સત્તાવાર GI ટેગનાં ‘દર્શન’ થયા છે..! ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# ફિલ્મોની જેમ શૅરબજારમાં પણ સિકવલ ને રિમેક બનતી હોય છે...!

**શૅરબજારમાં પણ સંજોગો- તેજી-મંદી અને રોકાણકારોનું સતત પુનરાવર્તન થયા કરે છે. રોકાણના નિર્ણયો કયા આધારે અને કઈ રીતે લેવાય છે તેના પરથી જોખમ અને સંપત્તિ સર્જનનો માર્ગ બને છે...**

આજકાલ બોલિવૂડમાં અનેકવિધ ફિલ્મો સિકવલ કે રિ-મેક સ્વરૂપે આવતી જાય છે. પ્રથમ ફિલ્મની સફળતાના આધારે સિકવલ અથવા રિ-મેકની તૈયારી શરૂ થાય છે. ડોન અને ઘાયલ-૨, ગદર, સહિત સંખ્યાબંધ નામો આ યાદીમાં છે. અંગ્રેજી ફિલ્મોમાં -હોલિવૂડમાં તો સિકવલ જ નહીં, બલકે એક જ ફિલ્મના ચાર-પાંચ ભાગ બનીને નવી નકકોર ફિલ્મ તરીકે આવતી રહે છે. જોકે પહેલી ફિલ્મ બહુ સફળ નીવડી હોય તો પણ બીજી નિષ્ફળ જાય એવું બની શકે છે.

મૂળ મુદ્દ્ પર આવી જઈએ, કારણ કે શૅરબજારમાં પણ પરિસ્થિતિની- તેજી-મંદીની અને રોકાણકારોની ઘણી સિકવલ અથવા રિમેક બનતી હોય છે. યાદ કરો, તમે શૅરબજારને જુદા-જુદા સમયે છોડી ગયા હશો અને જુદા-જુદા સમયે તેમાં ફરી પ્રવેશ કર્યો હશે. તેજી ફરી ફરી નવા સ્વરૂપે આવતી રહે છે તો વળી મંદી પણ એ જ રીતે આવ-જા કરતી રહે છે. કયાંક ગ્લોબલાઈઝેશનનું, કયાંક મોંઘવારી અને ક્રાઈસિસનું સિકવલ કે રિમેક થાય છે. જયારે એફઆઈઆઈની ચાલનું તો સતત સિકવલ અને રિમેક બંને થયા કરે છે. આપણે આમાંથી શું શીખીએ છીએ કે શું શીખવું જોઈએ?

## અનુભવમાંથી શીખવામાં શાણપણ

શૅરબજારમાં તમે પહેલીવાર પ્રવેશ્યા હશો ત્યારે તમને નવા નવા અનુભવો થયા હશે. તમે કદાચ પહેલી જ વારમાં સારી કમાણી પણ કરી હોઈ શકે, કે પછી પહેલો મોટો માર પણ ખાધો હોઈ શકે. તમે પહેલીવાર સફળ થયા તો કયા આધારે સફળ થયા એને યાદ કરો અને જો પહેલીવાર નિષ્ફળ ગયા તો શા માટે નિષ્ફળ ગયા તેને પણ યાદ રાખો, જે તમને બીજીવારના પ્રવેશમાં કામ લાગશે. જો કે ખાસ યાદ રાખવાનું એ છે કે પહેલીવાર જે કારણસર સફળ થયા એ જ કારણ તમને બીજીવાર સફળતા ન પણ અપાવે, જો સંજોગો સરખા ન હોય તો. એ જ રીતે પહેલી નિષ્ફળતા જે કારણસર મળી, તે તમને હવે ભૂલના પુનરાવર્તનથી દૂર રાખે એમ બને અને તમે બીજીવાર એ ભૂલ નહી કરીને સફળતા પામો એવું બની શકે. આ મામલે દરેક વ્યકિતનો જુદો જુદો અનુભવ હોઈ શકે છે.

## સમય સાથે પરિવર્તન જરૂરી

શૅરબજાર સતત વધઘટને આધીન હોય છે, તેની ચંચળતા કાયમી હોય છે. પરંતુ વ્યક્તિએ સમય સાથે પોતાની સ્ટ્રેટેજી બદલવી જરૂરી બને છે અર્થાત્, અગાઉની સફળતાનું સમાન સ્વરૂપે પુનરાવર્તન થાય એ શૅરબજારમાં કયારેય નિશ્ચિંત હોઈ શકે નહીં. અર્થતંત્રમાં દરેક સેકટરની સાઈકલ હોય છે તેમ શૅરબજારમાં તેજી -મંદીની પણ સાઈકલ ચાલતી રહે છે. એક સમય ટેકસટાઈલ ઉદ્યોગની બોલબાલા હતી અને તેમાં ચોકકસ ટેકસટાઇલ કંપનીઓની પણ નામના હતી, જે આજે ભાગ્યે જ જોવા મળે છે અથવા નામ પૂરતી રહી છે કે પછી ત્યાં નવી કંપનીઓ ઉદય પામી ચૂકી છે. છેલ્લા એક દાયકામાં આઈ.ટી. અને ટેલિકોમ સેકટર નવી ઈકોનોમી તરીકે વિકસી ગયું છે. દવા કંપનીઓમાં પણ અનેક નવા ઉપાયરૂપી નવી કંપનીઓ આવીને છવાઇ ગઇ છે. એ જ રીતે ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર્સ ગુડસ (એફએમસીજી)માં પણ અનેક નવાં નામ બજારમાં ફેલાઈ ગયા છે. હાલ એઆઈ, ડિફેન્સ, ઈ-કોમર્સ કંપનીઓ જોરમાં છે.

આવા સંજોગોમા જૂના સેકટરને કે જૂની કંપનીઓને જ પકડીને બેસી રહેનાર રોકાણકાર સમય સાથે નવા વિકાસને પામી નહી શકે. આ રોકાણકારોએ પોતાના પોર્ટફોલિયોમાં નવા સેકટર્સ અને તેની નવી કંપનીઓને સ્થાન આપવું જોઈશે.

## સૌથી વધુ મહત્ત્વની બાબત ફંડામેન્ટલ્સ

જેમ માત્ર નવા કલાકારો લેવાથી ફિલ્મ સફળ થઇ જતી નથી કે જૂની સફળ ફિલ્મને લીધે એની જ સિકવલ કે રિમેક સફળ નથી બની જતી, પરંતુ તેની સ્ટોરી, રજૂઆત, ડિરેકશન, માર્કેટિંગ વગેરેને આધારે સફળ થાય છે તેમ કંપનીઓ સફળ સેકટરની હોવાથી કે સફળ પ્રમોટર દ્વારા પ્રમોટ કરાઈ હોવાને લીધે સફળ થઈ જતી નથી, તેના પોતાના ફંડામેન્ટલ્સ મજબૂત અને વિકાસલક્ષી ભાવિના હોવા આવશ્યક હોય છે.

ઈન શોર્ટ, નામ, સેકટર કે સંજોગ જે પણ હોય, કંપનીના ફંડામેન્ટલ્સ સૌથી મહત્ત્વનાં સાબિત થાય છે. હા, જૂની સફળ -બ્લોક બસ્ટર ફિલ્મોની સફળતાને આધારે બનેલી નવી ફિલ્મની ચર્ચા બહુ થાય, માર્કેટિંગ પણ ખૂબ થાય એવું બની શકે, જેને લીધે તેના તરફ અંજાઈને કે આકર્ષાઈને લોકો તે જોવા જાય-એટલે કે તેમાં રોકાણ કરી બેસે તો છેતરાઈ શકે છે, ફસાઇ શકે છે. ભલે ને તેનો પ્રોડયુસર (પ્રમોટર) અને અભિનેતા કેટલા પણ સફળ હોય કે લોકપ્રિય હોય. હાલમાં આ જ સત્યને ધ્યાનમાં રાખી આગળ વધવું જોઈશે, અન્યથા નવા માર્કેટિંગ ફંડા અને નવી રમતોના પ્રવાહમાં તણાઇ જવાની શકયતા ભરપૂર રહેશે.

હાલ શૅરબજારમાં અને આઈપીઓની બજારમાં નાણાં રોકવાની ઉતાવળ વધી રહી છે, આ રોકાણ કરવુ ખોટું નથી પણ ઉતાવળે કરવામાં જોખમ છે, ઝટપટ કમાવાની લાલસા રાખવામાં વધુ જોખમ છે અને સમજયા વિના આડેધડ રોકાણ કરવામાં માત્ર જોખમ અને જોખમ જ છે. બાકી સમજીને, અભ્યાસ કરીને તેમ જ ધીરજ સાથે આગળ વધવામાં સંપત્તિ સર્જન છે.■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# રહસ્યમય સંજોગોમાં આખા ગામની પૂરી વસતિ ગાયબ!

એક આખેઆખું ગામ રાતોરાત ગાયબ થઇ જાય એવું પરીકથા, ભૂતકથા કે કદાચ જાદુઇ દુનિયામાં શક્ય લાગે, બરોબરને? માનો યા ન માનો પણ એક ગામ ૧૯૩૦માં રાતના અંધકારમાં અદૃશ્ય થઇ ગયું ને એની પાછળનું રહસ્ય આજ સુધી વણઉકલ્યું છે.

આ રૂંવાટા ઊભી કરી દેતી ઘટના છે કેનેડાના અંજિકુની લેક વિલેજની. હકીકતમાં એમ કહેવું સાચું ગણાશે કે અંજિકુની તળાવ ગામ ગાયબ થવાની ૧૯૩૦માં ખબર પડી. તો ગામ કયારે નામશેષઃ થઇ ગયું હશે? આ સવાલનો જવાબ કોઇ પાસે નથી. આ ઘટના દુનિયા સમક્ષ કેવી રીતે આવી એ જાણી લઇએ.


૧૯૩૦ના નવેમ્બરમાં જો લાબેલ નામનો ફરનો વેપારી કેનેડાના નુનવુતમાં અંજિકુની તળાવ પાસેના ઇનયુટ ગામે પહોંચ્યો. અહીં પહોંચીને એની આંખો ખુલી ને ખૂલી જ રહી ગઇ.


આ ગામ એકદમ ભેંકાર અને વેરાન ભાસતું હતું. એ તો ઠીક જો લાબેલે કરેલું વર્ણન વાંચતા માથું ચકરાવે ચડી જાય. ત્યાં ઝૂંપડીઓમાં હજી આગ પ્રજવલિત હતી, અંદર વધેલું ભોજન પડયું હતું. ભૂખથી મરી ગયેલા સ્લેજ કૂતરાં પડયા હતા અને કબર ખોદાયેલી દેખાઇ.

પછી આમ થવાની થિયરીઓ જોશભેર ચર્ચાવા માંડી. ઉત્તર કેનેડાના આ ઇનયુટ ગામમાં પચીસ રહેવાસી કયાં ગયા? શા માટે? આકાશમાં આસપાસ દેખાયેલા ભેદી પ્રકાશને લીધે માની લેવાયું કે ઉડતી રકાબી (યુફો-અનઆઇડેન્ટીફાઇડ ફલાઇંગ ઓબ્જેક્ટ્સ) આવ્યા હશે ને તેમાં આવેલા પરગ્રહવાસીઓનો આમાં હાથ હશે? જો એવું હોય તો એલિયન્સે ઇનયુટ ગામ પર જ શા માટે પસંદગી ઉતારી? જો ગામવાસી સ્વેચ્છાએ હિજરત કરી ગયા હોય તો ઝૂંપડામાં આગ કેમ સળગતી રાખી. ન ખવાયેલું ભોજન કેમ છોડી ગયા? સ્લેજ ડોગ્સને સાથે લઇ જવાને બદલે ભૂખ્યા મરવા કેમ છોડી દીધા? હકીકત જે હોય તે એ પચીસ ગ્રામવાસી ક્યારેય કયાંય પાછા દેખાયા નહીં, ન જીવતા - ન મરેલા.

ફરનો વેપારી જો લાબેલ કેનેડાના નોર્થઇસ્ટ પ્રાંતમાં અંજિકુનિ તળાવ નજીકની ઇયુકિની નામની વસાહત તરફ ગયો, ત્યારે એને અપેક્ષા હતી કે લોકો શિયાળાનો સામનો કરવાની તૈયારીમાં વ્યસ્ત હશે. કદાચ ફરનો વેપારી ધંધો થાય એવી આશા ય ખરી, પરંતુ એનું સ્વાગત તો ગેબી શાંતિ, સળગતી આગ, અડધા સિવાયેલા કપડાં (જેની અંદર હજી સોઇ અકબંધ હતી), ખવાયેલા ખોરાક, સ્લેજ ડોગના સાત કોહવાતા શરીર અને ખોદાયેલી ખાસ કબરોએ કર્યું, ધારણા બાંધી શકાય કે પચીસ જણાંએ એકદમ ઉતાવળમાં ઉચાળા ભર્યા હશે. પણ શા માટે? કયાં જવા માટે?

આ સવાલોના જવાબ મેળવવા માટે જો લાબેલે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસનો સંપર્ક સાધ્યો. તપાસમાં બહાર આવ્યું કે અમુક સાક્ષીએ આકાશમાં લાઇટવાળા સિલિન્ડ જેવા પદાર્થોને





તળાવ ભણી જતા જોયા હતા. ગામમાં તો પૂછપરછ માટે કોઇ ઉપલબ્ધ નહોતું. ઝીણવટપૂર્વકનાં નીરિક્ષણમાં પોલીસને કોઇ ઝપાઝપી કે ઘર્ષણના નિશાન ન દેખાયા. ન કોઇ અજાણ્યા -વિચિત્ર ફુટપ્રિન્ટ મળ્યા. એક નવી વાત જાણવા મળી કે નદી કિનારે નાનકડાં હોડકાં નાંગરેલાં પડયાં હતાં, જાણે સવારીની રાહ જોતા હોય.

ભેદી પ્રકાશ અને લોકોના ગાયબ થવાને લીધે પરગ્રહવાસીના આગમન અને અલૌકિક શક્તિની વાતો ચર્ચાવા માંડી હતી. આજે આ ભૂતિયા ગામની ઘણી હકીકતો આશ્ચર્યક્તિ કરે છે. માર્યા ગયેલા સાત સ્લેજ ડૉગને થાંભલા સાથે બાંધી રખાયા હતા. આથી ભારે બરફમાં તેઓ ન છૂટી શકયા કે ન ખાઇ શકયા અને ભૂખમરાનો શિકાર બની ગયા. કબરોની અંદર લાશ કે હાડપિંજર નહોતા, રીવાજ મુજબ મૃતદેહ સાથે મુકાતી ચીજો ય ગાયબ હતી.

૧૯૩૧માં એક અખબારમાં આ સમાચાર પ્રગટ થયા. નેશનલ વેસ્ટ પોલીસ ગામવાસીઓના લાપતા થવા વિશે સવાલાનો મારો ચાલ્યો. તેમણે એક સત્તાવાર નિવેદન પાડીને જાહેરાત કરી કે આ ઘટનાની અમારી પાસે કોઇ કરતા કોઇ માહિતી નથી હો.

આ બધામાં જો લાબેલના દાવાને શંકાથી જોવાનું શરૂ થયું. શું પોલીસ ખરેખર ઘટના સ્થળે ગઇ હતી? તપાસ કરી હતી. આ સનસનાટીભરી ઘટના ઘણાંને કાલ્પનિક કે મનઘડંત લાગવા માંડી. લાબેલના વર્ણનને આધારે ૧૯૫૯માં ફ્રેંક એડવર્ડએ ‘સ્ટ્રેન્જર ધેન સાયન્સ’માં આ ઘટના વિશે લખ્યું, ને અમાં મસાલેદાર ઉમેરા થયા. આ પુસ્તક થકી ઇનયુટ એપિસોડ વધુ લોકપ્રિય થયો.

આજે ઇનયુટ ગામ કેનેડાના વણઉકલ્યા રહસ્યોમાંનું એક છે. હવે તેનું અસ્તિત્વ રહ્યું નથી. અમુક તો છાતી ઠોકીને કહે છે કે આવું કંઇ બન્યું જ નહોતું. આ તો માત્ર સનસનાટી ફેલાવવા માટે ઉપજાવી કાઢેલી વાર્તા છે, જે સમયાંતરે દંતકથા બની ગઇ. શક્ય છે કે વાસ્તવિકતા અને કલ્પનાની વચ્ચે કયાંક સત્ય હોઇ શકે. એ શું હતું એવો જવાબ કદાચ સમય આપી શકશે. કયારે? થોભો અને રાહ જુઓ. ■

## હાસ્ય વિનોદ

# વાસ્તુશાસ્ત્ર કંઈ સાવ વાહિયાત નથી...

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

રેશનાલિસ્ટો વાસ્તુશાસ્ત્ર વિશે ભલે ગમે તે કહેતા હોય, પણ આ શાસ્ત્ર રેશનાલિસ્ટો માને છે એવું બોગસ નથી. બોગસનું ગુજરાતી અમે બંકસ કરીએ છીએ. આ વાસ્તુવિદ્યાએ તો અટલબિહારી વાજપેયીને પણ પોતાનો ચમત્કાર બતાવી દીધો છે. જોકે એની વાત જાણવા માટે આપણે ફ્લેશબેકમાં જવું પડશે. વાજપેયી અને વડા પ્રધાનની ખુરશી વચ્ચે જયલલિતા નામની એક સ્ત્રી આડી ઊતરી હતી. પોતે પણ પી ન શકે એવું સત્તાનું દૂધ તે ઢોળી દેવા તૈયાર થઈ ગઈ હતી, પણ ત્યારે વાસ્તુશાસ્ત્રે આખીય બાજી સંભાળી લીધી. આ ગૂઢવિદ્યાના તજજ્ઞોએ શોધી કાઢ્યું કે ભાજપને લીમડો નડી રહ્યો છે. આયુર્વેદે લીમડાનો મહિમા બહુ ગાયો છે. લીમડાના અઢળક ગુણોની ચર્ચા કરી છે, પણ આ જ લીમડાને લીધે ભા.જ.પ. સત્તા પર પહોંચી શકતો નહોતો.

ભારતીય જનતા પક્ષની દિલ્હી ખાતે જે ઓફિસ છે એના મુખ્ય દરવાજાની બરાબર સામે લીમડાનું જે વૃક્ષ છે તે ભાજપને ખુરશી સુધી પહોંચવા દેતું નહોતું. આ લીમડાની કડવાશ એ.આઈ.ડી.એમ.કે.ના સર્વેસર્વા ગણાતાં જયલલિતામાં ઊતરી ગઈ હતી ને એ કારણે જ બાજપાઈ સરકારને ટેકો આપવાનો કાગળ મોકલવામાં અખાડા કરતાં હતાં. એક નહીં, પણ ઊંટના અંગ જેટલા વાસ્તુશાસ્ત્રીઓએ સલાહ આપી કે લીમડો ભલે ત્યાં ઊભો. પોતાને વાગેલ એક કાંટાને પાઠ ભણાવવા ચાણક્યએ આખેઆખું બાવળનું ઝાડ ઉપાડીને ફેંકી દીધું હતું, એ રીતે લીમડાને નિર્મૂળ કરવાની જરૂર નથી, પણ લીમડાની સામે આવેલ ભાજપની ઓફિસનો મુખ્ય દરવાજો બંધ કરી દો, અને સાઈડમાં બીજો દરવાજો પાડી તે દ્વારા આવનજાવન કરો તો કામ થઈ જશે... ને તેમ કર્યું ને લો, જાણે ચમત્કાર થયો. એ સાઈડના બારણેથી સત્તા ભાજપ પાસે સામેથી આવી ગઈ.

– તો આજે આપણે આવા એક અદ્ભુત અને રહસ્યમય ગણાતા વાસ્તુશાસ્ત્રની થોડી વાત કરીશું, પરંતુ જેને વાસ્તુવિદ્યામાં શ્રદ્ધા ન હોય તેણે કૃપા કરી આ લેખ વાંચવા પાછળ પોતાનો ફાલતુ સમય પણ બગાડવો નહીં. તમને કદાચ ખબર નહીં હોય કે માણસની જેમ મકાન તેમ જ જમીનમાંથી પણ પોઝિટિવ કે નેગેટિવ વાઈબ્રેશન નીકળતાં હોય છે. જોકે એની ખબર માત્ર વાસ્તુશાસ્ત્રની જ પડે છે, હવામાન ખાતામાં કામ કરનારને હવામાન અંગેની ખબર પડે છે એ રીતે. પણ વાસ્તુશાસ્ત્ર અંગેની કેટલીક સ્થૂળ વિગતો વાસ્તુશાસ્ત્રીઓ દ્વારા આપણે જાણી શકીએ છીએ. દાખલા તરીકે...

જે જમીનમાંથી વાળનો મોટો જથ્થો, મોટાં ગૂંચળા મળી આવે એ જમીન ખરીદવી નહીં, કિંતુ તપાસ કરતાં એવું જાણવા મળે કે આ જગ્યા પર તો ભૂતકાળમાં હેરકટિંગ સલૂન હતી તો એ જમીન ખરીદવામાં સ્હેજ પણ વાંધો નથી, કેમ કે નાયી એટલે વાળંદને શાસ્ત્રોમાં પવિત્ર ગણવામાં આવે છે. કોઈપણ પ્રકારની ભેળસેળ કે ઘાલમેલ કર્યા વગર, પોતાનો ધંધો તે ઈમાનદારીથી કરે છે. આ સિવાય જે ભૂમિમાંથી હાડકાં મળી આવે એ ભૂમિને નકામી ગણી ખરીદવી નહીં, પણ જો આ જગ્યા પર કોઈ ઑર્થોપેડિક સર્જન પોતાની હોસ્પિટલ બાંધવા માગતો હોય તો એને માટે આ જમીન શુકનવંતી સમજવી. આમાંય પાછું સાકર જેવું છે, કોણ ખાવા ઈચ્છે છે એના પર બધો આધાર છે.

સો-દોઢસો કે બસો વર્ષ પૂર્વે જ્યાં સ્મશાનભૂમિ કે કબ્રસ્તાન હોય એ જગ્યા પર ભૂત, પલીત વગેરે પ્રેતાત્માઓનો વાસ હોય છે. એટલે જ જમીન ખરીદવાની ઈચ્છા હોય એ જ સ્થળ પર પ્રેતાત્માઓનો વાસ છે કે કેમ એ જાણી લેવું. એ માટે કોઈ ફેમિલી વાસ્તુશાસ્ત્ર - કન્સલ્ટન્ટ પાસે પ્રશ્નકુંડળી મુકાવી જો ત્યાં ભૂત-પ્રેત હોય તો તે ડાઈરેકટલી પૂછી-પુછાવી લેવું કે 'આ જગ્યા ખાલી કરવાનું તું શું લઈશ?' જોકે તમારી સાથે તે સીધા મોંએ વાત નહીં કરે, પ્રેતાત્માઓમાં ભારે શિસ્ત હોય છે. તે થ્રુ પ્રોપર ચેનલ, એજન્ટ દ્વારા જ વાત કરશે, વાસ્તુશાસ્ત્રી આગળ પોતાની શરતો મૂકશે. એટલે તેની મદદથી વાટાઘાટો કરી સોદો પતાવી દેવો. પણ ધારો કે તમારી ગરજનો લાભ લઈને તમારા ગજા (તેમજ ગજવા) બહારની શરતો મૂકે તો તેને તાબે થવું નહીં. સામેથી પૂછવું કે સોદો પાર પડે તેમ નથી, પણ એ વગેરેય તને અમારી જોડે રહેવું ફાવશે? - આ સાંભળીને શક્ય છે કે એ પ્રેતાત્મા શરતોમાં બાંધછોડ કરે અને જે જમીન ખરીદવાનું મન હોય એવી જમીનનું માપ લેવા જતાં મેજરટેપ - માપવાની પટ્ટી - તૂટી જાય તો એ જમીન લેવી નહીં. કારણ કે એવી જમીન લેવા જતાં આપણે જ તૂટી જવાનો વારો આવશે. એમ માની એ જમીન જતી કરવી.હા, એ જમીન જતી કરતાં જીવ ચાલતો ન હોય તો અનબ્રેકેબલ મેજરટેપથી જમીન ફરી વાર માપવી.

આ રહસ્યમય વાસ્તુશાસ્ત્ર દિશાઓ પર જ રચાયેલું છે અને બિલ્ડરો કબજો જમાવે એ પહેલાં તો અમુક ગ્રહોએ જે તે દિશાઓ અને એ દિશાઓ પરની સંપત્તિ પર કબજો જમાવી દીધો હોય છે. ઉદાહરણ તરીકે - પૂર્વ દિશા સૂર્યના આધિપત્યમાં છે ને ઈશાનનો જે પૂર્વ-ઉત્તર વચ્ચેનો ભાગ છે એનો સાચો માલિક બૃહસ્પતિ કહેતાં ગુરુ છે. જ્યારે ઉત્તર દિશા બુધના તાબામાં છે. બુધને ભગવાન વિષ્ણુએ પોતાના ચોકીદાર લેખે આ જગ્યા પર મૂકયો છે જેથી અન્ય કોઈ ગ્રહ આ જમીન હડપ કરવા પ્રયત્ન ન કરે... પરંતુ નૈર્ઋત્ય દિશા, પશ્ચિમ-દક્ષિણની વચ્ચે જે રાહુ-કેતુ બેઠા છે એ તમામ અનિષ્ટ તત્ત્વોના મૂળમાં છે. આ બંને માફિયા સરદારો છે એમનાથી સલામત અંતર રાખી રહેવું.

વાસ્તુશાસ્ત્રના નિયમ મુજબ શુભ દિશાઓ હંમેશાં ખુલ્લી રાખવી. અશુભને, તે અશુભ છે એવી ખબર પડે કે તરત જ બંધ કરી દેવી. મકાન પડી જતું હોય તો પડી જવા દેવું, પણ વાસ્તુશાસ્ત્રના નિયમોની વિરુદ્ધ તેમાં રિનોવેશન, ફેરફાર વગેરે કરાવવા નહીં. અમારા વિસ્તારનો એક સ્મગલર પોતાના આલીશાન બંગલામાં સુખેથી રહેને ધંધો કરતો હતો, ને તેનો કોઈ વાળ પણ વાંકો કરી શકતું નહીં. આ દાણચોરીના ધંધામાં તે પુષ્કળ ધન કમાયો, ને તેને કુબુદ્ધિ સૂઝી. મકાનમાં તેણે મોટા પાયે ફેરફાર કરી નાખ્યા. એ દરમિયાન નૈર્ઋત્ય ખૂણે બેઠેલ રાહુ-કેતુએ ઈન્કમટેક્ષ ખાતાને જાણ કરી દીધી. તેને ત્યાં 'રેડ' પડી. પણ આ દરોડા પડવાની આગલી સાંજે તેનો પાર્ટનર તેની જાણ બહાર, મોટી રકમ લઈને છૂ થઈ ગયો. તેનો રસોઈયો તેની પત્નીનું અપહરણ કરી ગયો. જોકે આ રીતે તેની પત્ની નાસી ગઈ એ કરતાંયે વધારે તો તેની આબરૂ પણ સાથે લઈ ગઈ એનો તેને સખત આઘાત લાગ્યો. પછી તેણે એક વાસ્તુશાસ્ત્રીની સલાહ પ્રમાણે પોતાનું એ મકાન તોડી પાડી, ફરી હતું એવું કરી નાખ્યું. પરિણામે ઈન્કમટેક્સ ખાતાવાળાએ માત્ર અમુક લાખ રૂપિયા દક્ષિણાપેટે લઈને બાકીનું ધન પરત કરી દીધું. તેના ભાગીદારને પસ્તાવો થવાથી તેણે સ્મગલર પાસે આ ક્ષમા માગીને જણાવ્યું કે બોસ, તમારા જે પૈસા લઈને હું અંતર્ધાન થઈ ગયો હતો, એ તમામ પૈસા તો વપરાઈ ગયા. પણ ભવિષ્યમાં આ ઈતિહાસનું પુનરાવર્તન હું નહીં કરું. મારે તો તમારી સાથે જ પાર્ટનરશિપમાં ફરી ધંધો કરવો છે અને પેલો રસોઈયો પણ આવીને તેના પગમાં પડી ગયો. રડી પડતાં તે બોલ્યો કે શેઠ, તમારી સ્ત્રીને ભગાડી ગયા પછી તો ખુદ મારે જ ભૂખે મરવાનો વારો આવ્યો. તમે ખરેખર મહાન છો. આ સ્ત્રીને તો તમે જ રાખી શકો. કહેતા હો તો અબઘડી પાછી મૂકી જઉં. પણ એ સ્મગલરે તેના ભૂતપૂર્વ રસોઈયાને માફ કરી સહાનુભૂતિથી જણાવ્યું કે હવે તો તારાં કર્યાં તું જ ભોગવ... આમ મકાનને અનુકૂળ દિશાઓમાં ફેરવવાથી તેના દિવસો ફરી ગયા ને ફરી પાછો તે પહેલાં જેવો જ તગડો તવંગર થઈ ગયો, સુખી થઈ ગયો - સુખી એટલા માટે કે હવે તો તેની પત્ની પણ નહોતી, આ બધો રૂડો પ્રતાપ વાસ્તુશાસ્ત્રનો.

આ વાસ્તુશાસ્ત્ર પણ આમ તો જ્યોતિષશાસ્ત્ર જેટલું જ પુરાણું છે, પણ શાસ્ત્રનેય પોતાનું નસીબ હોય છે. છેલ્લાં દસ બાર વરસમાં જ તેનું ભાગ્ય ખૂલી ગયું ને તેને રાતોરાત પ્રસિદ્ધિ મળી ગઈ. જોકે તેની બોલબાલા જેટલી ધનિક વર્ગમાં છે એટલી ગરીબોમાં હજી સુધી થઈ નથી. ગરીબ માણસો વાસ્તુશાસ્ત્રીને પૂછીને તેમનાં ઝૂપડાં બાંધતા નથી. કદાચ એટલે જ તે કાયમ દુઃખી રહે છે. ■

---

## ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# નવો નિશાળીયો નવ દહાડા



આ વર્ષનો છેલ્લો રવિવાર. આવતા ગુરુવારથી નવા વર્ષનો પ્રારંભ. નવ એટલે સર્વોચ્ચ સંખ્યા એ આપણે બધા જાણીએ છીએ, કારણકે ૯ પછી આવતી બધી સંખ્યા શૂન્યથી નવ દરમિયાનના આંકડાનો જ મેળ હોય છે. નવનો બીજો અર્થ છે નવું, નવીન, તરતનું. નવો શબ્દની વ્યાખ્યા બાંધતી એક બાહ્ય સરસ કહેવત છે જે **નવો નિશાળીયો નવ દહાડા, ઝાઝું કરે તો દસ દહાડા, અગિયારમે દહાડે કોરડો ને બારમે દહાડે ઓરડો.** બાળકને પહેલી વાર ભણવા મૂક્યો હોય ત્યારે શરૂઆતના થોડા દિવસ કજિયા કરે, નિશાળે જવાની આળસ કરે વગેરે બાબતો તો થાય જ. જોકે, થોડા દિવસમાં નવા વાતવારણથી ટેવાઈ જાય અને એમાં આનંદ આવે તો જવાનો ઉત્સાહ દર્શાવતો થઈ જાય. જોકે, ક્યારેક બાળક ગોઠવાઈ ન શકે એવું બને ત્યારે શિક્ષક થોડી દમદાટી આપે એટલે વર્ગમાં નિયમિત હાજરી આપતો થઈ જાય. આશા - નિરાશા, સફળતા - નિષ્ફળતા મળવી કે એનો સામનો કરવો જીવનની સામાન્ય બાબત કહેવાય. 'કરતા જાળ કરોળિયો'ની ભાવનાને ચરિતાર્થ કરી નિરાશા ખંખેરી સફળતા મેળવવા - નિર્ધારિત લક્ષ્યને પહોંચી વળવા સજ્જ થવાની ભાવના માટે કહેવત છે **નવી ગિલ્લી નવો દાવ.** વહુ અને રાજાને સાથે વણી લેતી કહેવત છે નવી વહુ ને બેસતો રાજા, વખાણીએ તો વખણાય. તાત્પર્ય એટલું જ કે આ બંનેની પ્રશંસા શરૂઆતથી જ કરીએ તો એ સારાં નીવડે.

**કાઠિયાવાડીની ભાષાઃ** કાઠિયાવાડની તો આમ અનેક બાબતો જાણીતી, પણ મહેમાનગતિ અને એની ભાષાનો જોટો જડવો મુશ્કેલ છે. કેટલાક સેમ્પલથી વાત એકદમ સ્પષ્ટ થઈ જશે, નહીં નહીં, **હંધુય હમજાય જાહેં.** લોકો ફરવા જાય, પણ કાઠિયાવાડી **રખડવા જાય.** કાઠિયાવાડી રાત્રે જમવા ન બેઠા હોય, સંધ્યા ટાણું થયા પછી બધા **વાળુ કરતા હોય.** જમ્યા પછી વાસણ સાફ ન કરવાના હોય, વાળુ કરી લીધા પછી **ઠામ ઉટકવાના હોય.** લગ્ન હોય ત્યારે બધા દીકરીને કપડાં આપે જ્યારે કાઠિયાવાડી **લૂગડાં કરે.** શિયાળામાં અલગ નાસ્તો કરવાની ઈચ્છા થાય ત્યારે બધા મગફળી અને ગોળ ખાય, પણ કાઠિયાવાડી **માંડવી અથવા ઓળો આરોગે.** ઠંડું પાણી પીવા માટે લોકો ફ્રિજમાં બોટલ મૂકે, કાઠિયાવાડી **બાટલો મૂકે** અને એના ઘરમાં બારણું ન હોય, **બાયણું હોય.** સવારે બધા ઘરમાં પીવાના પાણીનું માટલું ભરવામાં આવે પણ કાઠિયાવાડી તો પાણીનો **ગોળો ભરે** અને જામનગરવાસી તો પાણીનો ગોરો ભરે. બધા લોકો પિકનિક કરવા જાય જ્યારે કાઠિયાવાડી ઉજાણી કે અણગો કરવા જાય. બે બાળકો વચ્ચે ઝઘડો થાય ત્યારે એકબીજાને ફાઈટ અથવા ધુંબો મારે પણ કાઠિયાવાડી તો ઢીક લગાવી દે. ખોટું બોલવાથી પાપ લાગે, **પણ સાચું બોલવાથી પથારી ફરી જાય** એનું શું. ઘડિયાળ તો રોલેક્ષની જ જોઈએ, બાકી રાડો તો **ઘરવાળી રોજ નાખે જ** છે. આજકાલ ક્યાંય ફરવા જવાની જરૂર નથી, કેટલાક લોકો **બેઠા બેઠા જ મગજ ફેરવી નાખે** છે. બાટલો અને બાટલીમાં શું ફરક... બાટલો ચઢાવવો પડે ને **બાટલી એની મેળે જ ચઢી જાય.**

### तीन तेरा वाजणे

तीन वाजणे हा शब्द प्रयोग घड्याळच्या वेळेशी संबंधित आहे. पण घड्याळात बारापर्यंतच आकडे असतात. तेरा वाजत नाहीत. याचा अर्थ असा की तेरा वाजणे म्हणजे गोष्ट.

एकूण तीन तेरा वाजण्याचा अर्थ त्रिवार अशक्य गोष्ट घडणे असा होतो पण ही म्हण त्या अर्थाने वापरली जात नाही. मग तीन तेरा वाजणे म्हणजे काय? याचा अर्थ दसपट होणे असा होतो. कारण ३ +१०=१३ एखादी वस्तु फुटली आणि तिचे अनेक तुकडे झाले की तीन तेरा असं म्हणतात. कोणी कसल्यातरी बेतात काही वेगळेच बोलू लागले की आता तिसरेच काही काढू नका असं सांगण्यात येतां ટૂંકમાં જે કામ પાર પડી રહ્યું છે એમાં મૂંઝવણ કે ગરબડ ઊભી ન કરવી. પશ્ચિમના દેશોમાં ૧ ૩નો આંકડો અશુભ માનવામાં આવે છે. म्हणूनच तीन तेरा वाजणे किंवा तीन तेरा होणे म्हणजे दसपट नुकसान होणे असा त्याचा अर्थ होतो.

જોકે, મજા એ વાતની છે કે આપણી સંસ્કૃતિમાં ત્રીજ (અખાત્રીજ) અને તેરસ (ધનતેરસ) શુભ માનવામાં આવે છે. આ સિવાય ત્રિદેવ, ત્રિમૂર્તિ વગેરેમાં ત્રણના આંકડાનું વિશેષ મહત્ત્વ છે. વળી કોઈ બાબત ત્રણ વખત કરવી એ અધિક મહત્ત્વ ધરાવે છે. ત્રિવાર વંદન એનું વિશિષ્ટ ઉદાહરણ છે. थोडक्यात आपल्या संस्कृतीत तीन तेरा वाजत नही. पाश्चात्य संस्कृतीचा प्रभावा नंतर ही म्हण रुढ झाली असाची. પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાંથી આ કહેવત જન્મી હોય એવું લાગે છે.

---

## हिंग्लिश VINGLISH

### नाच न जाने, आँगन टेढा
### A bad workman blames his tools




હિન્દી + અંગ્રેજીનું મિશ્રણ ધરાવતા **हिंग्लिश** (हिंदी + English નું મિશ્રણ) ભાષા જીંગલ્સમાં, હિન્દી ફિલ્મના ડાયલોગ્સમાં અને ક્યાંક ક્યાંક ગીતોમાં પણ જોવા મળે છે. આપણે પાછળના કેટલાક હપ્તામાં એના ઉદાહરણથી વાકેફ થયા. આજે આપણે કેટલીક પ્રચલિત હિન્દી ભાષાની કહેવતો એવા જ ભાવાર્થ સાથે અંગ્રેજીમાં કઈ રીતે રજૂ થઈ છે એ જાણીએ અને જ્ઞાન સાગરમાં થોડા ટીપા ઉમેરીએ. **जहाँ चाह वहाँ राह** કહેવત તમે સાંભળી હશે. **कहावत का मतलब है कि अगर किसी काम को करने की सच्ची और दढ इच्छा हो, तो उसे पूरा करने का रास्ता अपने आप निकल आता है, चाहे कितनी भी मुश्किलें क्यों न हों. यह कहावत दढ संकल्प और कडी महेनत के महत्व पर जोर देती है, और बताती है कि सच्ची लगन से कोई भी लक्ष्य हासिल किया जा सकता है.** સાચી લગનથી કરેલો પ્રયાસ લક્ષ્ય સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે. આ કહેવત અંગ્રેજીમાં where there's a will, there's a way સ્વરૂપમાં હાજર છે. ઈચ્છા બળવાન હોય તો મારગ મળી આવે એ એનો ભાવાર્થ છે. 'મન હોય તો માળવે જવાય' કહેવત ખબર હશે.

બીજું ઉદાહરણ જોઈએ : **नाच न जाने, आँगन टेढा** કહેવત ગુજરાતીમાં નાચતાં ન આવડે તો કહે તારું આંગણું વાંકું છે એ સ્વરૂપે જાણતા હશો. **कहावत का अर्थ है कि जब कोई व्यक्ति किसी काम को ठीक से करना नहीं जानता, तो वह अपनी कभी स्वीकार करने की बजाय परिस्थितियों या अन्य चीजों (जैसे, आँगन) में खोट निकालकर बहाने बनाता है. यह लोकोक्ति ऐसे व्यक्ति के लिए इस्तेमाल होती है जो अपनी अयोग्यता छिपाने के लिए बाहरी चीजों को दोष देता है, जैसे कि नाचना न आने पर वह आंगन को ही डेढा बता दे.** હવે આ કહેવતનો અંગ્રેજી પર્યાય છે A bad workman blames his tools. કામ કરવાની અણઆવડત છુપાવવા ઓજારોને દોષ દેવાની વાત છે. ટૂંકમાં નબળાઈ ઢાંકવા દોષનો ટોપલો બીજા પર ઢોળી દેવાનો. **दूध का जला छाँछ फूँक फूँक कर पीता है** (દૂધનો દાઝેલો છાસ પણ ફૂંકી ફૂંકીને પીએ) કહેવતમાં સાવચેતીનો સૂર પ્રગટ થાય છે. **दूध का जला छाछ भी फूँक फूँक कर पीता है कहावत का मतलब है कि एक बार धोखा खाने या नुकसान उठाने के बाद अत्यधिक सावधान हो जाता है और वैसी ही दिखने वाली चीजों से भी डरने लगता है, भले ही उनमें खतरा न हो. जैसे दूध से जलने के बाद ठंडी छाछ को भी फूँक फूँक कर पीन यह कहावत बताती है कि बुरे अनुभव व्यक्ति को भविष्य के लिए बहुत सतर्क बना देते हैं.** once bitten, twice shy અંગ્રેજીમાં આ કહેવત સ્વરૂપે હાજર છે. પીડાદાયક અનુભવ પછી માણસ એ દિશામાં જતા કે કોશિશ કરતા બે વાર વિચાર કરે છે અથવા ગભરાટ અનુભવે છે. હિન્દીમાં એક મજેદાર કહેવત છે **दूर के ढोल सुहावने लगते है.** આ વાંચી તમે જરૂર કહેવાના કે આ કહેવત આપણી 'ડુંગરા દૂરથી રળિયામણા' જેવી જ છે. નજીકથી જોયા પછી ઘણીવાર ભ્રમ ભાંગી જાય છે કે નિરાશ થાય છે તમારી વાત સાચી છે. **दूर के ढोल सुहावने लगते हैं कहावत का मतलब है कि चीजें दूर से अच्छी. आकर्षक या बेहतर लगती है, पास आने पर अक्सर वैसी नही होती; यह दूसरों की चीजों या स्थितियों को ज्यागा सराहने की मालवीय प्रवृति पर लागु होती है. जबकि अपनी चीजों को कम आँकते है, ठीक उसी तरह जैसे दूर से ढोल की आवाज अच्छी लगती है पर पास से कानों को चुभ सकती है.** આ જ કહેવત અંગ્રેજીમાં The grass seems greener on the other side સ્વરૂપમાં હાજર છે. અન્ય લોકોનું જીવન, બીજાની પરિસ્થિતિ કે પાસે રહેલી વસ્તુ પોતાના કરતા ચડિયાતી હોવાની માન્યતા ઘણીવાર મનમાં ઘર કરી જતી હોય છે. પારકું ભાણું લાગે વહાલું જેવી વાત છે. ■

---

## ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ના, નથી સાંભળવો આ કેસ, કારણ કે...



'હું કેસની દલીલો નહીં સાંભળું.' મહિલા જજ પ્રગતિએ ફેંસલો સંભળાવ્યો. ફિલ્મોમાં કે ટીવી સિરિયલોમાં કોર્ટમાં ઘોંઘાટ થતો હોય ત્યારે જજ લાકડાનો હથોડો ટેબલ પર પછાડી ઓર્ડર ઓર્ડર કરતા હોય છે. જો કે, પ્રગતિએ ટેબલ પર હથોડો પછાડ્યો નહીં, વાદી-પ્રતિવાદી, વકીલો, કોર્ટના કારકુન, લાલ પાઘડીવાળા પટાવાળા સહિત હકકાબકકા થઇ ગયા.

કોર્ટના કારકુન સ્પેશિયલ સિવિલ એપ્લિકશન અબકડ વિરુદ્ધ રાજ્ય સરકાર એવી એનાંઉન્સમેન્ટ સાથે કેસનું હિયરિંગ શરૂ થયું. જ્જસહેબા પ્રગતિએ એક દ્રશ્ય જોયું. તરત જ 'આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ'નું એલાન કર્યું.

'મેડમ સર, કેમ શું થયું? કોઇએ કોર્ટ પરિસર બોમેબથી ઉડાવી દેવાનો ઇમેઇલ મળ્યો છે?'કોર્ટ રજિસ્ટ્રાર ગણપત ગાંગડાએ સાશંક પૂછયું.

'ના એવું નથી.' પ્રગતિએ કહ્યું

'તો માય લોર્ડશીપ, કેસની બ્રિફમાં કોઇ પ્રોબ્લ્મ છે? ઝેરોકસ કોપી વંચાય તેવી નથી?' કારકુને ખુરશી પરથી ઊભા થઇ અદબભેર પૂછયું.

'નો, બધું બરાબર છે, બટ આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ.' જજસાહેબાએ નકારનો રણકાર કર્યો.

'મેડમ, ડિફેન્સ લોયરે સિક લિવની એપ્લિકેશન કરી છે? સરકારી વકીલે અચકાતાં અચકાતાં પૂછયું.

'ના, એવું કંઈ નથી...ડિફેન્સ લોયર એ કોર્ટમાં પ્રેઝન્ટ છે. બટ આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ.'

'તો પછી...?'

'વાદી અને પ્રતિવાદી પક્ષના વકીલો હાજર છે. બટ આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ.' પ્રગતિએ નકારનો કકકો ઘૂંટયે રાખ્યો.

'માય લોર્ડશીપ, ચાલું કોર્ટ પ્રોસિડિંગ દરમિયાન કોઇનો મોબાઇલ રણકયો?'

'ઇટસ નોટ રિઝન. બટ આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ.' પ્રગતિએ નકારમાં માથું ધુણાવ્યું.

'મેડમ , આ કેસમાં તમારું હિત હોય અને તમે નૈતિકતાના ધોરણે કેસની સુનાવણીમાં હટી જવા માંગો છો?' સરકારી વકીલે સવાલ કર્યો.

'નોટ એટ ઓલ મારે આ કેસ જોડે હીંગ કે ફટકડી કાંઇ કરતાં કાંઇ નથી.બટ આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ.'

'માય લોર્ડશીપ, આ કેસ પ્રોસિડિંગ પર ઉપલી કોર્ટે સ્ટે મુકયો છે?' બીજા વકીલે દોઢડાહ્યા થઇને પૂછયું.

'નો મિસ્ટર...બટ આઇ ડોન્ટ વોન્ટ ટુ હિયર ધીસ કેસ.' પ્રગતિએ પુનઃ નકારોચ્ચાર કર્યો.

'માય લોર્ડશીપ, આમ તો આવા કેસ આપના ડાબા હાથનો ખેલ છે. ક્યાંય બીજી કાનૂની ગૂંચ પણ જણાતી નથી, છતાં...'

'મેડમ સર, આ કેસની સુનાવણી અને હાઇજીન વચ્ચે કોઇ સંબંધ છે?' કારકુને તેની મુંઝવણ વ્યક્ત કરી.

'તમે , સૌ કાન ખોલીને સાંભળી લો કે હાઇજીન ઇઝ માય મોટો ઓર પ્રિન્સિપલ. હું તેમાં હરગિજ સમાધાન નહીં કરું.' પ્રગતિએ ફેંસલો સુનાવ્યો.

'મેડમ, કોર્ટ રૂમ અને ચેમ્બરની દિવસમાં ત્રણ વાર સફાઇ થાય છે. ફિનાઈલથી પોતા થાય છે... હાથ ધોવા લિકવિડ શોપની બોટલ મુકાય છે. હાથ લૂંછવા ટિસ્યુ મુકાય છે. કોર્ટ રૂમમાં દુર્ગંધનો નાશ કરવા રૂમ ફ્રેશનરનો છંટકાવ થાય છે...' કારકુને સફાઈની પ્રક્રિયા વિગતવાર જણાવી.

'એ બધું બરાબર છે, છતાં...

'તો પછી કેસનું હિયરિંગ ન કરવાનું કારણ તો બતાવો.' વાદી-પ્રતિવાદીના વકીલોએ જજને કારણદર્શક નોટિસ બજાવી.

'કારણ કોર્ટમાં મૌજુદ છે. પ્રગતિએ ઠંડા કલેજે કહ્યું.

'કારણ કયાં છે?' સૌએ કોરસમાં પૂછયું.

'લુક એટ ધીસ ... .' પ્રગતિએ એક મુકરી જેવા માણસ તરફ આંગળી ચીંધી. બધાની નજર તેના તરફ ગઇ. એ મહાશય કોર્ટથી નિર્લેપ થઇને તેના કેસની બ્રીફના પાના ફેરવતા હતા? પરંતુ, એમાં વાંધાજનક શું હતું?

'એ માણસ તેની આંગળી જીભે અડાડી, આંગળી થૂંકવાળી કરી બ્રીફના પાના ફેરવે છે...આ અગ્લિ એન્ડ ડર્ટી છે... . હાઇજીનની ધજિયા ઉડાડે છે. થૂંકના સાંધા એવું સાંભળ્યું હતું. પણ આજે નજરે નિહાળ્યું. આના વાઇરસને લીધે રોગચાળો ફેલાશે. એને કહો તે વોશરૂમમાં જઇ લિકવિડ સાબુથી હાથ રગડી રગડીને ધોવે અને પછી કોર્ટ રૂમમાં કલાર્કને હાથ દેખાડે. કલાર્ક લીલી ઝંડી આપશે તો જ હું કેસની હિયરિંગ સાંભળીશ.' આમ કહી ફિલ્મી સ્ટાઇલના કોર્ટ એડજોર્ન કરી. ■

# મુંબઈમાં ૭૦૦ ખાનગી સોસાયટીઓમાં પોલિંગ બૂથ ઊભા કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં આ વર્ષે ૧૯૦ વધુ મતદાન કેન્દ્ર ઊભાં કરવામાં આવવાના છે. તો મુંબઈના મતદાનની ટકાવારી વધે અને વધુને વધુ નાગરિકો પોતાના મતદાનનો અધિકારી બજાવે તે માટે આ વખતે લગભગ ૭૦૦ ખાનગી હાઉસિંગ સોસાયટીઓમાં નાગરિકોના ઘરની નજીક મતદાન કેન્દ્ર ઊભાં કરવામાં આવવાનાં છે.




મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના થવાની છે અને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પાલિકા પ્રશાસને તમામ તૈયારીઓને ઝડપી બનાવી રહી છે. મતદાનની ટકાવારી વધે અને વધુને વધુ નાગરિકો મતદાન માટે બહાર નીકળે તે માટે તેમના ઘરની નજીક મતદાન કેન્દ્ર ઊભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે માટે વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં ૧૯૦ વધુ મતદાન કેન્દ્ર ઊભાં કરવામાં આવવાનાં હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. તેથી મુંબઈના તમામ વિસ્તારોમાં મોટા રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સમાં મતદાન કેન્દ્ર ઊભાં કરવામાં આવવાનાં છે.

મુંબઈમાં ઓછી જગ્યામાં વધુ વસતી હોવા છતાં એક પણ અતિ સંવેદનશીલ મતદાન કેન્દ્ર ન હોવાનું પાલિકાએ જણાવ્યું હતું. જોકે અમુક મતદાન કેન્દ્ર સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે, જે ઠેકાણે ૧૦ કરતાં વધુ મતદાન કેન્દ્ર હોય ત્યાં મતદારોની સંખ્યા વધુ હોવાથી ગરદી થવાની શક્યતા હોય છે. તેથી આવા મતદાન કેન્દ્રને સંવેદનશીલની યાદીમાં સમાવવામાં આવ્યા છે.

આ દરમ્યાન રાજ્યના ચૂંટણી પંચે મતદારયાદીમાં એકથી વધુ વખત રહેલા મતદારોની અંતિમ યાદી નિશ્ચિત કરી છે. ચૂંટણી પંચે આપેલી યાદીમાં ૧૧,૦૧૫૦૮ નામ એકથી વધુ વખત છે. મતદાર યાદીના નામમાં રહેલી સમાનતાને જોઈને તે નામને બાકાત કરવામાં આવ્યા હોઈ મુંબઈમાં હવે ડબલ મતદારની કુલ સંખ્યા ૧,૬૮,૩૫૦ થઈ ગઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# પુણેમાં બંને એનસીપી જોડાણની વાટાઘાટો નિષ્ફળ

પુણે: આગામી મહિને યોજાનારી પુણે મહાનગરપાલિકા ચૂંટણી માટે સંભવિત જોડાણ અંગે એનસીપી (એસપી) અને અજિત પવારની આગેવાની હેઠળની શાસક એનસીપી વચ્ચેની વાટાઘાટો ખોરવાઈ ગઈ હોય તેવું લાગે છે. પોતપોતાના ચૂંટણી ચિહ્નો પર ચૂંટણી લડવાના શરદ પવારની આગેવાની હેઠળના પક્ષના પ્રસ્તાવ સાથે અજિત પવારનો સંમત નથી થયો. મુંબઈ અને પુણે સહિત મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે. નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ ૩૦ ડિસેમ્બર છે.

એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતા અંકુશ કાકડેએ જણાવ્યું હતું કે શુક્રવારે પુણેમાં અજિત પવાર સાથે મુલાકાત થઈ હતી, પરંતુ પુણે નાગરિક ચૂંટણી માટે સંભવિત જોડાણ અંગેની વાતચીત આગળ વધી શકી નથી. ■

# વાયુ પ્રદૂષણ અટકાવવા મ્હાડાની પહેલ : નિયમોનું પાલન કરો, નહીં તો કાર્યવાહી કરવામાં આવશે

મુંબઈ: મુંબઈમાં ચાલી રહેલા બાંધકામ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને કારણે વાયુ પ્રદૂષણ વધી રહ્યું હોવાનું પણ સ્પષ્ટ થયા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ વાયુ પ્રદૂષણ નિયંત્રણ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરનારા બાંધકામો અને પ્રોજેક્ટ્સને 'કારણદર્શક નોટિસ' અને 'કામ બંધ કરવાની નોટિસ' આપવાનું શરૂ કર્યું છે. હવે મ્હાડાના મુંબઈ બોર્ડે પણ આ બાબતે સજાગ થઈને વાયુ પ્રદૂષણ રોકવા અને પ્રદૂષણ નિયંત્રણના નિયમોનું કડક પાલન કરવા માટે પહેલ કરી છે.

મુંબઈ બોર્ડે ૬૦૦ બાંધકામોને (મ્હાડા વસાહતોનો પુનઃવિકાસ અને મ્હાડા હાઉસિંગ) પત્ર પાઠવીને પાલિકાની વાયુ પ્રદૂષણ નિયંત્રણ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનો આદેશ આપ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તમામ કાર્યકારી ઈજનેરોને પ્રોજેક્ટ સાઇટ્સની મુલાકાત લેવા અને નિયમોનું ઉલ્લંઘન તો નથી થઈ રહ્યું ને, તેની તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.

એક થી ૨૪ ડિસેમ્બર દરમિયાન મહાનગરપાલિકાએ ૫૦૨ 'કારણ બતાવો' નોટિસ જ્યારે ૧૮૭ 'કામ રોકવા'ની નોટિસ ફટકારી હતી. પાલિકા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી બાદ મુંબઈ મંડળે પણ વાયુ પ્રદૂષણ રોકવા માટે પહેલ કરી હતી. મુંબઈમાં મ્હાડાના ૧૦૦ થી વધુ પ્રોજેક્ટ્સ છે. આ પ્રોજેક્ટ્સમાં આવેલી મ્હાડા વસાહતોની મોટી સંખ્યામાં ઇમારતો જૂની થઈ ગઈ છે અને સમારકામની મર્યાદા વટાવી ચૂકી છે. તેથી, હાલમાં ઘણી ઇમારતોનું રિડેવલપમેન્ટ ચાલી રહ્યું છે. આ કામો તેમજ મ્હાડાના હાઉસિંગ પ્રોજેક્ટ્સને કારણે વાયુ પ્રદૂષણ ન થાય તે માટે મુંબઈ બોર્ડે હવે જરૂરી સાવચેતી રાખવાનો નિર્ણય લીધો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે તમામ એક્ઝિક્યુટિવ એન્જિનિયરોને પ્રોજેક્ટ સ્થળોનું નિરીક્ષણ કરવા અને નિયમોનુ ઉલંઘન થઈ રહ્યું છે કે કેમ તે તપાસવા સૂચના આપવામાં આવી છે. જો વાયુ પ્રદૂષણ નિયંત્રણ નિયમોનું ઉલંઘન થતું જોવા મળશે, તો મ્હાડા કામ બંધ કરવા માટે પણ કાર્યવાહી કરશે. ■

# ઝૂંપડપટ્ટી પ્રોજેક્ટ્સમાં ડેવલપર્સ દ્વારા છેતરપિંડી: હાઇ કોર્ટે એસઆરએને તપાસનો આદેશ આપ્યો

મુંબઈ: અનેક ઝૂંપડપટ્ટી પુનર્વસન પ્રોજેક્ટ્સ પર કામ કરી રહેલા એક ડેવલપરની આર્થિક વિશ્વસનીયતા પર હાઈ કોર્ટે ગંભીર શંકા વ્યક્ત કરી હતી. આ સાથે જ તેના દ્વારા છેતરપિંડી થવાની શક્યતા દર્શાવીને હાઈ કોર્ટે ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળ (એસઆરએ)ના મુખ્ય કાર્યકારી અધિકારીને તાત્કાલિક તેની તપાસ કરવાના આદેશ આપ્યા હતા.

ડેવલપર્સ દ્વારા હાથ ધરવામાં આવેલા કાંદિવલીના એસઆરએ પ્રોજેક્ટમાં પાત્ર ઝૂંપડપટ્ટીવાસીઓને વૈકલ્પિક રહેઠાણનું ભાડું ન ચૂકવવા બદલ દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ આરતી સાઠેની ખંડપીઠે ઉપરોક્ત આદેશ આપ્યા હતા.

આ પ્રકરણમાં તાજેતરમાં જ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. તે સમયે ડેવલપર દ્વારા દાખલ કરવામાં આવેલું એફિડેવિટ જોયા પછી કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. આ સાથે જ, ૫૩૧ રહેણાંક અને વ્યાવસાયિક યુનિટ્સ વેચાયા હોવાનો દાવો કરવા છતાં કંપનીના બેંક ખાતામાં કોઈ રકમ નહોતી જે ચોંકાવનારુ હતું. એક ચતુર્થ શ્રેણીના કર્મચારી પાસે પણ આનાથી વધુ પૈસા હોય છે, એવી ટિપ્પણી કરતા કોર્ટે અવલોકન કર્યું કે આ ડેવલપર અધિકારીઓ અને ભાડૂતો બંનેને છેતરી રહ્યો છે.

કોર્ટે આ સમયે ગંભીર આશંકા વ્યક્ત કરી હતી કે ડેવલપર વાસ્તવમાં પ્રોજેક્ટ ચલાવતા અજ્ઞાત તૃતીય પક્ષો માટે માત્ર એક ચહેરો હોઈ શકે છે અને સંભવિત છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અંતે કોર્ટે ડેવલપર દ્વારા જાહેર કરવામાં આવેલી મિલકતોની દેખરેખ માટે એક કોર્ટ ઓફિસરની નિમણૂક કરી હતી અને ડેવલપરને પ્રારંભિક ફી પેટે પાંચ લાખ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો હતો. આ સાથે જ, આ સમયગાળા દરમિયાન કંપનીને કોઈપણ તૃતીય-પક્ષ અધિકારો ઊભા કરવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. ■

# નવી મુંબઈમાં બનશે સૌથી મોટું બિઝનેસ સેન્ટર

નવી મુંબઈ: નવી મુંબઈ ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને આર્થિક સહયોગના મહત્વના કેન્દ્ર તરીકે ઉભરી આવશે. આફ્રિકન યુનિયનના ૫૫ દેશોને એક જ છત નીચે લાવતું 'આફ્રિકા-ઈન્ડિયા બિઝનેસ સેન્ટર' નવી મુંબઈમાં સ્થાપવામાં આવશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ દ્વારા ભારત, ખાસ કરીને મહારાષ્ટ્ર અને આફ્રિકન દેશો વચ્ચેના વ્યાપારી, આર્થિક, સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને વધુ મજબૂત કરવાનો ઉદ્દેશ્ય છે.

આ પ્રોજેક્ટ માટે રાજ્યના નગર વિકાસ વિભાગે સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (એસપીવી) તરીકે સિડકોની નિમણૂક કરી છે. નવી મુંબઈમાં મોટા પ્લોટ ઉપલબ્ધ કરાવવા તેમજ પ્રોજેક્ટના અમલીકરણ માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવાની જવાબદારી સિડકોને સોંપવામાં આવી છે. ■

**૨૦૨૫નો છેલ્લો રવિવાર રડાવશે**

# પશ્ચિમ રેલવેમાં ૨૩૫ ટ્રેનો રદ, સેન્ટ્રલ અને હાર્બર લાઈન પર બ્લોક

મુંબઈ: મુંબઈ લોકલ મુંબઈગરાની લાઈફલાઈન છે અને રવિવારે એટલે કે વર્ષના છેલ્લાં રવિવારે જો તમે મુંબઈ લોકલમાં પ્રવાસ કરવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે જ છે. રવિવારે રજાના દિવસે પણ લોકલ ટ્રેનોના ધાંધિયા જ રહેશે.

રવિવારે ૨૮મી ડિસેમ્બરના રોજ મધ્ય રેલવે, હાર્બર લાઈન પર મહત્ત્વના મેઈન્ટેનન્સ વર્ક અને એન્જિનિયરિંગ વર્ક માટે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ સિવાય પશ્ચિમ રેલવે પર કાંદિવલી-બોરીવલી વચ્ચે ૨૭મી ડિસેમ્બરથી ૨૯મી ડિસેમ્બર સુધી ટ્રેનોના જોરદાર ધાંધિયા જોવા મળશે.

મધ્ય રેલવે પર માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયે આ અપ-ડાઉન ફાસ્ટ લોકલ ટ્રેન માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેનો આ બંને સ્ટેશનો વચ્ચે નિર્ધારિત સ્ટેશન પર હોલ્ટ લેશે.

હાર્બર લાઈન પર સીએસએમટી-ચુનાભટ્ટી, બાન્દ્રા વચ્ચે સવારે ૧૧.૪૦ કલાકથી બપોરે ૪.૪૦ કલાક સુધી અપ-ડાઉન લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-વાશી, બેલાપુર, પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેનવ્યવહાર બંધ રહેશે. આ સિવાય સીએસએમટીથી બાંદ્રા અને ગોરેગાંવ વચ્ચે લોકલ ટ્રેનો બંધ રહેશે. બ્લોકના સમય દરમિયાન હાર્બર લાઈનના પ્રવાસીઓને મેન લાઈન અને પશ્ચિમ રેલવેમાં મુસાફરી કરવાની પરવાનગી આપવામાં આવી છે.

પશ્ચિમ રેલવેની વાત કરીએ તો પશ્ચિમ રેલવે પર ૨૯મી ડિસેમ્બર સુધી કાંદિવલી-બોરીવલી વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ પેનલ એક્ટિવ કરવા માટે એક મોટો નોન ઈન્ટરલોકિંગ બ્લોક હાથ ધરવામાં આવશે. આ ત્રણ દવિસ દરમિયાન ૬૨૯ લોકલ ટ્રેનો રદ રહેશે. જેને કારણે રવિવાર અને સોમવારે પણ ટ્રેનોના ધાંધિયા રહેશે.

પશ્ચિમ રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ૨૮મી ડિસેમ્બરે ૧૨૦ અપ અને ૧૧૫ ડાઉન એમ કુલ ૨૩૫ લોકલ ટ્રેનો રદ રહેશે. ૨૯મી ડિસેમ્બરે સોમવારના ૪૯ અપ અને ૪૯ ડાઉન એમ કુલ ૯૮ ટ્રેનો રહેશે. આ તમામ લોકલ ટ્રેનોમાં ફાસ્ટ અને લોકલ ટ્રેનોનો સમાવેશ થાય છે. ■

# બેઠકોની વહેંચણી: ઠાકરે ભાઈઓમાં હજી કંઈ જામતું નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા મરાઠી અસ્મિતાને નામે એક થયેલા પિતરાઈ ભાઈઓ ઉદ્ધવ અને રાજ ઠાકરેએ મુંબઈ મહાનગર-પાલિકાની ચૂંટણી સાથે લડવાની જાહેરાત તો કરી દીધી છે પણ મુંબઈની અમુક બેઠકની વહેંચણી મુદ્દો પેચિદો બની ગયો છે. ૨૩ ડિસેમ્બરથી ઉમેવાદરોએ અરજી ભરવાની ચાલુ કરી દીધી છે પણ મળેલ માહિતી મુજબ ઉદ્ધવ સેના અને મનસે વચ્ચે દાદર-માહિમ, શિવડી, વિક્રોલી, ભાંડુપ, ચાંદિવલી મતદારસંઘની બેઠકો વચ્ચે કોકડું ઉકેલાયું નથી. મનસે આ મતદારસંઘમાં બેથી ત્રણ બેઠક માગી રહ્યું છે. શનિવારે મોડી રાતે બંને પક્ષના નેતાઓની બેઠક થઈ હતી અને આજકાલમાં તેનો ઉકેલ આવી જશે એવો દાવો પક્ષના અગ્રણી નેતાએ કર્યો હતો. ■

**મુંબઈ થયું બેનરમુક્ત**

# ૧૦ દિવસમાં ૭,૬૦૦થી વધુ પોસ્ટરો-બેનરો હટાવ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ:રાજ્યની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થવાની સાથે જ તાત્કાલિક ધોરણે આચારસંહિતા અમલમાં આવી ગઈ હતી. એ સાથે જ શહેરને કદરૂપું કરનારા રાજકીય પક્ષો અને નેતાઓનાં પોસ્ટરો અને હૉર્ડિંગ્સ સામે કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવી છે. અત્યાર સુધી સાડા સાત હજારથી વધુ બેનર, પોસ્ટર, ઝંડા વગેરે સામે કાર્યવાહી કરીને તે હટાવવામાં આવ્યા છે.

મુંબઈની ખાનગી જગ્યા પર સૌથી વધુ બેનરો લગાડવામાં આવતા હોય છે. જોકે હવે ચૂંટણીને કારણે લાગુ પડેલી આચારસંહિતાને કારણે મુંબઈના જુદા જુદા રાજકીય પક્ષ અને તેમના કાર્યકર્તાઓ દ્વારા લગાડવામાં આવેલાં બોર્ડ, બેનર, પોસ્ટર તથા ઝંડા હટાવવાનું કામ શરૂ થયું છે. ૧૫ ડિસેમ્બરના પહેલા દિવસની કાર્યવાહીમાં લગભગ ૧,૮૧૩ ત્યારબાદ ૧૬ ડિસેમ્બરના સૌથી વધુ ૩,૭૫૦ જાહેરાતો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ના જાહેર રજાના દિવસે કાર્યવાહી કરવામાં આવી નહોતી.

પાલિકાએ આપેલા આંકડા મુજબ ૧૫થી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ૨૭ જેટલી દીવાલોને રંગવામાં આવી હતી, તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૯૨૫ પોસ્ટર, ૬૯૮ કટઆઉટ હૉર્ડિંગ, ૪,૮૭૩ બૅનર, ૧,૧૨૮ ઝંડા એમ કુલ ૭,૬૫૧ વસ્તુઓ હટાવવામાં આવી હતી. ■

# મેટ્રો ફાઈવ-બી સાથે મેટ્રો-૧૩નો પ્રસ્તાવ સરકારી મંજૂરીની રાહમાં

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ થાણે-ભિવંડી-કલ્યાણ મેટ્રો- ફાઇવ લાઇનનો વિસ્તાર ઉલ્હાસનગર સુધી કરવાનો નિર્ણય લીધો છે. તે મુજબ, મેટ્રો ફાઇવ-બી લાઇન હેઠળ મેટ્રો ફાઇવનો વિસ્તાર ખડકપાડાથી ઉલ્હાસનગર સુધી કરવામાં આવશે અને આ અંગેનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે. શિવાજી ચોક-વિરાર મેટ્રો ૧૩ લાઇનના પ્લાનનો પ્રસ્તાવ પણ સરકારી પ્રક્રિયામાં અટવાયેલો છે. તેથી, એમએમઆરડીએ આ બંને પ્રોજેક્ટ્સની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનના ૧૪ મેટ્રો પ્રોજેક્ટ્સમાંથી મેટ્રો ફાઇવ લાઇનના પ્રથમ તબક્કાનું કામ હાલમાં એમએમઆરડીએ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૨૪.૯ કિમી લાંબી આ લાઇનનો વિસ્તાર હવે ઉલ્હાસનગર સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ, ખડકપાડાથી ઉલ્હાસનગર સુધીની ૭.૭ કિમી લાંબી મેટ્રો ફાઇવ-બી લાઇનનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

રિપોર્ટ મંજૂરી માટે રાજ્ય સરકાર પાસે મોકલવામાં આવ્યો છે. દરખાસ્ત મોકલ્યાને એક થી દોઢ વર્ષ વીતી ગયું હોવા છતાં આ પ્રસ્તાવને હજુ સુધી મંજૂરી મળી નથી. જેના કારણે પ્રોજેક્ટની પ્રત્યક્ષ અમલવારીમાં વિલંબ થઈ રહ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. તે જ સમયે, મુંબઈ મેટ્રોપોલિટન રિજનના અન્ય એક મહત્વપૂર્ણ રૂટ મેટ્રો ૧૩નું કામ પણ વિલંબિત છે. એમએમઆરડીએ દ્વારા શિવાજી ચોકથી વિરાર સુધીના ૨૩ કિમી લાંબા મેટ્રો ૧૩ રૂટનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ અહેવાલ પણ મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો છે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરખાસ્તને હજુ સુધી મંજૂરી મળી નથી.

એમએમઆરડીએ નવા વર્ષમાં બાકીની લાઇનો પર કામ શરૂ કરવાનું લક્ષ્ય રાખે છે, પરંતુ મેટ્રો ૧૩ અને મેટ્રો ફાઇવ બી માટેની દરખાસ્ત સરકારી પ્રક્રિયામાં અટવાયેલો છે. જો યોજના મંજૂર થાય તો જ આ વર્ષે ટેન્ડર પ્રક્રિયા અને જમીન સંપાદન પૂર્ણ થઈ શકશે અને વાસ્તવિક કાર્ય શરૂ થઈ શકશે. ■

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં અનોખો ત્રિકોણી જંગ

## ભાજપ આધિપત્ય જમાવવાની કોશિશમાં, હક જમાવવા બંને શિવસેનાની તાલાવેલી અને અસ્તિત્વ ટકાવી રાખવા કોંગ્રેસના ધમપછાડા

મુંબઈ: યોજાનારી મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ ચૂંટણીમાં વિશિષ્ટ ત્રિકોણી જંગ જોવા મળશે. ભાજપ માટે આધિપત્ય મેળવવાની લડાઈ હશે, ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેની બે શિવસેનામાં હક જમાવવાની તાલાવેલી જોવા મળે છે જ્યારે એ સમયે મુંબઈ પર વર્ચસ્વ ધરાવતા કોંગ્રેસ પક્ષ માટે આ અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ છે.

લાંબા સમયથી અવિભાજિત શિવસેનાના નાના ભાઈ રહેલા ભાજપે શહેરમાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. વિશ્લેષકોના મતે ભાજપ ૨૦૧૪થી વેપારી વર્ગનો ટેકો ધરાવતા પક્ષમાંથી મોટાભાગના સમુદાયોના મત મેળવવાની કોશિશ કરતા પક્ષમાં ફેરવાઈ ગયો છે. ૨૦૧૭ની પાલિકા ચૂંટણીમાં ભાજપને ૮૨ બેઠક મળી હતી. અવિભાજિત શિવસેનાના ૮૪થી માત્ર બે બેઠક ઓછી હતી. કોંગ્રેસ ૩૧ બેઠક સાથે ત્રીજા ક્રમે હતો. આ સાથે બે દાયકાથી વધુ સમયથી મહાનગરમાં શિવસેનાની નિર્વિવાદ સર્વોપરિતાને ભારતીય જનતા પક્ષ પડકારશે એવા સંકેત મળી ગયા હતા.

આ વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભાજપનો વિકાસ ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે, જેમાં મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, મરાઠી-કેન્દ્રિત રાજકારણને દૂર કરવા માટે વિવિધ સમુદાયો સુધી પહોંચવાનો

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં ઠાકરે બંધુઓની સેન્ચુરી પાકી: રાઉત

## ભાજપ થાણેમાં એકનાથ શિંદેને હરાવવા માગે છે

મુંબઈ: આગામી મહાનગરપાલિકા ચૂંટણી માટે ઠાકરે બંધુ – રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ ગઠબંધન બનાવ્યું છે. તેઓ ૧૮ વર્ષ પછી સાથે આવ્યા છે. બે દિવસ પહેલા જ ગઠબંધનની જાહેરાત કરી હતી અને મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઠાકરે ભાઈઓનો કરીશ્મા જોવા મળશે. એવું જાણવા મળ્યું છે કે બંને ભાઈઓના એક થવાને કારણે મુંબઈના ૬૭ વોર્ડમાં બંને ઠાકરેની તાકાત વધી ગઈ છે. આ સંદર્ભે શિવસેનાના વરિષ્ઠ નેતા સંજય રાઉતને પ્રશ્ન પૂછવામાં આવતા તેમણે વિજયનો દાવો કર્યો અને મુંબઈ (જુઓ પાનું ૪) ▸▸

# બેસ્ટના કર્મચારીઓ અને પ્રવાસીઓના હાલ અપરંપાર

મુંબઈ: મુસાફરોની સતત ઘટતી સંખ્યા, ઘટતી આવક, જૂની બસો ભંગારમાં જવાને કારણે કાફલામાં થયેલો ઘટાડો, બસોની સંખ્યા ઓછી થવાને લીધે સેવા પર થયેલી અસર, દેવાનો વધતો બોજ જેવા વિષચક્રમાં બેસ્ટ ઉપક્રમનો પરિવહન વિભાગ ફસાઈ ગયો છે. જેના કારણે બેસ્ટના કર્મચારીઓને પગાર મેળવવામાં અને નિવૃત્ત કર્મચારીઓને તેમના બાકી પગાર મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. બેસ્ટ માટે તેના દૈનિક ખર્ચાઓ પૂરા કરવા મુશ્કેલ બન્યા છે. બીજી તરફ મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બેસ્ટની બસો અડધા-અડધા કલાકે આવતી હોવાથી મુસાફરોથી ખચોખચ ભરેલી હોય છે. આવી સ્થિતિમાં બેસ્ટને આ મુશ્કેલીમાંથી કોણ બહાર કાઢશે એક પ્રશ્ન ઊભો થયો છે.

એક સમયે રોજ ૪૫ લાખ મુસાફરોનું વહન કરતી બેસ્ટની મુસાફરોની સંખ્યા દિવસેને દિવસે ઘટતી જોવા મળી રહી છે. બીજી તરફ બેસ્ટની વાર્ષિક ખાધ પણ વધી રહી છે. આના કારણે સંચિત ખાધ ૮,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. બેસ્ટની દુર્દશા માટે આર્થિક અને રાજકીય કારણો જવાબદાર છે. અન્ય શહેરોમાં, પરિવહન સેવાઓ મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા પૂરી પાડવામાં આવે છે, પરંતુ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન બેસ્ટનું નુકસાન સહન કરવા તૈયાર નથી.

જોકે એ પણ એટલું જ સત્ય છે કે, બેસ્ટ ઉપક્રમના જનરલ મેનેજર પદે અત્યાર સુધી આવેલા અધિકારીઓએ આવક વધારવા માટે કોઈ નવા સાહસિક પ્રયોગો કર્યા નથી. આ કારણે જ એક સમયે અત્યંત પ્રતિષ્ઠિત ગણાતો આ ઉપક્રમ આજે પાયમાલીના આરે આવી ગયો છે. આ પરિસ્થિતિને લીધે, આ સંસ્થાના કર્મચારીઓને તેમનો પગાર સમયસર થશે કે નહીં તેની સતત ચિંતા રહે છે. વળી, છેલ્લા કેટલાક વર્ષોમાં નિવૃત્ત થયેલા કર્મચારીઓના લેણાં પણ ચૂકવવામાં આવ્યા નથી, જેના કારણે આ કર્મચારીઓએ ઘણી વખત આંદોલનો પણ કર્યા છે. નિવૃત્ત કર્મચારીઓના લેણાંનો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો, તેમ છતાં વહીવટીતંત્રએ હજુ સુધી આ કર્મચારીઓની બાકી રકમ ચૂકવી નથી. તેથી, હવે કર્મચારીઓ, મુસાફરો અને ગ્રાહકો ચિંતિત છે કે શું આ ચૂંટણીઓ પછી બેસ્ટના સારા દિવસો આવશે. ■

# મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં અનોખો ત્રિકોણી જંગ

મુંબઈ: યોજાનારી મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ ચૂંટણીમાં વિશિષ્ટ ત્રિકોણી જંગ જોવા મળશે. ભાજપ માટે આધિપત્ય મેળવવાની લડાઈ હશે, ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેની બે શિવસેનામાં હક જમાવવાની તાલાવેલી જોવા મળે છે જ્યારે એ સમયે મુંબઈ પર વર્ચસ્વ ધરાવતા કોંગ્રેસ પક્ષ માટે આ અસ્તિત્વ ટકાવી રાખવાની લડાઈ છે.

લાંબા સમયથી અવિભાજિત શિવસેનાના નાના ભાઈ રહેલા ભાજપે શહેરમાં નોંધપાત્ર વિકાસ કર્યો છે. વિશ્લેષકોના મતે ભાજપ ૨૦૧૪થી વેપારી વર્ગનો ટેકો ધરાવતા પક્ષમાંથી મોટાભાગના સમુદાયોના મત મેળવવાની કોશિશ કરતા પક્ષમાં ફેરવાઈ ગયો છે.

૨૦૧૭ની પાલિકા ચૂંટણીમાં ભાજપને ૮૨ બેઠક મળી હતી. અવિભાજિત શિવસેનાના ૮૪થી માત્ર બે બેઠક ઓછી હતી. કોંગ્રેસ ૩૧ બેઠક સાથે ત્રીજા ક્રમે હતો. આ સાથે બે દાયકાથી વધુ સમયથી મહાનગરમાં શિવસેનાની નિર્વિવાદ સર્વોપરિતાને ભારતીય જનતા પક્ષ પડકારશે એવા સંકેત મળી ગયા હતા.

આ વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ભાજપનો વિકાસ ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે, જેમાં મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, મરાઠી-કેન્દ્રિત રાજકારણને દૂર કરવા માટે વિવિધ સમુદાયો સુધી પહોંચવાનો સમાવેશ, તેમજ બૂથ સ્તરે એક સૂક્ષ્મ-વ્યવસ્થાપન પદ્ધતિનો સમાવેશ થાય છે.

ભાજપના એક નેતાએ જણાવ્યું હતું કે પક્ષનો ઉદય વર્ષોથી શિવસેનાના પાયાના સતત ધોવાણ સાથે થયો છે. એનું મુખ્ય કારણ શહેર વધુને વધુ વૈશ્વિક બનતું જાય છે, જેનો સૌથી મોટો ફટકો જૂન ૨૦૨૨ માં બાળ ઠાકરે દ્વારા સ્થાપિત પક્ષના વિભાજનથી પડ્યો હતો. શરદ પવાર દ્વારા સ્થાપિત એનસીપીનું પણ જુલાઈ ૨૦૨૩માં વિભાજન થયું હતું.

એક રાજકીય વિશ્લેષકે જણાવ્યું હતું કે, ભાજપે શિંદેની સેના અને અજિત પવારની એનસીપી સાથે જોડાણ કરીને, સ્થાનિક નેતૃત્વ સુધી પહોંચ મેળવી છે અને સાથે સાથે તેના હરીફોને નબળા પણ પાડ્યા છે.

૧૫ જાન્યુઆરીની ચૂંટણી ભાજપના 'ગ્લોબલ મુંબઈ'ના વિઝન અને 'મરાઠી ગૌરવ' પર કેન્દ્રિત ઠાકરે બંધુઓના અપીલ વચ્ચેની સ્પર્ધા હશે. (પીટીઆઈ) ■

# વિશ્વ બજાર પાછળ સોના-ચાંદીમાં તોફાની તેજી અને ક્રિસમસના વૅકેશનગાળાને કારણે માગ શાંત

## ચાંદીનો ઔદ્યોગિક વપરાશ વધવાની સાથે માલખેંચને કારણે સોનાની સરખામણીમાં ઝડપી તેજી

વીતેલા સપ્તાહ દરમિયાન વૈશ્વિક સ્તરે ખાસ કરીને અમેરિકાના આર્થિક ડેટાઓ અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિની તરફેણ કરે અને વર્ષ ૨૦૨૭માં બે કરતાં વધુ વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદની સાથે ભૂરાજકીય તણાવ, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, અમેરિકી ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષ હળવી નાણાનીતિ અપનાવે તેવો આશાવાદ પ્રબળ બનવાની સાથે સોનાના ભાવમાં એકતરફી તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. તેમ જ ચાંદીમાં પણ ઉપરોક્ત કારણો ઉપરાંત પ્રવર્તમાન માલખેંચની સ્થિતિ હોવાથી તેજી વધુ આક્રમક બની હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું, અલબત્ત ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સાપ્તાહિક ધોરણે અંદાજે ૧૪ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૪.૬૮ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જોકે, બન્ને ધાતુઓમાં વિશ્વ બજાર ફૂંકાયેલી આ તેજીના તોફાનને કારણે ભાવ ઊંચી સપાટીએ ગયા હોવાથી અને હાલમાં ક્રિસમસના વૅકેશનનો સમયગાળો હોવાને કારણે સાર્વત્રિક સ્તરેથી માગમાં સન્નાટો વ્યાપી ગયો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભમાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૯મી ડિસેમ્બરના રૂ. ૧,૩૧,૭૭૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૧,૩૩,૫૮૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૩૩,૫૮૪ની સપાટી અને ઉપરમાં સપ્તાહના અંતની રૂ. ૧,૩૭,૯૫૬ની સર્વોચ્ચ સપાટીએ બંધ રહ્યા હતા. આમ ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામ દીઠ રૂ. ૬૧૭૭ અથવા તો ૪.૬૮ની તેજી આવી હતી. તે જ પ્રમાણે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૯મી ડિસેમ્બરના રૂ. ૨,૦૦,૦૬૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨,૦૭,૫૫૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૨,૦૭,૫૫૦ની સપાટી અને સપ્તાહના અંતે રૂ. ૨,૨૮,૧૦૭ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ચાંદીના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧૪.૦૧ ટકાની અથવા તો કિલોદીઠ રૂ. ૨૮,૦૪૦ની આગઝરતી તેજી આવી હતી.

હાલમાં ક્રિસમસનો વૅકેશનગાળો ચાલી રહ્યો છે અને બન્ને કિંમતી ધાતુઓના ભાવ પણ સર્વોચ્ચ સપાટીએ પ્રવર્તી રહેતા સાર્વત્રિક સ્તરેથી માગમાં સન્નાટો વ્યાપી ગયો હોવાનું કોલકાતા સ્થિત એક જ્વેલર્સે જણાવતા ઉમેર્યું હતું કે ગત શુક્રવારે સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૫૩૦ ડૉલરની સપાટી સુધી પહોંચતા સ્થાનિકમાં (કોલકાતા ખાતે)પણ ભાવ વધીને ૧.૩૯ લાખ સુધી પહોંચ્યા હતા. એકંદરે ઊંચા મથાળેથી માગ રૂંધાઈ જવાને કારણે જ્વેલરી ઉત્પાદકો પણ નવી લેવાલીથી દૂર રહેતાં સ્થાનિકમાં ડીલરો દ્વારા ઑફર કરવામાં આવતા સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૬૧ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા, જ્યારે આગલા સપ્તાહે ડિસ્કાઉન્ટ ૩૭ ડૉલર



આસપાસની સપાટીએ રહ્યા હતા. તે જ પ્રમાણે મુંબઈ સ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું કે સોના અને ચાંદીમાં ભાવની તેજીની સાથે ગ્રાહકીનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે અર્થાત્ તેજીની માઠી અસર માગ પર પડી રહી છે અને ગ્રાહકો ભાવમાં કરેક્શનની રાહ જોઈ રહ્યા હોય તેમ જણાય છે.

આગલા સપ્તાહે ચીનમાં સોનાના ભાવ પરનાં ડિસ્કાઉન્ટ જે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૬૪ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા. જોકે, ગત સપ્તાહે ઊંચી ભાવ સપાટી અને નિરસ માગ છતાં પીપલ્સ બૅન્ક ઑફ ચાઈના તરફથી નવા આયાત ક્વૉટાનો અભાવ અને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૨૭-૨૮ જાન્યુઆરીની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ બન્યો હોવાથી સોનામાં સટ્ટાકીય આકર્ષણ વધતાં ડિસ્કાઉન્ટ ઘટીને ઔંસદીઠ ૧૫થી ૩૦ ડૉલર આસપાસના મથાળે રહ્યા હોવાનું ગ્રેટર ચાઈના સ્થિત પીએએમપીનાં રિજિનલ ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવતા ઉમેર્યું હતું કે યુઆનમાં મક્કમ વલણનો પણ અમુક અંશે ટેકો મળ્યો હતો.

ગત સપ્તાહે વૈશ્વિક ચાંદીમાં સાપ્તાહિક ધોરણે ૧૧ ટકા જેટલી તેજી આવી હતી. ચાંદીમાં ઝડપી તેજી માટેનાં મુખ્ય કારણોમાં સોનાનાં કારણો ઉપરાંત ખાસ કરીને વૈશ્વિક સ્તરે પુરવઠાખેંચ સામે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સંરક્ષણ, ઑટોમોબાઈલ, ઈલેક્ટ્રિક વાહનો તથા તેની બેટરી, સોલાર પેનલો, ચીપ્સ વગેરેમાં ઔદ્યોગિક વપરાશમાં ચાંદીનો વપરાશ વધવાની સાથે તાજેતરમાં કેન્દ્રવર્તી બૅન્કોની પણ ચાંદીમાં વધેલી લેવાલી અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની માગ વધતાં ચાંદીમાં તેજી વેગીલી બની હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે પ્રાપ્ત અહેવાલ અનુસાર રશિયન કેન્દ્રવર્તી બૅન્કે હાજર ચાંદીમાં ૯૨,૦૦૦ ટનની ખરીદી કરી છે. આ ઉપરાંત સાઉદી સેન્ટ્રલ બૅન્કની પણ સોનના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં અવિરત લેવાલી રહે છે. નોંધનીય બાબત એ છે કે ગત નવેમ્બર મહિનાથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચાંદીનો મહત્ત્વના ખનીજોની યાદીમાં સમાવેશ કર્યો ત્યારથી વૈશ્વિક સ્તરે ચાંદીમાં વન વે તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. અત્રે એક બાબત યાદ રાખવી ઘટે કે ચાંદી એ સોનાની જેમ ખનન કરવાથી નથી મળતી, પરંતુ તે ઝિન્ક, લીડ અને કોપર જેવી ધાતુઓની આડપેદાશ હોવાથી તેની ઉપલબ્ધિની માત્રા પણ ઓછી હોય છે અને તાજેતરમાં ઔદ્યોગિક માગમાં ઝડપી ઉછાળો આવતાં પુરવઠા સ્થિતિ તંગ બનતા તેજીનું વલણ જોવા મળી રહ્યું છે અને તેને કારણે જ કોપર, લીડ અને ઝિન્ક જેવી ધાતુઓમાં પણ તેજી જોવા મળી રહી છે. આમ ચાંદીની ઔદ્યોગિક માગમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા વેદાંતા જૂથનાં અનિલ અગરવાલે ચાંદીની વર્તમાન તેજીને તો હજુ શરૂઆત થઈ રહી હોવાનું ગણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વેનેઝુએલનાં તેલ ટેન્કરો પર નાકાબંધીની જાહેરાત કર્યાના દસ દિવસ પછી વૈશ્વિક સ્તરે ઈંધણના પુરવઠામાં વિક્ષેપ પડવાની ભીતિ વધુ તીવ્ર બની છે. વધુમાં રશિયા-યુક્રેન વચ્ચેનો તણાવ, નાઈજીરિયાના આઈએસઆઈએસ લક્ષ્યાંકો પર અમેરિકાના લશ્કર દ્વારા થઈ રહેલા હુમલા જેવાં ભૂરાજકીય પરિબળોને કારણે સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં વધેલી સલામતી માટેની માગ ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા પ્રબળ આશાવાદે ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં ત્રણ ટકા જેટલો અને ચાંદીમાં ૧૧ ટકાનો ઉછાળો આવ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું. આ કારણો ઉપરાંત બન્ને કિંમતી ધાતુઓમાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી તેમ જ એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની માગનો પણ વ્યાપક ટેકો મળ્યો હતો. અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે. વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન કોમેક્સ ખાતે સોનામાં ઔંસદીઠ ૪૨૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૪૭૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૬થી ૮૩ ડૉલરની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧.૩૧ લાખથી ૧.૪૮ લાખની રેન્જમાં અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨.૨૦ લાખથી ૨.૫૦ લાખની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કોમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ૧.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૫૩૧.૪૧ ડૉલર આસપાસ અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૧.૧ ટકા વધીને ૪૫૫૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૭.૫૦ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૭.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે વિશ્લેષકો ચાંદીના ભાવ ટૂંક સમયમાં ઔંસદીઠ ૮૦ ડૉલરની સપાટી અંકે કરે તેવી અને સોનાના ભાવ વર્ષ ૨૦૨૬ના પહેલા છમાસિકગાળામાં જ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટી અંકે કરે તેવી શક્યતા મૂકી રહ્યા છે.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૪.૩૬ અબજ ડૉલરનો વધારો



મુંબઈઃ ગત ૧૯મી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૪.૩૬૮ અબજ ડૉલર વધીને ૬૯૩.૩૧૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૬૮૯ અબજ ડૉલર વધીને ૬૮૮.૯૪૯ ડૉલરની સપાટીએ રહી હતી.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૧.૬૪૧ અબજ ડૉલર વધીને ૫૫૯.૪૨૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૨.૬૨૩ અબજ ડૉલર વધીને ૧૧૦.૬૩૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. આ સિવાય ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સામેના સ્પેશિયલ ડ્રૉઈંગ રાઈટ્સ ૮૦ લાખ ડૉલર વધીને ૧૮.૭૪૪ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૯.૫ કરોડ ડૉલર વધીને ૪.૭૮૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# કોપર, નિકલ અને ટીન સહિતની ધાતુઓમાં વન વે તેજી

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ખાસ કરીને કોપરમાં પ્રવર્તી રહેલી પુરવઠાખેંચની સ્થિતિ ઉપરાંત નિકલ તથા ઝિન્ક જેવી ધાતુઓના ઔદ્યોગિક વપરાશમાં વધારો થવાથી એકંદરે ધાતુમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાના ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે સપ્તાહના અંતે વન વે તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. જેમાં મુખ્યત્વે લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૬૫ સુધીના ઉછાળા જોવા મળ્યા હતા. આજે કોપરની વેરાઈટીઓમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૬૫ ઉછળીને અનુક્રમે રૂ. ૧૨૨૦ અને રૂ. ૧૨૧૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૬૪ વધીને રૂ. ૧૧૯૬ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૬૦ વધીને રૂ. ૧૩૦૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં પણ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે તેજી આગળ ધપી હતી તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૪૭ વધીને રૂ. ૧૪૬૫, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૪૦૦૭, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૬૯૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૮૦૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૦૬ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૨૦ના મથાળે રહ્યાં હતાં. જોકે, આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની નિરસ માગ રહેતાં એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૧૬ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# ખપપૂરતા કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ



મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૧ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે સપ્તાહના અંતને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં અથવા તો ખપપૂરતા રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૨થી ૧૨૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩,૦૦૦ ગૂણીની નવી આવક ઉપરાંત ગઈકાલની શેષ ૩૦,૦૦૦ ગૂણી મળી કુલ ૪૩,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૧૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે નવી કોઈ આવકો નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૧૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયાના અહેવાલ હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સિંગતેલના રૂ. ૧૫૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વર્તમાન નાણાકીય વર્ષમાં ટ્રેક્ટરનું હોલસેલ વેચાણ ૧૫થી ૧૭ ટકા વધે તેવી શક્યતાઃ ઈક્રા



મુંબઈઃ વર્તમાન નાણાકીય વર્ષમાં ખાસ કરીને જીએસટીના દરમાં ઘટાડો અને અન્ય ટેકાલક્ષી પરિબળોને ધ્યાનમાં લેતાં ખેડૂતોની પોસાણક્ષમતામાં વધારો થવાથી અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ ટ્રેક્ટરનાં હોલસેલ ધોરણે વેચાણ વૃદ્ધિદરનો અંદાજ જે અગાઉ આઠથી ૧૦ ટકાનો મૂક્યો હતો તે વધારીને હવે ૧૫થી ૧૭ ટકાનો મૂક્યો હોવાનું એક યાદીમાં જણાવ્યું છે. વેચાણ વૃદ્ધિના અંદાજમાં કરવામાં આવેલો આ ફેરફાર મુખ્યત્વે તાજેતરના મહિનાઓમાં કંપનીઓની આકર્ષક કામગીરીને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, જેમાં ખાસ કરીને ગત નવેમ્બર મહિનામાં કંપનીઓના હોલસેલ વેચાણમાં નવેમ્બર, ૨૦૨૪ની સરખામણીમાં ૩૦.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે ગત એપ્રિલથી નવેમ્બર સુધીનાં વેચાણમાં ૧૯.૨ ટકાનો વૃદ્ધિદર જોવા મળ્યો છે. રેટિંગ એજન્સીએ ખાસ કરીને ટેકાલક્ષી આર્થિક અને નિયમનકારી પરિબળોને ધ્યાનમાં લઈને મજબૂત માગને ધ્યાનમાં લેતા વેચાણના આઉટલૂકમાં સુધારો રહેવાની ધારણા મૂકી છે. વધુમાં એજન્સી દ્વારા સુધારેલી આગાહી ટ્રેક્ટર ક્ષેત્ર માટે મજબૂત રિકવરી અને વિસ્તરણના સમયગાળાને પ્રદર્શિત કરે છે, જે નક્કર નીતિને સમર્થન અને અનુકૂળ કૃષિ પરિણામો તથા નિયમનકારી ફેરફારો બજારને ગતિશિલતા પૂરી પાડી રહી છે. સરકારે ટ્રેક્ટર પરનાં જીએસટી દર ઘટાડીને પાંચ ટકા કર્યો હોવાથી ટ્રેક્ટરોના ભાવમાં ઘટાડો થતાં ખેડૂતોની પોસાણક્ષમતામાં વધારો થયો હોવાનું એજન્સીએ જણાવતાં ઉમેર્યું હતું.

### નાકા ડિલિવરી ધોરણે ખાંડમાં મિશ્ર વલણ

# આગામી જાન્યુઆરીમાં મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડનો ક્વૉટા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે ૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૬૨૦થી ૩૬૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતને કારણે હાજરમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૦નો સુધારો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો જોવા મળ્યો હતો.

ગઈકાલે મોડી સાંજે અનાજ અને જાહેર વિતરણ મંત્રાલયના વિભાગે આગામી જાન્યુઆરી મહિનાના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડના ક્વૉટાની જાહેરાત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત સપ્તાહના અંતને કારણે રિટેલ સ્તરની લેવાલી પણ પાંખી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હોવાથી મથકો પર ટેન્ડરોના ભાવમાં સુધારો આવ્યો હોવા છતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૨થી ૩૮૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૨થી ૩૯૯૦માં ટકેલા ધોરણે થયા હતા.



# રાપરમાં ૧૧૬ ખેડૂતોની જાણ બહાર ૮૦૦ એકર જમીનોને વેચવા મામલે આરોપીઓ વિરુદ્ધ એફઆઈઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના ભીમદેવકા અને ફૂલપરા ગામના ૧૧૬ જેટલા કિસાનોની ૮૦૦ એકર જેટલી કિંમતી જમીનોને સોલાર પ્લાન્ટ બનાવનાર કંપનીને જાણબહાર બારોબાર વેચવાનાં ભારે ચકચારી બનેલા કૌભાંડનો ભોગ બનેલા કિસાનોની રજૂઆત બાદ આખરે ગાગોદર પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ થયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રાપરના ભીમદેવકામાં રહેનારા ફરિયાદી અરવિંદ હજા કોળીને ગત તા. ૧૬-૧૨ના રોજ શિવલખાના અનોપસિંહ અલિયાજી જાડેજાએ વોટ્સએપમાં એક ૧૭ પાનાની ફાઈલ મોકલાવી હતી, જેને જોતાં તેમાં ભીમદેવકા અને ફૂલપરાના ૧૧૬ ખેડૂતની ૮૦૦ એકર જમીન સોલાર પ્લાન્ટ માટે વેચાણ કરી આપવા સબબ સાજન એમ. સામળિયાની નોટરી કરાર કર્યા હોવાનું જાણવા મળ્યું હતું.

આ નોટરીમાં એક તરફ લખાવી લેનારા તરીકે જાડેજા અનોપસિંહ અલિયાજી તથા લખી આપનારા તરીકે ભરવાડ વિરા મોગા (રહે. થોરિયારી), ખાનપરા ચીમનલાલ છગનલાલ (રહે.ગાંધીધામ), ભરવાડ મેરા લખુ (રહે.જૂના કટારિયા) તથા મમુ ભુરા કોળી (રહે. શિકરપુર)નાં નામ હતાં. આ નોટરી કરારમાં ખેડૂતોની ૮૦૦ એકર જમીન સોલાર પ્લાન્ટ માટે વેચવા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને એક એકરના ભાવ માત્ર રૂ.૪,૨૧,૦૦૦ તથા છ માસમાં આ જમીનો વેચાવી આપવાની રહેશે, જમીનોના ૭/૧૨,૮-અ તમામ હક્ક, પુરાવા, મહેસૂલી અદાવતો હુકમો, નકશા, પેઢી નામું વગેરે કરાવી આપવાની શરતો આ પીડીએફ(પોર્ટેબલ ડિજિટલ ફાઈલ)માં જણાવવામાં આવી હતી.

ખેડૂતોની જાણ બહાર બારોબાર, મંજૂરી વગર પોતાના અંગત ફાયદા માટે ખોટો દસ્તાવેજ, નોટરી કરાર કરનારા મેરા ભરવાડ, મમુ કોળી, વીરા ભરવાડ સામે ગાગોદર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■



નાતાલના મિની વેકેશનના માહોલમાં જૂનાગઢમાં તળેટી અને ગિરનાર ઉપર ભાવિકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો... (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# નાતાલની રજાઓ અને દેશ-વિદેશના પ્રવાસીઓનું કચ્છમાં ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઠંડીની શરૂઆત વચ્ચે ભાતીગળ પ્રદેશ કચ્છમાં નાતાલ અને થર્ટી ફર્સ્ટ મનાવવા માટે દેશ-વિદેશના પ્રવાસીઓ ધોરડોના શ્વેત રણમાં ચાલી રહેલા રણોત્સવ, લખપતના ઐતિહાસિક કિલ્લા સહિતના જોવાલાયક પર્યટન સ્થળો પર મોટી સંખ્યામાં ઊમટી પડ્યા છે. મોટાભાગની હોટલ, રિસોર્ટ, ટેન્ટ્સ હાઉસફુલ થઈ ગયા છે. જગપ્રસિદ્ધ રોડ ટુ હેવન સાથે વૈશ્વિક વિરાસત ધોળાવીરામાં પણ ટેન્ટસિટી સહિતની વ્યવસ્થાના કારણે પ્રવાસનની આખી સર્કિટ ઊભી થઈ ગઈ છે.

દર વખતે નાતાલ પર્વની રજાઓમાં સહેલાણીઓ ઊમટી પડે છે. કચ્છનાં શ્વેત રણમાં કરવા સાથે છેક ઉત્તરાયણના પર્વ સુધી પ્રવાસન પીક પર રહે છે. પ્રવાસીઓના ભારે ઘસારાને પગલે ટ્રેન, વિમાન અને બસ સેવામાં પણ બુકિંગ ફૂલ થયું છે. રણોત્સવને લઈને અંદાજિત એક લાખથી વધારે પરમીટ ઇશ્યૂ કરનારા તંત્રને પણ એક કરોડથી વધુની આવક થઈ છે. ભુજના હેરિટેજ વિસ્તારો જેવા કે, કચ્છના મહારાવનો દરબાર ભરાતો તે દરબારગઢમાં આવેલા પ્રાગમહેલ સંકુલમાં દિવસભર પર્યટકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ■

# ભચાઉના કાંઠાળ પટ્ટામાં ૯૫૦ એકરથી વધારે જમીન પરના મીઠાંનાં દબાણો દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા હટાવી લેવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પર્યાવરણના જતન માટે વર્ષ ૨૦૧૦માં અસ્તિત્વમાં આવેલી નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલના આદેશ અંતર્ગત સરહદી કચ્છના ભચાઉ તાલુકાના કાંઠાળ પટ્ટામાં મીઠું પકવવા માટે ભૂ-માફિયાઓ દ્વારા ઊભા કરી દેવામાં આવેલા દબાણોને દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા હટાવી, કંડલા બંદર હસ્તકની મૂલ્યવાન જમીનને મીઠાના અગરોથી મુક્ત કરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, પાણીમાં તરી શકે એવા ખાસ પ્રજાતિમાં સમાવિષ્ટ ખારઈ ઊંટ માટેના ઉછેરક સંગઠન દ્વારા ભચાઉના કાંઠાળ વિસ્તારમાં મીઠાંના અગરોનાં દબાણને કારણે ચેરિયાંઓનું નિકંદન નીકળતું હોવા અંગે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ સમક્ષ કરવામાં આવેલી રજૂઆતને ગંભીરતાથી લઈને ગ્રીન ટ્રિબ્યૂનલ દ્વારા કાંઠાળ વિસ્તારમાં જમીન માફિયાઓ દ્વારા થયેલા તમામ ગેરકાયદે દબાણોને તાત્કાલિક તોડી પાડવાં માટે હુકમ દેવામાં આવતાં વહેલી સવારે કંડલા પોર્ટના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને અંદાજિત એકસો જેટલા હથિયારબંધ પોલીસ જવાનોના કાફલા સાથે મીઠાંના અગરો ઉપર બુલડોઝર ફેરવવાની કાર્યવાહી ડેપ્યુટી ચીફ એન્જિનિયર શ્રીનિવાસ રાવ અને કંડલા બંદરના જનસંપર્ક અધિકારી ઓમપ્રકાશ દાદલાણીના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. ભચાઉથી અંદાજિત ૧૪ કિલોમીટર અંદર આવેલા મીઠાંનાં અનધિકૃત ઢગલાં પર બુલડોઝર ફેરવી, ૯૫૦ એકરથી વધુ જમીનને તેની મૂળ સ્થિતિમાં પુનઃ સ્થાપિત કરી, મીઠાના અગરોથી પર્યાવરણને થતું નુકસાન અટકાવવામાં આવ્યું હતું.ભવિષ્યમાં આવી કોઈ પણ ગેરકાયદેસર દબાણ કરવામાં આવશે તો કડક કાર્યવાહી કરી તુરંત દૂર કરવામાં આવશે. ■

# રાપરમાં પેટ્રોલ પમ્પ લૂંટ પ્રકરણના આરોપીના પરિવાર પર પોલીસ દમન મામલે પોલીસ કર્મીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપરમાં બે વર્ષ અગાઉના જીવલેણ હુમલા સાથે લૂંટનાં જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલાં પ્રકરણમાં પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા આરોપી પૈકી એક યુવક તથા તેના પરિવારને ગેરકાયદે બંધક બનાવી, ઢોરમાર મારી, પોલીસ વિરુદ્ધ ફરિયાદ ન નોંધાવવા માટે લાંચ આપવા, સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ, સ્ટેશન ડાયરી નોંધ રજૂ ન કરવા જેવા મુદ્દે નામદાર અદાલત સમક્ષ પીડિતો દ્વારા ફરિયાદ કરાયા બાદ રાપરની અદાલતે તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર, અન્ય પોલીસકર્મીઓ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર વિરુદ્ધ જુદી-જુદી કલમો તળે કાર્યવાહી ચલાવવાનો હુકમ આપવામાં આવતાં રાજ્યભરના પોલીસ બેડાંમાં ચકચાર પ્રસરી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રાપરમાં ગત વર્ષ ૨૦૨૩માં એક પેટ્રોલ પંપના બે કર્મચારીઓ ઉપર સરાજાહેર જીવલેણ હુમલો કરીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ગુણ સંદર્ભે ખોડા દલા ભલાણી, દિવાળીબેન, જયશ્રીબેન ભલાણી, હંસાબેન તથા નીતિન ભલાણીને પોલીસ મથકે કથિત રીતે ગેરકાયદે ગોંધી રાખી ઢોર માર મારવા અંગે ખીમીબેન ખોડા ભલાણીએ નામદાર અદાલત સમક્ષ અરજી કરી હતી.

ખીમીબેન અદાલતની નોટિસ બજવણી કરવા રૂબરૂ જતાં તેમના ભાઇ નીતિનને પેટ્રોલ પમ્પ લૂંટનાં પ્રકરણમાં આરોપી બનાવીને તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને કથિત રીતે પોલીસ દ્વારા ઢોરમાર મરાયો હતો. તેને અદાલત સમક્ષ રજૂ કરાતાં મેડિકલ રિપોર્ટમાં ઇજા ન હોવાનું જણાવાયું હતું, પરંતુ નીતિનનું નિવેદન રૂબરૂ લેવામાં આવ્યું હતું. બાદમાં અદાલતના હુકમ બાદ મેડિકલ રિપોર્ટ કરાવાતાં તેને શરીરે ઇજાઓ હોવાનું મેડિકલ તપાસના રિપોર્ટમાં ફલિત થયું હતું તેમજ સી.સી.ટી.વી. ફૂટેજ અને ડાયરી નોંધ કરવા પોલીસને જણાવ્યું હોવા છતાં તે રજૂ કરાયા નહોતા તથા નીતિન પોલીસ સામે ફરિયાદ ન કરે તે માટે ૫૦૦-૫૦૦ના દરની ભારતીય ચલણની બે નોટ તેને લાંચ સ્વરૂપે આપવામાં આવી હતી તેમજ અગાઉ મેડિકલ ઓફિસરે પણ ખોટો મેડિકલ રિપોર્ટ અદાલતમાં રજૂ કર્યો હતો.

આ તમામ ચોંકાવનારી હકીકતો, નિવેદનોનો અભ્યાસ કર્યા બાદ પ્રથમ દર્શનીય રીતે આ ફરિયાદીની આરોપીઓ સામેની ફરિયાદમાં તથ્ય જણાતું હોવાનું અને આરોપીઓએ ગુનો આચર્યો હોવાનું હાલના તબક્કે માનવાનું થતું હોવાના ઉલ્લેખ સાથે તત્કાલીન પી.આઇ. વી.કે. ગઢવી, પોલીસકર્મીઓ મુકેશ ઠાકોર, કમલેશ ચાવડા, પી.એસ.ઓ. અશોકકુમાર પ્રેમસિંઘ યાદવ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની જુદી-જુદી કલમ તળે ગુનો નોંધીને 'ઇન્સાફી' કાર્યવાહી ચલાવવાનો અદાલત દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો. ■

# ભાવનગરમાં પાણીનાં ટેન્કરની હડફેટે ચડી જતા આધેડનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના રાણીકા વિસ્તારમાં કોઠીના ઝાડ પાસે પાણીનાં ટેન્કરે આધેડને અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં આધેડનું મોત નિપજ્યું હતું.

અકસ્માત અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેરના સુભાષનગર વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ સુરેશભાઈ ચૌહાણે ગંગાજળિયા પોલીસ મથકમાં પાણીના ટેન્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના પિતા સુરેશભાઈ નારણભાઈ ચૌહાણ ઉ.વ.૪૫ કોઈની મોટર સાઇકલ પર બેસીને જતાં હતા ત્યારે રાણીકા કોઠીના ઝાડ પાસે પહોંચતા પાણીનાં ટેન્કરે તેમની સાથે અકસ્માત કરી સુરેશભાઈને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમને સારવાર માટે સર.ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે ગંગાજળિયા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં ચર્ચાસ્પદ પ્રેમલગ્ન વિવાદનો સુખદ અંત, કોર્ટે યુવતીને પોલીસ બંદોબસ્ત સાથે પતિ સાથે મોકલી



(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં ચકચારી યશ ઉપાધ્યાય અને પ્રિયા મોરડીયાનાં પ્રેમલગ્ન બાદ હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ પ્રિયાએ પતિ સાથે રહેવા કોર્ટમાં જણાવતા પ્રેમની જીત થઈ છે. બોટાદના ગઢડા તાલુકાના રસનાળ ગામના યુવક યશ ઉપાધ્યાય અને ભાવનગરની પ્રિયા મોરડિયાના પ્રેમલગ્ન બાદ સર્જાયેલા વિવાદે હવે કાયદાકીય વળાંક લીધો હતો. પત્નીનો કબજો મેળવવા માટે પતિ દ્વારા કરવામાં આવેલી 'સર્ચ વોરંટ'ની અરજી છતાં, નિર્ધારિત સમય સુધી પત્ની કે તેના પરિવારજનો કોર્ટમાં હાજર ન રહેતા મામલો ગરમાયો હતો. જ્યારે સાંજે યુવતી કોર્ટ સમક્ષ હાજર થઈ હતી. કોર્ટમાં પ્રિયા મોરડિયાએ તેના પતિ યશ સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરતા ન્યાયાધીશએ બંનેને પોલીસ પ્રોટેક્શન સાથે જ્યાં જવું હોય ત્યાં મૂકવાનો આદેશ કર્યો હતો. આમ અંતે હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ પ્રેમનો વિજય થયો હતો. ■

# સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીના સેલવાસમાં જાહેર રસ્તા પર વિદ્યાર્થિનીઓ બાખડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સંઘ પ્રદેશ દાદરાનગર હવેલીના સેલવાસમાં ભર રસ્તે સ્કૂલ સ્ટુડન્ટ્સ બાખડી પડી હતી. સ્કૂલ છૂટ્યા બાદ ઘરે પરત જતી વિદ્યાર્થિનીઓ સ્કૂલ યુનિફોર્મમાં જ હતી. ઘણા વિદ્યાર્થીઓ એકસાથે પસાર થતા હતા ત્યારે વિદ્યાર્થિનીઓના બે જૂથ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ અને પછી બધા એકબજા સાથે બાખડી પડ્યા. બન્નેએ મારામારી કરી અને એકબીજાના વાળ ખેંચ્યા હતા. આસપાસના લોકો અને સાથે શિક્ષકોએ તેમને છોડાવવાની કોશિશ કરી હતી, પરંતુ છોકરીઓ છૂટી પડી જ ન હતી.

ઘટનાનો એક વીડિયો પણ વાયરલ થયો હતો, જેમાં એક તરફથી વાહનો પસાર થઈ રહ્યા હતા અને જાહેર રસ્તા પર છોકરીઓનું ટોળુ ભેગું થયું હતું અને એકબીજાને બાખડી પડ્યા હતા. મારામારી કરતા અને વાળ ખેંચતી છોકરીઓને જોવા અમુક લોકો ઊભા થઈ ગયા હતા. અકસ્માતનો પણ ભય જણાતો હતો. જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. છોકરીઓ શા માટે ઝગડી તે જાણી શકાયું ન હતું. ■

# અંજારના વરસામેડી અને આદિપુર મધ્યેથી રૂ.૧,૭૧,૧૦૦નો શરાબ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આગામી 'થર્ટી ફર્સ્ટ'ની પાર્ટી મનાવવા માટે થનગની રહેલા નશાખોરો પર તવાઈ બોલાવવા માટે સતર્ક બનેલી પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. અને વીતેલા ૨૪ કલાક દરમ્યાન અંજાર તાલુકાના વરસામેડી ગામ અને આદિપુર ખાતેથી ૧,૭૧,૧૦૦ની કિંમતના અંગ્રેજી શરાબના જથ્થાને જપ્ત કરી, આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, વરસામેડી ગામના બાગેશ્રી નગર-૧ના મકાન નં. ૪૩-એમાં રહેનાર કાના વેલા બઢિયા નામનો શખ્સ અન્ય મકાન નંબર ૩૫-એમાં શરાબનો સંગ્રહ કરીને તેનું છૂટક વેચાણ કરતો હોવાની પ્રાપ્ત થયેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે અહીં દરોડો પાડ્યો હતો. આરોપીની સૂચક ગેરહાજરી વચ્ચે આ મકાનમાંથી અલગ-અલગ કંપનીનો કુલ રૂ.૧,૫૧,૫૫૦નો શરાબ જપ્ત કરી, ફરાર આરોપીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

બીજી તરફ, અંજાર અને ગાંધીધામ વચ્ચેના આદિપુર શહેરના ગોપાલ સ્ટેડિયમ નજીક હનુમાન મંદિર પાછળ એક બાથરૂમમાં શરાબના જથ્થાને સંગ્રહ કરીને તેનું શૈક્ષણિક સંકુલ આસપાસ છૂટક વેંચાણ કરનારા શૈલેષ ઉર્ફે ભલો સામજી મહેશ્વરી (ધેડા) (રહે. ભકિતધામ મેઘપર કુંભારડી)ને પોલીસે દબોચી, તેની પાસેથી રૂ. ૧૯,૬૦૦નો અંગ્રેજી પ્રકારનો શરાબ જપ્ત કરાયો હતો. આ માદક દ્રવ્ય શૈલેષને તેનો ભાઇ કિશન સામજી મહેશ્વરી (ધેડા) આપી ગયો હોવાનું પોલીસને પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું. ■

# પોરબંદર-કાનાલુસ-પોરબંદર લોકલ ટ્રેન પચીસ જાન્યુઆરી સુધી આંશિક રીતે રદ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કાનાલૂસ સ્ટેશન પર પ્લેટફોર્મ રિપેરિંગના કામ માટે પશ્ચિમ રેલવે દ્વારા બ્લોક લેવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. આ કામ માટે પોરબંદર-કાનાલુસ અને કાનાલુસ-પોરબંદર વચ્ચે દોડતી લોકલ ટ્રેનની સેવાને અસર થશે. રેલવેના જણાવ્યા અનુસાર આ ટ્રેનો ગોપ જામ અને કાનાલુસ સ્ટેશનો વચ્ચે પચીસ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આંશિક રીતે રદ રહેશે.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનોમાં (પોરબંદર-કાનાલુસ લોકલ) તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી પોરબંદરથી ઉપડતી આ ટ્રેન ગોપ જામ સ્ટેશન સુધી જ જશે. આ ટ્રેન ગોપ જામ થી કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

આ સાથે તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ થી પચીસ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આ ટ્રેન કાનાલુસને બદલે ગોપ જામ સ્ટેશનથી ઉપડશે. આ ટ્રેન કાનાલુસ થી ગોપ જામ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પરિચાલનમાં થયેલા આ ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ■

# ભાવનગર જિલ્લામાં તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત રાજ્યમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો તા. ૧૯-૧૨-૨૦૨૫થી તા. ૧૮-૦૧-૨૦૨૬ સુધી નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ અનુસંધાને ભાવનગર જિલ્લામાં તા. ૨૭ અને ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજનાં ૦૫:૦૦ કલાક દરમિયાન તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન મતદારો મુસદ્દા મતદારયાદીમાં પોતાનું નામ ચકાસી શકશે. જેમનાં નામ મતદારયાદીમાં મેપ થયેલાં નથી તેવા મતદારો પોતાનું તેમજ પિતા/માતા/દાદા/દાદીના ઓળખ પુરાવા રજૂ કરી શકે છે.

આ ખાસ ઝુંબેશ દરમિયાન નવા મતદારો માટે મતદારયાદીમાં નામ નોંધણી, નામમાં સુધારા-વધારા તેમજ મતદારયાદીમાંથી નામ કમી કરાવવા માટે જરૂરી ફોર્મ ભરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. ખાસ કરીને તા. ૧-૧-૨૬ના રોજ ૧૮ વર્ષ પૂરા કરનાર પાત્ર નાગરિકોને મતદારયાદીમાં સમાવિષ્ટ કરવા માટે આ અભિયાન હાથ ધરાયું છે. ■

# ભાવનગરમાં જાન્યુ.થી ઈસીટી બસનો પ્રારંભ થશે, કેન્દ્ર દ્વારા ૧૦૦ બસો આપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: પ્રધાનમંત્રી ઈ બસ સેવા યોજના હેઠળ ભાવનગર શહેરને ૧૦૦ ઈલેક્ટ્રીક બસ ફાળવવામાં આવી છે. અને ઇલેક્ટ્રીક બસમાં મુસાફરો પાસેથી ટિકિટના ચાર્જ વસૂલવા માટે જીએસટી ઉપરાંત ૧૪.૬૮ કરોડના ખર્ચે ફેર કલેક્શન એજન્સીની નિમણૂક કરવામાં આવશે.

૧૦૦ ઈલેક્ટ્રીક બસમાં ફેર કલેક્શન માટે ૨૦૦ જેટલા કંડકટર, ઈટીએમ મશીન ડિવાઇસ અને સ્ટાફ સહિતની વ્યવસ્થા એજન્સી દ્વારા પૂરી પાડવામાં આવશે.

ભાવનગર શહેરને મળનારી ૧૦૦ ઈલેક્ટ્રિક બસોમાં પ્રથમ તબક્કે ૪૦ બસ, મળશે. જે ૪૦ બસ ૧૭ જેટલા શહેરના રૂટો પર નગરજનોને વાહનવ્યવહારની સુવિધા પૂરી પાડશે.

આગામી કોર્પોરેશનની ચૂંટણીને અનુલક્ષી શાસકો દ્વારા કમુહૂર્તા ઉતર્યા બાદ ઇલેટ્રીક બસની સુવિધા શરૂ કરવાનું આયોજન છે.૪૦ બસ પૈકી આજે ભાવનગરમાં એક બસ પહોંચી ગઈ છે. તેમ ભાવનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઈ રાબડીયાએ જણાવ્યું હતું. ■

# રાજકોટમાં મકર સંક્રાંતિ પહેલા ચાઈનીઝ દોરા-તુક્કલ પર પ્રતિબંધ ફરમાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મકરસંક્રાંત સમયે ગુજરાતમાં પતંગ ચગાવવાનો માહોલ હોય છે, પરંતુ પતંગ ચગાવતા સમયે ચાઈનીઝ દોરાનો ઉપયોગ લોકોના જીવ લે છે અને આ સાથે પક્ષીઓ માટે પણ જીવલેણ સાબિત થાય છે. આથી રાજ્યભરમાં ચાઈનીઝ દોરા સામે તંત્રએ લાલ આંખ કરી છે.

રાજકોટમાં પણ ચાઈનીઝ લોન્ચર, માંજો, તુક્કલ ઉડાડવા કે વેચાણ પર પ્રતિબંધ જાહેર કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસાર આવનારા સમયમાં મકરસંક્રાતિના તહેવાર નિમિત્તે ગૃહ વિભાગ અનુસાર છેલ્લા કેટલાક સમયથી મકરસંક્રાંતિના તહેવાર વખતે ચાઇનીઝ લોન્ચર, ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે.

આથી ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્ન, ચાઇનીઝ લોન્ચર તથા પતંગ ઉડાડવા-ચગાવવાના હેતુથી ચાઇનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી જેવી પ્રતિબંધીત સાધન સામગ્રીનું ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. ■